એસી ચતરનાર કર સીંગાર, ઠારી અપને દવાર,
પીયાનીકસ બહાર, એક પલખ લાગી હસમેરો મનલીનો—એસી.
એક ચંદ્રબદન ચંદાસી કીરણ, આછથી સદન પીયાનેક નજર,
એક પાનોકી બેહેરણ હસ મેરોમન લીનો—એસી.

(૧૬૮)—ખુને-જીગર—

એ કારી કારી છાઈ ગરદુ પેથટા સારે, ઉડાવો ગીલાસ.
હારે મતવારે ઉડાવો ગીલાસ...કારી.
કોઈ રશીલા સજીલા હો સાકી, હારે-મુઝે રીન્દોકે ધીર મનકી પ્યાસ...કારી.
મહેસરતપાહોળીસમેઅદાપર, રહેમતસેમયકશનીરાશ આહે રહે...કારી.

(૧૬૯)—અસીરે હીર્સ—

એજી મુજે મંગવા દો જાન, **સલમે** સીતારેકી અંગીયા—એજી.
ગાલમેં લાલી, **કાનમેં** બાલી, મેં તો પહેરૂંગી **પ્યારેકી** અંગીયા—એજી.
મુવે **દરજીને** અંગીયા બિગાડી, મુજે લાદો **બનારસકી** સાડી,
જીસ્મે આલાહો મસાલા, મુજે **ગોટે** કીનારીકી અંગીઆ—એજી.
અપને સૈયાંકી બાલી મેં ભોલી, મુજે લાદો બનારસકી ચોલી,
જીસ્મેં આલાહો મસાલા, લાદો કીનારેકી અંગીઆ—એજી.

(૧૭૦)—ખુને જીગર—

એ...દેખો કિસમતકા ખેલ ચલી ઝંઝટકી રેલ સારે ગાવમેં.
નહીં મઅલુમ ટીકીટકા નંબરભી, ગયા ટીકીટ, ગઇ સાથ ઔરતભી.
અવર આખિરકે દો ગાડ, લે ગયે જોરૂ એ બદજાત...એ...
પંજાબસે માલગાડી જો આઇ, અફગાની ડોંસે વોહ ભરભરકે લાઇ.
હમને ખરીદે હમીં ઉન્સે પીટગએ. લડા બદનસીબપે આકર પંજાબમેલ.
ચલા ઉલફતકે મંડવેપર જીન્તકા ખેલ...એ...

(૧૭૧)—હુસ્નઆરા—

એજી જાવો જાવો **સજન** બડે આએ, ચુંબા ન મોરે **ગાલોકો.**
મેરે **ગાલોપે** યાર, કરે લાખો નીશાર, હીરે. **લાલોકો.**
ગાલ સુર્ખ લાલા, **જોબન** મેરા આલા. [illegible] કોઇ જો નાજોં દેપાલોકો.
વારે લાખો ફ્રૈયનકે માલોકો...ચુમોના૦

ઓ (૧૭૨)—સુકન્યા સાવિત્રી—

ઓસહિયર, સુણોશિખામણસારી, સઉ કરો [illegible] વિચારી—સઉ.
કુસંગ કાજળ કોટડી, કુસંગીનું [illegible] **સ્યામ.**
દુર્જન કેરા સંગથી, થાય [illegible] **બદલામ.**
જડી જેને **સોબત** જગમાં નઠારી, ગયું તેનો [illegible]—ઓ.

(૧૭૩)—અશરૂમતી—

ઓ મારી રંગીલી દરજણ, દરજણુ ગુલાબનો ગોટોરે,

તારો જગમાં જડે ના જોટોરે.

ખવરાનું પીવરાનું લાગમાં નચાનું, વાળે [illegible] તું ગડબડ ગોટોરે,
લાવી લુંટીને પરણ્યો પરાણે, નથી હું માનભર મોટો.
એ! મારે તો જોઇશે **શીરો પુરી** ને સાથે સાનવાના હુંઅ.
અરે અહીંતો મળશે **રોટલો** ને કુંગળી!, શીરાપુરીના તો ટાણા હુંઅ.

(૧૭૪)—જાંનીસાર—

ઓ મોરેમહુબ્બે આશ તેહારી, એક બીરહેકી **આગમેં જલ રહા થા.**
દુઝરકાબનકીલગીચીનગારી, તુંહીઆલાતુંહીઆલી, આશકે, દુઃખોંકા માલી.
બરદે ઓ વાલી તું ગોદ હમારી—ઓ૦

(૧૭૫)—મુંજરાજ સોલંકી—

ઓ છબીલી છોડ શરમ, કર છણુકો ન તું,
મહેમાન બોલાવી વાહ ! કરી મશ્કરી મજાહ ! ઓ.
રીતી એ ક્યાંની ? પ્રીતી મજાની ? જો છબી આ છાની,
કરો મહેરબાની **પત્ર** વાંચવાની, દાહી, બસ, દીવાની-આ...છબીલી.

(૧૭૬)—સ્નેહ સુધા—

ઓ **સ્નેહભીના** શીરતાજ ! પ્યાલી પીઓજી આ પ્રેમની,
સ્નેહ ભરપુર છે, પ્રેમનું, એ નુર છે હો. ઓ—
રંગીલો **મધ** આ સ્નેહ તણી ચીજ, બીજી તું સ્નેહભીની નાર,
સ્નેહે સંસારનો સઘળો છે વ્હેવાર, સ્નેહ એજ સંસારે સાર,
વાહ વ્હાલી વરણાગી અલબેલી અનુરાગી, છે સુંદરી સુજાણ-સ્નેહ૦

(૧૭૭)—મહાશ્વેતા કાદમ્બરી—

ઓ **સાહેલીરે** (૨) સમજી કરીએ પ્રીત.
હાં હાં નથી સાહેલીરે (૨) અટપટી **પ્રીતની** રીત..
બોલો અનેક સુણી બોલતાં બોલ તોલી બોલીએ—હા. હા.
સામાનું દીલ જોયા વિના, નવ આપણું દીલ ખોલીએ,
અંતરસામાનુંભાળી.ભરીયેંપગલુંસંભાળી, એક હાથેંકમપતેતાળીરે—ઓ.

(૧૭૮)—દોરંગી દુનિયા—

ઓ **દાસી** બનું પાકી, લગન હો જો છકી,
નહિ માનું કીસીકી, બસ ન માનું કીસીકી.
વારૂં વારૂં તન, ધન, હો સુજન, કમલ બદન દલન મોહન.-દાસી.
દીપક બીન કટી બીમલ. કમળ પર અંગ પતંગ ન જારે.
એહી રીતો રતી કુમતીકી. બસ રીકી અતનીકી નહિ નકી.-દાસી.

(૧૭૯)—ખુશરૂ હસીના—રાગ, જીલ્લા, તાલ, કેરવો.

ઓહો મન મોહના **તોરી**. ઝુમ ઝુમ ચાલ—ઓહો૦
હાથોમેં હમ પઓમાંના. **મતવારી** તોરી ચાલ,
મહુઆ બરકે દે ગયે, અજાલી ચલી તાલ—ઓહો૦
મતવારે તોરે નએનાં. અઔર ગોરે ગોરે ગાલ,
તોરા બાલા જોબનાં. ઉમરીઆ ચઓદા સાલ—ઓહો૦
મોરે દબરી ખાન તોરી. તઓંહદએ પખાલ,
આહા મોરે તો દીલે, હસિકુંપે કો સમ્હાલ,
અપની સુરત ભુલ ગયે, **રંડીપે** ગીરી સાલ—ઓહો૦

(૧૮૦)—પ્યારા સાહેબ—રાગ, મ્હાડ, કવ્વાલી.

ઓ બાલમ મોરે, હમસે નજરીઆ કાહે ફેરી,
મેરા જીયા ચાહે ગરવા સો સો બેરી, ઓ બાલમ મોરે—હમસે૦

આ. (૧૮૧)—અનસુયા—

આંખ વિના અંધારૂં રે, સદાયે મારે આંખ વિના અંધારૂં,
કોઈ કહેશે **લાલ લીલું**, આ **ધોળું** ને આ **પીળું**,
મારે મન સઘળું કાળું કાળું રે (૨) સદાય,
કોઈને લાગે જગ સારૂં કોઇને લાગે નઠારૂં, મારે મન
જીવતર **ખારૂં ખારૂં** રે—સદાય૦

(૧૮૨)—સૈભાગ્ય સુંદરી—

આંખો ખોલી જો જીવ આ, દીસે દુનિઆ **ફાની,**
શાની જીંદગાની રોજ રહેવાની માની—આંખો૦
આ **ધનધામ મેડે, મ્હોલોને વાડી વજીફા,**
અંતે સાચવ્યા અંતે થવાના ધુળધાણી—આંખો૦
અચિંતો ડાબશે ટોટો, **અજલનો શીરસ્તો,**
કરી લેને ભલાઈ એ છે, સાચી કમાણી—આંખો૦

(૧૮૩)—લયલી મજનું, રાગ, ઠુમરી—

આંસુઓ ભરે મોરે નયેન. દીલરા કાંપે મોરે લો.—આંસુના૦

દોહરા } **જાને મનકા ભેદ મન, દુજો નજાને કોએ.**
પરકનહાર દુખએ, દુખકો મારો હોએ—આં૦

ઉછલત છતીઅન હુએ મોરી, ઔર ચડત હુએ સાંસ,
રૂપ સરુપ તો જલ ગયો, દેહ બની જંઉંધાસ—આં૦
જગ કહે ન કીજીએ, પ્રીતમે જાવે પ્રાન.
કએસે બંધન્હો છોડીએ. જો બાંધત હુએ દોજાન—આં૦
આગ જલાવે હાડકો, ઔર જલાવે માંસ,
પ્રેમ જલાવે સબ કછુ, ન રાખે છુટીઆસ—આં૦
ચીંતાને સબ લુટીઓ, નેઅન ઔર આરામ,
પ્રીતમ જતો ગયયું કે. વાંકો લે ન નામ—આં૦

અં (૧૮૪)—ભદ્રાભામિની—

અંતરે હર્ષ છવાયે, સખી શાને?—અંતરે.
પિયુના વિયોગી આ બાલાનું જે, નિશદીન હૃદયચિરાયે,
—શાંત બનશે આજે અલી!...........એ,
પ્રાણ વિના ઉલ્લાસે, સખી શાને?—અંતરે.
બુદ્ધિ મારી શું બદલાયે! **ધર્મ** મારાથી ભુલાયે,
લોક કહે મને **મુર્ખ** ભલે પણ, **લાજ** ન આવે જરાયે-સખી શાને-અં.

(૧૮૫)—વીર કેશરી—

અંખીઆ તરસાની **પ્રાયા** સહેજ ચળોને,
સહેજ ચળોને **પ્રીયા** સહેજ ચળોને—અંખીઆ૦

લાલ પલંગ પર મખરૂંદા તકીયા,
ઉપર ચાદર તાની—પીયા સેજ ચલોને—અંખીઆં૦
હલું હલુ પાઉં ભરો મોરે સજના,
જાગેજી નનદ જેઠાની પીયા સેજ ચલોને—અંખીઆં૦

(૧૮૬)—"રા" માંડલીક રાગ ભજન. એકતારો.

ફરીયે ના વિશ્વાસ કાયા માયાનો કદી,
મૃગજળ કેરા મોહ શા લાગ્યા તને માંડલીક.
ચીરંજીવી નથી તારી અમર નથી કાયારે,
ઘડી બે ઘડી માટે શું બગાડે મતી.
બગાડે મતી તું શાને :જુનાગઢ પતી—ઘડી.
રૂપ રંગે શું લોભાણો ભરમે કરતાં ભૂલ,
રૂપે રુડાં રળીઆમણાં પણ એ શીમળાનાં ફુલ,

(૧૮૭)—શ્રી સિદ્ધ સત્યેન્દ્ર—(ચાહ મહિના)

ફરી ચડાઈ ચાહ દેવીએ, આવી હિન્દુસ્તાન વિસે,
રકાબીપ્યાલાનો રથ બનાવી ફતેહ મેળવી દશે દીશે.
શહેર કસ્બે ગામ ગામડે ચોક ચવટે ગેરા કરી,
હિંદુસ્તાનને ખુબ હંફાવ્યો કદી નામ લે નહિ ફરી.
અધરામૃતનું પાન કરાવી નપુશક નિર્માલ્ય કરે,
બલ બલાને ભક્ત બનાવ્યા મહેતાજી પહેલે નંબરે.

(૧૮૮)—અહલ્યાબાઈ—

કરસુત સજ્જન જનનો સંગ, જેનીસંગતપાપહટાવેલાવે,નિર્મળ રંગ.
સ્વાતિ જળનું ઝેર બને જો ચૂસે ફુર ભોરંગ,
કરે માછલી તેજ નીરનું મોતી ભુષણ અંગ.
તેથી ક્રૂર સત્સંગ તજીને સહુ દુર્જનના ઢંગ,
લોઢાં ને કુંદન કર્તા કર સ્પર્શ મણી સત્સંગ,

(૧૮૯)—સત્યનારાયણ—

કહું આપવિતી કર્મ કથા દુઃખયારી, કાળજડું નાંખતી સંહારી,—કહું.
આં નગર સાધુ શેઠની, બહુ લાડકી દીકરી હતી,
ખાતાં બગાસુ દાસીઓ, કંઈ લાખ બે હાજર થતી—કહું.
મોતી હીરા પહેરી ચરણ, ધરણી પરે ના રાખતી,
તે આજ ટુકડા કાજ તમ, ઘર આવી છે, ભીખ માંગતી—કહું.
પતિને પિતાજી લેઇને, વહાણે વિદેશે સંચર્યા.
ચોરાઈ ગઈ લક્ષ્મી અને, આગે રખડતાં, છે કર્યા—કહું.
ચડતી અને પડતી પ્રભુ, ચિરકાળ કોની નવ રાખશે,
ભીખારી પળમાં ભુપ થઈ, ભુપ થઈ ભીખ માગશે—કહું.

(૧૯૦)—સહિ દેવહુતિ—

કળી ખીલતી ચંમેલી ઝુલુ બાળા જોબનમાં,
બાળા જોબનમાં, ધરી અનંગ રંગ તનમાં—
નાજુકડી હજી લાડકડી હું છું, બાળકડી મુજ મનમાં,
મોહિની અજબ ગજબ હું તો, ખુલખુલ ત્રિભુવનમાં.
તનપર જેવર ઠમકે નેવર, લટક રહી ચરણુમાં,
રુમ ઝુમ ઘુમ છૂમ કરી ચાલું, લટકે મટકે મદમાં.

(૧૯૧)—શુક્ર જયંતિ—

કરૂં દ્રષ્ટિ જ્યાં ત્યાં હું, મને તો બ્રહ્મ ભાસે છે,
સકળ ઠામે પ્રકાશે છે, તિમિર તનમનનું ત્રાસે છે—કરૂં.
અખંડીત એક એ જ્યોતિ. જડે નવ શ્રમ વિણુ શોધી,
મને મ્હારૂં બતાવે છે.......................મને૦
હ્રુદય ઘનથી ઉમળકાના, કિર્ણું દશદિશ વ્યાપે છે,
નિજાનંદે હું આનંદુ........................મને૦

(૧૯૨)—સુકન્યા-સાવિત્રી—

કલ્પવૃક્ષ તજી કોણુ અભાગી બાવળ પાસે જાય,
કૂળની આસે જળ સિંચે તો, ભાંગે કંટક પાય—અભાગી૦
સંપટ રૂપ મધ ટીપાં પાસે, બહુ કીડીઓ ઉભરાય,
સ્વજન ! મિત્રની, ખરી કસોટી,વિપત સમયમાં થાય—અભાગી,

(૧૯૩)—સતિ દ્રૌપદી—

કરમ ગતી અતિ ન્યારી વિધાતા, કંઇ ન ચૂકે મતી મારી અરેરે-ક૦
એકદિન રાજા એકદિન જોગી (૨) એકદિન હાલ ભિખારી અરેરે-ક૦
ધરી મૃગ છાલા દંડ કમંડલ, અંગ વિભુતી લગાવી ફરેરે-ક૦
રાજ નિવાસી જંગલ વાસી, તુંહી નિરંજન નાથ સ્મરેરે-ક૦

(૧૯૪)—લક્ષ્મિ વિજય—

કર્મ તણો કોણુ મર્મ બતાવે, ભ્રાન્તિ બન્યું મન શાંતિ-ન લાવે
સુખના તે સ્વપ્ના હવે આવે, દુઃખણી અંતર દુઃખે ઉભરાવે.
નિકળી ભવનથી, વન જાવે. ત્યાં દવ ભાગ્ય લગાવે,
ઉલટી દશા દુર્ભાગ્ય જણાવે, દુખમય આ જગ અનુભવાવે.

(૧૯૫)—મોહિની ચંદ્ર—

કરૂણાના સાગર નટવર નાગર વ્હારે ચડો વનમાળી,
ગુણુ રત્નાકર દેવ દિવાકર, પંખીણીઓ સપડાવી.
બેરાણી પંખીણીરે, કાંઇ ના સુઝે, થર થર ધ્રુજે પારપાડોપુન્યશાળી-ક.
બેલીવીંધાણીરેકોઈબચાવો,આવોઆવોરે, આવો પરદુઃખભંજનમાળી-ક.

(૧૯૬)—નરસિંહ મહેતા—રાગ-ભજન-
ક્યાં છે મારૂં ને ક્યાંછે તારૂં જ્યાં જોઉં ત્યાં બ્રહ્મ ધારૂંરે,
ગુરૂજીના જ્ઞાન વિનારે અંધારૂં ! ....ટેક.
કોણુજ વાવે ને કોણુ ઉગાડે કોણુજ તરૂને ઉછેરેજી,
કોણુ હલાવે ને કોણુ ચલાવે, કોણુજ કાળકાળ કરનારૂંરે-ગુરૂજી૦
કાયા નગરમાં તું આવ્યો મુસાફર, સોદો કરવાને સારૂં,
પામર હીરો નવ પરખીયો, કીધું તે કાચું કારભારૂંરે-ગુરૂજી૦

(૧૯૭)—વિદ્યા પ્રતાપ—
ફરીફરી કરતાં મારી કાયાકરમાણીરે(૨) તોયે દયા ન આણીરે,
વીના તમ પ્રીતમ પ્યારા મંદિર માનું અકારાં.
ગોરા ગુણીજન તમ વિણુ આ ગોરી ગભરાણીરે (૨)-તોયે,
ભોળાને ભાવે ભેટી આલીંગને લપેટી.
અનંગના રંગે કુદી રામા ન રંગાણીરે (૨)-તોયે.
આવો આવો અલબેલા કામણગારા ક્યાં વેલા,
વીર હે તલસાવો કાં, હું રંક પ્રાણી (૨)-તોયે.

(૧૯૮)—સુદ-પ્રતાપ—
કહો પારકાં પોતાનાં શી રીતે કહેવાય
સદા પારકાં તે સૌ અંતે પારકાંજ થાય
માપ અંતરના પ્રેમનું નકોથી મપાય
નખ આંગળીથી વેગળા તે માટે કપાય
વંશ વેલની વૃદ્ધિ રાખી એથી શું થાય
એ છે ઠાલી ભ્રમાં મન વાળવાના ઉપાય--કહો.

(૧૯૯)—લલિત મિશ્ર—
કરમ તણું ફળ ચાખ, જીવડા કરમ તણું ફળ ચાખ,
તારાને લાયક તું પામે, ખૂબ સબુરી રાખ--ટેક.
કો નિંદે કો વંદે ફૂલે, સ્યાણો થઈને સાંખ,
રડુમજયાને શંભુજી આપે, સુખ શાંતિ રૂપ પાંખ--જીવડા.
પાખંડ જાઈ ગેરો પ્રેમ, અગન કરે સહુ ખાખ,
દૂર બેઠે પણ અગની લાગે, તેના પર ધુળ નાંખ--જીવડા.

(૨૦૦)—મનુમણી—
કરૂં હવે અમન ચમન, મેળવી એ નાર
મનહરણી માનુની બનાવું તાબેદાર, સુંદરીનો સુખકર કર ધરૂં
ધજા ઉડાવી ગગનમાં, વિજય વિજય કરૂં--કરૂં.
રામા સાથ રાજપાટ, પલ્લામાં મળ્યું
રામા રાજ્ય સુખ સાજ, ભાગ્ય તો ફળ્યું.
મગન મગન લગન લગન અમન ચમન ખરૂં,
ધજા ઉડાવી ગગનમાં વિજય વિજય કરૂં.

(૨૦૧)—બળીશાળા—

કયાંયે સરખી સમાણી જોડી ના મળે,
સુનો લાગે સંસાર, એળે જાયે અવતાર—કયાંયે.
ખીલી જોબન ફુલવાડી, પહેરી પચરંગી સાડી,
કંચુકી કમાનવાળી મારી આંખડી અણિયાળી,
જોબન બહાર જાયરે—કયાંયે.
ચંપા કળી સુંદર સરસ, ભ્રમરો સુગંધી ના લહે,
કંટક છતાં ગુલાબકળીપર, ભ્રમ કળીપર રાજી રહે,
કસ્તુરી કાળા રંગની, ઉત્તમ સુગંધી ભરી,
હું છું રૂપાળી પદમણી તે મુર્ખને પાલે પડી—સુનો.

(૨૦૨)—જલશા સંગ્રહ—રાગ, કાલીંગડો. પદ.

કરમ ગત તારે નહિ ટરે—કરમ૦
કહાં બસે રાહુ કહાં બસે શશી રવી, જોગ સંજોગ પરે—કરમ૦
ગુરૂ બશીષ્ટ પંડીત મુની ગ્નાની, શોધકે લગન ધરે—કરમ૦
સીતા હરન મરન દશરથકુ, બિપતમો બિપત પરે—કરમ૦
સુરદાસ પ્રભુ અબ હુઈ સો હુઈ—જાક જાક કવન મરે—કરમ૦

(૨૦૩)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળા—રાગ ગઝલ. તાલ ધમાલ.

કૃષ્ન ઘર નંદકે આયે સિતારા હો તો એસા હો,
કરે સબ પ્રેમસે દર્શણુ, દુલારા હો તો એસા હો.
બકાસુરકો મશલ ડારા, પુતના જાનસે મારી,
કંસકો કેશસે ખેંચા, ખિલારા હો તો એસા હો.
કૂદ પાનીકે અંદરસે, નાગકો નાથ કર લાયે,
ચરણુ ફણુપે ધર કરકે, નચારા હો તો એસા હો,
તીર જમુનાકે જા કરકે બજાઈ બંસરી મોહન,
ચલીઘરછોડ બ્રજનારી, પિયારા હો તો એસા હો,
રચાઈ રાશ કુંજનમેં, મનોહર રૂપ બન કરકે,
દેવ દર્શનકો ચલ આયે, દીલારા હો તો એસા હો.
ગયે જબ છોડ ગોકુળકો, નહિ ફિર લોટ કર આયે,
સખિ રોતી રહી બનમેં, કીનારા હો તો એસા હો.
પુરી દ્વારાવતી જાકર, મહલ સોનેકે બનવાયે,
હજારો રનિયાં વાંહી, ફસારા હો તો એસા હો.
કુરૂ પાંડવ લડે રનમેં, જીત અર્જુનકી કરવાઈ,
બચાઈ લાજ દ્રૌપતીકી, સહારા હો તો એસા હો.
ઊતારા ભાર ભૂમિકા, સિધારા ધામ અપનેકો,
વો બ્રહ્માનંદ દુનિયાસે, નિયારા હો તો એસા હો.

(૨૦૪)—સુરદાસ, ભજન, રાગ, પદ—

કયુંરે નિંદભરે સોયા મુસાફીર, કયુંરે નિંદભર સોયા,
માનુસ દેહ દેવનકો દુર્લભ, જનમ અકારથ ખોયા—મુસાફીર.
ધનદારા જોબન સુત તેરા, વામે મન તેરા મોહ્યા.
સુરદાસ પ્રભુ ચલેહી પંથકો, પીછે નેનુ, ભરભર રોયા—મુસાફીર.

(૨૦૫)—ભદ્રા ભામિની—

કર્મ કયાકી બીથા જગ જોઇ, સુખ દુઃખ સબ કર્મ ન તે હોઇ-કર્મ.
કોઉ કર કમલ કરત કીરત કલ, કોઉ કર તલ કર કરત સદાઇ,
કોઉ નૃપવર છંવર ઢોલાવત, કોઉ ધર ધર માંગન ન અઘાઈ-કર્મ.
કોઉ કર કર્મ નાક પતિ હોઈ, કોઈ નર કનપર બીપતી બગોઇ,
કુકર્મ કર્યાં અસુર પતિ રાવન, સુવર્ન લંક પલમેં ખોઇ-કર્મ.

(૨૦૬)—મીસ. ગોહરજાન—રાગ, માલકોષ, તાલ ખ્યાલ.

કૃષ્ના માયાં રામ નિરંજન, કૃષ્ના માયાં રામ નિરંજન માયાં.

(૨૦૭)—જલસા સંગ્રહ—રાગ, કાફી, ઠુમરી.

કનઇયા જરા બંસી બજાજારે, ટટજમનાકે તીર કનઇયા જરા બજાજારે.
બનશી બજાઈ મોરી શુધ્ધ બીસરાઇરે, કનઇયાજરાઓરતો બજાજારે-ક.

(૨૦૮)—જલસા સંગ્રહ—રાગ દેશ, ખ્યાલ.

કરના પકડીઓ રાજ ગોરી કરના પકડ, કરન પકડકે,
છાંડદે બઇયાં, મોરી બાંયે ધરનકી લાજ—કરના.
તુમ શરોશીર માન સરોવર, હમ પંછી નીકસરકેના એક
સુંદર અરજ કરત હું,
પ્રીતમ ગત મારી સુનીયો, કઠન પ્રિતકી લાજ—કરના.

(૨૦૯)—મીસ અચ્છનબાઇ. રાગ, બરવા, તાલ, ત્રિતાલ, હોરી.

કનહૈયા મોસે ખેલો હોરી, કરો ના ઠકોરી-ક૦
ચન્દ્ર બદન નવ નટન ગવાલની, નેનોકી મતવારી,
લે લે હાથ ન માર કુમકુમા, ભર બઇયાં ઇકજોરી-ક૦
અબિલ ગુલાલકે બાદર છાયે, ખેલત નંદ બિહારી,
કુંવર કહાન મોસે રંગ ન છીડકો, ભીંજત ચુંદર મોરી-ક૦
સબ સખીયન મિલ બન બન આઇ, કોઇ સાંવર કોઈ ગોરી,
અપને અપને મંદિરસે નિકસી, સાંસ નનંદકી ચોરી-ક૦

(૨૧૦)—જહરી સાંપ—

કહું કાહે શરમકી યે બાત, મુશ્કીલીસે કટતી હય રાત નીગોડી-કહું.
મોરી સુની હય બગીયાં માલીસે-ખાલી, કુલેહયફળ પાન દઇ મોરી,કુલે.
ગયા પહલા જમાના, અબતો નિબાના ગહરા ગયા ગોરા ગાલ,
મોરી આલી, ન અંગમે સમાના, હા, કહું.

(૨૧૧)—પ્યારા સાહેબ—રાગ આશાવરી.

કરલે **સીંગાર** ચતર અલબેલી, **સાજનકે** ઘર જાના હોગા. [૧]
માટી ઉઢાવત માટી બીછાવન, માટીમેં મિલજાના હોગા,
નાહલે ધોલે **શીશ** ગૂંથવાલે, ફીર વહાંસે નહિ આના હોગા ક૦

(૨૧૨)—જલસા સંગ્રહ—રાગ, ગોડ, મલહાર, ઠુમરી.

કરકે કંગનવા મોરી છાંડદે કનાઈ, સુનો લંગરવા. મૈ ગારીદેંગી તુમકો,
મોરી બહીયાં ન પકર ધરવા જાનેદે—કરકે.
ગરજ ગરજ બાદુરવા બુંદનિવરસે, કુછયાં પરત મોરી અંગીયા
ભિજાંયલો અયા યા લજાઈલો.
હસી હસી હમરા અંચરા છાંડદે, સમઝ માન લે—કરકે.

(૨૧૩)—ગાયન દર્પણ—રાગ, પંજાબી.

કબહુ ન આયો બાંકે યાર, બિનતી કરત રહી મેં તો સોસો બાર—કબ.
કહેત ફકર સમજાઓ સખીરી, માનત નાહી કહ્યુ એક બાત.
અબ ખડે રહે સોતનકે દ્વાર—કબ.

(૨૧૪)—કુસુમાવતી—

કવસે રાધામે બ્યાહું કનૈયા કાલા. કનૈયા કાલા કનૈયા કાલા.
માખન ચોરીયાં ગલી ગલી ફીરતા. તટ **જમુનાપે** ભટકતા. ગોરી મો.
ગોરી મોરી **રાધા** ગોરી મોરી રાધા—કવસે.
સાખી } "જલ જમનાકો મેં ગઈ, આયે નંદ કીશોર.
મટકી મેરી તોડ કર, **દીની** બાંહય મરોર."
આયા થા એ **આગ** લેને દાગ અંગ લગા ગયા,
નયનકી મરોડનસે કટાટ બાતે કર ગયા—ગોરી મોરી.

(૨૧૫)—મીસ. કાલીજાન—ગજલે, બસીફ.

કભી બનશ સજકે જો આ ગયે, તો બહારે હુસ્ન દિખા ગયે,
મેરે દિલકો દાગ લગા ગયે હય, નવાસ ગોઈ ખિલા ગયે.
યહ દુઆથી દિલકી, ન આયે દિલ કોઈ, **બેવફા** ન દિખાયે દિલ,
વહ જો બેચતે થે **દવાએ દિલ**, વહ દુકાન અપની બતા ગયે.
બંદ હય કયો ન **આંસુઓકીઝડી કે, મોહબ્બત** અપને ગલે પડી.
વહ જો કર ગલેથી વહ અબરે, વહ બલાકે પેચમેં આ ગયે.

(૨૧૬)—મીસ. અમીરજાન—રાગ દેશ. તાલ, દિપચંદી.

કનહઇયાને ઘેર લઇરે, કુંજનમે આજ સખિયાં નહીં મોરે સંગમે.
ફાગ રમો હો મોહનકે દ્વારે—મોહન ખડે હે **બિંદરાબનમેં**,
નાહ નવેલી કૈસે બચેગી કયાં નિકસી **ફાગનમેં**,
મૈં જલ **જમુના** ભરન જાતી, સોચ રહી મનમેં.
ગાગર પટકી ચરન ઝટકી, ઓર ભીજો હારી રંગમેં—**કનૈયાને.**

(૨૧૭)—મીસ, અમીરજાન—રાગ, પીલુ-તાલ, દાદરા.
કહો ગુઇયાં કૈસે કટે સારી રાત, સઇયાં નહિ આવે છીયરાગભરાયે-કેસે.
એસે બે દરદી સે પીતજો ઠાની, કબહુ ન માની બાત...કહો ગુઇયાં.

(૨૧૮)—મીહ જહુર—
કયસી પ્રીત નિભાઈ, સુધ હું મોરી બિસરાઈ,
મોરી યાદ ન આઈ, માનો નાર હું પરાઈ,—
સબર પિયા બિન આવત નાહીં—બિહરાને સજન તોરે અયસી
ભાવે ન કછુ મોરે જીયે બનાઈ —ગત કીની.

(૨૧૯)—ખ્વાબે હસ્તી—
કનહૈઇઆ કીશન, મત વારે દુલારે, કયા નયન પ્યારે પ્યારે!
સુંદર સુરત તોરી,મનકો હરત,હરજનકો હરત તોરી,મોહીની મુરત ગોરી.
મોરી બારી ઉમરીયા એહારી, ભએ તોરે વારી.
જાન જાન દીલબર દીલબર હારે! યાર સુંદર મનહર.—કનહૈયા.

(૨૨૦)—મીસ, મલકાજાન—રાગ, જીલા, તાલ, દાદરા.
કમર પતલી લચક છબ પ્યારીરે, નૈયના રસીલે લુભાવન મતવારીરે.-કમર.
ખુદાને દિલ યે દિયા, નજર એવફાકે લીયે,
મિલી હય આંખ તો દિદાર દિલરૂબાકે લીયે.
બચન સમાલિયે, દિલકો જરા ખુદાકે લિયે,
નાજુક બૈયાં ગોરી કલૈયાં, મેરે પીયાકી યે આહય ન્યારીરે.-કમર.

(૨૨૧)—પ્યારા સાહેબ—રાગ, ભૈરવી, કવ્વાલી.
કહાન કુંવર મોસે કરત બરજોરી, અબ મોસે કરત બરજોરી,
એક ન માને એક ન માને મોરી, કાને કુંવર કરત મોસે બરજોરી.
દેખી શામ યહ નામ હરતો, શામ તુમ લાગો હીરહત.
ઘડી ઘડી પલ પલ છીન તોરી બીનતી, કરત બરજોરી. એક નમાને.

(૨૨૨)—સર ફ્રોશ—
કર ગલીયન બીચ સાજન ફેરા, તેરે દેખનેકો જીયા ચાહે હએ મોરા,
બીન દેખ હોત હએ દુઃખ ગનેરા.—કર.
ફુલનહીં જીયા પાએ,અબ દીનરાત મોરા,ફરતહું દરદ હો ગમકા સવેરા—કર.

(૨૨૩)—સર ફ્રોશ—રાગ-ગઝલ.
કહું કયા તુમસે મેરી જાન, મેરા કઓન કાતીલ હએ;
મુકદ્દર હએ, અદુ હએ, આસમાં હએ, આપ હએ, દીલ હએ,
ન મરકર ભી મીલેગા ચએન, તેરે બાદ મદફનમેં;
અરે ઓ જાને વાલે, કયા લીએ જાતા હએ દામનમેં.
કએસે કટેગી રતીયાં, હાં સઇયાં;
બીસદીન તુઝકો યાદ કરૂંગી, નાહી ભુલુંગી બતીયાં,
ભુલ ન જાના મુઝકો દીલઆરામ, લીખ્ખા કરોગે પતીયાં.—કએસે.

(૨૨૪)—જલશા સંગ્રહ—કાલીંગડો, ગઝલ—

કત્લ કરનેકું આશકકું, નીગાહે તલવાર કાફી હએ,
અરોહ કે જખમકા મરહમ, તેરા દીદાર કાફી હએ.—કત્લ.
પરેશાં દિલ દીવાનેકું, નહીં દરકાર જંજીરોસે,
દિલોકે કેદ કરનેકું, ઝુલ્ફ બલદાર કાફી હએ.—કત્લ.
ન તસબીહ હએ ન સુજદા હએ, નહી મતલબ કેતાબોસે.
તસવર બન ગયા દીલમે, તો યહી તકરાર કાફી હએ.—કત્લ.
પરેશાં દેખકર મુજમુ, જુસ્તજુતેના ન કર જાલેમ,
ફકત મહેરબાનીસે, સુખનકા પ્યાર યેહ કાફી હએ.—કત્લ.
છોડના ન મત એફીલા, યહાં હંસ ફના મુકામોમે,
ગફુરકું જમેહ કરનેકું ચસ્મકા ઇશાર કાફી હએ.—કત્લ.

(૨૨૫)—અનવર કાવ્ય—રાગ, પદ, કાલીંગડો—

ક્યા કહેના ભાઇ ફકીરૂંકા? ફકીરૂંકા ગુરૂ પીરૂંકા? ક્યા—ટેક.
કોઇકો પસંદ હે મહેલ હવેલી, માલ ખઝાના હીરૂંકા! ક્યા—૧
કોઇકો પસંદ હે સૂકી રોટી, ઓર બિછાના હસીરૂંકા! ક્યા—૨
આશક મસ્ત ફકીર **અલ્લાહકે**, ભાવ ન પૂછે અમીરૂંકા ક્યા—૩
ગરીબ ગુન્હેગાર આજીઝ **અનવર** ભાન નહી તકસીરૂંકા ક્યા—૪

(૨૨૬)—કાંટાનું કેશર—રાગ-ગઝલ—

કરૂં તારીફ શું તારી, અરે ઓ દાદગર દાવર.
નથી એવી ઝબાં મારી, અરે ઓ દાદગર દાવર.
તું બાતેન છે તું જાહેર છે તું અવવલ છે તું આખર છે,
ચલક ચોમેર છે તારી, અરે ઓ દાદગર દાવર.
નમું તો બસ નમું તુંને ભજું તો હું ભજું તુંને.
સઝાવારે પરસ્ત તારી, અરે ઓ દાદગર દાવર.
મને તું બક્ષ ગુણ એવા કરૂં હું તુજની સેવા,
મને એ આપજે યારી, અરે ઓ દાદગર દાવર.
વસે મુજ કોમમાં પરવર સુલેહ સંપને હમોજર.
નીરંતર એ દુવા મારી, અરે ઓ દાદગર દાવર.

કા (૨૨૭)—મીરાંબાઇ—ભજન—

કાનુડો શું જાણે મ્હારી પ્રીત, બાઇ અમે બાળ કુંવારારે.—કા૦
જાણારે **જુમનાના** અમે ભરવા ગયાં તારે, **કાનુડે આવીને છાંટ્યા**
નીર, ઉડયાં છરરરરરરરે.—કા૦
શેરીએ ને શેરીએ અમે રમતા ને ભમતારે, **કાનુડે આવીને ખેંચ્યા**
ચીર, ફાટયાં ચરરરરરરરે.—કા૦
વંદ્રાને વનમાં વ્હાલે, **રાશ** રમાડયાંરે, **કાનુડે** તાણી **માર્યાં**
તીર, વાગ્યાં અરરરરરરરે.—કા૦

(૨૨૮)—વિણાવેલી—

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ,
ત્હારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ.
સદા સંસારમાં સુખ દુ:ખ સરખા માની લઇએ,
રાખે જેવી રીતે રામા, રંગે જેવી રીતે રહીએ.

સાખી } પીપળ પાન ખરંતા, હસ્તી કુંપળીયાં,
} મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયાં.

નહી જેવીને તેવી નિત્ય, કોઇની નભતી જોઇએ,
દશાના ઢંગ, રૂતુના રંગ, જેવા દેખી લઇએ.—સદા.

સાખી } કદી મહેલોને માળીયા, કો દીન છીપ્પર ખાટ,
} કોઇ દીન એવો આવસે, ભુખ્યા ન મળશે ભાટ.—સ૦

(૨૨૯)—રજનીચન્દ્ર—રાગ-ભજન—

કાયા માયા જુઠી સહુ જાણુરે, પલમાં વીખરાશે તારો માળો આ સંસારનોરે.
બિન્દુ જેમ ઝાકળ કેરૂં, માનો મોતી જુઠુંરે,
એમ સંસારની માયા મીથ્યા માનરે.—પલમાં.
સગાને સંબંધી, સ્નેહી કોઇ નથી તારૂંરે,
સ્વાર્થમાં રાખે સગાઇ સગો ભાઇરે.—પલમાં.

(૨૩૦)—શારદા વિજય—

કાગવીરા વાલમને દેજો, દુ:ખીનો સંદેશ,
જોગણને વેષે વિજોગણી, કે જાતી મે દેશો દેશ.

સાખી } જામે જીતની બુધ હય, ઇતનો કહે બનાય.
} વાંકો બુરો ન માનીયે, ઓર કહાં...સે લાય.

ગાગરના પાણી ઢુળી છળે, સાગરના માઝા મુકી છળે,

(૨૩૧)—કંસવધ—

કાનુડા તારી કામણ કરનારી વ્રજમાં વાંસલડી વાગી.
મીઠી વળી મોહક, મન વસ કરનારી.—વ્રજમાં.
મનવસ કરનારી, સ્વર સુણતાં લાગે સુખકારી,
હું ઘેલી, તમ વીણુ થઇ છું ગિરધારી.—વ્રજમાં.

(૨૩૨)—શ્રી કુસુમ કમળા—

કાળું કામ કરે ન શું ? કામી, નીચ નારીની જાત હરામી,
વદે વેણ મીઠાં મુખે સ્વામી, બીજા સંગ રતી રસ જામી.
લોભાવે રશના એ રશાળી, ઉરમાં રાખી પાપની પાળી,
ક્રુર-ધુર્ત, ઢોંગી ને ધુતારી, બણી ચુંકેલ જારી ત્રીજારી.

દોહરો } શર્મ-ધર્મ-લજ્જા ! નહિ, દયા નહિ ! તલભાર,
} જાર માટે જગદીશને, છેતરવા ! તૈયાર.

રડે ઘડીકમાં હશે ઘડીકમાં, ઘડી રીશે મસ્તાન,
લલચાવે નર લાખને, પણ કોઇની નમે શેતાન.

(૨૩૩)—**બુદ્ધદેવ—રાગ-ભજન—**
કાયા કાચ કુંપો, તું તો ચેતરે, હિણુ ભાગી **હુંસા**,
અવિચળ પદ્દીને તું પેખરે, હિણુ ભાગી **હુંસા**.—કાયા૦
ઝાંઝવાના નીર સમજ આ, કાચી જીંદગાની તારી,
મમતા મુકી દે ને તું કારીરે, હિણુ ભાગી **હુંસા**.—કાયા૦
એ દિનના છે **ઘરજળ** સઘળાં, બે દિન અહિં રહેવાનું છે,
બે દિનના છે **સગા સંબંધી**, બે દિન સુખ લેવાનું છે.
એ દિનનો છે **પંખી મેળો**, અંતે ઉડી જવાનું છે,
લોકો જેને દુનિયા કહે તે, **એક મુસાફર ખાનું** છે.—કાયા૦

(૨૩૪)—**બ્રહ્મર્ષિ વિશ્વામીત્ર—**
કામભોગી રાજયોગીને બનાવવા,
જપ તપથી રૂષીવરને નીકળી ચળાવવા.........કામ.
ચિત્તહર યૌવનની મને મોટી મન હામ છે !
નિહાળી હાવભાવ, પુરૂષ નારના ગુલામ છે !
એ દરશાવવા રૂષીરાજને ભરમાવી..............કામ.

(૨૩૫)—**મીરાંબાઇ—રાગ-ભજન—**
કાયા કારણ ભેખજ લીધો, મેં તો રાણાજી કાયા કારણ ભેખજ લીધો.
રમતો ભમતો જોગી આવ્યો આંગણીએ, દાસી જાણીને દરશણ દીધો.
ગીરધર વિના મુને ઘડીએ ન ચાલે, હરીરસ ઘોળી ઘોળી પીધો.
એરે કામણ મારે કહાનુડે કીધાં, કંથા પહેરીને નેડો લીધો...રા.
બાઇ **મીરાં** કહે પ્રભુ **ગીરધરના** ગુણ, જંગલ માંહે ડેરો દીધો...રા.

(૨૩૬)—**વીર કુણાલ—**
કારી નયનથી નચાવે નારી, પામર નર નાદાન.
નીર વીના **ધરતી** પર તરતી, પાંખ વિના આકાશે ફરતી.
શસ્ત્ર વિના શબ્દે **સંહરતી.**
ઇચ્છા જે ધરતી, તે બોલ્યા વીણુ પણ એ કરતી.—એ બળવાન **નારી.**
હ્રદયે ઝેર હળાહળ ભરતી, કામ ક્રોધમાં ભૂલી કૃત્યો કાળાં **આચરતી,**
નર્ક સમાન **નારી.**

(૨૩૭)—**બળીરાજા—**
કાયર તે નરને સમજો, જે કરમે હસ્ત મુકી ફરતા,
નસીબ માની બેસી રહેનારા, દીઠા રઝળતા.—કાયર૦
ઉદ્ધી અંદર ઉતરતા તે, મોતી પામી નીકળતા,
તીરે રહી જોનાર તમાસો, નહિ કોડી મેળવતા.—કાયર૦
નાનું બાળક ભણતાં પંડિત, પણ ઘસે છે દોડી,
ભાગ્ય કસોટી ઉદ્યમ કરીને, તજો નિરાશા ઝોળી.—કાયર૦

(૨૩૮)—કુસમાવતી—
કામ કેફ કરી ભુલવે તમામ ભાન-ભુલવે છે સાન શાન—
—ભુલવે વિવેક જ્ઞાન-કામ ગહન વનને ભુવન ભવ્ય ભાળે.
ખરે કાંટાની કોમળતા નિહાળે-અગન ઝરતી, ચંદન શીત ભાળે,
ખરે કામીજન મોટા નાદાન..................કામ કેફ.

(૨૩૯)—નાગર ભકત—રાગ-ભજન—
કાયા તારી કાચી તેમાં ફુલ્યો તું ફરે છે શાને,
ફુંકાઈ જવાની **હોળી** પેઠે, એ **સ્મશાને.**—
કરે શુદ્ધ તેને તું તો, સવારમાં ઉઠી સ્નાને,
પ્રતિ દિન પોષે ખાસાં, ખુબિવાળાં ખાનપાને.
તાતી માટીને તું સોના જેવી મુઢતાથી માને,
નામ કૃષ્ણજીનું કયાંથી આવે તારે કાને—
સુખી થવું હોય તો **જદુરાયજીને** શરણે જાને,
મોટાઈ મુકીને પ્રિતિવાળો **પ્રભુ** ચરણે થાને—
મેળવને ભાઈ મારા, **કેશવ** તણી કૃપાને,
ગરીબી ધરીને ગુણો **ગોવિંદના** ગાને.—કાયા.

(૨૪૦)—સ્નેહ-સુધા—
કામીજન રૂપ ઉપર સહુ મરતારે, કુટીલતા કરતા.-કામી૦
કરે અનીતિ અધમ અતીશે, **પ્રભૂનો** ડર **નવ ધરતા,**
પરમેશ્વર પોતાને માની, અંધ બનીને ફરતાંરે—
લાજ શરમને કરી પરાઇ, પાપી પગલાં ભરતાં,
અંતે ૪ટફટ થઈને પાપી, વીણુ મ્હોતે મરતાંરે.-કામી૦

(૨૪૧)—સરોજની—રાગ-ભજન—
કાળ નહિં છોડેરે, ઠાલા શાને મથીને મરો,
પાપી ભમણા કાજેરે, **ધોળાં કાળાં** શીદને કરો.—કાળ.
મન જાણો છો ? મેં કર્યું કે, પણ **કરનારો** છે કોય;
આદર્યાં અધવચ રહે ને, **હરી** કરે સો હોય;
મિથ્યા વૈભવ માટેરે, નિર્દય જુલ્મી શીદને ઠરો.—કાળ.
નક્કી સમજો **કાળ** રાય ત્યમ, રંક સર્વને ખાય,
બાંધી મુઠીએ આવેલાં, સૌ ખાલી હાથે જાય,
કરશો તેવું ભરશોરે ? પરમેશ્વરથી જરી તો ડરો.—કાળ.

(૨૪૨)—જલસા સંગ્રહ—રાગ, બેહાગ, ઠુમરી—
કાહના મોરીરે ગગરિયાં ફોરીરે, દેખો દેખોરે લંગરવાને બરજોરીરે-રામા મોરી.
મે **જલ જમુના** ભરન ગલીથીરે, બીચડગર મોસે કીનીરારરે,
ચલત ડર બાલમ નહીતો ફાંગી મેં ગારી-એ શીકયાકીની મોસે ચતુરાઇ-રામા.

(૨૪૩)—જલશા સંગ્રહ—રાગ, કાફી, હોરી—
કાએ સનુમ પિચકારી મારી.–કાએ.
ભર પિચકારી હમપર મારી, ભીંજ ગઈ સબ સારી,
શ્રીજીકી સખી સબ ઠારી હસત હએ, એસો તું ભયો અનારી.
પાગા કુછતો લોને બીચારી.–કાએ.

(૨૪૪)—અદલ ઈનસાફ—
કાન જાનેદો પ્યારે પ્રાન જાનેદો, કાહે રોકો ડગરીયા,
બૈયાં ગહત મોરે તનકી છુવત હો, છાંડો **મુરારી**, બસ રહો બીહારી.
મોરી બારી ઉમરીયાં-કાહાન જાનેદો.
નાહી એકલી મેં હું સંગ સાહેલીકે,
ફીર મીલુંગી તુમે નીર બહાન, શીર ધર ગગરીયાં–કહાન જાનેદો.

(૨૪૫)—હુસ્નઆરા—
કાહે ધોવે તનકી ચદરયા, મનકો ધો ડાલ જૈબલ જાએયા.
અરે માન જલ સુની જાએયા... ... ...કાહે.
ચમક ફેંક હાં કરો અએ સાફી જતનવાં, લગા લગા સનકા સાબનવા.
તનકો ધુલા મનન ધુલા, રહા જીગર મગર મલબરા તનતો.–કાહે.
મસલ મસલ કરત ગુસલહાં, નહિ જલકી કદરયાં.–કાહે.

(૨૪૬)—જહરી અંગુસ્તરી—
કાહે છાંડે મુરખ મોરી બઇયાં, કલાઇયાં ગારી દુંગી મયે,
મુંછ જારે શરમ નહિ આવે, સતાવે કાહે મોહે, જરા ન લગવે.—કાહે.
પ્યાર જાની તુને કયા દીલમે ઠાની, મોહનીયાં સુંદરીયાં કામનીયાં દુલારી હય.
ચલ ચલ પ્યારી છબીલ ન્યારી, હય મીલ-જાવો જરી.
મીલ જાઓ પ્યારી આઓ, ન સતાવો ન લજાઓ,
ઘબરાઓ નહિ બસ આઓ પ્યારી, જારે રીઝાલે જરા મું સંભાલ—કાહે.

(૨૪૭)—કૃષ્ણચરિત્ર—
કાના જાઉં બલીહારી શ્યામ, પિયા **ગિરિધારીરે**.–કાના.
આશા અમારી પુરો **મોરારીરે, નટવર નંદબીહારીરે**.–કાના.

(૨૪૮)—જલસા સંગ્રહ—રાગ, ખમાચ. ખ્યાલ—
કાલી કમરીવાલાસે મીલ જાના વેઠ મગે અપના પિયાકુ ઢુંઢન નીકસી,
મીલ ગયા **બંસીવાલાસે**.-મીલજા—કાલી.

(૨૪૯)—મીસ-જાનકીબાઈ, રાગ, સોહીની, તાલ, ત્રીતાલ—
કાહે સજન કાહે રાર મચાઇ, [૨] કાહુ સોતનીયાને, તોહે બેહકાય દીનો.
કાહુ નિપટ કાહુ બાત બનાઈ, હો પિયા, તોહે કરજોરત હું,
છાંડો બીરાજ મોરી, મુરકી કલાઈ.—કાહે.

કી (૨૫૦)—લવ-કુશ—
કીડી કુંજર દાબતી સસલે સીંહ હેરાન,
પુરૂષ નથી બળવાન પણ સદા સમય બળવાન.
કંઈ કંઈ ધાર ભલે અવનીમાં કર્તા કંઈ કીરતાર.
અકળ કળા ન કળાતાં, કર્તા કંઈ કીરતાર.
બળશીયાએ નાગ પકડાવ્યો, ગોરા હજારી ગુલાબ લુભાવે,
શીયાળે વાઘ થકી કરી સરસાઈ, કાંઈક રડાવે કંઈક હસાવે.—કર્તા.

(૨૫૧)—નરસીંહ મહેતા—રાગ-ભજન—
કીશનજી કાળારે! લાવો ફુલ માળારે! પારથના સાળારે,
આવો ભીડયો ભાંગવા હોજી..............................કી.
નહિ આવો તો થાશે પ્રભુજી મમઘાત, રૂઠયો છે આ રાજારે,
શીર મારૂં કાપવા હોજી...કી૦-કંઠમાંથી આપો ઉતારી હાર.
લજ્યા મારી રાખોરે, મોહનજી માધવા હોજી...........
દોહરો } શીશ કાપશે માહારૂ છો થાશે જગ ફીટકાર,
હાંશી અવિનાશી થાશે આપો કંઠનો હાર...કી.
કીધાં છે તે બહુ બહુ મારાં કાજ.........................
તેમાં આ વધારેરે, જાણી લેજો જાદવા હોજી............કી.

(૨૫૨)—જલસા સંગ્રહ—કાફી, હોરી, બારમાસી.
કીજે કોન ઉપાય અજહું, ઘરનાયે કનાઈ—કીજે.
દીન ગીનતે સખી માસહુ બીતે તોભી ખબર નહી પાઈ,
દીલમેં હોસ હુમાસ મિલનકો, કેસે મિલે જદુરાઈ;
રીતી કોઉ દેત બતાઈ.—કીજે.
ચૈત્ર માસ ગયે ત્યાગી ચતુરભૂજ, ચુરી મે ચુંતા લગાઈ,
રૂતુ બૈસાખ તાપ તન જારે, જેઠ બી રહશે જરાઈ;
રહે કેયોં જીયરા બચાઈ.—કીજે.
માસ અષાડ મેઘ ગરજત હે, દાદુર શબ્દ સુનાઈ,
રિમ ઝિમ બરસત શ્રાવન, ભાદો મહા ભયદાઈ;
નદીયનમેં પુર બહાઈ.—કીજે.
આશો આરી બઢી નહી આયે, જગત દીપાવલી આઈ,
કારતક કહાં તક સહુમેં, માગસર મનકો મુંઝાઈ;
ન ભાવત મેવા મીઠાઈ.—કીજે.
પોષ પિયા બીન શીત દુઃખ એહું માઘ મરન દુઃખદાઈ,
ફાલ્ગુન ફીર હરી ઘર આવે, તો ખેલે હોરી સુખ પાઈ;
ગુલાલ અબીર ઉડાઈ.—કીજે.
પ્રાણજીવન પ્રભુ બાર નીહાળત બહાર માસ બિતાઈ,
દુઃખ વીદારન આય ગયે હરી, પ્યારી ગલેસે લગાઈ;
બીર હરી પીર મટાઈ.—કીજે.

(૨૫૩)—જલશા સંગ્રહ—રાગ, પીલુ, પદ—
કીસીકા કોન સંગાથીરે બાબા—કીસીકા.
જુઠીરે માયા જગત ભુલાયા, કહેત પુરાણકી પોથીરે-બા-કી૦
દોલત દુનીયા માલ ખજાનાં, માત પિતા સંગ નાહીરે-બા-કી૦
આપકી આપે અકેલા રી, જાના, હોતે મશાનકી માટીરે-બા-કી૦

(૨૫૪)—ગાફીલ મુસાફર—
કીસી પરદેસીસે હાં કોઇ ન પ્રીત લગાએ,
સરસે ટાલે રોગન પાલે, હીરેકી કનીઆ ખાએ.
બીરહાકી અગની તન મન ફુંકે, કોઈ પલ ચયન ન આવે,
દીન દીન પલછીન જીયરા જલાએ મોરા,વાઅદા વફા ન ફરમાએ,
તરસત તરસત આઇ આંખે, મોરી, પીયા ન વાપસ આવે.

કું (૨૫૫)—પાંડવ ગુપ્ત નિવાશ—
કુંન્તીમાતા તનુજ તારા, **વીરપણું** એઠાં હારી,
હાથતણાં હથીઆર ઉતારી, **ચાકરી** ચુડીને ધારી.
સિંહ વસ્યા **શિયાળ** અવાશે, **સિંહ** સ્વરૂપને વીશારી,
ગૌબ્રાહ્મણના રક્ષક રહેતા, ભક્ષક વૃતિ વિશારી.
રાજ રમાની લાજ લુંટાયે, ખાજ અખાજે ખુવારી,
વ્યંડળ વિરો પ્હેરે ચીરો, **ધર્મ** ધીરો લાચારી.

(૨૫૬)—સાગર સરીતા—
કુંવારૂં રહેવું ઘણુંજ સારૂં બસ્યુ પરણવાનું-કાકાજી બસ્યું પરણવાનું.
સારો ધણી જો નહી મળે તો જુગ જુગ રડવાનું-કાકાજી જુગ જુગ રડવાનું.
પ્રેમથી રમાડુ તને વ્હાલી હમેશાં, ખાલી તું શીદ અકળાય, ઓ
વ્હાલી, ખાલી તું શીદ અકળાય.
બાણીયા દીકરા મુંગો મરી રહે, નહિં તો ફજેતો થાય, ઓ કાકા
તમારૂં નખોદ જાય.
મેનાં તું કયારે હવે મારી થાય........નહીં તો ....કુંવારૂં૦

(૨૫૭)—અહલ્યાબાઈ—રાગ-ગઝલ-કવ્વાલી—
કુધારે **હિન્દવાસીના** હૃદયનો ગર્વ ગાળ્યો છે,
ઝળકતા **હિન્દ** ગૌરવનો કુધારે દાટ વાળ્યો છે.
અભણ અજ્ઞાની માબાપો **મહત્તા** આબરૂ માટે,
સુતાના શત્રુઓ થઇને ગ્રહે પૈસા સુતા સાટે.
વિચાર્યા વીણ હૃદય વચને મરી મીથ્યા ગુમાનીમાં,
જડી જે સંમતિ **લગ્ને** ઝુરે તે જીંદગાનીમાં.
ગયા તે બ્રહ્મચર્યોને પ્રીતિ **લગ્નો** ગયા જ્યાંથી,
પ્રજા તે વિર શું પાકે પછી ઉદ્ધાર તે કયાંથી.

(૨૫૮)—જહેરી અંગુસ્તરી—

કુદરતકા તું દાતા **જગકા** પાલનહારા,
જગ પરવર સુખ દુઃખકા, તુ સુલતાં ગુન વાલા—કુ૦
ગીરિવર સુખકર દુઃખહર શાન જ્ઞાન! તોરી પ્યારી,
જગકાવાલી ચંદર આલી. છત્તર શીશ પરહે ન્યારા.—કુ૦

કે (૨૫૯)—સુજાંણુબા—

કેર કળીમાં કેવો છે નજરે જોયા જેવો ભાઇ,
ઘર ફુટે ઘર જાય જગતમાં દોશ કોને દેવો.
સત્ય **હંસને** હાય હરાવે પાપી પારેવો,
ઠાકર તે ચાકરના ચાકર તાલ બન્યો તેવો.—કેર.
માયા મદીરા મહીલા મહીમાં માન્યો મીઠો મેવો,
દગલબાજને દુનિયાં માને **દેવતણા** પણ **દેવો.**—કેર.
અન્યાયી આદી તકીયે **ન્યાયીને** પર શેવો,
ધનવંતા **અભિમાને** અંધા. આવનો અવસર એવો.—કેર.
કેર કેર નકલી થઈ વેડા ખરો કેને કેવો,
પથ્થરના પડમાં મોતીનો **ધરમ** નથી રેવો.—કેર.

(૨૬૦)—ગાયન દર્પણ—રાગ-ગરબો-ભૂપાલ-કલ્યાણ-દાદરો.

કેવી મુરલી વગાડી **મનહીનોને**,મને બીરમાવીને જોબન છીનોરે-કેવી.
કહાના જ્યારે મને વાર થઈ છે ઘણી, મારી સાસુ છે નહારી રુંપે ઘણી.
એવું જાણુતી તો એ વારે આવતી નહી,એવી કપટી રીત મને ફાવતી નહી,
બીકથી કંપેરે મારો સીરજોરી—કેવી.
કહાના હું લાગું છું ચરણુ તારે, આજથી જો, ઇશ્વર કારણુ મુકી
દે મને લાજથી તો.
લાડકવાળા કેવાય **નંદજીનાલાલ** જો.—કેવી.

(૨૬૧)—જલશા સંગ્રહ—રાગ, પીલુ, હોરી.

કેહે દીજે હમારી **રામ રામ** જાકુ મીલે મેરા **શામ.**—કેહે.
નગર નગર ઓર દ્વારે દ્વારે, હોરી ખેલનકી ધુમ ધામ ધામ.-કેહે.
ઉમંગે જોબન પિયા માનત નહી, કેસે કે રખું મેં ઠામ ઠામ.-કેહે.
મુખ પેંઆસ **રાધીકા** છાંડયો, ઘેયાન તોપે પરોહી અષ્ટ જામ.-કેહે.
કૃષ્ણ નંદસુ ઇતિની હે બિનતી, **પ્રભૂ** કયું છોડી એસી બામ બામ.-કેહે.

(૨૬૨)—જલશા સંગ્રહ—રાગ, ખમાચ, હોરી—

કેસે ભરન જાઊં પાણી—સાંવરએ કેસે૦ મોહે બિચ મીલે મધુ બનકો—સાંવરા૦
કુવે જાઊં તો કીચ લગત હે, જમુના જાઊં પિચકારી,
ગોકુલ જાઊં તો રંગમેં બિનત હું, એસી ગત મતવાલી.—સાંવરા૦

(૨૬૩)—જલશા સંગ્રહ—રાગ, કાફી, દાદરો.

કેસે બોલેરે પપીયારા પાપી દેજ, મેરા જીયરા કહો—કેસે.
સાંજ નહી બોલે સવાર નહી બોલે,ફીર બોલે માજલી રાત પપીયારા—કેસે.

કો (૨૬૪)—નરપિશાચ—

કોઇ અલબેલે અનુસારે તેડી, હું ચાલી તે મેડી,
કામણ કરી મને છેડી—મુકો વરણાગી, આ—છેડો ના છેડો.—કોઈ.
ગુલે ગુલઝાર અંગોની બહાર, તમે લઈ લેશો ના,
મરમનો માર વચનનો પ્રહાર, તમે કંઈ કેશો ના:
ગાલો પર યાર, ચુંબન અપાર, મને કંઈ દેશો ના.—કોઇ.

(૨૬૫)—નવીન નવલ-ગંગા—

કોઈ મને **સ્યામ** બતાવે, જો કોઇ લાવે મુખ બતલાવે,
મન ગમતું મુલ પાવે.......................કોઇ **મને.**
તરસી **ગાય** તરફડીયા મારે, પાણી આરો જણાવે,
પ્રીતી વાટે ભુલી પડી છું, **પ્રેમ** મારગ કોઈ ચલાવે.-કોઇ.

(૨૬૬)—સંગતના ફળ—

કોઇ કરો ન કુસંગ-કુસંગ, તો **કાજળ** જેવો,
નિર્મળ નર ને નિચા પાડે, **નિતી** બગાડે એવો.
ડાહ્યાનું પણ ભાન ભૂલાવે....................
એવા કુસંગને સ્નેહે ધરી નહિ સેવો.—કુસંગ.
સંત મહંતને **ભકિત** ભુલાવે, લપટે કૈંક કુટેવો,
સુખનો શત્રુ સંગ કુટિલનો સારૂં ચહો તો ભાઈ, થવાના દેવો કુસંગ.

(૨૬૭)—સરદારબા—"કજોડાની કહાણી."

કોને કહીએ **કજોડાની** કહાણીરે, જેમ બળદ પીલાયે ઘાણીરે.-કોને.
લોક વગોવે ને **સાસુ** સંતાપે, વળી **પીયુડો** છે પામર પ્રાણીરે.-કોને.
હું જોબન રશ ઝુલતી, પણ જોડીની ખોડ,
પીયુડો રમે લખોટીયે, કરતો દોડા દોડ.
જગદીશ! હવે ગભરાણીરે, **સહાય** કરજો **શ્રી સારંગ** પ્રાણીરે.

(૨૬૮)—જલશા સંગ્રહ—રાગ, પીલુ દાદરો.

કોનશી તલછવામે નાઉંરે, બગલા પાણી જકોર ગયો.—કોનશી.
ગંગાબી નાહી વારી **જમુના** બી નાહી, **અજોધયાકી ઘાટરે**—બગલા.
રાની જો હું મેં રાજમેં કુંવરકી ચાહું તો પકડ મગાવું**રે**—બગલા.

(૨૬૯)—ગઝલે-મહેફીલ, માંથી અધુરૂં-ગઝલ કવ્વાલી.

કોઈ અયસી સખી ચાતુર ના મીલી, મુઝે પિકે દવારે બિઠાદેતી,
મેને રાહ મદિનેકી દેખી નહી, મોરી બૈંયાં પકડકે બતાદેતી.
મોરે મનમે હય અબતો જોગનીયા બનુ, ઓર મલકે ભભુત **મદીને ચલુ.**

સખી **હીંદકી** નગરીમેં કાહે રહું, નહી પરસો ચેન જરાદીની.
પીયા સાત સમુદર પાર બસો, મેરા પગમે ન ચલનેકા જોર રહો,
નહી જાતી **મદીનેમે** કોઈ હવા, મોહે મુલકે **અરબમેં** ઉડાદેતી.
મોરી ગેહે મે ઉમરતો સુખસે કટી, ચલી પીકી નગરીયા તો સોચ પડી,
કોઈ ગુઈયાંની સાથ ન આઇઓરે, મોહે હેત બહાકી બતાદેતી.
મેતો સુની સેજરીયાંપે તરપત હું, પીયા દેશો **અરબમેં** બીરાજત હય,
કભી દેતે જો સુપનમે દરશ દીખા, વંહી ચરનોમેં **શીશ નમા દેતી.**

(૨૭૦)—જલશા સંગ્રહ—રાગ, કાફી, હોરી—

કોઈ એસા કરોરે પિયાકા દીલ લલચાય.-કોઈ.
જંત્ર મંત્ર જાદુઈ ટોણા, લાખ જતન કર હારી.
નવ લખ તાવીજ રખી છતીયનપે, એક ન હુઈ કારી.-સખીરી.
બ્રીજકી સખી સબ ખેલે જો હોરી, મેં બેરન દુખીયારી,
મેરે બદનપર રૂંઢ નહી હય, એસી દુઃખ મોહે ભારી.-સખીરી.

(૨૭૧)—અનવર કાવ્ય—રાગ, પદ, બિહાગ.

કોહરીઆરે તું કયું કૂ કૂ કરે? ટેક.
મેં બીછરી પિયા ઢુંડન નીકસી, તું બેરન દુઃખદે.-કોહરીઆ.-૧
કૂક સુનત મોરા દિલ ધરકત હે, દુઃખસે છાતીયાંભરે.-કોહરીઆ.-૨
પિયા કારન મેં બનબન ફીરતી, કાહુ સંગ જીયાના ડરે.-કોહરીઆ.-૩
જ્ઞાની પિયાકા યહાં ખોજ મીલતહે,કયું દુઃખ મનમેં ધરે.-કોહરીઆ.-૪

કો (૨૭૨)—જલશા સંગ્રહ—રાગ, કાફી, હોરી—

કૌઉસર કા જામ ભરદે, નજફ કે બસૈયા—કોસરકા૦
કુલ સરાહકી રાહા, બિકટ હય, ઓર ગુણહારી દૈયાં.
અબકે નૈયા પાર ઉતારો **અલીજી**, તુમકુ **નબી**કી દુહૈયાં.-નજફકે૦
તુમારી કમ ઝુલંફ કારજ સોહે, તુમ દુલદુલકે ચહરૈયાં,
અહેમદ તોરી આસ કરત હયેં, કારી કામરી વાલે કનઇયાં.-નજફકે૦

(૨૭૩)—મીસ, અચ્છનબાઈ—રાગ, બરવા, તાલ, ત્રિતાલ.

કૌન બનવારે ફુલલા ગુલબવા હો રામ-કૌન.
બેલા ફુલા ચમેલી ફુલી હારે ફુલલા ગુલબવા હો રામા.
મન હેં સાકીગે મય હેં, ગુલઝાર સાકીયે ઘટા છાઈ હય,
કહે દો બાબાકો ચમનમે કે બહાર આઈ હય.-કૌન.

કં (૨૭૪)—મનુ-મણી—(કંજુસની-કહાણી.)

કંજુસ કેરી કમાણીરે, આખર ધુળધાણી.
છાની રહે બેશ-બેશ ફેરવે શું, પૈસાપર પાણી.-કંજુસ૦
ભલે શરીરની ચમડી તૂટે, પણ હાથેથી ન દમડી છૂટે,
સાચી જગે તે કહાણીરે-આખર-કંજુસ૦
પળી પળી ભલે સીંચે કૂપણુ પણ, રામ ઉડાવે મારો કુપ્પો,

રાજા લુંટે ઘર આગે બાળે કાંતો તસ્કર લે દઈ ડુંપો.
પરંતુ પાછીની પુંજી ટકે ના, વદે એમ વેદવાણીરે—આખર—કંજુસ.
આવ્યાબાંધીમુઠી,જાવું ઉગાડે હાથ, હાથે કર્યું સાથે, બીજું ન કોઇ સાથ.
ચુપ ચુપ ડાહ્યલા, નિકળ અહીંથી, બ્હાર નીકર ખાઇશ માર,
કોઈ કરે ન વ્હાર—મારો બેલી કિરતાર, વાત જાણીરે—આખર—કંજુસ.

(૨૭૫)—**સત્યનારાયણ**—રાગ—**સારંગ**—**ભજન**—

કંસ નીકંદનં, જય **ભીડભંજન**, વંદન દુઃખ હરતા!
મન રંજન કરતા **નીરંજન** જય જગના ધરતા.
અંજન નયના ધાર, **પ્રભૂ** છો સૌના પાલનહાર, (૨)
ભાલ સુ ચંદન જય ખલખંડન, નંદનવન ફરતા.—કંસ.

સાખી } **અકળ કળા કળી ના શકે, પામર જીવ નાદાન,**
વિરલા વિભૂ પીછાણતા જેને તમનું ધ્યાન.

(૨૭૬)—**કુસુમ ચંદ્ર**—

કંટક મય આરે **જગમાં** જોઈ વિચારી **ભ્રાતા,**
ડગ ભરીયે દીલમાં ડરીએ... ... ...

સાખી " **પાપી જનનાં સેવક થઇને પાપ કર્મ આચરવું,**
" **ભલું તે થકી ભ્રાતા ભવમાં, પેટ ફોડીને મરવું.**

ડગલે ડગલે દુઃખ પાપ છે માયા મય સંસારે,
તેમાં જે **એ**તી ચાલે, તે તરે બીજાને તારે.—જેપ.

કાં (૨૭૭)—મારવાડી **ભાષાનું** ગાયન, **મજાક**,રાગ,ગુજર,સારંગ.

કાંટો લાગોરે દેવરીયાં મોસે ગેર ચલો ન જાય,
અપને પીવાકી મે અલબેલી, જોબન ખીલગયો ફુલ ચમેલી,
ધુપ પડે કમલાય—કાંટો લાગોરે.
આધી બી રાત મોહે લે આયો, રસ્તા છાંડ કુ રસ્તા લાયો;
ચલત ચલત મોરી **બીચલી** ટૂંટી, જજરી દેહ પીરાય-કાંટો.

(૨૭૮)—**જલશા સંગ્રહ**—રાગ, ખમાચ, દાદરો.

કાંઈ લટકં લટક ચલંત **મોહન** આવે મન ભાવે,
અધુરી અધુરી, મધુરી મધુરી, **મોરલી** બજાવે.—કાંઈ.
ખાંધેક**મરીયાં** હાથે લકરીયાં બનમે **ગઉવાં** ચરાવે,
સાંવલી સુરત મોહની મુરત **મુખસે બિન બજાવે**.—કાંઈ.

ખ (૨૭૯)—**ભજન**—

ખબર નહીયા જગમેં પલકી, **રામ સુમીરલે સુમરન** કરલે કોનજાને **કલકી**.
કોડી કોડી **માયા** જોડી બાત કરે છલકી,
પાપ પોઠ ધરી સીર ઉપર કીસ બીધ હોવે હલકી.
જબ યહ **હંસા** નિકલ જાયગા મીટ્ટી જંગલકી,
એક ચંદ્રમા નવલખ તારે જોત નાહી જનકી **રામ.**

(૨૮૦)—ધ્રુવકુમાર.—

ખળ ખળ ખળ આંસુ, આંખથી આ ખરે છે.
ધગ ધગ ધગ હૈયડું બાપડું, આ બળે છે.
પળ પળ પળ પ્રકટે, અંગમાં અગ્ની એનો.
વિરહ પ્રભુ દમે છે, આજ કુમાર ધ્રુવનો.
ધ્રુવજી વીના મારૂં રે, જીવન થયું ખારૂં,
જીવન થયું ખારૂં, સહુ સુખ અકારૂં.
નારીના નેહે લપટાઇને, ભુલ કરી ભારી,
ન્યારૂં કર્યું બાળ બિચારૂં, જીવન

સાખી { રાજતાજ વૈભવ બધું જોઈ બળે ઉર હાય,
પુત્ર વિયોગે પ્રાણ મુજ પાપી કેમ ન જાય.

હાય થશે હવે શું મારૂં રે. જીવન

આ (૨૮૧)—એસિઆઈ સીતારા.—રાગ કવ્વાલી તર્જ—

ખાબે ગફલતમેં હુએ સબ હિન્દુ મુસલમાં આજ કલ,
કુફ્રકે હાતોં લુટા જાતા હુએ ઇમાં આજ કલ.
અઓરતોંકી હોતી હુએ અબ હર તરફ પરદાદરી,
હાં મજેસે દેખીયે હુસ્ને હસીના આજ કલ?
ઇજ્જતો અજમત મુસલમાની ફરાએજ દીનકે,
આપ હી ખુદ ખોતે જાતે હું એ મુસલમાં આજ કલ,
અય જનાબે મોહતરમ અય કોમ હુએ બેચારગાં.
દેખતે હુંએ આપ એહ હાલે પરીશાં આજ કલ?

ખી (૨૮૨)—બુદ્ધદેવ—

ખીલ્યાં પુષ્પની પરાગ મીઠી મ્હેકે,
સાહેલી જાણે ભ્રમર તણો આનંદ લ્હેકે
ફુલી વૃક્ષવેલી દીસતી સોહામણી,
એ...બ્હેની ચાલો હેતાળ એની છાંયડી.
વિશ્વવાટિકામાં પ્રેમ પ્રેમ બ્હેકે—સાહેલી,
મિઠું યૌવન પુર આ મીઠો સ્નેહ સ્વભાવ.
મીઠી કુસમલ છાંયડી મીઠો તરૂ કલાપ,
લલિત પુષ્પ શાં સોહાય, નિરખી નયણાં ઠરી જાય.
અંગ આનંદ ઉભરાય—વિશ્વ વાટિકામાં.

ખુ (૨૮૩)—"રા" માંડલીક—રાગ ભૈરવી.

ખુને જીગરકો પીતી હું બસ ગમમેં તેરે યાર,
સહેરે ચમનસેં રીરતી હું બસ ગમમેં તેરે યાર.
અય ચુપકે ચુપકે રોતી, મું આસુંઓસે ધોતી.

વો કહાં ગયે મેરે મોતી,મોતી બીના ના સોતી બસ ગમમેં તેરે યાર-ખુને
દીલ ઉસીકું દીજીએ **દીલદાર યાર હો.**
ક્યા હીંદુ ક્યા મુસલમાં **કદરદાન યાર હો,**
મેરી નજર જો તુમસે લડ ગઈ, મેંય પલંગસે નીચે પડ ગઈ,
..............વોહ કહાં ગયે મેરે પ્યારે-
મેંય અગ્નિ જેશી જલ ગઈ બસ ગમમેં તેરે યાર-ખુને

ખે (૨૮૪)—મીસ મલકાજાન—રાગ, કાફી, તાલ, દીપચંદી—

ખેલત નંદ કુમાર બરજકે લોગનમેં—ખેલ
શ્રીજકી સખી સબ બનબન આઈ, એરે કુમકુમ ઔર ગુલાલરે,
ખેલત **નંદ કુમાર** બ્રજકે લોગનમેં.

ગ (૨૮૫)—મેઘમાલીની—

ગરીબ પ્રાણ કબર પર **શ્રીમાન** બાગ ફાલે,
ગરીબ ચૂર્ણ ઉગર પર શ્રીમાન મોજ મ્હાલે—ગરીબ
હજાર ચશ્મ રૂદનથી ખુશાલ એક થાયે
હજાર ક્રુર જખમથી આરામ એક કાયે—ગરીબ
હજાર દેહ પતનથી પુજાય એક ભાવે.
હજાર જાન ખરીદપર રે એક શાહ કહાવે—ગરીબ

(૨૮૬)—લલિત પ્રિયા—

ગદ્ધા ગદ્ધા સચ્ચા ગધ્ધા રંડીપે મરજાવે.
અંધા હોકે પૈસા ઇજ્જત દોનું બાત ગુમાવે.
પૈસા હોવે પાસ બોલાવે નહિ તો લાત લગાવે,
યાર બને બેઝાર બદીકા બદફેલ બંદા ખાવે.
પૈસા જો હોવે ખનનન બન પ્યારી નાચે થનનન,
બિન પૈસા જો મુંસે બોલો થપ્પડ મારે ધનનન,
રંડીકા બેટા બને રંડીકા ઘર આવે—ગદ્ધા.

(૨૮૭) મીસ રોઝા—રાગ, મલ્હાર, ધીમા, ત્રીતાલ—

ગરજ ગરજ બરસનકો આયે, **મેહરવા બરસન** લગી સુંદરીયા,
એક તો દમક દામની દમકે કુજે મોર પપૈયાં,
બોલન લાગે, ઉચટ ગઈ મોરી નિંદરીયા—ગરજ.

ચૂ (૨૮૮)—મનહર મેના—

ગૃહસ્થાઈની ગુમાની, શાણા કરો છો શાની,
બળવાન **બળીરાજાની, રાવણને કંસ** સમાની.
અભિમાને થઈ હેરાની, **માયા** છે મોહ નિશાની,
આશા આ રંગ પતંગી, તૃષ્ણા સ્વારથની **સંગી,**
મૃગજળ સમ જુવો જુવાની,આખરે આ દુનિયા ફાની.
મગજ નહીં ખા, નફટ કુલટા, **અહીંથી દુર** થા, નજરથી તું જા.

(૨૮૯)—ભિષ્મપિતામહ—

ગૃહસ્થાશ્રમની શોભા સઘળી, **નારીથી** સચવાય,
તે નારીને કહો નઠારી, એ કેવો અન્યાય (૩)-ગૃ૦
અવનિમાં ઉપન્યા બે સાથે, **પુરૂષ પ્રકૃતિ** રહ્યાં સંગાથે,
વંશ વૃદ્ધિ જેના થકી થાય (૨) એથી ઉત્તમ કહ્યું કહેવાય.-ગૃ૦
નારી વિના કહો કોણે નિપજ્યા, **સાર્વભૌમ** પણ એથી ઉપજ્યા,
ધ્રુવ પ્રહલાદ અને **યદુરાય** એની પણ નારી મા થાય,-ગૃ૦
જગતની જે **આદ્યશક્તિ, નારી** રૂપે પ્રત્યક્ષ પ્રગટી,
ગૃહિણી ગૃહદેવી ગણાય, રિદ્ધી સિદ્ધી સ્ત્રી સમજાય.-ગૃ૦

ગા (૨૯૦)—શૃંગીરૂષી—

ગાન મધુરાં કંઈ ગા, અલી રજની, ગાન મધુરાં કંઈ ગા,
તારલીયા તણો સાલુડો ધારી, કામણગારી ન થા...અલીરજની
ચાંદલીયાને ઉપર ધારી, એકલડી ના હરખા......અલીરજની
યોગીજનો સખી સાંધે સમાધી, શિતળ સમીર તું વા...અલીરજની

(૨૯૧)—દાનવી-માયા—

ગાન મધુરાં ગાય રતિનાં રૂપે કામ લજાવે
સ્નેહ સુધારસ સીંચન કરતાં ઘડી ઘડી સરમાવો મુંજને એ મોહન ભાવે
વાત વાતમાં રીસ કરીને રોષ દોષ દર્શાવે
પણ મમતાથી પગે પડું તો છાતી શું લપટાવે—મુજને
કરી કમાણી પૈસા લાવે પેટીમાંજ દબાવે
કુંચી કરમાં લ્યો શેઠાણી! કહી કહી બોલાવે—મુજને.
ઘર કુકડો થઈ ઘરમાં બેસી આજ્ઞા નિત્ય ફિરાવે,
ઘરની દેવી કહી સલૂણો સેવા સર્વ બજાવે—મુજને.
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમ સુધા પાવરાવે,
પ્રેમથી પરિ રંભણુ આપી પ્રેમ ઝુલે ઝુલાવે.—મુજને.

(૨૯૨)—ગાફીલ મુસાફર—

ગાફીલ બન્દે! ઈસિ દુનિયામે સોચ સમજકે ગુજારા કર,
દુનીઆ હએ બાજી ચોરસકી ઔર તુ હએ ખેલાડી નઠારા કર;
નેકે બદકે નરદોંકી ઈસિ બાજીમે ગઓરસે રખ પહેચાન સદા,
ચાલપે જીતકી રહેકર કાયમ, અપને નકસકો મારા કર.

ગી (૨૯૩)—મુદ્રાપ્રતાપ—

ગીત વખતનાં **ગાવાની** ગત, પુછી જુઓ **ગાનારાને,**
જેવું તેવું **ખાવાની** ગત, પુછી જુઓ **ખાનારાને.**
મહાજન મોટા **થાવાની** ગત, પુછી જુઓ **થાનારાને**
વિણુ બોલાવે **જાવાની** ગત, પુછી જુઓ **જાનારાને.**
ધાડ પડે તો **ધાવાની** ગત, પુછી જુઓ **ધાનારાને,**
જેને તેને **ચાહવાની** ગત, પુછી જુઓ **ચાહનારાને.**

ગુ (૨૯૪)–પિતૃભકત પ્રભાકર–ગંગા, યમુના, અને સરસ્વતી, સંવાદ
ગુણુની ખાણુ મને ગણુ, **ગંગા** કષ્ટ અધમના કાપું,
મુજમાં ન્હાતાં મનુષ્યને હું, મોક્ષ નિરંતર આપું.
મહિમા મારો એવો, સાખ પુરે...છે...દેવો...
જમના મારૂં નામ અરે હું, **યમ**ની બિતી ટાળું,
મારૂં પાન કરે જે તેના, પાપ તમામ પ્રજાળું.
હરનારી છું હાની...વાત એ છે...ના છાની.
સરસ્વતી હું સુંદર મારૂં જળ કિલમીશ હરનારૂં,
કરે સ્નાન શ્રધ્ધાથી તેનું સદા કરૂં હું સારૂં,
કરૂણા મારી પામી........દાસ ખોય છે ખામી.
મુજને તારો પાપ નીવારો......આવે દુઃખનો આરો,
કરૂં સ્નાન ને પાન હમેશાં દ્રઢ વિશ્વાસ તમારો;
સુખમાં દેજો સ્થાપી......**માતા** છું...પુરો...**પાપી.**

(૨૯૫)—નિલમ માણેક—
ગુણીજન વાવે છે **ગુલાબ,** નહિં કાંટા તો લેવાને,
સુગંધ મનહરણી મેળવતાં, મન સુખ લેવાને...ગુણી૦
કોઈ મુરખ **બાવળ** વાવે, કાંટા લઇ પરદા ચાવે,
સંત જનો સત્ત **ગુલાબ** વાવે સુગંધ ભરવાને;
આ **કર્મ** તણા કંટક ત્યાગે, **ભવસાગર** તરવાને...ગુણી૦

(૨૯૬)—રામવર્મા—વૈરાગ્ય રાગ, સીંદોરા, તાલ, દિપચંદી.
ગુજારી ઉમર ઝગડોમેં બગાડી અપની હાલત હૈ,
હુવા ખારજ અપીલ અપના, અજાયબ યહ વકાલત હૈ.
મુકદમેં ગૈર લોગોકે હજારો કર દીયે ફૈસલ,
ન દેખા **મિસલ** અપનીકો અજાયબ યહ અદાલત હૈ.
દલીલે દે કે ગૌરોંપર કીયા સાબત અસુલ અપના,
દિલ અપનેકા ન શક તુટા, અજાયબ યહ દલાલત હૈ.
બહુત પઢને પઢાનેસે હુવા સબ ઇલ્મમેં કામલ,
ન પાયા ભેદ **રબ્બીકા** અજાયબ યહ કમાલત હૈ.
બના હાફીજ પઢે મસલે સુનાયે દુસરેકો બી,
વલે ટુટા ન કુફર અપના અજાયબ યહ મસાલત હૈ.
તૂ કર ફૈસલ હસાબ અપના તુઝે ઔરોસે કયા **ગોવિન્દ,**
ન કિસ્સા તુલ દે ઇતના ફજુલ હી યહ તુવાલત હૈ.

(૨૯૭)—મીસ, જાનકીબાઇ—રાગ–ભૈરવી–તાલ, દાદરા.
ગુલનારોમેં **રાધા** પ્યારી બસે, જાહી જુઇમેં **કન્હઇયા** બસે.–ગુ૦
ચંપામેં **ચતુરભૂજ** બેલામેં **બિહારી.**
તેરે નયનોમેં **ગીરધારી** બસે, જાહી જુઇમેં કન્હઇયા બસે–ગુ૦

(૨૯૮)—શીકસ્તા દીલ—
ગુલકુરેઝી ગુલકારી દેખો શાહજાદી પ્યારી,
આઇ બહાર નીરાલી હય—ગુલ.
જોબન નીરાલા પ્યારી ગાલોપે લાલી ન્યારી.
ચાલ તોરી મનવારી હય.—ગુલ.
ચંદાસે હો ઉજીયારી તારે હય સખીયા સારી,
ખીલ રહી ફુલવારી કયારી પ્યારી,
સુરત બહારયે હય જોબન ઉભરાયે હય;
હમતુમ ડાલે ગલે બૈયાં, મીલે સૈયાં પ્યારી.—ગુલ.

ગો (૨૯૯) સતિ દ્રૌપદી—
ગોવીંદ ગુણ ગાવોરે નરનાર, ગીરધર શ્રીવર શ્રીમુરલીધર,
નામથી નેહ લગાવો—હા, નેહ લગાવોરે. નરનાર,
મારૂં તારૂં મીથ્યા માની, કૃષ્ણ કૃષ્ણ કહે જાવોરે.
અધમ ઉધ્ધારણ ભવ જગ તારણ,
નિરભય નામથી નાવોરે—ભય નામથી જાવોરે.

(૩૦૦)—ભદ્રાભામિની—
ગોરા ગાલો ગુલાબી પ્રેમ રંગે રંગાશે. ઝલકાશે છલકાશે,
પ્રીતી આનંદે હસંતે મુખેરે છવાસે.—ગો૦
ચંદા ખીલે ત્યારે કુમુદ વિકશે. આનંદ રેલી રેલાવ,
આનંદ ભરતાં અમૃત ઝરતાં. વિધ્ધ વિહરતાં સુખીયાં થતાં—ગોરા.

(૩૦૧)—અંબરીષ—રાગ-ભજન—
ગોવિન્દ તારા ગુણ સ્યા સ્યા ગાઉં (૨) હોજીરે સાગર ગુણ ભરીયોજીરે.
નવશે નવાણું પુર્યાં નવા નવા ચીર વ્હાલા દ્રૌપદીની વ્હારે ઝટ ચડીયો.
ઈન્દ્રે કોપીને વૃષ્ટિ વ્રજમાં કીધી ત્યારે, ટચલી આંગળીયે ગિરીવર ધરીયો.
કણના કોઠાર ભરીયા લુંટયા રંકે આ ઘડીરે,
બમણો કણનીધી ક્ષણમાં કરીયો—હોજીરે.

(૩૦૨)—સ્નેહ-સુધા—
ગોરી ધીરે ચાલો જોબનીયું છલકાઇ જાય, છલકઇ જાય મીઠા રસ છલકાય-ગો.
પાલવડો મુકો મારો, પાય પડું હું વ્હાલા,
નવરંગ ચિર મારા જૂવો, આ ચિરાઇ જાય હાય.—ગોરી૦
કરગરી કહું છું હુંતો, બલજોરી છોડો લાલા,
પતલી કમર લચકાઇ જાય હાય—ગોરી૦

(૩૦૩)—મીસ જાનકીબાઇ—રાગ, પીલુ જીલ્લા, તાલ-લાવણી.
ગોરી ધીરે ચાલો ગગરી છલક ના જાય-(૨)
છલક ના જાય છલક ના જાય-ગોરી
સિરપર ઘડા ઘડાપર ગાગર, પતલી કમર બલખાય નાજાય.—ગોરી

(૩૦૪)—રામાયણ—

ગોરે ગોરે ગાલો પર હય યું આંખ **જમાનેકી**,
પાઈ નહી હય કાહું મનુષને શક્તી ધનુષ ઉઠાનેકી.
ખિલી હયે આપરસે કલિયાં તમામ જોબનકી,
ગુંદા હયહાર, કસર હય સજનસી ગરદનકી.
કરો ન સામને કન્યા કે બાત સાજનકી,
બિગડ દેતા હય શૃંગાર રસ દશા મનકી.
અબ મત છેડો કામ કહાંની, ઇસ રસમે દરગુજર કરો,
યે મીઠી બકવા સબ છોડ દો બાર બાર શરમાનેકી.

(૩૦૫)—ખુને નાહક—

ગોરે ગોરે ગાલોપે **શ્યામ** મનવારા, પ્યારા જગમે ન્યારા...ગો,
સુંદર કમલ મીરગ સારંગ અંગ; સજાવત ચમકત હરદમ;
અમસા ગુન પાએ જગત કરો મોહે છાંડ ન જાઓ પીયા કીનારે હાં મોરા,
સાખી { **પ્રાન ગયે પરમાત માહા......લાગે નયનકા બાન,**
{ **જીતડ પતહય તુમ બિના...દરશ દીખાવો ભગવાન.**

ગં (૩૦૬)—નંદબત્રીશી—

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર;
તેવું કુળ જો માહરૂં, **(તો)** પડ પાસા પોબાર,
હંસ ગયો સરોવર તીરે, દીઠું અમૃત સાર;
પીધા વીણ પાછો ફર્યો, **(તો)** પડ પાસા **પો**બાર,
સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર;
તે ગુણ જો હોયે મુજ મહિં, **(તો)** પડ પાસા **પો**બાર.
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર,
કામી પાસ રહે કામની, **(તો)** પડ પાસા **પો**બાર.
મીઠા આંબો સર્વદા ઉત્તમ ફળ દેનાર,
તેવું કુળ જો માહરૂં, **(તો)** પડ પાસા **પો**બાર.
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર;
દીઠું પણ અડકયો નહીં, **(તો)** પડ પાસા **પો**બાર.
અહલ્યા સીતા દ્રૌપદી, સતી ખરી નિરધાર,
તેવું ચિત જો માહરૂં, **(તો)** પડ પાસા **પો**બાર.
ભુખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણ ઉઠે નહીં, **(તો)** પડ પાસા **પો**બાર.

(૩૦૭)—ચાલુ જમાનો—

ગાંડી ગાંડી **દુનિયાની** રીત ગાંડી, દેખી સાવ ગાંડી,
પાણી પીને ઘર પુછે એવી ગાંડી.—દુનીયાની.

પાણી પીને ઘર પુછે કાજળથી કાજળ લૂછે,
લીંબુ કાળીને મૂછે, બોલે કે પરવા શું છે.—એવી ગાંડી૦
સોનાને આળ લગાવે, પીતળને પાસે લાવે,
રાંડીને ડહાપણ આવે, બુદ્ધી ચૌટે વેચાવે.—એવી ગાંડી૦
હાથેથી જાતી બાજી, તે વેળા ઉડતી ગાજી,
છોડી ઘર રસોઈ તાજી, ખાય પુરી પાતળ ભાજી.
હોટલમાં પાતળ ભાજી.—એવી ગાંડી૦

ધ (૩૦૮)—આનંદ લહરી—

ધવાઇ ગઈ **સજની!** રંગાઇ **પ્રેમ** રંગમાં,
હાંરે થાય થન થનાટ તન મનાટ અંગમાં.—ધવાઈ.

સાખી { **યૌવન સાગર ખળભળે, મદન પવન તોફાન,**
કાયા નૌકા ડગમગે, સુધડ ગ્રહેજ સુકાન.

મદમાં છકેલી છેક છબીલાના સંગમાં.—ધવાઇ.

સાખી { **યૌવન વન ઝુકી રહ્યું, મદન તાપ ઉકળાટ,**
લળી લળી પળ પળ એ જુવે, વનમાલીની વાટ.

મોહમાં મચેલી **પ્રેમ વેલડી** ઊમંગમાં.—ધવાઇ.

(૩૦૯)—જયદેવ—રાગ-કવ્વાલી—

ઘડીભર ના કરૂં ન્યારા રૂદે **જગદીશને** રાખું,
ગણીને **નેણના** તારા, રૂદે **જગદીશને** રાખું.
પિતા માતા અને ભ્રાતા ભગિની ભાવે નથી ભમતો,
કદી ચાહું ના સુત દારા, રૂદે **જગદીશને** રાખું.
જગતની જાળ જાલીમમાં હવે સપડાઉં હું શાને ?
થયા સ્નેહી **શ્રી હરિ** મારા રૂદે **જગદીશને** રાખું.

(૩૧૦)—નવલશા હીરજી—

ઘરની શોભા છે ઘરવાળી, નરને શાંતી સદા દેનારી.—ઘરની.
નારી વિનાના નર અરધા, **ધર્મી કર્મી** વ્યવહારી,
સંસારે **સ્વર્ગે** સોહાએ, જે નરને ઘરનારી.—ઘરની.
મંગળ સ્વરૂપા મંગળ નામી, મંગળમય કરનારી,
જે ઘરમાં નારી પુંજાએ, તે ઘરની બલિહારી.—ઘરની.

ચ—(૩૧૧)—સતી તોરલ—

ચર્ણે નમે સ્નેહે વિનવે...વળી સતિયોનાં નામે મોટા મુનીયો નમે
શીયળ શૃંગારે શાણી, દેહ દીપાવે **પ્રતિમણમાં** જેનું મનડું રમે.સતિના
હરીહરને બ્રહ્મા જેનાં પારણીયે ઝુલ્યાં, સુણતા ઉત્તમ ગુણ—તનનાએ
તાપ સમે—સતિયો.
સાવિત્રી સતીયે, પતિને, **યમથી** છોડાવ્યો, ચારૂચરિત્ર જોતાં જગને
ગમે...સતિયો.

(૩૧૨)—પરશુરામ—

ચડ્યું ડોલે, હિંડોળે ઘેલું જોબનું, ભરી મદ નયનમાં હાય,
ઉર મીઠી મીઠી લ્હેર જણાય. ના સમજાય, શું એ થાય અન્તનું.
રસ ઝરણુ ઝરી ભીંજાવે, જાણે જગત **સુધા વરસાવે.**
ઝીલતાં એ રશ સાગર ભાવે, તૃપ્તી હ્રદયમાં નવ આવે;
રશબસ બની. ટાળી ભેદ, કરી અભેદ, ઝીલશું જીવન તનુ—ચડયું.

(૩૧૩)—મેઘ-માલિની—

ચરણો ચૂમું **પ્રિય માત હિંદ દેવી,**
છો સહાય શિરછાપ **જગતની,** ભારતી પ્રાણ કરૂણાનિધાન—ચરણો.
શીતલ સુચંદન, અવની અંજન, તમથી નાહિ અધિક પ્રિય કાંઈ,
........દિલ કલિએ કલિએ તમ છે નામ—ચરણો.

(૩૧૪)—સંગીન બકાવલી—

ચલ ઘોડે અસવારરે, ચલ ઘોડે અસવાર, હો.
ટક ટક ટક ટક હાંકુ ઘોડા. તનપર કોડા મારરે—ચલ૦
નાન કબાબ ઔર ભાજી જીસપર, પેંડા બોટલ ચારરે—ચલ૦
પલ પલ જા તું યાર બના તું દેખ મેરા સીનગારરે—ચલ૦

(૩૧૫)—કવી છોટમ—રાગ, ભજન,

ચટપટ ચેત **હેત**કર હરીશું, **મરણ ભમે** છે માથે રામજી
ધામ ધરા ધન સુત-ઘણીઆણી સેવક નાવે સાથે રામજી...ચટ
હોય **લાખ તે રાખ** બરાબર, તેમાં નહીં કાંઈ તારૂં રામજી
ધન સાંચ્યું પણ ધર્મ ન સાંચ્યો, કયાં જન્મારો હારૂં રામજી...ચટ
મોટ પણાનું માન ભરાયું, માટે કંઈ નવ સુઝે રામજી
જમના કીંકર જોશો ત્યારે, થર થર કાયા ધ્રુજે રામજી...ચટ
કર સતસંગ અંગ હોય નિર્મળ, રંગ હ્રદયમાં લાગે રામજી
કહે છોટમ ચીંતામણી પરખે, તો ભવનો ભાગે ભય રામજી...ચટ

(૩૧૬)—ચલતા પુર્જા—

ચલી ઠુમક ઠુમક ચિત્ર નારી, આઇ લપક ઝપક મતવારી **પ્યારી,**
હંસસી ગરવા હયે મન હરના, પતલી કમર કમર પર પરના.
નાગની જુલફ તોરી, જોબનપે વારી.

(૩૧૭)—જહેરી સાપ—

ચલાજારે **બેદરદી સીપૈયાં,** હરજૈયાં, ચાહીયા, તોરે સંગ નહીં બોલતી—ચ.
ગરજૈયાં હરજૈયા વાહયા તોરે સંગ નાહી બોલતી—ચ૦
માનો માના માનોજી માનો. વાયદા હમારા જુઠ નવ જાનો,
આંખોસે આતા, મોકા જો પાતા પ્યારીકો, અપને ગરવા લગાતા—ચ૦

(૩૧૮)—અસીરે હુર્સ—

ચલતી ચપલા ચંચળ ચાલ સુન્દરી આ અલબેલી—
જોબન રસ માતી ડોલે બયનન અમરત રસ ઘોલે,
સંગમાં બન મંડળ ખેલી આલી--

“ એક તો નયના મદભરે, દુજે અંજન સાર,
ગુલ **“ એ બારી કંઇ દેત હુય મતવારની હુતીયાર.**

અહાહા માનો વાલી, ઓહોહો ભોલીભાળી.
નાઈ બેસલી હય—નાર નવેલી

(૩૧૯)—ખુબસુરત બલા—

ચલે ઇસ્કુમેં આએ ઉગર પર, દો ધારે;
ચયન **આશિકકો** દમભર કયું કર હો,
મુસીબત ઝેલી બલા સરલેલી.
તબીયત ખેલી પહેન ગયે સવેલી—મજે ઇસ્કકો.

ચા (૩૨૦)—બેધારી-તલવાર-ઉર્ફે-વસુંધરા—

ચાલ હવે ચાલ વ્હેલી વ્હેલી, લળી લળી લ્હેકે શું જોતી વળી ઘેલી.
તારા તનમાં લાગે છે તાલવેલી, સાહેલી તારા તનમાં-
—રહી જાણે સોને સુગંધી મળેલી,—**અરર પગમાં વાગ્યો કાંટો.**
ભુંડી કોઇ આવી બાંધો પાટો, જુઠી; કયાં વાગ્યો છે કાંટો,
આમા બાંધવો કયાં પાટો—હવે ચાલ, ધુતારી ચાલ. (ચાલીયે છીયે)

(૩૨૧)—માલતિ-માધવ—

ચાલ...ચાલ...ઓ...અલબેલી, વળી વળી પાછું જુવે શું પ્રેમઘેલી.
તારા ઉરમાં આનંદની હેલી, સાહેલી, તારા ઉરમાં આનંદની હેલી.
મળ્યા હવે ભેગાં, ચંપાને ચંપેલી....................ચાલ ચાલ.
મારા પગનાં ઝાંઝરની ખીલી, વારે વારે પડતી ઢીલી.
[ખિલી જેવી ઢીલી, એવી તું એ છે હઠીલી, હવે ચાલ ?)
(આ આવિયે છીયે)...................................ચાલ.

ચા (૩૨૨)—સોભાગ્યસુંદરી—

ચાલો સાહેલી (૨) **ભુવનેશ્વરીના** સો મળીને દરશન કરીયે.
દુઃખ હરનારી સુખ કરનારી, મુર્તિ માની અંતર ધરીયે,
ભાવ ધરી જો પુંજન કરીયે તો ભવસિંધુથી તરીયે.
ચુવા ચંદન કુમકુમ કેશર, અરચન કરીને મન ઠરીયે,
અબીલ ગુલાલ ને પુષ્પમાળથી માને વધાવી મંદીર ભરીયે.

ચિ (૩૨૩)—સ્નેહલતા—

ચિન્તા અને દુઃખથી ભરી સુખ સાલમી સુખ કાપતી,
શાન્તી અને નીતી ભરી, **ગરીબાઈ** ગુણને આપતી.
મંગળ કરે એ ઝુંપડી, જ્યાં અંશ નહીં અભિમાનનો,

મદથી ભર્યા એ મ્હેલમાં, વિનાશ નીતિ જ્ઞાનનો.
માનીશ એ મન મોહન સંગ, સુખ સાચું ધરી ઉમંગ,
રાજ સુખ ક્ષણીક રંગ, માનો, તાત પ્રીતથી.
વિના વિચારે આપી દોષ, નાહક રગડો નિર્દોષ,
સત્ય માની મુકો રોષ, ન્યાય નીતી રીતથી.

(૩૨૪)—રંગતરંગ—
ચીન્તાનો પાર નહીં, દુઃખનો સુમાર નહીં;
સુખનો પ્રકાર નહીં, હાય એળે જાય અવતાર.
નઠારી પ્રેમદા ના પતી તણું વીપદા,
કહી ન જાયે ને સહીયે ન જાએ.—ચીંતાનો.
કાળજામાં કારીસી કટારી ભોંકાએ,
ભર્યા છે ભુંડી તેને પીડા અંતર ઉંડી.—ચીંતાનો.
હઇયામાં પ્રગટાવે નીત નીત હોળી,
સારૂં છે આથી સાધુ થાવું રાખ ચોળી.—ચીંતાનો.

(૩૨૫)—સત્યનારાયણ—થવાનુ તે થવાનું છે—
ચીન્તા મુરખ નર શું કરે, લખીયું લલાટે થાય,
ક્રોડ કરો ઉપાય થાય સું કર્મ છુપ્યું ન છુપાય.
કંઇક જન્મના કર્મ કર્યાંથી, કર્મ સદા બંધાય,
વાવ્યું તેવું છે લણવાનું, વિશ્વ વિભુનો ન્યાય....ચીંતા.
બાવળીયા વાવી મુક્યા ત્યાં, કેમ ગુલાબ ચુંટાય,
ઊગ્યું ગુલાબ પછી ના નહીં તે બાવળમાં બદલાય....ચીંતા.
જાર કરાવી જમે ચોપડે, કયમ મોતી મંગાય,
મોતી દીધાં તો મળશે મોતી શીદ ખોટો શંકાય....ચીંતા.

(૩૨૬)—મીસ ગોહરજાન—રાગ, પીલુ-તાલ દાદરા—
ચિન્તન નાહિ બદલ ગયો નૈનાં. (૨)
કાગજ હો તો બાંચ લીયે, અરે કરમ ન બાંચો જાય,
ચિંતન નાહીં બદલ ગયો નૈનાં.

ચી (૩૨૭)—મુફ્રદ ખુન—
ચીતવનને તીર ન જારી દિલપર ઓહ મારા,
મંય દીલ દેકર પચતાઈ, ઉલફતમેં ન રાહત પાઈ.
ચાહતશે બાજ આઈ, દીલ મય હય પસતાઈ,
યેહ તન મન વારા તુજપર સારા, દીલપર સારા.
મોહબ્બતકી ચાહત સારી હય, દો દીનકી સબ દીલદારી હય.
બસ મુહ દેખેકી યારી હય—દીલપર-આહ મારા.

ચુ (૩૨૮)—'L. ક. ૨. સોંગબુક—રાગ-બિહાગ, તાલ એકતાલા.
ચુરીયા મોરી કરકાઈ—અરેહાં સૈંયારે—ચુરીયા મોરી કરકાઈ,
ચાલ હટો મોરી બૈયાં ન પકડો—હાયરે કલૈયા મુર કાંઈ—અરે.
સાંવરી સખી ચિતવન ઓર હય, [illegible] ત પ્યારે,
જાઓ જાઓ કાહે મોરી નીંદયાં ઉચટાઈ—અરેહાં.

ચે (૩૨૯)—રામત્રર્ષા—ઉપદેશ રાય-લાવણી.
ચેતો ચેતો જલ્દ મુસાફિર ગાડી જાને વાલી હય,
લાઇન કિલીયર લેનેકો તૈયાર ગાર્ડ બનમાળી હય...ટેક.
પાંચ ધાતુકી રેલ હય જીસીકો મન-અંજન લે જાતા હય,
ઇન્દ્રી ગણુકે પૈહોંસે વહ ખુબહી તેજ ચલાતા હય.
માલ હજારો ચઢને પર ભી, થકને વહ નહીં પાતા હય,
કઠિન બજ્ર લોહે જૈસા હોકર ચંચલતા દિખલાતા હય.
બડે ગાર્ડ બનમાળીસે હોતી ઇસકી રખવાલી હય. ૧ ચેતો ચેતો.
આઠ પેહર દિનિહીમેં સંચરે રેલ સહિત યહ અંજન હય,
કર્મ ઉપાસના જ્ઞાન ટિકટ ઘર લેતા ટિકટ હર ઇકિજન હય.
ફસ્ટ સેકંડ અરૂ થર્ડ કલાસ લે જીતના પલ્લે શુભ ધન હય,
બેઠ ન પાવે હરગિજ વહનર જો ઇત જરસે ખાલી હય—૨—ચેતો.
રેહ ગીરીકો લલચાનેકો નાના રૂપમે સજતી હય,
તીન ગંટિકા બાલ તરણ ઓર જરા ભી ઇસમેં બજતી હય.
તીસરી ઘંટી હોને પર ઝટ ઝગહકો [illegible] બજની હય,
આતે જાતે સીટી દેકર રોતી [illegible]લી હય;
ધર્મ સનાતન લાઇન છોડકે નિપટ બિગડને વાલી હય.—૩—ચેતો.
પાપ પુન્ય કે બારકા બંડલ અકસર સાથ હી રખતે હય,
કામ ક્રોધ લોભાદીક ડાકું ખડે સાહમેં તકતે હય.
અસ્ટેશન ઇસ્ટેશન પર રાગાદિક રિપુ ભટકતે હય,
પુલિસમેન સદગુરૂ ઉપદેશક રક્ષા સબકી કરતે હય.—૪—ચેતો.

(૩૩૦)—જયદેવ—
ચેતો ચિતે બ્રહ્મચારી છુરી છે નારી કટારી નાંખ્યા હજારોને મારી.
લોહનાં કરતાં લાખો ગુણી છે ભય કરનારી ભારી—બાવાજી.
જખમ રૂઝાતો નથી જરી એનો (૨) જોઓ હાકેમો હારી.—છુરી.
અલગ રહેજો અહોનિશ એથી (૨) અંતરે વાત ઉતારી,
સાધુપણું સળગાવોમાં શાણા ધૂળ જટામાં ધારી.—છુરી.

ચો (૩૩૧)—મોહિનીચંદ્ર—રાગ [illegible].
ચોકને આંગણે ચાંદનીરે, ખીલી રૂપેરી રંગ રંગરે,
આવો સાહેલી રંગ માણવા;

હૈયાં ખોલીને બેન બ્હેનરે, વાતો કરી લ્યો વ્હાલની.

સાખી "વ્હાલા વશે વિદેશમાં, બાળા બાળે વેશ,
"કૈયર શાશા મોકલું, શાણાને સંદેશ.

કુંજલડી સંદેશો અમારો, જઈ વ્હાલમને કેજોજી,
પ્રીતિ કાંઠાના અમે પંખીડા, પ્રીતમ સાગર વીના સુના.
સુનાજીરે કુંજલડીને, વ્હાલો મીઠો મેરામણુ,
આમને અમૃત ખાણુ વ્હાલા પ્રિતમ પ્રાણુ.

સાખી " સાહ્યબો મારે સુલક્ષણો, એંઠા જુઠા ખાય,
" ઘરની સુખડી ના ગમે, સોગન જુઠા ખાય.

તમારા સમ જો તમે મને વ્હાલા, જૂઠડા સમ શીદ ખાઓજીરે,
પીયુ તમારૂં મનડું માને ત્યાં જાઓ છો, ધી ભર્યા ઘેબર,
ઘેર રઝળે છે, કુંસકા ખાવાને ધક્કાં ખાઓજીરે.

સાખી " સોળ વરશની સુંદરી, સ્વામી વરશે આઠ,
" મોઢું જોઇને મોહી રહયો, લાડકી કરતી લાડ.

પગમાં કાંટો વાગ્યો નહિરે જીવું, હું તો નહિરે જીવું, મારી
સગી નણંદના વીર હો રાજ,
તેડાવજો મારા બાપાજીને, જોગી જતીને તેડાવજોજી.—નહિ.—ચો.

(૩૩૨)—કુમાર ભજનમાળા—રાગ—ગઝલ—

ચોરી પ્રભૂસે કરકે છિપાવોગે કીસ તરે,
અપની સચાઈ ઉસકો દિખાવોગે કીસતરે.—ટેક.
હર એક જનમેં હરદમ રહતા હૈ વો હાજીર,
ઉસમે યે અંધા ધુન્ધ ચલાવોગે કીસતરે.
દુનિયાંકી દોનો આંખમેં તો ધૂલ ડાલતે,
આંખેં હજાર ઉસકી બચાવોગે કીસતરે.
જો કુચ્છ કિયા હય તુમને પાપ જાન બુઝકે,
અપરાધ ઉસકા માફ કરાવોગે કીસતરે.
જ્ઞાની જો હય ત્રિકાલકા ઘટઘટ કી જાનત,
બાતે અસત્ય ઉસકો બતાવોગે કીસતરે.
જબતક નહીં કરોગે તુમ કહના કબીરકા,
તબતક દુઃખોસે પીંડ છૂપાવોગે કીસતરે.

ચં (૩૩૩)—સાગર-સરિતા—ભજન, રાગ, પદ.

ચંચળ લક્ષ્મીના ચાળારે જનમુર્ખ ફુલી મરનારા;
કાળાં ધોળાં કરનારારે ખાતે ખત્તા ખાનારા.—ચંચળ.
"જયમ વર્ષાની વીજળી પળપળ કરે ચમકાર,
આજ મળ્યું ધન કાલે જાશે, આંખ ચોળી રહેનારરે,—ચંચળ.
મોટા મોટા નર મરી ગયા ત્યારે ગયું ન કાંઇ સાથ,
જૂઠા મદશો જાળવો, તમે જાશો ખાલી હાથરે.—ચંચળ.

(૩૩૪)—અંબરીષ—

ચંપા તું મારી દીલજાન વાહ, વાહ, કુશમ કળી કુરબાન વાહ, વાહ,
ચન્દ્ર વદની છો, ભરી મદની છો, ઝરી રસની ગુલતાન; વાહવાહ.—ચંપા.
શાણા ચતુર સુજનશું, વાહ વાહ, ગુલાબ પરી હું,—
છુપી છરી શું-ગળે લગાવે ગુણવાન, વાહ-વાહ.—ચંપા.

૭ (૩૩૫)—મીસ, રોઝા—રાગ, દેશ-તાલ, ધીમા, ત્રીતાલ.

છબ દીખલાજા બાંકે સાવરીયા, ધ્યાન લગો મોહે તોરારે,
બાંકે ચિતવન નયના રશીલે, ચાલ ચલત મતવારીરે;
કાહે કરત ફિત જાઉ સંગીરી ન માને જીયા મોરારે.—છબ.

ખુ (૩૩૬)—ખુની મેના—

હું હું લલીતા મદમાતી, વળી **સતીઓમાં** પંકાતી,
હાથમાં માળા લેતી, વળી **ભક્તાણી** કે'વાતી.
મારી **હંસણી** સરખી ચાલ, વળી **નાગણ** સરખા બાલ,
ગોરા **ગુલાબ** સરખા ગાલ, મારી અનાર સરખી છાતી...વળી.
વળી **સતીઓમાં** પંકાતી, મળે સોખીલો લાલ,
રાખુ હૈયાનો કરીને હાર, નથી પીડા આ સેહવાતી...વળી.

છે (૩૩૭)—સરોજની—

છે ધરમ તણો હરી બેલી, ધરમ જતન જે કરશે તે તરશે,
અંતે સતિયાને જય મળશે, પાપીનો પ્રભુજી ક્ષય કરશે.—છે ધરમ.

સાખી { વિના ધરમ ધનધામ, ધરણી ખર ઉપાડે ભાર,
{ ધિક્કાર પામ્યો શ્રેષ્ઠ પદવિ, સત્ય વિણ સંસાર.

લખપતી થાશે, કોડી ન મળશે, લઈ પાપ પોટલો પરવરશે.—છે ધરમ.

(૩૩૮)—કંસવધ—

છેડ લીધી છબીલે છેડ લીધી, અરેરે ધુતારે ઠગારે, એ કપટી કાનુડે-છેડ.
જળ ભરવા હું જાતી, હું **જમુનાજીને** તીરે,
ભરી બેડું નીરે, ધરી મોરે શીરે, ચાલી ધીરે, ધીરે, ઓય ઓય—
કાનુડે કેડ લીધી.
કેડે લીધી એ નફટે કાનુડે, પાલવડે મને પકડી,
હું છટકી ત્યાંથી દોટ દીધી—અરેરે.

(૩૩૯)—શ્રી ઓખાહરણ—

છે સઘ તરણ સરલ માર્ગ ભક્તિભવ મંહિ,
ત્રિવિધ તાપ હરનારી, મોક્ષપ્રદ સહિ.—છે૦
શ્રી ગોપીઓએ ભક્તિ પ્રેમ લક્ષણા ગ્રહી,
અર્જુન કૃષ્ણ સાથ સખ્ય ભક્તિ ઉર લહી
હનુમાન પાદ સેવ્ય ભક્તિ ચિત્ત વિશે ચાહી,
[illegible] ભક્ત જન સુન્દ ભક્તિમાં વહી.—છે૦

(૩૪૦)—સ્નેહલતા—નફ્રટ નોકરી—

છે નોકરી દુઃખનું મૂળ, શુળ સૌને મોટી હા હાયરે,
..............................શુળ સૌને મોટી (૨)—છે૦
સારો દિવશ સેવા બજાવી, પોઢવું આખર થાકી,
રાત વિતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી.—શુળ૦
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
ધીકક **જગતમાં** જીવતર તેનું (૨) **ભરે આશરે** પેટ.—શુળ૦
પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નફ્રટ નોકરી (૨) નહીં કરવી તે સારી.—શુળ૦

(૩૪૧)—એકજ ભુલ—
છે સદા સમય પાપેથી છુટવા, શીદ ડરે નાદાન,
શીદ ડરે નાદાન ! કંઇક તો શારી **શીખામણ** માન.–(૨) છે સદા૦
જેમ પાપની ઝળકે મોહી, દોડે તું ભુલીભાન,
તેમ પુન્યને સ્હેજ પકડયે તો, થાય પરમ કલ્યાણ.–(૨) છે સદા૦

સાખી { **જીવ મુસાફર શરીર હોડી ને છે મનરૂપી સુકાન,**
મનથી મરવું મનથી તરવું, મનપર રાખી નીશાન. }

કર્યું એટલું નાંખ્ય કુવામાં, આજથી તજ તોફાન.
માંડય ચાલવા સીધે મારગે, આજથી થઈ સાવધાન.–(૨) છે સદા૦

(૩૪૨)—સુધાચન્દ્ર—
છે જીવન આ **પ્રેમી** પાયે, **પ્રીત** સુધાર્યે દિલ લુભાયે,
સ્નેહી વિના મન મોહે મુંઝાયે, **મોહન ચરણે** આનંદ નિશદિન.—છે૦
નયન અમૃત વરસે, અમદિલ તલસે, રસ મોહિનીથી સુહાયે,
સ્નેહ રાગના પાન કરાયે.—છે૦

છો (૩૪૩)—ઉમાદેવડી—
છોડો છોડો **છબીલા,** જાઓ જાઓ, હઠા હઠીલા,
મારી લુંટાશે **નવલખ** લાજ.—છબીલા.
તમો મોટા પુરૂપ **મહારાજ,** પાણી પહેલા બાંધી લ્યોને પાજ.—મારી.
વાહ વાહ વચન રસીલા, તારાં નયન રંગીલા,
ગોરી ગાજે સર્વને ગુમાન.—રસીલી પ્યારી ગાજે.
લાગે જેને પ્રીતીનુંજ પાન, ગણે નાના મોટા સૌ સમાન.—ગોરી.

સાખી { **કથન કથે જગમાં બધાં, વિરલા પાલણહાર.**
પ્રીતી ભગત ભામા સદા, વચન નિભાવનહાર. }

મુકો મુકો માનુની ગુમાન, સાણા દાસી છું તારી સુજાણ,
ચાલો આવો ચતુર પ્રીય પ્રાણ.—છોડો.

(૩૪૪)—વિર-કુણાલ-રાગ-ભજન—
છોડી દુનીયાની માયા, કાયા તે કામનીરે,
પરહિત કારણુ નવ રાખે, પરવા ધન ધામનીરે.
ખાનપાનની પીડા તજીએ, **ભવ તારકને** ભજીયે,
ઘરઘર ભટકી ધર્મ ધ્વજા લઈ, **દેશની** સેવા સજીયે;
સાચી કમાણી કરવી, નીતિ **દયા** દામનીરે.

(૩૪૫)—બેધારી તલવાર—
છોડો છોડો રસિલા છબિલા છોગાળા, નહિ બાળાને આમ બનાવો,
પ્રેમવેલી નવેલી રિસાના, રતિ રંગ રાગમાં.—છોડો.
રાગની રીતી નથી એ **મોહન,** દુર નિરંતર વાસ,
યોવન પુષ્પ ખીલ્યું શા ખપનું નહિ લેનાર સુવાસ.
રસીકડી હાજર છે આ દાસ,
મદન ઘેલી મદ છકેલી કેમ લજાય, ભેટ લે, રામ.—છોડો.

(૩૪૬)—બળીરાજા—
છોને કહેતા છકેલી, **રંગીલા** મને છોને કહેતા છકેલી,
હું તો **જોબનમાં** ઘેલી બનેલી—રંગમાં મને.
બાગ બગીચાની સ્હેલ, બહુ સુંદર, જાણે શું ઘરમાં ગોંધેલી,
બદામી હલવો ને ધારી જલેબી, તાજીતાજી ખાઉં પહેલી-રંગીલા.
સાટીનની સાડીઓ, કસબી ભરેલી કોરે, સ્વપ્ને નહી કોઇએ દીઠેલી.
પોલકા ને ચોળીઓનો પાર નહિ મારે, લટકેથી લુંટી લાવેલી.-રંગીલા.

(૩૪૭)—બળીરાજા—
છોટીસી **મોહનીયાં** કો જોબન ગુમાન હય,
છાઇ **બસંત** છેલા, **મદન** મેહમાન હય....છોટી.
ફુલનકી સારી બલી, સબી ફુલનકે સાજ,
જોબન ગુલાબી ફુલકી, મજા લુંટ મહારાજ.
સાખી "**છોટી છતીયનકી છટા, છોટા બાલમ છેલ,**
"**છોટી નાજુક નાજની, છોટીસી ફુલનકી શેર**....છોટી
આશુક માશુક મીલ રહે, ખીલ રહે રજની ચંદ,
છાયો જોબન બાગમેં, **મદન** ગુલાબી રંગ....છોટી.

(૩૪૮)—દુશમને ઈમામ—
છોડકર **દુનિયા** હજારો નામવાલે ચલબસે,
ડાલકર કફની ગલે નાજોંકે પાલે ચલબસે.
જીનકો **દુનિયાસે** ગરજથી ઓર નદીસે કામ થા,
આજ વોહ જો રેજભી અલ્લાહ વાલે ચલબસે.
ખ્વાહીસે અબોલાદ કયાં હએ ખ્વાહીસે ઇમાનદર,
દેખ મુઝકો છોડ મેરે સાથ વાલે ચલબસે.

(૩૪૯)—ખુરશીદ ઝરનીગાર—

છોડો છાંડોજી મોરી કલઇયાં, દુખાવો નહી બઇયાં, પડું મેં પઇયાં પઇયાં.
આહા ડગરીયા સબ તોરી, ડરીયાં કરો દેખો, મે લડઇયાં,
કોઈ, સખી જો સુન પઇયાં, આ. આ. આ. આ. આ. જાઇયાં—છોડો.
ચુરીયા મોરી કરકાઈ, દેખો દેખો, તુમ રામ દોહાઈ.
કાપે હીયા જીયાસે મન રસીઆ, કયા મન બશીઆ,
આવોજી આવોજી ના તરશાવોજી, હે. હે, હે, બાકી જનીવાં—છોડો.

(૩૫૦)—મીસ, ગોહરજાન—રાગ, ભેરવી. તાલ, ત્રીતાલ.

છોડો છોડો મોરી બૈંયા, મોરી મુરકી કલાઇ, છોડો, છોડો, નાહીં નાહીં.
અબ દેતીહું દુહાઇ, છોડો, છોડો, મોરી, બૈંયા.—પીયા:
મોહે છતિયાંપે અપને લગા, મોહે સારી બતિયાં બતલા.
મેને જાન લીયા, પ્યારી મેરી, યાર તુ હઠીલી તોબા, તોબા,
જીસને તેરા નામ ભી લીયા હે.

જ (૩૫૧)—ભિષ્મપિતામહ—

જગમાં મેં જોયું દુષ્કરમાં દુષ્કર, નારીને વશ કરવીરે,
લાખ ટકાના લાડ લડાવો, આપો ધનની કુંચી;
ફુલ સૈયામાં રાખો તોપણ, કહેશે મુજને ખુંચીરે.—જગમાં૦
સુવર્ણ ક્યારે કસ્તુરીનું, ખાતર દઇ પોવાય,
અમૃત પાશો તોય, લશણની ગંધ કદી નહિ જાયરે.—જગમાં૦
હાથીપર અંકુશ કર્યો, કરી ઘોડા કાજ લગામ,
સ્ત્રી, અંકુશ કરવા ટાણે શું! હરી ગયો તો ગામરે.—જગમાં૦

(૩૫૨)—ભિષ્મપિતામહ—

જખમનાં દરદો જખમી જાણેરે, વિણ જખમી શું જાણે,
મરદના ઘા તો મરદ વખાણે, કાયર શું જાણે.
ઓ બાઇજી... ... ...કાયર શું જાણે.
આમ્ર સ્વાદમાં કોકીલ, માણે, મેના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તંતુ તાણેરે.
બગલા શું જાણે... ...ઓ બાઇજી... ...જ૦
પતિ પત્ની માણે રતી રશમાં કામદેવને બાણે,
શું સમજે તે જોગી જન્મનાં જે જગ મીથ્યા જાણેરે;
જાણે તે જાણે... ... ...ઓ બાઇજી......જ૦

(૩૫૩)—વિરાટ પર્વ—

જય ઘનસ્યામ કીશનહરી,
મોર મુકટ પિતાંબર સોહે, કરમે મૂરલી ધરી,
નખ પરગીરીવર અધર ઉઠાયા, બનકર ગીરધારી.

(૩૫૪)—રામવિયોગ—રાગ-ધ્રુપદ-સ્તુતી-વંદન—
જય જય જય દશરથ નંદન, જગદા નંદન (૩) વંદન.
ગંભીર રઘુધીર, સીતા સુંદરી, આ આ આ...અવસરનાથ.
દૈત્યોને મારો, ભકતોને તારો, સૃષ્ટિ ઉધારો,
ધિક્ધીટ તક ધિ ધિત્રા ધા, ધિત્રા ધા ધા ધાતુત્રા (૩)
ધાકીટ કિટ ધુમ કિટ કિટ ધિત્રા, આ આ અવસરનાથ.
કડાન ધા ધા ધા. (૩) જય૦

(૩૫૫)—અશ્રુમતિ—
જપતી પ્રીતમની જપમાળ. જુવતી જો અલબેલી,
જોબન રસરંગે જેની બની ઘેલી, વ્યાકુળ વૃક્ષના વિણુ વ્હાલીવેલી.
સાખી { તન મનમાં વ્યાપી રહ્યો, જોબન વસંત જંગ,
{ રસભોગી રશીયા વિના, રમશો કયાં રસરંગ.
જાણ્યું ન જડીયો કોઇ રશીયો રંગીલો,
ચપચપ કરતાં કરતાં ચેતી જાને ચલો શ્રી.
બળતાને બાળી સખી હૈડે શું હરખાય,
આહા અકળાય શાની છેડ, છબીલી.

(૩૫૬)—સરદારબા—
જનમી જગમાં જેણે નવ કીધું, પ્રેમ મદિરા પાન,
ગોરી ગભરૂ સુંદર દીલબરના, ગાને નહિ ગુલતાન.
જનમ્યો તથપિ નવ જનમ્યો, સમજી લ્યો તે હેવાન,
બહાદુર બંકા કરતાં ડંકા, જે મોજી મસ્તાન.—જન્મી.
ભર ભર પિયાલા પી લીયો, ઉડાવો રાગ રંગ,
દિલબરની સાથ બાથ ભીડી, ખેલો રંગ જંગ—હા.
ગુલતાન ગાન તાનમાં ભરપુર ભાગ્યવંત,
અજબ રંગ અજબ રંગ રંગ રંગ.—વાહસ

(૩૫૭)—પિતૃભકત પુંડલીક—રાગ-ગઝલ—
જગતના જાણુ ભેદૂઓ...દલીલો સત્ય દર્શાવો,
મને ના ગમ પડે કાંઇ...કહો કાંઇ ભેદના ભાવો.
તિમેરે શ્યામ ધુતિની, શશી ના ધારે શિતળતા, અધુરા, મધુરા, ઉરના ઉભરા.
લઘુતામાં પ્રભુતાની, થતી ઝાંખી તો બતલાવો.........જગતના
પતિના ધર્મ પત્નિની. વશી જો મુક્તિ શક્તિ તો,
પતિને બોધવા પત્નિ કરે ના બાજબી દાવો.........જગતના
પ્રીતી પરનારીના સંગે, અચળ બંધાય જો
પતિની, સતિની...પછીથી ગતી શી...બનતી.
હૃદય જો આમ તો, ટકા તૃણો આધારે બતલાવો.....

(૩૫૮)—કંસવધ—રાગ ગરબો—

જમુનાને તીરે જાદુવાલે સખી બંસરી બજાવી,
નંદલાલે વ્હાલે "ચિત ચોરી મને બાવરી બનાવી.
ભુલાવી મારૂં ભાન સાન કહાન ગયો હાં હાં.
મને મોરલીએ મોહીની ઉપજાવી.—જમુના.

સાખી "**સુંદર છબી જોઇ છેલની, ઉપજી અંતર પ્રીત,**
"**નટવર ગિરધર શ્યામમાં, ચોંટયું મારૂં ચિત.**

નયન નેહે નચાવ્યાં વાલીડે, સખી મુખ મલકાવી, છૂપી છૂપી કરી સાન,
મને લાધીરે લોભાવી, ન ભાવે ખાનપાન નિંદ ન આવે હવે
લગન લલનાએ પ્રેમની લગાવી.

સાખી "**વીરહ થકી વિંધાયલું, અંતર અતી અકળાય,**
"**અળગો રહે અલબેલડો, શું કરૂં સખી ઉપાય.**—જ.

(૩૫૯)—અશોક— દેશ-ગાન.

જનની **જન્મભૂમી** જાણુ, સ્વર્ગથી અધિક મહાન,
તેના ઉપર તારા પ્રાણ, થાય ભલે ને **કુરબાન.**—જનની.
તારા **પિતૃ-દેશ-ધર્મ** પુત્ર ! પડયા છે પરતન્ત્ર,
તેમને થવા **સ્વતંત્ર** સાધ **કર્મ-યોગ મન્ત્ર.**—જનની.
પિતૃ ભુમિના ચરણપર મમ જીવન કુસુમ ચડાવું હું
કરી લોહીનું પાણી અર્ઘ્ય પુજ્ય પાદ ભીંજવું હું.
મરતેય મારી માટીથી ભકિત-સુગંધિ સરાવું હું,
મુજ હૃદયને ચીરો **સ્વદેશની** મુર્તિ ત્યાંજ, બતાવું.—જનની.

(૩૬૦)—સકુન્તલા—

જન્માઓ વૃથા જગત **જીવ** જાણુ. કર્યું નવ લોક તણું કલ્યાણ.
સંત સરોવર તરૂવર સરિતા, પર ઉપકારી ચાર,
પ્રીત ધરી **પરમારથ** કરતા, ધરી ન દીલ દરકાર.
મોંઘો **મનુષ્યો** દેહજ મળીયો. સમજી લે. મન સાર,
માથે મુરખા મરણ ભમે છે, કર ઉપર કરધાર.
પ્રાણી માત્રનું ભલું કરી લે, ઉત્તમ અવસર જાય,
કરી કમાણી વાપર હાથે. હાથે સાથે થાય.

(૩૬૧)—રંગતરંગ—રાગ, કવ્વાલી—

જગત પરવા નથી મુજને, વીરાગી હાલ મારો છે;
અનીતી વાત છોડી દે, નીરાળો ખ્યાલ મારો છે.
અરે કેવળ ઉદર ભરવા, પશુ પેરે ગુજર કરવું;
ન બનશે તે કદી કાળે, મનુજ અવતાર મ્હારો છે.
બદીની છાપ વ્હોરીને, **શરીર શણગારવું મીથ્યા.**
શણગાર નથી ધરવા, **શીયળ શણગાર મ્હારો છે.**

(૩૬૨)—પુંડલીક—રાગ-ગઝલ—

જ્યારે પડે **આફત શીરે, ચાહનાર** પણ આઘા ખસે,
જેને પડે તે ભોગવે, બીજા ઉભા સ્હામા હસે—
ચઢતી મહીં તો **હાંજી હા,** કરનાર જગમાં **લાખ** છે,
પડતી મહીં દે સાથ જગમાં. કોક એ **વિરલા**-વસે—
જો બન્યા પોતેજ મુરખા તો બીજાનો વાંક શો ?
તે બળે નહીં કેમ થઇ જે અંધ અગ્નિમાં ધસે.
આજ ખુલી આંખથી જોયું સગા સૌ **સ્વાર્થનાં,**
જાણ્યા છતાં મારા સામાં ભોળા **દિવાના** થઇ ફરે—

(૩૬૩)—રામાયણ—રાગ-આરતિ—

જય **હરિ ભગવંતા,** જય **પ્રભુ** શ્રી કાન્તા,
દનુજ દુષ્ટ દલ હન્તા, પાલક સુર સન્તા;
જય જય જય **જગદીશ.**
અવિનાશી સુખરાશી જય જય અસુસારી,
સુખ નાયક સુખદાયક ગોદ્વિજ હિતકારી.
જય જય જય **જગદીશ.**
ભય ભંજન જન રંજન **નારાયણ** સ્વામી,
હરિ હરિ **નારાયણ** સ્વામી.
એ સુનો. દીનનકી હે **અન્તર્યામી,**
જય જય જય **જગદીશ.**

(૩૬૪)—મનોહરી રંભા—રાગ-કવ્વાલી-

જગતના બાગમાં, **બાપુ મયાળુ એક માળી છે;**
રસિલા છોડને પાણી સીંચીને કલાલી છે—ટેક.
સુગંધી તો ભ્રમર લ્હેશે, ખરો માલિક તો તે રહેશે;
ખિલાવી જો નહિદેશે, ભુલ્યો નિજ ધર્મ માળીએ—જગત
જશે જ્યાં ફુલની કળીઓ, જશે સાથે સુગંધી તો.
હશે ફુળ ત્યાં હશે કળીઓ, જુઓ ધારો નિહાળીને—જગત
પિતા ? પુત્રી પરાયુ ધન, થશે બીજાને તે સ્વાધીન;
જશે **ભરથાર** લઇ તે તન, રહેશે રોઇ માળીરે—જગત.

(૩૬૫)—રજનીચન્દ્ર—

જગમાં.....શુભ કરવું નથી સહેલ સહેલ,
જગમાં......અશુભ નથી મુશકેલ ખેલ.—જગમાં.
મનમેલા દુર્જન કરે, **ધન** લોભે નીચ કામ,
સાર અસાર વીચાર વીણુ, કરે નામ બદનામ.
પાપી પાપ પ્રગટ થાતા, હાથ ઘસી દુઃખે રીબાતા,
પસ્તાઇ સદા પીડાતા, દેખે દુઃખની રે...લ.—જગમાં.

(૩૬૬)—બુદ્ધદેવ—

જગમાં લોકો મારે ધોકો, સમજ્યા વિના કરે મત ખોટા.
ફરી ફરી નહિ મળે માનવ આ અવતાર,
ઘાડી ઘોડામાં ફરવું, શા માટે જગથી ડરવું.
પરધન હરી હરીને, ખીસ્સા પુરા ભરીને,
કોઇ સુંદર પરીને, સાથે લઇ ફરીને.
મજા કરી તે ખરી, મરવા પછી કાંઇ નથી જોવું,
દેવું કરી ખાવું પીવું, મસ્ત થઇને રહેવું.—જગમાં.

(૩૬૭)—સુર સ્યામ—(રાગ-સ્તુતી.)

જય જય નારાયણ બ્રહ્મ પરાયણ શ્રીપતી કમળા કાન્તં
નામ અનંત કઇ રીતે વરણું શેશ ન પામત અંતં
શીવશન કાદીક, આદી બ્રહ્માદીક સુરમુની ધ્યાન ધરંતં
મચ્છ કચ્છ વારાહ રૂપ હરી વામન વેશ ધરંતં
પરશુરામ શ્રી રામચંદ્ર રૂપ, લીલા કોટી કરંત.
જન્મ ધર્યો વસુદેવ દેવકી, ગૃહ યશોમતી ગોદ ખેલંતં
પેસી પાતાલ કાળી નાગ નાથ્યો ફણપર નૃત્ય કરંતં.
ઇંદ્ર ગુમાની ગર્વ ઉતાર્યો, કર પર ગીરી ધરંતં.
જગન્નાથ જગમગ ચીન્તામણી શરણુ શુધાનીશ્વંતં;
દ્વાદશ સ્કંધ ભાગવત ગીતા, ગાવત શુર અનંતં.

(૩૬૮)—નવલશા હીરજી—

જળ સ્થળમાં સર્વમાં જળ હળતી દિવ્યતા,
ભર્યું વિલસે બ્રહ્મ આ, વદું શું ભાળું રમ્યતા—જળ૦
નમન હું નિત્ય તેને પ્રેમે કરૂં;
ભજન કરી ભાવે, અભય બનું.—જળ૦

(૩૬૯)-ચાલુ જમાનો-

જસોદાકો જાયો મોહે કોઇ મિલાય દે;
નંદલાલા કાના કો દિખાય દે-જસોદા
જયસી ગોરિ રાધા નારિયા.
વયસો હી કારો હય શ્યામ;
કયસો જાદુ વાઇનો આલિરી,
નાહિ હૈમ એ આરામ રામ-જસોદા.
ધન જોબન અરૂ રૂપ દીનો મોહેરી જગદાધાર.
ભાગી ભવરે પાસ નાહિરી. જીયામે લાગે કઠાર ધાર-જસોદા
વૃન્દાબનકી કુંજ ગલીનમે આવોજી મોરે કાન,
જો ન આવો તો કરૂંગી, પ્યારે મેં તોસે તોફાન જાન.-જસોદા.

(૩૭૦)—ગુણસુંદરી—રાગ, ગઝલ—

જબસે ઉસ શોખ **સિતમગારસે**, યારા ના હુવા,
દોસ્ત દુશ્મન બને જો, આપના થા બિગાના હુવા....જબસે.
ઊસકો પરવા ન હુઈ, દિલકે જલનકી યા રબ,
જિસકે શમએ રૂખે રંગીકા, મયેં પરવાના હુવા....જબસે.
હો ગયા **મજનુઓ ફરહાદકા** કિસ્સા સબ તય,
જબકે મશહુર મેરા **ઈશ્કકા** અફસાના હુવા....જબસે.
રંજો અંદોહ ગમો હસરતો હિરમાહ્યં **નસીમ**,
હાલ તાલિમકા તેરે ઇશ્કકો, કયા કયા ન હુવા.—જબસે.

(૩૭૧) —મેઘ-માલિની—

જગ જૂનાં યશવંતા **હિંદી** મેયા,
સજલાં એ સુફલાં એ, ગરવા ગુણવંતા.
ન્યારા **હિંદ** દૈયાં.—જગ જૂનાં૦
દિશ દિશ ઉડતા અમધ્વજ ધવલાં,
ગિરિ ગિરિ ઘૂમતા **ભારત** વીરલાં.
સહુ જણ ગણતાં તાજ જગતના કયમ,
સમણા એ અમથી ભુલાયે ? મોહ્યા મન સૈયાં.—જગ જૂનાં.

(૩૭૨)—મીસ જાનકીબાઇ—રાગણી, લુવર, સારંગ-

જમના તટ **રામ** ખેલે હોરી, (૨) દોડ દોડ પીચકારી ચલાવત, (૨)
અબીર ગુલાલ ભરે ઝોરી-જમના તટ **રામ.**

(૩૭૩)—સુરેખા હરણમાંથી (મહાત્મા તુલશીદાસકૃત-કૃતી)

જય **રામ** રમારમણ, ભવતાપ ભયાકુલ પાહિજનં,
અવધેશ સુરેશ રમેશવિભો, શરણાંગત માંગત પાહી પ્રભો.
દશશિશ વિનાશન વિશભુજા, કુત દુરી મહા મહી ભુરી રૂજા,
રજનીચર વંદ પતંગ રહે, શરપાવક તેજ પ્રચંડ દહે.

(૩૭૪)—કબીર ભજન—રાગ ભૈરવી—

જનમ સબ ખોયા ખટપટમેં, **પ્રભુકો** ન રટયો અપને દીલમેં...જ૦
કહત **કબિરા** સુનો ભાઈ સાધો, **પ્રભૂ** બસે અપને મનમેં...જ૦

(૩૭૫)—તારાસુંદરી—

જરા ધીરેસે આવો પ્યારી નેનાં મિલાવો.
એક બોસ્સા દીલાઓ, દિલદાર મોહે પ્રાન....જરા.
પ્રેમ પ્યાલા પીલાઓ, મીઠી બાતો સુનાઓ,
પ્યારી રંગે રિઝાવો, આ વાર મોહે પ્રાન....જરા.
આજી ચલોજી સાથ, ગલે ડાલોજી હાથ-(કરો ધીરેસેં બાત)
ઓજી, વાહ, વાહ, વા.—(૪)

(૩૭૬)—**મીસ, રાધાબાઈ**-રાગ-પ્રભાત—

જગાવે, **જશોદા મૈયા, નંદના** કુંવર જાગો,
નંદના કુંવર જાગો, **હરિ** હમને વ્હાલા લાગો....જ.
સોળ કળાનો **સુરજ** ઊગ્યો, અંધકાર ભાગ્યો,
ઘરઘરની ભામની જાગી, અરૂણ સોહાવ્યો....જ.
પંચ વસ્ત્ર અંગે ધરી, **પ્રેમનો** છે વાગો,
વલોણાનો ઘોર વાગ્યો, હરખ **પ્રેમ** વાધ્યો....જ.

(૩૭૭)—શ્રી **બ્રહ્માનંદ ભજનમાળા**--ગણેશ સ્તુતી. [રાગ જંગલા, અથવા પીલુ, તાલ ૩]

જય ગણેશ ગણનાથ દયાનિધિ, સકલ વિઘ્ન કર દુર હમારે.-જય.
પ્રથમ ધરે જો ધ્યાન તુમારો તિસકે પુરણ કારજ સારે.-જય.
લંબોદર ગજવદન મનોહર કર ત્રિશુળ પરશુ વર ધારે.-જય.
ઋદ્ધિ સિદ્ધિ દોઉ ચમર ઢુલાવે મુષકવાહન પરમ સુખારે-જય.
બ્રહ્માદિક સુરધ્યાવત મનમેં ઋષિ મુનિગણ સબ દાસ તુંમારે.-જય.
બ્રહ્માનંદ સહાય કરો નિત ભક્ત જનોકે તુમ રખવારે.-જય.

(૩૭૮)-**મીસ અચ્છનબાઈ**-રાગ-અટવા, તાલ, લાવની, હોરી.

જશોદાકે લાલ ખેલે હોરી, કૈસી ધુમ મચોરી.-જશો.
મુરલીકી ધૂન સુન **ગોપી**બિકલભાઇ, સબ મિલ બાત કહોરી,
અંગ અંગ ભુખન સબ સાજો ચલો કીરતકી ઓરી.-કેસે.
આય અચાનક ગલે લગાવત, દીયો અંગ કછુ જોરી,
ગારી દુંગી છોડ દે મોહન (૨) તુમ્હે તમિજ નહિ મોરી.-કેસી.
ચહુવા ચંદન અત્તર ગુલાલકે, ગલીયન કીચ મચોરી,
ઉડત ગુલાલ લાલ ભયે બાદર, ચલી રંગકી ઝોરી.-કૈસી.

જા (૩૭૯)-જાળંધર **સતી વૃંદા**-

જા, જા, અલી, શરમાવે, શાને ઠાલી, સતાવે રીઝાવે શું આમ.
પીયુપંખી વિણ યૌવન ઉપવન સુનું, રસના ભોગી વિણ સર્વે સુનું...સુનું.
લટકાળી, ચટકાળી, મટકાળી, મતવાળી..............જા. જા.
બિચારી પ્રેમઝરો કયાં ઉભરાવે, નાવલિયા સંગ બાલા ઝરણું ઝરાવે.
મને શાને સતાવે(૨)મન મુંઝાય, અકળાય તરસાય દુઃખી થાય. જા. જા.

(૩૮૦)—**પરશુરામ**--

જાઓ, ઠગારા, કામણગારાં, રશભિના **રસરાજ,**
ના કરો હાલા, ચતુર ચાળા, થઇને કાલા, મદઘેલા મહારાજ.
મનભાવે શું મોઢું હલાવો, જુવતી પર શું જોર જણાવો.
હવે માનો, અરે નહિ નહિ, શાણી શું શરમાય-ના...જાઓ (૨)
તુટે પ્રિતી દોર તાણો કરી જોર, આવો ચિતચોર, મીઠું પ્રીતી દોર.-જાઓ.

(૩૮૧)-વસંતપ્રભા-
જાણ્યો જાણ્યો તમારો પ્રેમ જાઓ શું છળી,
તારા રૂપમાં ભુલી ગયું, દીલડું મળી.-જા.
જાવો પીયુ મન ભાવતી, પરણો બીજી નાર,
જુઠાની સાથે જરી અમને નહિ વહેવાર.
પરણું હું પ્રેમદા-રાજી છઇયે સદા,
જો પરણીશ (હાં) (ભલે) (એમ) હા
"ઠીક ત્યારે સુભ મૂહુરત શુભમ્ ભવંતુ"
આ શું-લગ્નગાંઠથી ફરી, પરણ્યો બીજી પરી,
પ્રેમદા મળી મને પ્રેમદા થળી.

(૩૮૨)—મધુગુંસરી—
જાગી જ્યોત જાગી હ્રદયની જ્યોત જાગી.
બંસીઓ સાથ વાગી, આત્મની તાલી લાગી.
બ્રહ્મની ધુન મધુરી એ મુભાગી—જાગી.
સ્વર્ગ અવની સૌ સુહાયે.
દુઃખ દિલનાં સૌ શમાયે, સુર ઉર ઉરના પુરાયે.
થાજો સ્નેહ યોગી, સ્નેહ ભોગી, સ્નેહ રાગી.-જાગી.

(૩૮૩)—વિરાટ-પર્વ—રાગ-ભજન-ઉસ્તાદી—
જાગો જાગો મુસાફર, રાત થોડી હય.
તુમને પુંજી સફરકી કયા કયા જોડી હય.
તીન દીનકી જીંદગાની હય, યેહ જયસે સ્વપ્ને વિલાસ,
ઉસમે બાગ લગાકર અઓર ફીરા, ફળ ચાખનકી આસ.
—અન્દે બ્હોત ફુલીયે, પ્રભુ સહેગા નહીં,
જારે જુલ્મ ન કીજયે, મૃત્યુ લોગકે મહીં.
મૃત્યુ લોગકે બિચ તજરલા તુરત દીખાવે,
જો નર કરે ગૂમાન વોહી નર ધોકા ખાવે.
સ્વારા ચલીત, આયુષ ચલીત, ચલીત હય તેરી દેહ.
ચલાચલીકે વખ્તમેં, ભાઈ ભલાભલી કર લે.

(૩૮૪)-પ્રભાત-રાગ પદ, પ્રભાત—
જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુંજ વીના ધેનમાં કોણ જાશે,
ત્રણસોને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળીઓ કોણ થાશે.-જા.
દહિં તણાં દહીથરાં ઘી તણાં ઘેબરાં, કઢિયલ દુધ તે કોણ પીશે,
હરી તારો હાથીયો કાળીનાગ નાથીયો, ભુમીનો ભાર તે કોણ લેશે.-જા.
જમુનાને તીરે ગૌધેન ચરાવતાં, મધુરીસી મોરલી કોણ વાશે.-જા.
ભાણે નરસૈયો તારા ગુણ ગાઈ રીઝીયે બુડતાં બાવડી કોણ સહાશે,-જા.

(૩૮૫)—વસંતપ્રભા—

જાઓ વ્હાલાને વેગે વધાવો, માથે પહેરાવો ફુલથી છાઓ,
અંગે અંગે ફુલોના વાગાથી સજાઓ... ...જાઓ.
કુસમ સમીકાય ત્યાં પુષ્પ સોહાય, શીયળ સુગંધી સંસારે જો ફેલાય,
રતિ પતિ છો સુગંધી, કુશમોની કુંજે સોહાવો.—જાઓ.

(૩૮૬)—ઉમાદેવડી—

જા જારે શું રિશાય રશીલી નઝર મીલાવી દે (૨)
ચટપટી ચિતમાં લાગી ચતુરા ચ્હેરો જોવા દે.
હિરા મોતી માંગ મધુરી, ઝાંઝર ઝુમણાં લે.
મદન અગન તનમાં લાગેલી, તરત બુઝાવી દે.
સમતા નથી રહેતીરે, સલુણી મરમ વચન મુકી દે,
કલ્પ લત્તા છબીલી તુજ છાંયે, પામર પંખી લે.

(૩૮૭)—ચન્દ્ર મધુરી—

જારે જારે **સાંવરીઆ** તું જારે બનાય કોઈ દુજી. ગોરી હાં-જારે.
કાના બનાના દીવાના બનાય કોઈ દુજી ગોરી હાં.
તોરી લંગરીઆં અનાડી, કનઈઆ મેં કહુંગી જસોદાકો જાએ,
સાંવરીયાં, ગાગરીયાં, ફોરી મોરી નંદકે દુલારે.-જારે.

(૩૮૮)—જલશા સંગ્રહ-રાગ-પ્રભાત-પદ—

જાગીયે **ગોપાલ** લાલ ઉઠીયે બલ જાઉં,
દ્વાર થારે સુરભી ગ્વાલ, કહત જનની કમલ નેણુ કઉતક દેખાઉં.-ઉ.
કેકઈપર ચઢાડો કોઉ, તાહીં ચતુર વદન દોઉં,નિકટ આપને આંગનમેં—ઉ.
વૃષભ પર ચઢાડો એક **પંચાનન** કહની અનેક.
ઝટા જુટ ભસ્મ અંગ, રૂંદ માલના હું....ઉ૦
આસન ગજરાત સ્વેત સ્વાચ્છાનક સુર વિવેક,
જય જય સબ કોઈ કહેત, રાજે ભાઉં....ઉ૦
તબ **જસોમતી** જીવન પ્રાણુ, દરશણુ દીયે **ભગવાન,**
સુરદાસ મદન મોહન, તાકે બલ જાઉં....ઉ૦

(૩૮૯)—રામરતન—

જાઓ સોની હાટે સીધાવો સલુણા જાઓ જાઓ,
આવો શાને માટે **રીસાઓ**, રસીલી આવો,
લાવું મારી મીઠડી માટે કંઠો મનમોહન માટે,
વાણુ વાશે વાલમ વાતે, પણો જાઓ પ્રીતમ વાટે,
જાઓ જાઓ ઝટ લાવો આવો ઝટ, ધીરાં અધીરાં ન થાઓ.

(૩૯૦)—સુદામાપ્રતાપ—રાગ-પ્રભાત—

જાગી **જીવ** જો જરી,જીવન તારૂં **હરી**,રાત્રી અંધારી વહી, વાયું વ્હાણું.
અન્ય સૌ પરહરી, સમરને.શ્રી **હરી**, ફરી ફરી નહીં મળે આવું ટાણું.
અધિક ગોવિંદથી પણ ગુરૂને ગણી, ગુરૂ પદે પરમ આનંદ માણો,
સાર હીન સકળ સંસારમાં, સારનો સાર **શ્રીહરિ** તણું નામ જાણો.

(૩૯૧)-કસૌટી ઉર્ફે દોરંગી દુનીયા-

જાઓ જાઓ જાઓ, છોડો ધતીયા. એહગતીયાં હાંમએ, નામાનુરે,
હાંરે નામાનુ નામાનુ ન.માનુરે, ઢીટ,અનારી તારી, પ્રીતબીસારી, સારી
મોરી ન જાની તુને કહીયા.

શીખ શીખ પતીયા હાએ મોહે જગ્રાઇ,
જી ભયા અએસા હા યે તોહે ગુમાન.—જાઓ.

(૩૯૨)-જુગલ જુગારી-

જીવન દોરી સોંપું તમ હાથ. લાડકા તણી નેત્રના મણી,
ઉગારૂં જીવનનાથ......જીવન.

જાઓ સુખે કરી **નાણાં** ભરી દો, દુશ્મનનાં મુખ **કાળાં** કરી દો
રૂડી વધાઈ આનંદની લાવો હેતે, હૈયામાં હરખાવો,
બાળકડાની સંગાથ........જીવન.

(૩૯૩)—કુલિન નાયકા—

જીયરવા રેન બીતી અબ જાગ, રેન બીતી અબ જાગ....જી.
સોવત સોવત બીન ગઇ આયું, ફીર નહીં ચેન અભાગ....જી.
પાપ કરમકો તજ દે પ્રાણી. **પ્રભૂ** સુમરનમે લાગ....જી.

(૩૯૪)—રામવર્ષા—વૈરાગ્ય,-રાગ-માડ.

જીન્હાં ઘર ઝૂલતે હાથી, હજારોં લાખકે સાથી,
ઉન્હોંકો ખાગઇ માટી તું ખુશ કર નીંદ કયોં સોયા...ટેક.

નક્કારહ કુચકા બાજે, કિ મારૂ મૌતકા છાજે.
જયોં શ્રાવણ મેઘરા ગાજે, તું ખુશ કર નીંદ કયોં સોયા...૧
કહાં ગયે ખાન મદમાતે, જો સુરજ ચાંદ ચમકાતે,
ન દેખે કહાં જીવહ જાતે, તૂ ખુશ કર નીંદ કયોં સોયા...૨
જીન્હાં ઘર લ.લ ઔર હીરે,સદા મુખ પાન ઔર બિડે,
જીન્હાનું ખા ગયે **કીડે**, તૂ ખુશ કર નીંદ કયોં સોયા...૩
જીન્હાં ઘર પાલખી ઘોડે, જરી જર બખ્તકે જોડે,
વહી અબ **મૌતને** તોડે, તુ ખુશ કર. નીંદ કયોં સોયા...૪
જીન્હાકે બાલ યે કાલે, મહાલયાં દુધસે પાલે,
વહ આખર આગમેં ડાલે, તું ખુશ કર નીંદ કયોં સોયા...૫
જીન્હાં સંગ પ્યાર થા તેરા, ઉન્હો કીયા ખાકમેં ડેરા,
ન ફિર વહ કરેગા ફેરા, તું ખુશ કર નીંદ કયોં સોયા...૬

(૩૯૫)—જગતસિંહ—રાગ, ગરબો.

છણા ઝરમર વરસે મેહ, ભીંજે મારી ચુંદડલી,
એવો નંદકુંવરસું નેહ, ભીંજે મારી ચુંદડલી.
ઉંચા અવાશ એ અલબેલાનાં, નીચે અમારી મેડીરે,
સુતી હતી હું રંગભુવનમાં, સાન કરી સીદ તેડી.—ભીંજે મારી૦
રગમગ દાદૂર મધમધ મોરલા, ચાતક થયા નમેરારે,
વીજળીના વેગનો ભય ત્યાગી, આવી ઉભી આ શેરી.—ભીંજે મારી૦

(૩૯૬)—મીસ મલકાજાન—

જી ન મારો પિચકારીરે કન્હૈયા, ગારી મેં દેંગી
ફેંકત લાલ ગુલાલ કુચનપર, ઓર દઈ રંગ સારી.—કન્હૈયા૦

જુ (૩૯૭)—ભજનામૃત—ભજન પદ.

જુનું તો થયુંરે દેવળ જુનું તો થયું, માહરો હંસલો નહાનોને દેવળ
જુનું તો થયું—ટેક.
આરે કાયા હંસા ડોલવાને લાગી, દાંત ગીયાને માંહિ રેખુતોરીયાં—મા. ૧
ઓર કાયા હંસા પડવાને લાગી, ગયો હંસોને પાંજર પડી રહ્યું. ૨
તે વખય વળી હંસા મળી ગોવાલણ, તે સું મહારૂં મનડું મોહ્યું. ૩
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, પ્રેમના પ્યાલા તમને પાઉં પીયું. ૪

(૩૯૮)—વીર કેશરી—

જુઠા વાયદા **પીયા** મોસે કર ગયોરી—જુઠા વાયદા૦
રજની સારી મય જાગી, આયેશા છેલ સાહાની,
બીરહાકી આગી મોહે લાગી.—જુઠા વાયદા૦
સૌતન હય એરન બારી. બસ કીને કૃષ્ણ બીહારી.
કાસે કહું એરી મેતો હારી.—જુઠા વાયદા૦

(૩૯૯)—ફીરોઝ ગાયન—(કર્મગતી) રાગ,કાલીંગડો,પદ,તાલ,ત્રિતાલો

જુગત સબહારે બીન **રતી**, રતીમેં ચલી ન મતિ.
કહાંકો **મહાદેવ** કહાંકો **શંબર**, કહાંકો **મદન—રતી.**
જો સ્વકિયા સૈ સ્નેહ લગાયો, સૈ. ગૌદ રમે પતી,
રામચન્દ્ર વનવાશ પધારે, જ્યોં જગ ત્યાગ જતી;
જબ **સિતાકો** લે ગયો રાવણ, કહાં થે **સીતા** પતી.
પંડિત જ્ઞાની પાંચો પાંડવ, કૈસી હુઈ ગતી,
નાંકર, **અર્જુન ધર્મ** રાજભટ, **ભીમ** રસોઈ—પતી.
ગ્રહ નક્ષત્રો મન સમઝાવન, રાહુ મંગલ—ગતી.
ફિરોજ ભૂપતિ રતિ જબ તબ, તોલ નહોય રતી.

(૪૦૦)—ઃ સ મલકાજાન—રાગ. સહાના ચાચર, તાલ-ગઝલ
જુદા મેરે પહેલુસે જીસ દિનસે તું હય;
તેરી સકલ હરદમ મેરે રૂબરૂ હય.
ખુદાકી કસમ હય મેરે દિલકે પ્યારે,
શબ દરદ દૂર હોગી તેરી જુસ્ત જુસે.

(૪૦૧)—મી. પ્યારાસાહેબ—રાગ. પીલુ, પિસ્તો.
જુલ્ફ પર પેચમેં દીલ અમસા ગીરફતાર હુઆ. છુટના દુશવાર હુવા,
એઠે બેઠે લાએનયે ઇશ્કકી આજાર હુઆ મુફત બીમાર હુવા.
ખાક સહરાકી તેરે હીજ્રમેં છાની એસી હય શિયત નક નરહી,
પારતલવોંહિ મેરે દસ્તકા હરખાર હુઆ, ચલના દુશવાર હુઆ.
હમસે છુપ છુપકે જો રાતોંકો ચમે જાતે હો ઇસકા બાઇસ તો કહો,
સચ બતાઓ તો તુમ્હેં કીસસે નયા પ્યાર હુવા, કોન દીલદાર હુવા.

જે (૪૦૨)—નરસીંહ મહેતા—રાગ. ભજન.
જે બાળ જગતની તોડી દોડી, મુજ શરણમાં આવેરે;
ભવદુઃખ તેના જાએ ભાગી તાપ ત્રિવિધ નવ તાવેરે.—જે બાળ.
સંસારીનું સગપણ છોડી, ભક્તિ મારી ભાવેરે
તેનો દાસ થઈ હું દોડું, જરી શરમ નવ આવેરે.—જે બાળ.

સાખી:
સરીતા સાગરમાં મળી, લહે જેમ વિશ્રામ;
તેમ ભકત મુજ રૂપમાં, મળી લહે આરામ.
મારે આધારે રહે, મ્હારા ગુણ જે ગાય.
મનુષ્ય મજુરી આપતા; હું થી કેમ રખાય.—જે.

જે (૪૦૩)-શ્રી નૌતમ શારદા-
જે લખ્યા વિધિએ લેખ કહો શું ફરશે.
બાવળના કાંટા, કહો કદી શું ટળશે.
સુખકર છાંયા અમ્રૃક્ષ શું કહો કદીએ તજશે,
ગુણ, દોષ સદાય સમજસે ભાવે ભાવીને ભજશે.
સરિતા સાગરમાં મળશે, નહિ તેલ પાણીમાં ભળશે,
તરૂવર પર વેલો મળશે, નંદનનવનનું પારીજાતક, ઉકરડે ઉછળશે.
..........................શું ઉકરડે ઉછરશે—જે.
જ્યોતિપર જંતુ જળશે, મુકતા હંસોને મળશે,
પયથી પણ પહાણ ન ગળશે, "કરણી તેવી પાર ઉતરણી"
કહેવત જગ ઉચરશે, એ કહેવત જગ ઉચરશે.—જે

(૪૦૪)—અડલ ઘનસાકૂ—રાગ, કોરસ.
જેણે નહિ જોયો, તેણે ખોયો, એજ આ અવતાર;
રૂશન પેઢીશાન વાળો સુધરેલો સંસાર.

પફુબફ પાઉડર નહી કીધાં, ગાલે ન લગાવી લાલી;
આઇ ગ્લાસ પહેરી નવ ઓપ્યાં, કરઅમરેલા નવ ઝાલી.
તેની જીંદગાની ડાલી

કઈ ડીયર, મીસ્ટર જયોલી, ગુડમોરનિંગ ઇવિનીંગ બોલી;
વીઝીટ ન લીધી દીલ ખોલી, તે બાનુ બિલકુલ ભોળી.
નાટક ચેટક જોવાને, પોહચ્યાં નહીં સૌની પહેલે;
બેનડો મોટરમાં બેસી ફરીયા, નહી દરીયા સેલે, તેની જીંદગાની એળે

(૪૦૫)—રંગ તરંગ—
જે તુખમની તાસીર તે ટાળતાં ટળતી....નથી.
લાખ હો તદબીર તે એક પળ પણ ફળતી....નથી.
ખુદની જે ખસલત નસીહતથી તે પલટાતી....નથી.
કામળી કાળી કદી રંગયાથી રંગાતી....નથી.
મતલબી વેસ્યા કદી મહોબતનો ભરતી....નથી
આકના ફુલમાં કદી સુગંધિ સાંપડતી....નથી.

(૪૦૬)—મીસ કાલીજાન—રાગ. બિહાગ, તાલ. કહરવા લાવની.
જેસેં ગંગામેં જમુના લહર મારે,
કોઠે ઉપર કટોરી બેઠી સુંદરીયા નજર મારે.—જેસે

(૪૦૭)—કર્મારભજન—રાગ. પદ.
જેને સાધુકી સંગત પાઈ, વાકી પુરણ કમાઇ,—ટક.
દત્ત ગોરખ ગોપીચંદ ભરથરી, તો ગગનમેં છાપરી છાઇ—જેને.
અંકા. વંકા. કેથળ કુબા તો પાંચમી મીરાં બાઇ—જેને.
ધના પીપા ઔર રોહીદાસા, તો સજનો જાત કસાઈ—જેને.
ધ્રુવ પ્રલહાદ અંબરીષ વિભિષણ, ઉનકી ધન્ય કમાઇ—જેને.
કહત કબીર સુનો ભાઇ સાધુ, તો જ્યોતમેં જ્યોત મીલાઈ,—જેને

જૈ (૪૦૮)—વિદ્યાવિનોદ ઉર્ફે પાપનું પ્રાયશ્ચિત—
જૈસી પ્રીત હરામમેં, ઐસી પ્રભુસે હોય,
ચલા જાય વૈકુંઠમે, પલા ન પકડે કોય,

જેસાં નર કરણી કરતા હય, વો અયસા ફળકો પાતા હય,
પ્રભુકો અખંડ ધામ છોડકર, રૈરવ નર્કમે જાતા હય.
આમ્ર વૃક્ષકો ફળ હય કેરી, બેરી બીજ કૌવચકા હય,
ઐસી તરેહસે કર્મકો ફળ જો, વો છીપકે નહિ રહતા હય.
ક્રીશન મોરારી ગીરીવર ધારી, તુજ બલીહારી ન્યારી હય,
સંત મહાત્મા નિશદીન ગાવત. મહિમા તેરો ભારી હય.

જો (૪૦૯)-બાજીરાવ પેશ્વા-

જોબન રંગે રંગાતી છાતી, સુપકવ અનાર.
છાતી સુપકવ અનાર, હિરાનો હાર, શોભીત સુખકર,
કટી કેશ ભારે લચકાતી, વાયુ વેગથી હું વહી જાતી.
ગાલો આ લાલશા રંગીલી રસીલી છબીલી હું નાર,
હશે પુન્યશાળી કોઈ મને ચાહનાર......રંગાતા.

(૪૧૦)-સ્નેહસુધા-

જોબન રસ ભર્યું લુંટો દીલદાર, ઝીલો ઝીલો સુધારસ સાર-જોબન.
હું મદવેલી ને નવેલી, પુર બહારે ખિલી રહેલી,
કુસુમ કળી નિરધાર ચુંટો દીલદાર લુંટો દીલદાર-જોબન.

(૪૧૧)-લવ-કુશ-વૈરાગ્ય-રાગ-ભજન.

જોને જરી જાગી મુરખા જોને જરી જાગી.
અલ્યા સુતો શું અભાગી ! જીવ ! જોને જરી જાગી.
સગાને સંબંધી ત્હારાં; સુખનાં છે બેલીરે (૨)
હેલી મેલી જાશે દુખમાં રડતોજ ત્યાગી.-અલ્યા સુતો શું.
કાયાની માયાને ત્હારી, કર તું વિખુટીરે (૨)
તુટી ફુટી સાંધનારો નથી કો વિરાગી-અલ્યા સુતો શું.
મ્હારૂં આ મ્હારૂં છે માની, ગુમાની શું થાતોરે (૨)
જાતો હરખાતો માતો જાશે હામ ભાંગી-અલ્યા સુતો શું.

(૪૧૨)—ઉમાદેવડી—

જોડી વીણ જનમ વૃથા જગજાણુ પુષ્પ જેમ સુગંધી વીણ પરમાણુ.
ચપળ કમળદળ નયન બન્યા, પણ નહિં કીકીની તાણુ.
સુંદર ચંદ્ર વદન પણ અંદર, નહિ નામનિશાન-તેમ પિછાણુ.
વિકટ વાટ સંસાર તણી. ત્યાં સુખનો એક વિશ્રામરે.
ભવ જંગલમાં મંગળ રૂપે, જોડી છે જળ ધામરે,
દેતું દયાનિધિ!? દયા કરીને. જુક્તિ જોડીનું દાન.-(૨)
સકળ સુખ ખાણુ...જોડી.

(૪૧૩)—સતી દ્રૌપદી—

જોજે અલી હર્ષઘેલી થતી ભાન ભુલી જતી,
જાણી રતીપતિ સલુણી શાણી. સ્નેહનાં સુરાજ્યમાં-હાં.
જોજે અલી વલ્લભથી, મળી વેલી વાંકી વળી,
આથી જતી ભુલી થઇને શાણી.—સ્નેહના૦
પિયુસંગ હાસ્ય લાસ્ય નેત્રના વિલાસમાં,
જડી રહી પ્રીતમ પ્રાણુ પ્રેમરાગ પાસમાં.
દીલકર્શ હર્ષ સ્પર્શ હર્ષના પ્રકાશમાં,

ભલા ભલા ભાગ્ય ભોગ યોગના **વિલાસમાં.**
ભોળી ભોળી બાળા **પ્રીતમ** સંગ, વસી હસી ધરી અંગ ઉમંગ,
સોંપીને સ્વામીની સેવામાં અંગ, માણીશ નિત્ય નવા નવા રંગ.
રેની સ્વામી સંગ મળી, અખંડ ભાગ્ય તારૂં ભળી,
સાગર સંગમાં ગંગા મળી, રહે જે રીતે સુભાગ્યમાં.

(૪૧૪)—સતી દેવહુતી—
જોડી રૂપાળી બનશે એ રૂષીવરની વૃદ્ધિ તું નવ યૌવના,
યોગીરાજ જ્યંવ યોગ આચરશે, સખી સામગ્રી ધરશે.
યોગ કાર્ય સંપૂર્ણ સાંધીને **રતી** અંતર **રતી** ભરશેરે,
શુભ યોગે **શુભ** ફળ મળશેરે, **જગદમ્બ** સ્વરૂપે ઠરશે.
—રૂષીવર એ **પરમેશ્વર** મારા, પૂર્ણ પ્રતિજ્ઞા કરશે,
દેવ ગણી નિત્ય સેવા કરતાં, કલ્યાણ કોટીક કરશેરે.
સખી વ્યંગ થકી શું વળશેરે. નહિ આત્મ નિશ્ચય મમ ફરશે.
વા...... ... ...જોડી.

(૪૧૫)—"રા" માંડલીક—રાગ કવ્વાલી
જો મરણ એ **જીંદગીની** છે અરે છેલ્લી દશા,
તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા.
ખીલી ખરી કરમાય છે પુષ્પો મુકે પણ વાસના,
અમર નર તો તે ખરા જે **અમર** કરતા વાસના.
મારા તમે **પરમાત્મા**, હું છું તમારો **આત્મા.**
પરમાત્માને શરણે જાતાં, કૃત કૃત્ય થાતો **આત્મા.**

(૪૧૬)—ઉર્વશી-પુરૂરવા—
જોજો જુઠાની બાજી છે. બધી આ, નામ નિશાની કંઇ નહી.
જોયું નપાશી નેત્ર વિકાશી, સાચી કમાણી કંઇ નહી.
પંચભુતોનો પીંડ અરે આ નિસબત કશાની કાંઈ નહિ,
જીવ ગુમાની ને **અભીમાની**, છે સહુ ફાની કાંઇ નહિ,
જોર જુવાની, છે જીંદગાની, ખાખ થવાની કાંઇ નહિ...જુઠા.

(૪૧૭)—સતિ-સીતા—
જો **પતિને** પજવે વચન વજે. તે બૈરૂ ના કે'વું,
રહી રહીને રીએ ને કાન તોડે, તે શેનું સાનું કે'વું.
રૂપ રંગમાં હોય અનુપમ, પણ પિતળ **નહી સોનું**,
હોંશ કરી હૈયે ધરીયે તો, **વિશ્વે થાય વગોણું.**
પુરણ કસોટી છેદન ભેદન, તાવેથી **પણ તેવું,**
કુંદન તે કુળવાન સમજવું, ઘાટ ઘડાવી જોવું.
આણી પંડ જે જવાબ દેશે, સો વરસે **પણ તેવું,**
સોના સમ **શીયળવંત** સતી, ગૃહ ભુષણ માની લેવું.

(૪૧૮)—કૌરવ પાંડવ ભાગ ૧ લો—

જોગી થઇ આ ભોગીના, શા ઢંગ જટા ધારી ?
ત્યાગી બની સંસારીના, શા ઢંગ જટા ધારી ?
નિરજન વનના વસનારા છો, વપુએ વલકલ કસનારા છો,
ધર્મ ધ્યાનમાં ધસનારા છો, માયાથી દુર ખસનારા છો.
તેને શી, નારી ? અરે ! ચિત, તેને તે શી, નારી ?—જોગી૦
—શક્તિકા હમ હય પુંજારી, ઊપાસના ઉસકી હય ભારી,
વાહવાહરે નિર્મળ બ્રહ્મચારી. ભક્તિ તો આ ઉત્તમ ભારી.
છે જગથી ન્યારી, આહા, હાહા ! છે જગથી ન્યારી.—જોગી૦

(૪૧૯)—જાળંધર અને સતિ વૃંદા—

જો સખી ! આવે મ્હારો હંસરાજ લોલ !
લટકે રમીને લ્હેરી લાલાને રીઝાવીએ-જો સખી.
સાખી "ઉદર સરોવર તટપરે, અંબુજ બે વિકસેલ,
"મન" મુક્તાફળ અરપવા, જુગ્તે રાખી મુકેલ.
હંસણીની ચાલ ચાલી ચંચળ ચળાવીએ એ.
પિંજરે પુરીને હૃદય સ્નેહમાં રમાડીયે-જો સખી.

(૪૨૦)—સરદારબા—

જોજે હો અલી ઘેલી. કળી મળી, ભોગી. ભુંડા કળી જન,
રસની રસીલી થતાં લુટાલુટ, આ વ્હાલી વીસરી જન.
પ્રેમની પ્યાલિને સાહેલી ઝાલીને જોજે હો જોજે હો જોજે આ
વ્હાલી વીસરી જન.
વ્હાલાંના વેણુ રસીલા નેણ. ભભૂતી નાખશે બ્હેન,
ભભુતી ઘેન ભુલાવે ચેન. જોગનની શી તરફેણુ.
રસીલા સજોડે, મ્હાલો ભલે કોડે, બકે ન્હાને મોઢે શું મચકોડે.
પ્રેમ બગીચે ભમતી ભમરી, લેની ગુલાબ કેતકી લ્હેર.
ઘડીક ગુલાબ ઘડી કેવડે. ચતુરાઇથી રસ લે ચોમેર;
તોઓ ગુલાબ એનો નવાબ, હોય, બા હોય, આ લ્યો તારે.—જોજે હો.

(૪૨૧)—તારા સુંદરી—

જોબનવંતી હું તો રાજાની રાણી, રાજાની રાણી મોજે લેઉં માણી.
રૂપરંગીલું હું પામી છું આવું, ભપકે ભરાતું ભલભલાને પાણી.
રૂપ ભૂવનમાંહિ ભૂપને ભૂલાવું, મને મોહિ ને કંઇ કહેતાં ઇંદ્રાણી.

(૪૨૨)—બુદ્ધદેવ—

જોયો સાળો ડહાપણનો ભંડાર, હાં હાં. મોટો કર્યો વેપાર, (૨)
બની ઠની આવ્યો ભર ચૌટામાં, પૂછ્યા ભાવ બજાર હાંહાં.
ફક્ત ફે ખરીદી લાવ્યો ભાજી, છે સુંદર ને વળી તાજી,

ના તજે તોયે પતરાજી, કરી અક્કલ તણી હરાજી;
કરો મશ્કરી, ભલે પરાક્રમ જો જો બીજી વાર (૨)–જોયો.
મલ્યો દલાલ પુરો પાજી, એણે બગાડી બધી બાજી,
હવે બુદ્ધિ બતાવું ઝાઝી, જેથી બજાર ઉંડે ગાજી.
કોણ પછી કહેનાર મને છે, ઘરમાં માંખી માર, હાં હાં (૨)
હુંશીયારીથી બની જવાના, મુનીમ હડફલાલ, હાં હાં (૨)–જોયો.

(૪૨૩)--સ્નેહ-સુધા--

જોઇ માડી મુર્તિ હું ગઇ છું લોભાઇ,
મધુરી મીઠડી આનંદની લ્હેર હૃદય માંહી છાઇ.
મારીને મોહબાણ ઘાયેલ બનાવ્યો, હું ગઇ ફંદે ફસાઇ
હાજર હુકમે દાસ તમારો, પ્રેમી મળ્યો પ્રાણ પ્યારો.
રશીલી રંગીલી છબીલી નવેલી આજે આનંદ વધાઇ.–જોઇ.

(૪૨૪)--બોડાણા નાટક--

જોબન ઝુલે (૨) પ્રેમ ઝુલે અણ મુલે, કોઇ રશીયાનાં નેન જોઇ ખુલે,
મીઠી મનહારી મુખ કાંન્તી કે જોઈ લાલ,
મલકેરે (૨) કામી મન માને મનમાં;
ચાલ મારી લટકાળી ભાળી, ભુલે.–જોબન.

(૪૨૫)–માયા મોહીની–

જોબનીયાની ભૂકીથી ભાન ભુલાવે, હું લાવી, ફુલાવી રમાવી હસાવી.
તનમન હરસે ફુલાવે, માની મનાવે લોભાવે–જોબની.
ખુબી છે તારી ન્યારી, કાયા કુરબાન મારી.
પાળી આ પ્રેમની તે જાલિમ કેવી કાતીલ મરી.
વેળા છે શારી શાણી, –લ્યો બસ મોજ માણી, બન્ને જોડાઇ સાથ.
ફેરવીશું પ્રેમ ઘાણી, લટાવી, પટાવી, બોલાવી, ફશાવી,
તનમન હરસે ફુલાવે લોભાવે, માની મનાવે લોભાવે–જોબની.

(૪૨૬)–સ્નેહ. સુધા–

જોબન રસભર્યું લુંટો દિલદાર ઝીલો ઝીલો સુધારસ સાર–જોબન.
હું મદઘેલીને નવેલી, પુર બ્હારે ખીલી રહેલી,
કુસુમકળી નિરધાર ચુંટો દીલદાર લુંટો દીલદાર–જોબન.

(૪૨૭)–ભગવદગીતા–રાગ, ગઝલ, કવ્વાલી,

જો દૈવ ! દે તું દીકરા તો દેજે સમા જે દનકરા;
કુળ પૃથ્વીને કરતાં પ્રકાશિત, દુઃખ તિમિર ટાળે ખરા.
એવા ન જેહો દીકરા, તે દીકરા નહિ દીકર્યા;
બહેતર અરે એથી બહુ, રસ્તે રઝળતા ઠીકરાં.

કે કામ આવે તે કાંઇ, આતો નામને ડુબાડતા;
છે ભારે રૂપે ભૂતગી, માબાપના તન તાવતા.
એવા અરેરે, દીકરાથી, વાંઝીયારહેવું ભલું,
જેને વિતે તે જાણતા, કુડ કુપુતનું કેટલું.

(૪૨૮)-શ્રી નૌતમ શારદા-
જોબન આવે જોબન આવે જોબન આવેરે-રસીલું
પ્રેમ પઢાવે રતીરસ લાવે, ચેન ચોરાવેરે-રસીલું
ચિત્તને ચઢાવે મનડું મુંઝાવે; મદન ડોલાવે રસીક રસીક-પ્રેમ૦
શરીર સુહાવે વિવિધ ભાવે રશ રીઝાવે રસીક રસીક-પ્રેમ૦

(૪૨૯)—ભોજ કુમાર—
જો જરી રશીલી જોને, જો જરી છબીલી જોને.
જોબન મદમાતી જોને, જો જો જોને તું પ્રીયપ્રાણ જોને.
નહિ હઠીલી બહુ હઠ શારી, જો જો જોને તું પ્રિયપ્રાણ પ્યારી.
પ્રેમને કુવે ઉતારી, વ્હાલાવર્તન વાઢશો,
બોલોને રશીલા લાલ બોલોને છબીલા લાલ;
તું બોલ બોલ બોલેરે, વચન રશીલા, સાંભળી આ કાલાવાલા.--જો.

(૪૩૦)—સત્યનારાયણ--
જોબનીયું અંગે અંગે છલકાય, કોણ શરમાયે ઢળી રશ જાય,
વેદના ના બા, કળી ના કળાય મનડું મુંઝાયે, કળી ના ચુંટાય-જો.
કળી ચુંટાયે તો સુખ થાયે, જાયે અનંગનો રંગ.-કોણ-જો.
કોમળ કાયે નહી રહેવાયે થાયે, આ રંગમાં ભંગ-કોણ-જો.

(૪૩૧)--જોટાનો ધંધો-સ્ટોરીયાની હાલત (ભાપણ ભ.દ)
જોટાનો પાટીઆનો ધંધો કરીને, લોટો પીવા નવ રાખીયો,
ઘણી ભીખારી જાને બન્યા, અને બાપ કેવાતો. તો લાખીયો.
હાલલાખરૂપિયાનો આસામી હતો-[ભાગાતળાવમાં મારૂં ઘર છે]-જો
જોટાનાં ધંધામાં મંડયો રેશે, તે નક્કી આમ બનશે અભાગીયો,
પતી મ્હારા પૈસા વગર શું કરેવું, હાં હેવા તાલ જોઈ થર થરવું-પતી.
(આમ શા ઉપર બેઠું છે? અરે ગધેડાપર, હજીએ પણ જોટામાંથી,
ડોળો જતો નથી, જુવો ભીખ માંગનો થઈ ગયો તો પણ જો જો
ભાઇ-જોટાની ફજેતી.)
પાટીએ પાટીયાં કેઇકના વળાવ્યાં, વગર મ્હેનતે દુઃખીયામાંથી કહાડયાં,
ફકડ થઇને બજારે ફરશે, પત ગયે ધડો કોઈ ન કરશે;
[અરે વાહરે, મારા દેવાળીયા ધણી! લોહી થોડું ને ચરબી ઘણી.]!

(૪૩૨)—વીર રમણી—રાગ-ભજન--
જો આસ વગાડે તાસુરે, જીંદગી જવાની,

નથી કંચન પણ છે કાંસુરે, જીંદગી જવાની.
અભિમાને ફોક ફુલાવા, માયા ગારે લપટાયા,
અજ્ઞાન તિમિરમાં ધાયા, લાલચ જાળે સપડાયા.
તો વરસે દુઃખ ચોમાંસુરે, જીંદગી જવાની,
જ્યારે કાયા કરમાશે, સ્મશાન મહીં ફુંકાશે.
કાં કબર વિષે પુરાશે કે ખેચર ચુંથી ખાશે,
સમજે તો સાર તું આંસુરે–જીંદગી જવાની.

(૪૩૩)--કાંટાનું કટેશર--
જોઇ જગત જોઈ દુન્યાં, જોયો કારોબારરે,
આંખો બંદ કરી રાખી જેને, ખોયો સરવે સારરે....જોઇ.
યત્ન યુક્તિ ને અંગ બળે, બસ ભરો ખજાનો યારરે,
પાસા એવા ફેંકીએ ભાઇ કે પડે સદા પોબારરે....જોઈ.
સુખ દુઃખની હસ્તી કેવી એ ખાલી મનના ફેર,
કોશીસોથી મોજ કરોને, કરે દુઃખને જેર;
આંખો બંધ રાખી જેને, જોયો સરવે સારરે....જોઇ.

(૪૩૪)--વિરકુણાલ--
જોગીવર મારા, મોગાશ્રંગાર માનો માનો, લ્યો પ્રેમ પંથ આ છાનો.
હાં છાનો હાં છાનો એ પ્રીતિરસ પીવાનો;
જાજવાની જોગી હું તમને, જોગણુ થઈ અલબેલી,
અલબેલી હું ઘેલી ઘો રાગરંગમાં રેલી.
આલીંગન ચુંબન અધરામૃત અમૃત સિદ્ધી સાધો,
હાં સાધો હાં! આ નવિન જોગ આરાધો.

(૪૩૫)—રાગ–સાજ–સંગ્રહ—શિવસ્તુતિ–રાગ–ગઝલ–કવ્વાલી.
જો હય મન કામના સુખકી, સદાશિવ નામ ભજ પ્યારે,
મય કહતા હું તેરે હીતકી, સદાશિવ નામ ભજ પ્યારે.
બરાબરા શમ્ભુ કે દાતા, જગતમે હય નહી કોઇ,
પલકમે દેતે હય સિદ્ધી, સદાશિવ નામ ભજ પ્યારે.
કહા હય ધ્યાન મન તેરા, શરન ગૌરિશકી લેહ કર,
તરે લાખોં મહા પાપી, સદાશિવ નામ ભજ પ્યારે.
મિટાહર ઘોર દુખ જનકે, મહા સુખદાન કરતે હય,
તૂ તકતા બાર હય કિસકી, સદાશિવ નામ ભજ પ્યારે.
તેરે ઉપર દયા કરકે, પુરિ અપની મે લે આયે,
નહી ફીર ચેત ક્યોં અબ ભી, સદાશિવ નામ ભજ પ્યારે.
વો તારક મંત્રદે તુજકો કભી સંસાર સાગરસે,
કરેગે પાર બિન દેરી, સદાશિવ નામ ભજ પ્યારે.

કહો શોભા મિલે અયશા, સમઝ લે સિધી ઉલટીસે,
અનુઠે દેવ હય શિવજી, સદાશિવ નામ ભજ પ્યારે.
તેરે મન કામ ઝટ સારે, પુરેંગે લે શરન ઉનકી,
મિલેગી સદ્દા હી મુક્તિ, સદાશિવ નામ ભજ પ્યારે.
રહેગો ક્યા કમી તુજકો, કભી જો ખોલ બેઠેંગે.
વો રસમય સિદ્ધીકી ઝોલી, સદાશિવ નામ ભજ પ્યારે.

(૪૩૬)--નિતીમાન નરગેઝ--
જોવા તુજ દિદાર છું. ઈન્તેજાર,-મોહબત તુજની શોધું,
તુજ ગોલ ધટમ, ગરદન ગોરી કેવી, જાવું બગલમાં લઈ દોરી.
રંગીલી રસીલી પ્યારી, પ્યાર તુજ સીને ધરે.
કદર આંએ મુરશોની કરે, મુમુક્ષુની ઝુલીખાં કરે,
ફેરો રંગીલો, રશીલો. હરેશો, ફરેશો, રેજીસ્ટર્ડ, રીઝવર્ડ છું બાંકો જવાન.

(૪૩૭)--જાંનીશાર--
જોબન લચ્છેદાર યાર મોરિ બગીયામે.
ચુન ચુન કલીયાં મે સેજ બીછાઈ સોવેગા દિલદાર...મોરી૦
સોનેકી થરીયા જીવના પીરોસ્યું ખાવેગા મેરા યાર...મોરી૦

(૪૩૮)--ગાયન દર્પણ--રાગ, દીપચંદી-સા. પર. સમ. સુર-ધ
જોગન ભઈ મેં સંગ પિયાકે, છોડ ચલે મોકુ બનમે...જોગન
અપને પીયાકુ મેં ઢુંઢ ફીરત હું, રાત[illegible] મેરે તનમે...જોગન.
કા કરૂં કીત જાઉં સખીરી. ઠારી સોચ કરૂં મેરે મનમેં,
કાહેસે હમસે રૂસ રહે હો. મોકુ અકેલી છાંડી બનમેં:
માણેક કહે પ્રભુ બેગી મીલોગી, નહીં તો પ્રાણ તજુંગી છીનમે...જોગન.

(૪૩૯)--ગાયન દર્પણ--
જોબન માતી ફીરે છુંદ ભરીરે...જોબન૦
પાયેલકી ઝનકાર સુનાવે. ગજ ગેંડીકી ચાલ ચલે,
ભવાં કમાન બનીહે દો નેનાં, રંગ રશ બાસે પ્રાન હરે;
છુંદ ભરીરે... ... ...જોબન૦

(૪૪૦)--ગાયન દર્પણ--રાગ, આડ, ચોતાલ,(ના. પર. સમ. સુર ગા),
જોબન છુપાયે સખીજા, ભલા, ગોરી રાધે....જોબન૦
સીર પર ઘડા વારી, ઘડે પર ઝારી, પતલી કમર લચકાયે.
ભલા... ... ...જોબન.

(૪૪૧)--શ્રી સચ્ચાનંદ ભજનમાળા--રાગ-ગઝલ-તાલ-૩
જો અર્શકા ઈકરાર થા, તુમે યાદ હો કે ન યાદ હો...ટેક.
ઉલટે બાતસે ભટકના ઔર લખ ચોરાસી ભટકના,

ફિર સોચકર સિર પટકના તુમે યાદ હો કે ન યાદ હો....જો.
પિછલે જનમકા સંભારના, સબ કર્મકા વો વિચારના.
ફિર ઇશ ઇશ પુકારના, તુમે યાદ હો કે ન યાદ હો....જો.
વિષયોંસે દિલકો હટાવના, હરિકે ચરણુમે લગાવના,
કિસી જીવકો ન સતાવના તુમે યાદ હો કે ન યાદ હો....જો.
ઉસ બાનકા બિસરાવના, દુનિયાંકી મૌજ ઉડાવના,
બ્રહ્માનંદ ફિર દુઃખ પાવના, તુમે યાદ હો કે ન યાદ હો....જો.

(૪૪૨)--રામવર્મા--ઉપદેશ-રાગ-ગઝલ--

જો મોહનમેં મનકો લગાયે હુએ હૈ, વો ફલ મુક્તિ જીવનકા પાયે હુએ હૈ-ટેક.
જો બંદે હૈં દુન્યાકે, ગંદે સરાસર. વહ ફંદેમેં ખુદ, કો ફંસાએ હુએ હય,
જો સોતે હય ગફલતમેં રોતે હય. આખિર, વહખોતે રતન હાથ આયે હુએ હય.-જો.
ખાતર હય ન યમકા, ડર, મૌત ગમકા, જો મોહનકો દિલમે બિઠાયે હુએ હય.-જો.
પકડ પાયા મુરશદકે દામનકો જીસને. વહકી હય મગન સબ સતાયે હુએ હય.-જો.

(૪૪૩)--મીસ, જાનકીબાઈ--રાગ-કાલીંગડા-તાલ-ત્રિતાલ--

જોબન પીયા બારેસે તજ દીની, ૩ હાં બારે,
ખલિલ પીયા કાહે રોવત-૨, (અરે જો બિધના લીખ દાની, જોબન પીયા.) ૩.

(૪૪૪)--મીસ. ગોહરજાન-રાગ-તાલ-દાદરા--

જો પીયા આયના મોસે, સહા દુઃખ જાયનાં,
જીયા જાયે જાગે સતાયે, પીયા આયના મોસે સહા દુઃખ જાયનાં.

(૪૪૫)--મી. મહમદ હુસેન--રાગ કાફી. કહરવા.

જોગી રૂપ બનાયો રાવનને, બનસ્પતિ પર આસન લાયે!
સીતા માતા યોં ઉઠ બોલી તેરોરે કાલ જોગી યહાં લે આયો;
એક બન ઢુંઢા સકલ બન ઢુંઢા, જલહર કહી નપાયો;
ઔર બાતકી ઇચ્છા નાંહિ, જલકો પ્યાસો જોગી તેરે દ્વારે આયો.
સીતા જલ ઘડવા ભરલાઇ, તબયે છલ દિખલાયો,
બાહે પકડ ઝોરીમેં ડારી, તબ લંકાકો ધ્યાન લગાયો.
રામચંદ્ર બન ખંડકો સિધારે, લછમન ઘોર નપાયો,
ગરૂડ પંખ રખવાલી જીનકે મારે ચાંચ સમા નિચે ગીરાયો.

(૪૪૬)—શ્રી બ્રહ્માનંદ ભજનમાળ—રાગ-ધુન-તાલ-૩

જો જન હરિકા ધ્યાન લગાવે, સો ભવસાગર પાર તરેરે...ટેક.
હિરદે બીચ કમલકે અંદર સિંઘાસન નિર્માણ કરેરે,
તિસકે ઉપર કોટી ભાનુસમ હરિસ્વરૂપ મનમેં સુમરેરે.—જો.
પગ નૂપર કટિમેં મણિમેખલ સુંદર પિતાંબર પહરેરે,
કૌસ્તુભમણિ બનમાલ ગલેમેં કુંડલ કાનન બીચ પરેરે.—જો.
ચતુરભુજા બાજુબંદ સોહે કરકંકણ ધુનિ મનકો હરેરે,
શીશમુકટમણિ રતનજડિત હે શંખ ચક્ર ગદા પદ્મ ધરેરે.—જો.
વામ અંકમેં લક્ષ્મી વિરાજે શેષનાગ સિરછત્ર કરેરે,
શિવ બ્રહ્માદિ ખડે કર જોડે બ્રહ્માનંદ મન મોદ ભરેરે.—જો.

(૪૪૭)—અમૃત.

જોબન બાલારે સાજનવા ચલે કીસપે તડપતી છોડ,
અબ અખીયનમેં નીંદ ન આવે, જાઓ નહીં મોંહ મોડ—જો.
મુઝે લપલો ન હાર, નહીં આવે કરાર, રહું જારો ન જાર,
લગે આશકોંકા તાર, ગમે દુરીસે હાર, જાઉં મેરે મજાર.
હે કે આહો નાથ, ચલે કીસપે તડપતી છોડ—જો.

(૪૪૮)--વીણાવેલી—

જો જો કૌતક જગનું કામ સધાયે ઠગનું;
સાધુ વા ખાય, ને પાખંડી પુજાય, ખમા ખમારે થાય—જો.
સાચો કુટાય, અને જુઠો મનાય, પોલંપોલ ચાલ્યું જાય—જો.
પોપટ પુરીને પુરૂ પાંજરે ન પાણી પાય;
મામો કહીને દુધ સાપને તો દેવા જાય.
દુનિયા!—દુનિયા!—વ્હાલે વાહ, દુનિયા!
બકરાંની ઇદ દેખી વાઘની નહિ ઇદ થાય;
ઘરના તો ચાટે ઘંટી બંટી બાવાજી ખાય;
ગરીબ રહે હાથ ઘસતા, મારતાં મીયાં પુજાય—દુનિ૦

(૪૪૯)—મહાભારત—

જોને વસંત આહ!! પુનેમનો ચંદ્ર વાહ!!
આણી અનંત ચાહ!!.....વીરહી બન્યો—ટેક.
હસી હસીને છલા સુંદરી બોલાવે,
વામા વ્યાકુળ થઇ ચિતડું ડોલાવે;
જુઓ સજ્યાં જે લીલાં ભેટવાને ભાવે,
કાજળ ઝળ મોતીથી પિયુને વધાવે;
પિયુ ધારશે માનીના ચીર........જોઇને૦

સાખી { વસુંધરા વશ ચંદ્રની, અચીત પાડવા ખીજ;
{ મલકાવે મુખ મલપતું, વાદળમાંથી વીજ.

શશી શરમાય છે, આભમાં ભરાય છે;
લલના લપાય લાજ આણુતી.
અંધકાર ઓઢણું ખેંચીને મુખપર,
શ્યાણી થઇ ઘુંઘટડો તાણુતી.
આ તારા તાલ જોઇ ભાગે છે કોમ કોઇ--જોઇને૦

(૪૫૦)—બ્રહ્માનંદ ભજનમાળા-મંગળ-તાલ ૩

જોગજુગત હમ પાઇ સાધો જોગજુગત હમ પાઇરે—ટેક.
મૂલ દ્વારગેં બંધ લગાયો ઉલટી પવન ચલાઇરે,
પટચક્રકા મારગ શોધા નાગન જાય ઉઠાઇરે.
નાભીસેં પશ્ચિમકે મારગ મેરૂદંડ ચડાઇરે,
ગ્રંથીખોલ ગગનપર ચડીયા દશમેંદ્વાર સમાઇરે.
ભંવરગુફામેં આસન માર્યો કાયાસુખ બિસરાઇરે,
બિન ચંદા બિન સૂરજ નિશદિન જગમગ જ્યોત જગાઇરે.
શિવશક્તિકામેલભયા જબ સુંનમે સેજ બિછાઇરે,
બ્રહ્માનંદ સતગુરૂ કિરપાસે આવાગમન મિટાઇરે.

(૪૫૧)—દીલરૂખુસાર—

જોગન હો ગઇ ખો ગઇ બાત જબસે પીયાકી.
ખુશ લગી ગાત—જોગન.
યાદ પડે મોહે નીત વોહ પીયારા કલન પડત જીયા જાત,—

(૪૫૨)—બુલબુલે બંગાલી—ગઝલ.

જો સમઝું આંખકા તારા તો વોહ ના મેહરબાં કયું હો,
ઝમીને મસકન ઉસકી મેરે હકમેં આસમાં કયું હો.
વોહ બુલબુલ હું કે રેહ સકતા હું બરગે ગુલકે સાયેમેં,
ગુલીસ્તાને જહાંમેં મુજકો ફીકરે આસીયાં કયું હો.
યે આફત હે કે દીલસેભી નહીં કર સકતે હમ બાતેં,
પરાયા હો-ચુકા હો જો વોહ અપના રાઝદાં કયું, હો.
જો ઝાલીમ હેં વોહી તો ફુલતે ફલતે હેં દુનીયામેં,
ચમન જોહરકા તેરી તેગમેં સીરફે ખીઝાં કયું હો.
હમે ફુરકત વોહ દીલમેં ન પકડેગા યે પર હરગીઝ,
મકીં ખુદ જીસકા હો મોજુદ વયરાં વોહ મકાં કયું હો.
કીસી નાજુક બદનકા કયા તસવ્વુર દીલમેં રહેતા હે.
કહો તો હોશ ઇન રોઝોં તુમ ઇતને ના-તવાં કયું હો.

(૪૫૩)—ભજન સંગ્રહ—રાગ-કાફી.

જો તું શ્રીકૃષ્ણ નામ મુખ ધરતો, જમકો ત્રાસ સબહી મીટ જાતો;
ભગત નામ તેરો પડતો, જો તું શ્રીકૃષ્ણ નામ મુખ ધરતો.
આગલો જનમ તેરો પીછલો જનમ, તેરો અગલો જનમ હી સુધરતો.
સુરદાસ બૈકુંઠમે જાતાં, તેરો હાથ કોન પકડતો—જો તું શ્રીકૃષ્ણ૦

(૪૫૪)—શ્રીમતી મંજરી—

જોતન લગે પીર પ્રભુ વોહ તનહી જાને પીર,
ઔર ન જાને સાર કોઇ યાતુમ જાનો રઘુબીર.
તુમ જાનો રઘુબીર પીરકો પીર કયું બેરલગાઇ,
બેગ ખબરલો દુખીયારીકી ઘોરઘટા હઇ છાઇ.
મોરી સુધલે શામા કાહેકો બીસાર દીની,
કાહેકો ન આઓ ધામ અયસે બેકદર નાહી તુમહો
દુખકો હરો.

(૪૫૫)—બ્રહ્માનંદ ભજનમાળા—રાગ-ધુન-તાલ-૩.

જો જન ધ્યાન ધરે નિર્ગુણ કો સો ઇશ્વરકા દર્શન પાવે.—ટેક.
જાય ઇકાંત ભુવનમેં બૈઠે કોમલ આસન ભૂમિ બિછાવે,
ચિંતા ફિકર છોડ સબ મનકે ત્રિકુટી મહલમેં સુરતિ જમાવે.
પહલે પહલે રવિ શશિ તારે પલ પલમેં બિજલી ચમકાવે,
દૂર દુરકે દિવ્ય દેવગણ પુન પુન તેજ બીચ દરસાવે.
દિન દિન ધ્યાન ધરે યોગી જન બ્રહ્મજ્યોત ઘટમેં પ્રગટાવે,
કોટિ ભાનુ સમ ઝિલ મિલ ઝિલ મિલ રોમ રોમમેં સુખ ઉપજાવે.
કર્મન કે બંધન સબ ટૂટેં માયા મોહ જાલ કટ જાવે,
બ્રહ્માનંદ મોક્ષ પદ પાવે ગર્ભવાસ ફિર કે નહિ આવે.

(૪૫૬)—ફાંકડા ફીતુરી—

જોવો જમાનાની સોધો નવી આયે છતરી મારી બબરીની,
પાનીને દુર ને તડકાને દુર રાખે છતરી મારી બબરીની.
કુતરૂં બીલાડું કોઇ આવે તો એનાથી દુર,
દરીયા કીનારાના કોરગાની કાહાડે એ ધુર.
દુર બસ દુર બસ દુર દુર દુર,
સારી છતરીઓ શોભાએ હૈયું તે દેખી હરખાએ.
કાયદાથી જો વાપરે જેમ તેમાં વરસાદ આવે કેમ.

(૪૫૭)—જગ વિજય—

જોબન આવેરે આખી આલમને નાચ એ નચાવે,
જો રંગ લાવે અરે હારે હાવ ભાવે—
જગ જન મન લોભાવે—મોહાવે—આખી૦

મદ ભરેલી આંખડીનું ઘેન બીજાને આવે બ્હેની;
વાણી બને છે મુગી-સાન કરી સમજાવે બ્હેની—આ૦
રસસાગર હૃદયે વહે, નયણે નેહ છવાય;
ચંચલ ચિત્ત બને અને જગ આ **પ્રેમી** જણાય.
મનડું મસ્તાન—આંખ મદથી ભરેલી;
દુનિયાં દેખાય **પ્રેમઘેલી** બનેલી.
રસિક રંગ રાગે, અનંગ રંગ લાગે;
સ્નેહાળ ઉર જાગે, જીવન લ્હાણુ ગાગે—છે હાં જોબન.

(૪૫૮)—સંગીત બકાવલી—

જોબના અકારત જાઇ મોરી ગુઇયાં,
નહીં કોઇ સાથ હે છયલ સ્યામ—જોબના.
ક્યા **ચંદા** બીન રયેન સોહે, કયાં **ફુલોં** બીન હાર,
ક્યા **મોતી** બીન જવહરી, કયા **સાજન** બીન નાર—જોબના.
ફુલા **ગુલશન** ફુલસે હે, બેઠે ઉસમેં **કાગ**,
બુલબુલ બીન ગુલજારમેં, લગે ચમનકો આગ—જોબના.

(૪૫૯)—મહાન કવિ જયદેવ—

જોબન પરિમલ ભીની ચાલ બ્હેલી જરા ચાલ;
મંદ હાસ્યે મ્હેકે, અલી! ફુલડાનાં ફાલ.
સામે આંબલીયાની ડાળ,
પેલી સરોવરીઆ પાળ
વદન કમળ કોઇ ત્હારૂં જોશે જો બાળ,
બુલબુલ જો કદિ જોશે સાહેલી તારા ગાલ.
હંસો જો કદિ જોસે તુજ **દંત** મોતી **માળ**
ગુલાબ કુંજ છોડી, મુક્તાની પ્રીત તોડી,
ચોમેર ત્હારી ભમશે અલી પંખીડાની જાળ.
(સખી)! શું અલબેલી કોઇ જન્મીજ નથી?)
અલબેલી ભલે જગમાં જન્મી હો હજાર,
પણ ન્યારી સહુથી ન્યારી સાહેલી તારી ચાલ.
યૌવન મદે ભરેલા.
સખી! આ શું ગાંડી કેલી?
શી લાગી તાલાવેલી.
શું છેક શરમ મેલી?
સંભાળ કેશ ભારે ગ્રીવ લચકશે જો બાળ,
લટક ગટક જોઇ **જોગી** બનશે બે હાલ—જોબન૦

(૪૬૦)—બ્રહ્માનંદ ભજનમાળા-મંગળ-તાલ-૩.

જોગ જુગત હમ જાની સાધો જોગ જુગત હમ જાનીરે-ટેક.
ખેંચ અપાનપ્રાણધર લાયે નાગિન નીંદ જગાનીરે,
મેરૂ દંડ ખોલ કર ઉપર ભ્રગર ગુફા ઠહરાનીરે.
જિવ્હા ઉલટ ખેચરી મુદ્રા તાલુ બીચ લગાનીરે,
ત્રિકુટીમહલમેં ધ્યાન જમાયો બ્રહ્મજોત દરસાનીરે.
અનહદ નાદ બજે ઘટભીતર ગર્જન મેઘ સુહાનીરે,
સુનસુન ગરતભયો ગનમેરા કાયાસુધ બિસરાનીરે.
સુન શિખરસે અમૃત ટપકે પીકર સુરત અઘાનીરે,
બ્રહ્માનંદ સ્વરૂપ સમાયો પાયો પદ નિર્બાનીરે.

(૪૬૧)—મહાન કવિ જયદેવ—

જોઉ માયા મહાન હું મોરારના (૨)
હૃદયના હારની, જગ કીરતારની, ગારે ભ્રુરકી ભ્રકુટીના મારની—હારે૦
નિર્લોભીને બનાવે છે લોભી, સ્વર્ગે જતાંઓને રાખે છે થોભી.
નખરાથી જગને નચાવતી, તંતધારી તપસ્વીને તાવતી,
બ્રહ્મચારીનાં ભાનને ભુલાવતી.—હારે-જોઉ૦

(૪૬૨)—વીર કેસરી—

જોખોરે ફટકાથી જોખો (૨) પુરેપુરો હાં પોંખોરે,
તમે કરી નાંખોને ચોખો ફટકાથી જોખો.
જોજોરે દુનીઆના લોકો જોયા જેવો મોકોરે,
આની કાં મુકવી પોકારે દુનીઆના લોકો,
શીઆળવું ઘર ધણી થઇ બેઠું બંબે બંબજ ચાલ્યું.
જુઠ બોલવા જાતાં જો જો ઉલટું ઉંધુ માર્યું.
અસલી પીટાય બંદો નકલીયો હરખાય,
બેરૂ આંધળો કુટાયરે દુનીઆના લોકો—જોખોરે૦

(૪૬૩)—નુરજહાન ઉર્ફે નુરેનાર—

જોબન આયો કયસા નિગોડા, અંગયાં હો ગઇ તંગ,
ઇસકો કે ઉસકો કયસે સંભાલું, દોનોં હય મુરખ સંગ.
નશેમેં ઉભર આયે કિયે મયેને જતન લાખ લાખ.—જોબન.
મયને હસકે જો બાંધી રાત, રેશમકી ડોરી,
સુવે નારાજોરી ઝાંકે જાલીસે ચોરી ચોરી.
કિન સીખલાઇ દન્હેં સીના જોરી ? જગમેં રહી કુછ લાજ ન મોરી
કરે કઇ, મોરા કહા ન માને, થામી ન જાય ઉમંગ,
છલિયેરે યે, છલિયેરે.—જોબન૦

(૪૬૪) બ્રહ્માનંદ ભજનમાળા-(ગઝલ તાલ ૩)—

જો મૌતકા દિન આયગા, તુમે યાદ હો કે ન યાદ હો.—ટેક.
દુનિયામેં દિલકો ગિલાદિયા હરિકે ભજનકો ભુલાદિયા,
મનુષા જનમકો રૂલા દિયા તુમે યાદ હો કે ન યાદ હો—જો૦
જબ રોગ આય સતાયગા ખટિયામેં તુઝકો લિટાયગા,
કોઇ કાર કામ ન આયગા તુમે યાદ હો કે ન યાદ હો—જો૦
સુતમીત બાંધવ નારિયાં ધન માલ મહલ અંટારિયાં,
તેરી છૂટ જાયગી સારિયાં તુમે યાદ હો કે ન યાદ હો—જો૦
યમદુત લેકર જાયગા તુઝે નરક બીચ ગિરાયગા,
બ્રહ્માનંદ ફિર પછતાયગા તુમે યાદ હો કે ન યાદ હો—જો૦

(૪૬૫)—પ્રભાવતી—

જો હંપ પેશે નજર હરદમ વો હે સુરત મહોમંદકી,
મેરે દીલકે જો તડપાતી વોહ હે સુરત મહોમંદકી.
મદીનેસે જો આતી હે તો ઇતના પુછ લેતા હું,
સભા જલ્દી બતાવો કયસી તબીયત હે મહોમંદકી.
ન હમ જન્નતમે જાયેંગે, ન દોજખમે જાયેંગે,
ખડે દેખા કરેંગે હશ્રમે સુરત મહોમંદકી.—જો હંપે.

(૪૬૬)—બુલબુલે બંગાલી—અશઆર.

જો જીસકી ખાસીયત હે વોહ દુર નહીં હો–સકતી જીસે,
નીમ નહીં મીઠા હો સકતા લાખ કોઇ સીંચે ગુડ ઘીસે.
શુબ્બર કભી ગુલાબ નહો, ઇદ્રાયન આમ નહીં હો–સકતા,
પાની પીનેકા કુઝા જમશેદી જામ નહીં હો–સકતા.

(૪૬૭)—ધરતીકંપ—

જોડાંની પ્રીતી દુઆથી વધારો રે,
માગું છું દીલથી હમને ઉગારો.
સેવટે સારૂ જ્યાં સર્વે છે સારૂ,
દુખોની મંનજીલ એ પરવર સુધારો.
મુજને નસીબે છે આ દીન મુબારક,
આ દીલ ખુદાને છે શુક્ર હજારો.
ઇનસાફે જોઇ કીધો તે રેહા મુજને,
તેના ભરોસાથી દિલથી નહારો—ખુદાના.

(૪૬૮)—બ્રહ્માનંદ ભજનમાળા-ગઝલ-તાલ-૩.

જો નામકા પરતાપ હે તુમે યાદ હો કે ન યાદ હો.—ટેક.
જબ દૈત્ય ચાબુક મારિયા પ્રહલાદ નામ ઉચારિયા,
નખસે અસુરકો વિદારિયા તુમે યાદ હો કે ન યાદ હો—જો૦

ધ્રુવકો પિતાને નિકલાદિયા હરિનામમેં મન લાદિયા,
ઉસે અચલ ધામ દિલાદિયા તુમે યાદ હો કે ન યાદ હો-જો૦
ગજરાજ પે બિપતા પડી મનમે જપાજો હરી હરી,
ગ્રહ મારકે મુક્તી કરી તુમે યાદ હો કે ન યાદ હો-જો૦
દ્રુપદીકી લાજ ઉતારિયા જબ કૃષ્ણ કૃષ્ણ પુકારીયા,
બ્રહ્માનંદ ચીર વધારિયા તુમે યાદ હો કે ન યાદ હો-જો૦

(૪૬૯)—ઇંન્દ્રાવતી—

જોબન વેલી રસિક નવેલી, પ્રેમ પ્રભાવે ખીલી છે;
અંગ પુષ્પ દળ પરાગ ઝરતું, મદન રંગ રંગીલી છે-ટેક.
ભ્રમર ભોગી ગુંજારવ કરતો, કોપતણા બંધનથી ડરતો;
નજીક ન આવે, રસ સુકાવે, ગતિ ગતિ કંઇ ઘેલી છે.-જો.

(૪૭૦)—બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર—

જોને જોને સખી મદઘેલી ઋષિરાજ બેઠા સમાધિમાં એલી
કરી વનમાં આનંદથી કેલી,
કામની કરી વનમાં આનંદથી કેલી,
રમા રમો રંગે ઉમંગે રંગ રેલી-જોને જોને.
મગ મનની વાડીના માળી, યોગી જાગો નિદ્રા ટાળી;
યોગી છે હઠીલા તેવી નિદ્રાયે હઠીલી-તું જગાવ.
જગાવીએ છીએ..................જોને જોને.

(૪૭૧)—કુમુદ ચન્દ્ર—

જો જો સખી ધીરે ધીરે આ આવતી પ્રિયા,
છે ચીતની ચોર મુજ ચકોરી પ્યારી આ પ્રિયા.
જો હરિણીની મુરતી, જો કરિણીની ચાલ;
જો લચકાતી લંક લઘુ, જો ઉન્નત ઉરમાલ,
મૃણાલસી મૃદુ ભુજા ડોલાવતી પ્રિયા.-છે.
વીણાથી વધતે સ્વરે, ગાતી આવે ગાન;
આકૃતિ અતી રતીના થકી, મેઘાકૃત મકાન,
ત્રીલોકમાંહી તુલ્યના ન પામતી પ્રિયા-છે.

(૪૭૨)—વીર કુણાલ—

જોયો જમાનો આ કલિનો પાપનો વિસ્તાર છે;
જ્યાં ત્યાં જગતમાં પાપનો જાગી રહ્યો અધિકાર છે.-જોયો.
સારા બિચારા ખાય ખત્તા દુર્જનો પુજાય જ્યાં,
મરવા પછી સદગુણ ગણે દુનીયા અજબ નાદાર છે-જોયો.
સતયુગ જાતાં ધર્મ ને દ્વાપર જતાં યજ્ઞો ગયા,
ત્રેતા જતાં તીર્થો ગયા કલિમાં કપટ ભંડાર છે-જોયો.

માતા વિષયના પ્યારથી સુપુત્રને બાળનાર છે,
કાળાં કરાવે કૃત્ય કામી પ્યારને ધિક્કાર છે—જોયો.

(૪૭૩)—બ્રહ્માનંદ ભજનમાળા—

જો ઇશકા ઉપકાર થા તુમે યાદ હો કે ન યાદ હો—ટેક.
કરી ગર્ભમેં તેરી પાલના ફિર દુખસેં બાહિર નિકાલના,
કુચિયોંમેં દુધકા ડાલના તુમે યાદ હો કે ન યાદ હો—જો.
સુરજ વા ચાંદ સિતાર હે જલ પવન ભોગ અપાર હે,
તેરે વાસતે યહ બહાર હે તુમે યાદ હો કે ન યાદ હો—જો.
નરજન્મ યહ બહુ કામકા તુઝકો દિયા બેદામકા,
અબ ભજન ઉસકે નામકા તુમે યાદ હો કે ન યાદ હો—જો.
હરિકે ભજનબિન બેવફા તુઝકો મિલે ન કબી નફા,
બ્રહ્માનંદકા કહના સફા તુમે યાદ હો કે ન યાદ હો—જો.

(૪૭૪)—વીણાવેલી—

જોઇ લેજો જગના બાવા, છે આજકાલ જે આવા;
ધરે ભેખ ધુતીને ખાવા, જયાં ત્યાં હાવાને આવા—
જોબનવંતી જળ ભરતી ત્યાં જાશે બાવા ન્હાવા;
રાંડીરાંડના ઘરમાં પેશી બાવા બેસે ગાવા,
બાઇ લાગે તાળ બજાવવા બાઇ અને ભજન સંભળાવા—
વિરલા ભેખ ધરે છે બાઇ ભગવત ભેટો થાવા;
બહુ તો બાવા માયા માટે કે ભામા ભરમાવા—
નારીને નીરખીને લાગે, બાવા નેન નચાવા;
મસ્ત થઇ મ્હાલે પર પૈસે કયાં જાવું છે કમાવા—જોઇ.

(૪૭૫)—જુલમી જેસળ—

જોઇ લેજો જગના બાવારે ધરે ભેખ ધુતીને ખાવા.
રાની અને ગંગળીના જેવી જોડું જોડી લાવ્યા,
બે ત્રણ વરસ વર્ષે દસ વીસ છોકરાં ભુંડણ ભાવ જણાવ્યા.
થાકયા પાકયા ઘર બેરાંથી સીધા સીધપુર આવ્યા,
જટા જુંટને ભસ્મ લગાવી માંડયો અલખ જગાવા.
દોરા ધાગા જંતર મંતર તંતણુ તાણુ જગાવ્યા,
કામણ ડુંમણુ કરી મોહીની માલ ખુબ ઉડાવ્યા.
આવા આવા શીષ્ય બનાવ્યા ઢોંગ રીતુરે ફાવ્યા,
ફરી ચરીને થાકયા આખર ભરૂચ બંદર આવ્યા.
ઉંધા અવળાં કર્યાં કંઇકના ગુરૂ શીષ્ય બે ફાવ્યા,
લગણાં ફુટયાં ત્યારે સમજ્યા હરીગુણ હેતે ગાવા.

(૪૭૬)--બેધારી તલવાર--

જો જો મારા પાકા **જોબનની** બ્હાર,
કાયાની ઉછરતી જવાની નહીં કંઇ ખાંગી,
છે **મોહક** મુખડાની ખુબી શી મજાની મારા.
કોહીનૂર નીરખીને થતા
આ **જોબનવતી** છેલ છબીલી નાર,
એ તાકે તરાવે નહીં કોઇ ફાવે-જો જો.

(૪૭૭)--વીર વિજય--

જો જો **ભૂતની** ભવાઇ, મારા ધરમાં આ નવાઇ;
મને ખાવા આવે ખાઇ, એને જોતાં આવે વાઇ.
વંઠેલી **ડાકણુ** હું વળગી ગશાણુથી,
હાર્યો બાઇ હાર્યો તું ડાકણુ મોંકાણુથી.
તને ખાઉં ખાઉં ખાઉં,
અરે હાય હાય હાય,
મારા નાજુક કલેવરને કમાં હું છુપાવું.
જોજો ભાઇ કળીયુગની **નારી**,
ખાય જલેબી ઘુઘરા ધારી.
આપ પતિ રાખે વશ ગારી,
પરનર ભાળી કરતી **યારી**.
તને ખાઊં ખાઊં ખાઊં,
અરે હાય હાય હાય--મારા૦

(૪૭૮)--સુંદર મનહર ગાયનપ્રકાશ--પીલુ તાલ દીપચંદી.

જો તેરા **દીલ** હમસે ખફા હે,
તુભી ચલાજા હમારા **ખુદાહે**-જો તેરા.
નેકી તું કરલે સંગ ચલેગી,
અજલકા ફરસ્તા શીરપે ખડાહે-જો તેરા.

(૪૭૯)--વીર કુણાલ--

જો જો જાદુ કોઇ ના કરતા,
જો દીલ ભરતા મગ મન હરતા--
મ્હેકે ગજ અંગ કસ્તુરી,
વાસ રસીક નરને આવે,
દીલડું ડોલે દીલ હરવા.
વર વરવા વશ કરવા--

(૪૮૦)--મેવાડી સૂર્ય--

જો જો આ નવી નવાઇ, ખુરશી ઉપાડી ચાલો ભાઇ--
ઘોડા ટેબલ ઉપાડ, આવી પહોંચી છે ધાડ,

શાને કરો છો વાર, જોજો આ ભુલની ભવાઇ;
નિંદાનું કેવું છે માઠું પરીણામજી,
નાચોને નાચ તમે ગરજી ગુલાગજી.
ચલાવ..................................
તતતત થેઇ (૩) તથેઇ, તથેઇ, તથેઇ.
માથે ઉપાડો ભાર, હાંજી, હાંજી તૈયાર,
મને જુતાં ના માર, બચ્ચાંને માફ કર બાઇ—

(૪૮૧)—લવ-કુશ—

જોને જરી જાગી મુરખા, જોને જરી જાગી;
અલ્યા સુતો શું અભાગી! જીવડા જોને જરી જાગી.
સગાને સંબંધી ત્હારા સુખનાં છે બેલી રે (૨)
ઠેલી મેલી જાશે દુઃખમાં રડતોજ ત્યાગી—અલ્યા સુતો શું.
કાયાથી માયાને ત્હારી કર તું વિખુટી રે (૨)
તુટી ખુટી સાંધનારો નથી કો વિરાગી—અલ્યા સુતો શું.
મ્હારૂં આ મ્હારૂં છે માની ગુમાની શું થાતો રે (૨)
જાતો હરખાતો માતો જશે હામ ભાગી—અલ્યા સુતો શું.

જં (૪૮૨) —ઇન્દુમતિ—

જંજાળી જીવડા ઝાંઝવા જોઇ શું રાચે,
હીણભાગી હંસા સાચા મોતી શે ન ભાસે;
શ્રાવણ કેરી વાદળી જળમય થઇ નભ જાય,
તરસ્યો ચાતક તળવળે ક્યાથી પેટ ભરાયરે—જં.
સ્વાતિનું બિંદુ પડવાથી, પેટ ભરાશે,
આશા પતંગ ઉમંગથી, ગયો ગગન મોઝાર,
વિટળાઇ વંટોળીયો, પડયો પૃથ્વી આધારરે—જં.
મુરખડા મનડા સંતોષથી સુખ થાશે—જંજાળી

જ (૪૮૩)—બુલબુલે બંગાલી ગઝલ

ઝમાના છાન મારા હે યે દુન્યા દેખી ભાલી હે,
ન કોઇ હે ખુશી ખુર્રમ ન કોઇ ગમસે ખાલી હે.
ઝમાના તુઝપે મરતા હે જમાના તેરા શયદા હે,
ખુદાને શકલ તેરી નુરકે સાંચેમેં ઢાલી હે.
કીસીકી કગ સીની કેહતી હે મુઝે દેખતા કયા હે,
અભી યગજા જરા દમ લે કયામત આને વાલી હે.
કીસીકે દીલકો છીના હય કીસીકે દીનો ઇમાંકો,
તેરી જો બાત હે ઝાલીમ ઝમાનેસે નીરાલી હે.
ઇલાહી વસ્લકી શબ ઓર યે શર્મો હયા કયસી,
કભી વોહ સામને આયે કભી સુરત છુપાલી હે.

સુને જાઇંગે હમભી જો તેરા જી ચાહે કેહ ઝાલીમ,
કહેના શીકસે હમને ભી અબ ગરદન ઝુકાલી હે.
અભી નીકલા હે દીન દેખો અભી ફીર શામ હોતી હે,
અભી હમને શબે હીજરાં બડી મુશકીલસે ટાલી હે.
કભી વાયદેપે આયે હો તો દીલમેં યાદ કરલીજો,
દીલે રૌશનકી કીસદીન આપને હસરત નીકાલી હે.

(૪૮૪)—સતી દ્રૌપદી—

ઝટપટ જાવું રંગ જમાવું, નટવર ઘર ખટપટ પ્રગટાવું. આ. વાહ, વાહ,
નારદના નામમાં, ખામી શી કામમાં, ઈશ્વર ધ્યાનમાં રહેવું ગુલતાનમાં.
નારાયણ નામ રટણમાં............ઝટપટ.
ગોવિંદ ગુણ ગાનમાં ભક્તિરસ તાનમાં—આતમ જ્ઞાનમાં,
મસ્ત તોફાનમાં, કુશળ છું, કૃષ્ણ કપટમાં........ઝટપટ.

(૪૮૫)—મોહિનીચન્દ્ર—

ઝટ શ્યામ સલુણા ઘર આવોરે, હવે નાથ વધુ—ના તરસાવો, આવો.
અંતર પટમાં રહી અલબેલા, થન થન મનડું નચાવો. આવો.

(૪૮૬)—ગાયન દર્પણ—રાગ, ગઝલ, પિસ્તો. (ખા. ૫૨. સગ. સુર. રી.)

ઝરકી મોહબત ઝરકે બેઝર તો જગમેં ખારહે,
જોળતી, મેં દેખ આયા, ઝરસે બેડા પારહે—ઝરકી.
મેં હર તરહસે સોંચ દેખા, જગમેં, ઝરકે કુચ્છ નહી,
ઓર દેખા નસુના મેંને ઝરહી વ્હાં મુખત્યાર રહે—ઝરકી.
માંશુકોકી મીઠી બાત પર ન દીલકો સોભાયાર,
ઝરકી મોહબત દીલમેં ઊનકે, ઝરહી ઊનકા યાર હે—ઝરકી.
જીનકે મુંસેદમ બદમ નીકલે સુખન એ જાનતું,
તુમકો ન કરતી મીઆં વો ઝરકે કરતી પ્યાર હે—ઝરકી.
એ દોસ્તો કહેતાં હું તુમકો, ઝર સીવા વ્હાં નહિ કદર,
ચાહીએ દુનિયાંમે ઝરકી, કીસનકા કીરતારરે—ઝરકી.

(૪૮૭)—ગાયન દર્પણ—

ઝર હોવે તો હરકોઇ હોવે દીલદાર કીસીકા,
ઇસ મુસફીરીમેં નહીં હોવ, કોઇ યાર કીસીકા—ઝર.
રખતા હું તુસે મોહબત મેરી બહોત ઉમેદ,
અબ કાહેકુ કરાતી એ, સોદાહે ખુશીકા—ઝર.
જંજીર ભલી તોકભલી મૌતભી આતા,
પન કૈદ ના રખે કીસીકુ, ગિરફતાર કીસીકા—ઝર.

ઝાં (૪૮૮)—જાલિમ ડુલિયા—

ઝાંઝરવા મોરે ઝનનન ઝનનન ઝનનન ઝનનન ઝગરેકે,
પાયલવા મોરે રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ ઝમકેરે;
હાં બીછિયા અનવટ ઠુમક ઠુમક ઠુમ ઠુમક ઠુમક ઠુમ ઠમકેરે—ઝાં
કયસે કે આવું મોરે બાંકે બાલમવા, રસિક સુઘડ તુમ પ્યારે
પ્રિતમવા;
દીપક જોત, દમક હોત, ઉતગહોત શશી ઉદયોત ચમકેરે—ઝાં.

(૪૮૯)—સૌભદ્ર—

ઝાલી જયાચી ઉપવર દુહિતા, ચેન નસે ત્યા તાપની ચિંતા—ઝાલી.
કિંવિ મિળે પતિ કુલીન સુંદર, લોક પ્રિય ધનવાન જો જ્ઞાતા—ઝાલી.
સાસુ શ્વસુર દિર જાવા નણુંદા છળિતિલ કિંવા કરિતિલ મમતા—ઝાલી.
સાસરી ગમતી કશી વાગેલ્હી કાળજી નિશ દિનિં પોળિતિ ચિંતા—ઝાલી.

સાવરીયાં જોબના ન બેચું ઉધાર
ઉધાર સાવરીયાં જોબના ન બેચું ઉધાર
રસ ભરી અખીઆં ઉમંગ ભરે જોબના
બાલી ઉમરીના હમાર—સાવરીયાં
બારા બરસકી મંય કામનીઓ
કદર ન જાને ગંવાર—સાવરીયાં

(૧૭૬૬)—રજની ચંદ્ર—

સુખી દીસે આ જગતમાં અધર્મી ઘણા,
અધર્મી ઘણા. દુ:ખી ધરમી ઘણા—સુખી૦
પાપ પ્રગટે જય બ્યાર કોઇ ના કરે (૨)
છતાં દીસે કુકર્મે રાજી તે બમણા—સુખી૦
ભલા સદાચરી અતી અન ધનથી કંગાલ,
બુરા દુરાચારી મતી બીરાજતા સુખ પાલ,
લુંટે જુલમે ધન ધામ વામ ધરમી તણા—સુખી૦

(૧૭૬૮)—સોબતે અસર—

સુણ ઓ મ્હેર જાની–આપું જબાની–કોલ હું તને;
બસ હું છું દિવાની–તુજ પર ગુમાની–આપું
ચાહે તેવું દુઃખ પડે-રહું સહી તુંજ સાથ,
દુનિયા રૂઠે પણ ફરી–છોડું નહિ તુજ હાથ
નિત સુખ સાચ માની–તક જીંદગાની–આપું.
હું પણ તારી મ્હોબતને–સમજું સુખ દિલજાન
જેમ ચકોરી ચંદ્ર પર–મરે બની કુરબાન.
નહિ એ દિલજાની–થાઉં બિમાની.-આપું.
બાવા નહિ સમજે ભલું-એ કિસમતની વાત
પણ સત અંતે ફાવશે–નાશ થશે બદજાત,
નહિ મુજથી થવાની–નો એ ધમાની–આપું.

(૧૭૬૯)—સતી દ્રોપદી—રાગ, તોટક. છંદ.

સખી સ્વપ્ન મહીં મન મોહનને, મેં નિરખ્યા એકાંત વિશે શયને,
શરમાઈ રહી. રતિ નાથ વદે, મુખથી નહિં કાંઇ બોલાય અરે,
વિનવે અતી વલ્લભ વ્હાલ ધરી, નવ ઉત્તર મુખ અપાય જરી,
નીચું જોઇ રહી, દ્રગ પ્રેમ ભરી, ખણુતી પૃથ્વી નીજ પાય અરે.
કર સાહી રશીક રૂદે વળગ્યાં, કરતાં ગળસેન થયા અળગાં.
તુટી હાર ગયે એ રકજકમાં, કસ કંચુકીની છુટી જાય અરે.
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે. પણ નાથ થયા નગચુાજ ! અરે,
ગનથી મન રોજ ગયું પાગળી, જેમ શાકર દુધની સંગ ભળી,
શામાં ભોજન નાથની સાથ મળી, ઉઠી, અચાનક નાથને અંગ પડી,
સખી તે રજની અને તેજ ઘડી, રસીયો રીશ લાવી રીશાય અરે.
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી, રણ જાય પીયુ અરે, દુઃખથી લડી,
સખીઓ વિનવું તમ પાય પડી. કરો જે રીત નાથ મનાય અરે,

(૧૭૭૦)—મીરાંબાઈ—

સરપર ગાગર ધરકર ગજ ગામની, હથ હલાતી આવે,
બોલી શી ભામની દ્યુતી શી દામની, પ્રીય કામની, ગજ ગામની–હથ.
હસ હસ ઝુમી પાય દેવે, નભ નીચે લાય દેવે,
મુખસે કછુ ગાય દેવે, અમૃત બરસાય દેવે;
નિસી અંધારી ભારીમેં, દુતી દામની, પ્રીય કામની ગજ ગામની–હથ.

(૧૭૭૧)—નંદબત્રીશી—

સખી ખોલ ઘુંઘટડો, છોડોને છેડો, વાહ શું મુખ મલકાય–સ૦
વ્હાલા સંગે, રમી લે રંગે, માદમનું જોબનયું આ છલકાય–સ૦

ઘરમેં બાઇ હું બીડાઇ, ક્યાંથી સ્વાર્થ સરાય,
અભાથલી તું ચડમાં, લાડકી લડમા, અંગે અનંગ ઉભરાય-મ૦

(૧૭૭૨)—જલસા સંગ્રહ—રાગ, જીલ્લો, દાદરો.

સખી કો શામસે મીલા દે મુજે, પત્તા નંદલાલકા બતા દે મુજે-સખી.
કહો બ્રજરાજસે પ્યારે તેરે દીદારકો, અબતો તેરી ચહા સતાતી.
હએ મુજ-સખી.

(૧૭૭૩)—સન્યાસી—

સહુ સાહેબો પધારો...મારી શોભાને વધારો...વરઘોડો છે મારો આજે.
ગાડી ઘોડાઓ જોડાવું-બેંડ વાજા. વગડાવું મોટી મોટર મંગાવું.
વાગે પં-પં-પં-મોટો મંડપ રચાવું-લાઇટ ફીટશન લગાવું.
રૂડાં ગીતો ગવડાવું.........................વરઘોડો.
જરીનો જામો પહેરીશ હું, છબીલો ઘોડે ચડીશ હું.
નાણું નાંખી દઇને તું-ધોળામાં ધુળ ઘાલે શું
છેડો બાંધીને ચડું છબીલાની સાથે...........વરઘોડો.

(૧૭૭૪)—સતી તોરલ—

સતિયોને બ્હેનની તનપર સુંદર સજવું ઘરેણું માગ્યું,
ટેકની ટીલડી કરવી લલાટે, લજ્જા કાજળ દ્રગ ભરીયે;
વિનયની વાળી નાકે રૂપાળી, હરી હેત હાર હૈયે ધરીયે...સતિયો૦
કુલીનતા કેરી સજવી સજની કોડે કંચુકી નીત રૂડી,
ચળકે કમનીય યુગલ કરોમાં, દાન તણી શુભ ચુંડી...સતિયો૦
સાડી શીયળની અંગે ઓપાવે, અળતો પતિવ્રત કેરો,
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચણીયો પહેરો...સતિયો

(૧૭૭૫)—મહાશ્વેતા કાદંબરી—

સખી જઇ સંદેશો કહેજે, મમ સખીને ધીરજ દેજેરે...સખી.
અસ્ત થતાં દીનકરનો નલિની ઉદાસ મનમાં થાય,
અલ્પ પરીચયે ચકવાકી પણ, પતિ સુખને નવ ચહાય;
તજ્યું સખીએ દર્શન પરનરનું, હું કયમ નામ લઉં નરવરનું...જઇ
સમજ્યા વિણ સુખની આશામાં, પામર જીવ તણાય,
વિષય ભોગ આલોક તણા, સૌ અંતે નીરસ જણાય;
હશી પ્રથમ પરીણામે રોવું, એ વિષયે કયમ ચિત્ત પરોવું...જઇ

(૧૭૭૬)—દુઃખિલા—

સખીએમ એમારાપીયુ વિનાપાલક્ના સુહાનમારૂં રહયઅલી આંસુથીભાલી
ધડક ધડક ધડકાય, વિરહની લ્હાય સહિ ના જાય...મારા પિયુ.

પીયુ પરદેશ વસ્યા, શેજ હું એકેલી બાળા રેન અંધારી ભયથી ડરૂં ભારી
સ્વપ્નસુતાં કંઇ વિપરીત આવે મરૂં ઝબકી જાગી ભયથીછાતી ધડધડધડકાય

(૧૭૭૭)—મુદ્રામ્રતાપ—

સતી તણાં સુખ સૌ પતિ ચરણે, પતિ વડે ચુડી ચોટલો (૨)
પતિથી રહે અળગી પીયર તે પાપનો બાંધે પોટલો (૨)...સતી.
પીયરના પકવાન નકામાં મીઠો સુકો સાસરીયાનો રોટલો (૨)...સતી.
મહીયરના રંગ મહેલ નકામાં, રૂડો અઢી ગજ સાસરીયાનો
ઓટલો (૨)સતી.

(૧૭૭૮)—ઓડાણો—

સ્વામી સાંભળોરે, હે કૃષ્ણ કૃપાળા.
શરણે લેજો અનાથોના નાથ પતિ મારા.
કારણ કરણ વિઘન વિદારણ છો રામ પ્યારા—સ્વામી.
ભડ ભડ ગીરી ગીરી દવ પ્રજળતો. હરણા પામે ત્રાસ,
શર સાંધે છે પારધી, જીવનની નહિ આશ;
આવો વારે બળવિર દ્રુપદ સુતાનાં પુર્યાં ચિર—સ્વામી.

(૧૭૭૯)—કન્યા વિક્રયની ક્રુરતા—રાગ ભજન.

સરસ નિરસ સુખ દુઃખ નવ ગણીને. સંતોષ માની રહીએજી (૨)
સકળ શિરોમણી મનહર મુરતી નામ નારાયણ લઇએજી.
સુવર્ણ પ્રભાતે નિજ પતીની સેવા સદંતર કરીએજી.
પુર્ણ પ્રિતી મન રાખીને, સુખ સાગરમાં તરીએજી.
તો ભવસાગર તરી જઇને મહાસતી કહેવાયેજી.

(૧૭૮૦)—સત્યનારાણ—

સકળ જગતનો અચળ વિભુ તું, અકળ કળા ન કળાતી આ,
ચરણ કમળના વમળ મહીં આ જીંદગી મીઠી ગળાતી આ—સકળ.
રંક રાયમાં રાય રંકમાં પળપળમાં પલટાવે તું (૨)
ખરે ખટકતી મતી અટકતી,લી........લા—સકળ.

(૧૭૮૧)—દેવકન્યા—

સમજી લે મન મારાં તું સમજી લે મન મારાં,
ભલાં તું સમજી લે મન મારાં—(૨)
ધન વૈભવને વાડી વજીફા અંતે તે નથી તારાં—ભલાં.
ભામા નચાવે તેમ શું નાચે ગણ પ્રભુના પદ પ્યારાં—ભલાં.

(૧૭૮૨)—ઇન્તેકામ

સંઇયાં મોરી માનલે મચતો હારી વારી-સઇયાં.
છતની બીનતી કબસે મેં સમજા રહિ.
મોરી માનલે લવતે. હારી વારી.
કાલી કાલી ઘટા નવા રંગ દીખલા રહી.
ચાલો સખી સેજરીયાંપે, બીજલી ડરા રહી—માનલે૦

(૧૭૮૩)—મીસ મલકાજાન—રાગ, જોગીયા, તાલ દાદરા.

સખીરે મૈને, પિયા બિના કછુ ના સુહાય,
તુમ તો સોતન ઘર, આવત જાવત, મોરા જીયા ગભરાયરે.
ન રહી દિલકો લગાનેકી. હોંસ દેખ લીયા,
તુમકો હમ પ્યાર. મોહબ્બતકી. નજર ગોરો પર;
તુમકે દીલ દેતે હેં, અજીરાને બતન દેખ લીયા—સખી૦

(૧૭૮૪)—મીશ કાલીજાન—રાગ, એમન, કલ્યાણ.

સલોનારે બાલમ મોરા,
સુરખ ચુંદરીયા તો રંગ દેતી આજ સુહાગકી રાત—સલો૦

(૧૭૮૫)—વિર કુલાણુ—રાગ કવ્વાલી.

સમય જો હોય સારો તો, બધો સંસાર સારો છે,
સમય સારો સીખાવ્યો ત્યાં, નહિ સંસાર તારો છે,
ચડે વાદળ ચડે ભરતી ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમાં તે પડી જાતાં, સમયનો રંગ ન્યારો છે.
સમય સારે ન સારૂં જે, કરે તે સહુ ગમારો છે,
પછીથી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે.

(૧૭૮૬)—પિતૃભક્ત પ્રભાકર—

સમજે ન પ્રથમ જન કામી, પસ્તાય પછી દુઃખ પામી,
નિજ અર્ધાંગના મર પ્રતરાજી, પર નારથી રમતા પાજી.
એ અધમો પર કહું આજી, નથી રામ જરા પણ રાજી....સમજે૦
હાથે બગાડે બાજી, કરી શકતા બી ના રાજી,
પાકે ના છેવટ બાજી............(૨).........
સુંદર વર ..સુખકર...હરશે ખામી............... ....સમજે૦

(૧૭૮૭) સતી સુંદરબા—રાગ, ગરબો.

સખી સ્નેહ સાથ સતી પંથ સંચરજો (૨)
જેથી જગમાં યશગાન તે ગવાય જો—હો-હો.

સતી પાશ મુની માન મુકશે જો.
બાઇઓ સતી પાશ મુની માન મુકશે જો.
ભોગવતી સતી જેનો સ્વામી હતો સર્પ
નીજ બળે નર કર્યો દીસે કંદર્પ.
સતી દ્રૌપદીએ દુર્વાશાને નોતર્યા જો (૨)
હતઃ ભોજન વીણ તૃપ્ત કર્યા તાંડી જો—હો.
શુદ્ધ સતી સાવિત્રી સત્યે ભરપૂર.
પતી પ્રાણ રાખી કર્યા જમદૂત દૂર.
સતી વૃંદાનું સત્ય લેવા શ્રી હરી જો (૨)
થઇ પત્થરને પડયા મહીમાંહય જો—હો—સતીપાશ—બાઇ૦
અત્રિની અનુસુયા સતીઓમાં શ્રેષ્ટ.
વિધિ હરિહર પુત્ર બની પડયા પેટ.
એવી સતીઓનાં સત્યને નીહાળીને જો (૨)
પંથ પરવારોને સૌને પડી પાયજો—હો—સતીપાશ૦—બાઇ૦

(૧૭૮૮)—હરીચન્દ્ર—ભજન, રાગ, કાલીંગડો, પદ.

સગપણ સાચું શાનું ભાઇ, શું માયાને વલગુરે
ગરજ ગરજે સહુ રહ્યું છે. અંતે રહેશે અલગુરે—સગપણ.
ઉંચા ઉંચા મેહેલ બનાવી ફુલ્ય ફુલ્યા ફરવુંરે.
એ મંદીરમાં કોણ મહાલશે તારે તો છે મરવુંરે—સગપણ.
બચકે બાંધ્યા વસ્ત્રને વાઘા ઘણું ઘરેણું ગરવુંરે,
રૂપાલાં તારાં કોણ પેહેરશે, તારે તો છે મરવુંરે—સગપણ.
હાથી ઘોડા માલ ખજાના, સુખપાલમાં ફરવુંરે.
એમાં જાણે કોણ મહાલશે, તારે તો છે મરવુંરે—સગપણ.

(૧૭૮૯)—જલસા સંગ્રહ—રાગ, પરજ, કાલીંગડો, ગજલ.

સબક્ક એક લેના તેરી યાદને રોને ન દીયા,
બેકરારોને મુજે ગાફેલ બી હોને ન દીયા—૧
રાતકી બાત બતાવો મેં તેરે વારી જાવું.
કોનશા દાગ થા દામાન, મુજે ધોને ન દીયા—૨
કોન કાફર તેરે કદમો તલે આયા કીયા,
પુછા અસતીનસે આંસુ મુજે રોને ન દીયા—૩
મેં તુજે દેખા કરૂ મેરે બાગ બીંહારા ચમન,
ધરકોકા જામ તેરે બાગમે બોજે ન દીયા.—૪

ના (૧૭૯૦)—ઝેરી સાપ—

સાવલ્લ બાંકેરે નજર મોરી આગયે, ન કછુ કહે ગયે, ન કછુ, સુના ગયે.
મોરી બાલીસી ઉમરીયામે રોગ લગા ગયે,

ક્યા ખબરથી કે કોઇ તીર અદા હોતા હયે.
દેખ લેના કે હસીનોકા, ભલા હોતા હય;
મીઠાં મીઠાં સહરાં, દરદ ઝરા હોતા હય.
જલમેં નહાઇ, મેં હોતી હું,
કીસસેં પુછું કે મેરે દીલમેં ક્યા હોતા હય.

(૧૭૯૧)—હોરી સંગ્રહ—રાગ હોરી ચાલ, કાફી,

સામરા મત ડારો પીચકારી, ભીંજત મેરી નવરંગ સારી,
મત ડારો મરજાદ, સુ રહીયો, મેં હું કન્યા કુમારી,
તુમહો, નિરલજ. અમ નહિ એસે, મુખસે દઉંગી ગારી;
કુજેતી હોયગી તુમારી —૧
પર નારકો પાલવ પકડયો, મોહન મનમેં બિચારી;
માત તાત તેરો વદધ ભયો હે, રાજ કંસકો ભારી. કહું
સબ એબ વિસ્તારી—૨
એસી હામ હોયે હૈયેમેં, પરનો નૌનમ નારી—સા૦

(૧૭૯૨]—સુરદાસ ભજન—રાગ, ખ્યાલ ઠુમરી.

સામરો ન જાણે મોરી પીર, કનૈયો ન જાણે મોરી પીર. એસી પરરર
મે દધી બેચન ગઇતી બંદ્રાવન. સામરવાને ખેંચ્યો ચીર ચરરરર.
મેં જલ જમના ભરન ગઇતી સામરવાને છાંટયો. મોહે નીર
છાંટયો છરરરરર,
બંદ્રાબનમેં રાસ રચ્યો હે હરીનાં હમારા ચીત ચીત ચાલ્યા ચરરરર.
સુ દાસ પ્રસું તુમ્હારે મીલનકું દેકયો મોપેતીર [૩] વાગ્યો તરરરરરર.

(૧૭૯૩)—મીસ અચ્છનબાઇ—રાગ, દેશ ઠુમરી.

સાવનીઆ સુરત તેરી દેખી' કન્હૈયા શુધ બુધ ન રહી તનમનકીરે.
જબસે ગયે મોરીરે સુધકુન લીનીરે હારે જીયરા ગભરાવે મોરા;
ક્યારે કરૂં કૂછ બસ નહિ આવે. આસ નહિ મોરે જીવનકીરે—સા૦

(૧૭૯૪)—કસોટી—

સાતરીયા મન ભાયોરે. પાપી યાર,
તનકો મનકો પ્રીતમ તમસે અંગ ભભૂત બનાયોરે —પાપી
પંછી પીછે પ્રેમકા હકકસે જાન,
બીવન અમ એસી કરો ખીલી ખીલી કાજીદાર

[૧૭૯૫]—લક્ષ્મી વિજય—

સાચો પારસમણી મળે ભિન્નભાગ્ય કહીં,
કપટી સ્વાથી, પાપાણુ છે જહીં તહીં-સાચો.

આધી વ્યાધી ઉપાધી મટાવે તન મનના મો તાપ સમાવે,
પુન્યશાળી જન ક્વચિત પામે,
વિપત્તિ સાહાયક, દુર્લભ વિશ્વ મહી–સાચો
[૧૭૯૬]—જલસા સંગ્રહ—રાગ, સારંગ.પદ,
સાચી કહી વાંકી કેહુ ન માને જુડે જગપતિ આગે સબનકો—સા.
હાંસ ખુસામદ તાજા રોજગાર નીરકારકો કોઉન જાને—સા.
ઇશ નગરીકે લોગ ભયે હે પરખ પથર બગાવે નગીને—સા,
[૧૭૯૬]—જલશા સંગ્રહ—રાગ સરપદાગરઓ.
સામળીયાને વિનતિ કરીને ઓધવ કહેજો અરજીરે...સા૦
પ્રીત કરીને પરહરયા છો સ્વાર્થના છો ગરજીરે...
દુધ વા દહીના દામ તો દેવો ખાઇ બેઠા છો કરજીરે...સા૦
લીધા વચન તે નવ પાળો શીદ મતી ફરી છે હરજીરે...સા૦
ફાટી કામળી ફેંકી શાને નહી મળ્યો શું દરજીરે...સા૦
સશી સુરતની કન્યા મોહી વહા કૂબડીના વરજીરે...સા૦
સુન્દર પ્રીતમને એટલું કહેજો જેમ તમારી મરજીરે...૦ા૦
(૧૭૯૮)—જલશા સંગ્રહ—રાગ, કાલીંગડો, હારી.
સાવરા કોન ખેલે તુમસે હોરીરે—સાંવરા.
મુરલી બજાવે, રંગ બરસાવે, સંગ નાચત રાધા ગોરીરે—સાંવરા.
તટ જમુના જલ પનીયામેં ગઇથી, બઇયા ઝક જોરીરે—સાંવરા.
જાય પોકારૂં મેં જશોમતી આગે, સીર ગગરી ફોડીરે—સાંવરા.
દાસ કહે પ્રભુ અબ કાંહા જઇએ, પ્રીત લગાયે કયું તોરીરે—સાંવરા.
સુ (૧૭૯૯)—જલશા સંગ્રહ—રાગ, દેશ, ઠુમરી.
સુનો તમ યાર પરદેશી, અચન કયસે નીભાવોગે સુનો૦
નદીયાં જોરશો બ્હેતી, ખવૈયાં સુજ નહિ પડતી,
પોકારૂં અપને હેમતકુ, લગાદે ઓપાર મોરી નઇયાં સુનો૦
બાળપન ખેલમેં ખોયા, જુવાની નીંદભર સોયા,
બુઢાપો દેખકે રોયા, નબીજી આશરા તેરા, સુનો૦
૧૮૦૦—વીણા વેલી—
સુંદર શામળીયા. નામ જપીશ નિત્ય તારૂં—સું૦
મનહરના મેળીયા, કાશી કરવત ધારૂં—સું૦
શામળા શણગાર હમારા માળજુ હર્યું કામણગારા.
વીનવે કરગરી દીન દયાળા દર્શન દો દીલદાર તમારા;
કયાં હું કહું દુઃખ મારૂં સુંદર શામળીયા
આસપાસ નહી વાસ નિહાળું, આહાહા, ત્રિભુવન બાસવું કાળું
નિરખું નહી મુખડું તારૂં, જઇ હીમાલય ચાત્ર હું માળું.

(૧૮૦૧)—"રા" માંડલીક—

સુવાસની મીઠી મઝા લેવા, અલી લલચાય,
કેતકી પાંખડી ખોલજે, મધુકર ગુંજન ગાય,
ગુલજાર ગુલાબ શા, આ અકીં મન્દ મન્દ ડોલે,
ઝુલતા તરૂની ડાળે, મેના મધુર બોલે;
શા પંખી હળીમળીને બેઠાં, વળી વાત પરસ્પર કૈં કહેતાં,
એના ગાન તાન લાગે મીઠાં, કળીઓ હૃદયની ખોલે—ગુલજાર.

(૧૮૦૨)—રૂકમણી સ્વયંવર—

સુઘડ તે સદ્દગુણશાણી નાર, સ્વામીને સ્નેહે ભજેરે,
પ્રીતમના પ્રીતે પુંજે પાય, શીયળ શૃંગાર સજેરે.
સુકન્યા સતીના નિયમને ધારે, ધર્મ શાસ્ત્ર શુભ ગ્રંથ વિચારે,
પતી ગુણ ગાતી ગાને, સતી ભવસિંધુ તરેરે—સુઘડ૦
સતીને પતી પરમેશ્વર દેવા, શુદ્ધ મનેથી કરતી સેવા,
સ્વામી ભક્તિની ટેક, વીજય વરમાળ વરેરે—સુઘડ૦

(૧૮૦૩)—ઓલનો કાગળ—રાગ, ટોટક

સુખ હોય જે નારને નાથ તણું, મળે સ્વર્ગીય સુખ સહુ તરગું,
સતિને નહિ માન તણું શમણું, ધીક તે અધમી ધરે જે રૂપણું.
પતિ પ્રેમ પિયુસ પાને કરે, નિત્ય સ્નેહ સરિતામાં સ્નાન કરે,
અની દાશી વિલાશી ઉદાશી હરે, મન વણી કર્મે પતિ સહ વીચરે.
પતિ સેવી સંસાર સમુદ્ર તરે......

(૧૮૦૪)—જલશા સંગ્રહ—રાગ દેશ ખ્યાલ.

સુરતજી ન ભુલીયે પ્રિયા હમારી, મેંતો આઇ હું શરણ તેહારી...સુ૦
ગુનહા કરમ મોગે એકમી નાહી. અવગુણ ભરી હું સારી...સુ૦
દેશ દેશમે નામ તેહારા, રટત હય સબ નરનારી...સુ૦
મોરે મનમે સુરત તોરી પ્યારે, એક પલમેં હેતના નેહારી...સુ૦
મહા સોચમે આન પરી હું, સો મોઇ બેગ ઊભારી...સુ૦
નીજામુદીનકે લાલ ફકરૂદીન મોજ તેરે બલહારી...સુ૦

સે (૧૮૦૫)—સુરદાસ—

સેવકની અરજી સુણી ધીરા, વગર વિલંબે આવો,
દયા દીન પર દીન દયાળુ, લાલ ઉમંગે લાવો.
વૃજવલ્લભ છો, મુજને વ્હાલા,
કીંકરી હું કરૂં કાલાવાલા, આ બાળકને બચાવો—સેવક૦
કરો સજીવન સ્નેહ ધરીને, મદમોહન પ્રભુ મારા,

નિરાધાર નારીના દુઃખને નટવર કરજો ન્યારા;
અવિનાશી આધાર તમારો, અવર કોણુ છે આમારો પરચો નાથ બતાવો

સો (૧૮૦૬)—જલશા સંગ્રહ—રાગ, પીલુ. હોરી.

સોઉં ન સોને દઉંગીકનઇઆ ફગવા દેઉંગી જગાએ જગાએ-સો.
અબકે ફાગ પીયા અવન કીનો મોરલી મધુર બજાએ બજાએ,
તુમ બીન મોહેકુ કલ ન પરત હે, રાખુંગી ગાએ બજાએ દીજાએ-સો.
અબીલ ગુલાલકી ભર ભર મુઠી, અત્તર ગુલાબ મીલાએ મીલાએ.
એક પલ હું પીયા જાને ન દઉંગી, રાખુંગી ગલેકુ લગાએ લગાએ-સો.

સૈ (૧૮૦૭)—આનંદ લહરી—

સૈયાં મોરારે મતવારે, વારિરે વારિરે વારવાર ડારી—સૈયાં.
એક હાથ મેરે ભરી સુરૈયાં, ધીટ લંગરવા તોરા;
જો જોરે મન માને તો તો, પિયું મતવાર ડારી—સૈયાં૦

(૧૮૦૮)—જલશા સંગ્રહ—રાગ, કાફી. ઠુમરી.

સૈયાં તોરે પૈયાં લાગુ બઇયાં ન મરોર...સૈયાં.
મેં બ્રિજ નારી દેખી, તેરી ચતુરાઇ,
તુને બરજોરી કર મોરી બઇયાં જકજોર ..સૈયાં.

સૌ (૧૮૦૯)—અંબરીષ—

સૌથી સુંદર છે. મારો નાથ મારો નાથરે,
ભકતમાળી એ દાસ કૃષ્ણજી, ગુણુસાગર એ નટવર નાગર;
મોકી અમર વરને સોંપ્યા હાથ (૩) રે ભકત.
વરવાને મન, નાભાગનો તન, સંસારે કરીશું એનો સાથ. (૩) રે ભકત.

(૧૮૧૦)—સુર્યકુમારી—

સૌહામણી સ્વર્ગની વાટ, એક દીન સોહાવજો હો રાજ,
રસિલી અમરાપુરી ઘાટ, એક દીન સોહાવજો હો રાજ.
મૃત્યુ લોકના મનુષ્ય ક્યાં, ક્યાં અમરાપુરી ઘાટ;
અધરીટ કહો એ કેમ, બને વસમી વીકટ એ વાટ.
મુગટ મણી તમે રાજ સદનનાં, પારીજાતક તમે નંદન વનનાં;
રાજવંસિ દેવાંશી રસીકવર, પ્રિતી જ્યોત પ્રકટાવી પરસ્પર.
મેળવવા અંતરમાં અંતર, સ્વર્ગ અમારૂં સોહાવજો હો રાજ.

સં (૧૮૧૧)—આનંદ લહરી—

સંપ સજો વ્હાલા ભાઇઓ, સૌ કુસંપમાં બેહાલ બન્યા;
હતા ધનવાન અને બલવાન, કુસંપે બન બલહીન બન્યા.—સંપ.

સંપ હતો તો પાંડવ પાંચે, સો કૌરવ પાડયા હેઠા;
કુસંપ થયો જયચંદ પૃથુમાં, તો પરજન ઘરમાં પેઠા.-સંપ
એક એક કીડી સંપે તો ભોરિંગના પણ પ્રાણ હરે;
આઆ નબળા સંપ કરે તો, થોડા બળીયા શું જ કરે.-સંપ
સંપથી લક્ષ્મી વધે ઘરમાં, કુસંપ વિષે તો ત્રાશજ છે;
કુસંપ તજો સમજુ શાણા, કુસંપે નક્કી વિનાશજ છે.-સંપ.

(૧૮૧૨)—તારા સુંદરી—
સંસાર સમજીએ શાણા મુશાફર ખાનું,
કોઇ નથી ટક્યું, કોઇ નથી ટકવાનું...શાણા.
દૂર દેશ તારો પ્યારા, અરે પરદેશી...શાણા,
કાલે સવારે ઉડી તારે તો, જવાનું...શાણા.—સંસાર૦
સગા ને સંબંધી તારાં, પંખીનો મેળો...શાણા,
તારૂં જે માન્યું તેતો. ન્યારૂં છે થવાનું...શાણા.
સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારનો,
ઉંચો ન આવે કામથી, આરામ તો પળવારનો.
આળસ તજીલે તું, લજી તજી તંત આ સંસારનો,
જવું જરૂર પડશે ઉઠી, ડંકો થતાં દરબારનો.
સત્યની શીરોઇ નીતિ જળે ભરી રાખ શાણા,
ભગવત ભજન ભાતું ભીડ ભાગવાનું.

(૧૮૧૩)—નૌતમચંદ્ર—
સંસાર ઉનાળે શિતળ વિશામા ક્યામા.
સૌ તાપ પ્રજાળે શાંતિ દળમાં વામા...સંસાર૦
જોડ વિનાં જન ખોડજ ભાંગે, પુષ્પ સુગંધી પ્રભુ પાસે રાખે.
કોણ સરોવરમાં જળ નાંખે, સ્વાદ મુકે કોણ આંબા સાખે.
ભણકારા ભૂલી લેવું ઉધામાં ધામાં,
લાવી મુક્યો છે શાર, ઘરનાંહિ, રામા રામા...સંસાર૦

(૧૮૧૪)—સતી સિતા—
સંસાર સર્વ અસાર, બંધુરો ધારો દુઃખ અપાર,
લેણુ દેણુ વેપાર ચુકાવી, જનમ્યું તેજ જનાર.
સંપતમાં નવ હર્ષ સજનને, દુઃખમાં ન દુઃખ લગાર,
સરખું મનથી શાણા સમજે, શીતળ જળ અંગાર...સંસાર૦
વિષ સમ માને વિષયને, ભોગ ગણે સૌ રોગ,
માને મન સંસારને, દીન નાવ સંજોગ;
નામ રૂપ ધરનાર જગત સૌ. અંતે નાંશ થનાર...સંસાર૦

નાં (૧૮૧૫)—મીસ ગૌહરજાન—

સાંવરીયાં મન ભાયોરે, બાંકો યાર,
કાહુમેં હજરત, કાહુમેં મુસા, આપહી આપ સમાયોરે;
અરે કૈસે હી રંગ, દીખાયોરે બાંકો યાર.

(૧૮૧૬)—જયરાજ—

સાંવરીયા મોરા પ્યારે, ના જાઇઓ પરદેશ.
કાનોમે કુંડલ ગલે બીચ સહેલી, લઉં જોગનકા બેશ...સાંવરીયા.

(૧૮૧૭)—દેવી દમયંતિ—

શા રંગ વિચિત્ર બતાવે રે વેરી વિધાતા,
ભવ અટવીમાં અથડાવેરે વેરી વિધાતા;
સહુ સુખની પાછળ લાગે નહિ દુઃખ કોઇપણુ માગે,
તો પણ દુઃખ ઠોકર, વગેરે વેરી વિધાત,
મતિ મંદ પ્રથમ થઇ મારી નળ થયો કનિષ્ટ જુગારી,
પસ્તાય રાજ્યને હારી રે વેરી વિધાતા.
ત્યાગી દમયંતિ જાયા, વિરૂપ થઇ આ કાયા,
સારથી થયો શી માયા રે વેરી વિધાતા,
સુરનાથ શાપ સંયોગી, દેખાય ચંદ્ર ક્ષય રોગી;
નરદેવ સર્વ દુઃખ ભોગી રે વેરી વિધાતા.

(૧૮૧૮)—ગજલ—

શાન્તિ ધરી સેવો હરી ટળી સૌ આપદા જશે,
રેશો નીત ધરીને ચીત અરે ? દહાડો ફરી જાશે,
તમારા દુઃખને દરદો જશે આઘા સૌ નાશી,
ન રહેશે પાશ તે કાંઇ, અરે સૌ ? સુખ તો થાશે,
લાખો લાભને લેવા, અરે જો અંતરે ઇચ્છો,
લહો નીત ધ્યાનમાં ભકિત, અરે દહાડો ફરી જાગે,
માફી સૌ ગુન્હાઓની અંતરે માંગજો ઇશથી,
નેકી કરી બનો નેકજ અરે અરે બદી ટળી જાશે.
કરો સૌ ધર્મને કર્મો અરે ? અરે અરપણુ પ્રભુને તો
લાયક લાભો બધા લેશો, અરે દહાડો ફરી જાશે,
લગોજો નીત નવાં ભાવે અર આનંદના લાહવો,
શીરાન પ્યારો કરી લેને અરે હાડોફરી જાશે,
નામ એ નાથનું નિત્યે રટણુ જીભથી કરી લેજો.
રીઝાશે ? નાથ સર્વનો, બધાં દુઃખડાં ટળી જાશે.
વરૂં, તર્યા, હજારો છે ! પુરાણો-વેદ-માં મોજુદ.

બાપોની જુવો થાપો અરે દ્રષ્ટાંત તો દેશી.
સૂત-પુરાણીક અને વેદમંત્રો, અને અન્યો કંઇ બીજા,
રહેલાં અચળ ધ્રુવ માફક, જગતને દાખલા દેશી.
તમોને બસ હમારી એ. અંતરની અરજ છે કે,
રહો, નીત ધર્મમાં રાચી અરે દહાડે ફરી જાશે.

૧૮૧૯—ચાલુ જમાનો—રાગ-કોરસ-

ઉઠ સવારે મોંઢું બસ ને વિલાયતી મંજનથી થાય,
વિલાયતી ચા કોફી ને, ઉના પાણી પીવાય,
વિલાયતી ડીનર વિલાયતી ફેશનથી લેવાય.
વિલાયતી કપડાં વિલાયતી ફેશનથી પ્હેરાય,
કોરસ } હમામ આ બધો વિલાયતી થયો.
} તમામ ગામઠી રિવાજ દેશથી ગયો.
વિલાયતી ભાષા વિલાયતી ચેષ્ટાથી બોલાય.
વિલાયતી લગ્નો વિલાયતી કોરટમાં તોડાય.
વિલાયતી બેંકોમાં ગોટાળા વિલાયતી થાય,
ને ધોળે દિવસે દીવાળાં પણ વિલાયતી ફુંકાય કોરસ-હમામ.
જ્યાં જોઇએ ત્યાં રંગ બધા આ વિલાયતી દેખાય,
વિલાયતી સોડામાં વ્હિસ્કી વિલાયતીસેવાય.
ધાન્ય ધરાને પાણી તેમજ જે આ કાળી કાય
ચાર વસ્તુએ જોઇએ ગામઠી, છાતી ફાટી જાય કોરસ—હમામ.

(૧૮૨૦)—આફીસ મુસાફર

શરબતે વસ્લ પીતા માઇ ડીયર કમ ટુમી,
પ્યાસેકી પ્યાસ બુઝા માઇડીયર કમ ટુમી;
લબસે લબ જાની મીલા માઇડીયર કમ ટુમી,
ફસલે ગુલબાઇ અગર આયા હએ મઓ સમ અચ્છા;
એક બોસા તો દીલા, દો સમોસા વોહ બીલા.
ન સતા ઉદ ન સતા, દીલ જલેકો નજલા,
બે ધસ આસકકી દોઆ, કર ભલા હોગા ભલા,

(૧૮૨૫)—સુકન્યા સાવિત્રી—(યમ સાવિત્રી સંવાદ)

શા માટે શ્રમ કરે, સતી તુજ પતિ ભકિત સાચી (૨) હવે પુત્રી વળ તું પાછી (૨)
સાવિત્રી—સજ્જન કેરા સાથમાં, મેંડગ ભરીયાં સાત,
મિત્ર ભાવે સુણજો હવે, આ દિન વનીતાની વાત.
ધર્મ જે વેદ પુરાણે ભણીયો, મુખ્ય ધર્મ ગૃહસ્થાશ્રમ ગણીયો,
કૃપાનાથ યમ, પ્રાણનાથ સં રહી વ્રતી રાચી, (૨) તણું મહારાજ કયમ પાછી (૨)

યમ—સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન આણી.
સત્યવાનના જીવત વિનાં, કાંઇ ઇચ્છીત, વર યાચી (૨) હવે.
સાવિત્રી—મહારાજ ! (મારાં અંધ સાસુ સ્વસુર દેખતાં થાય.)
યમ—તથાસ્તુ ! ભાગ્યવતી તું અતિ દુર આર, થાય કાથી મિથ્યા
નવ ભાવી—શા૦

સાવિત્રી—પતિ સમીપ શ્રમ નહી જરી, જ્યાં જાઓ મમ નાથ,
તપવ્રત આપકૃપા વડે ત્યાં આવું તમ સાથ, સંગત સજ્જન તણી નથી સોંઘી
મૈત્રી સંત પુરૂષની મોંઘી, કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃત્તિ રાચી (૨) વળી.
યમ—અર્થ યુક્ત સંભાષણ તારૂં બુદ્ધિમાં વૃદ્ધિ કરનારૂં,
સત્યવાનનાં જીવીત વીના, કાંઇ ઇચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી-મહારાજ (મારાં બુદ્ધિશાળી સસરાજીને પાછું રાજ્ય પ્રાપ્ત થાય)
યમ-તથાસ્તુ ! ઉત્તમ વર એ આપ્યાં ભાવે, હજી પ્રેમહદ પુંઠળ આવે-શા.

સાવિત્રી—સુપાત્ર જન કરતાં કદી, સુપાત્રોનું સનમાન,
નાંચુ, તો દુશ્મન તણું. પણ સાંધે કલ્યાણ.
સંત પુરૂષોની સમાન દૃષ્ટિ, દયા તણી વરશાવે વૃષ્ટી.
કૃપાનાથ મમ પ્રાથનાથ શું, રહી વૃતી રાચી. (૨) વળી.
યમ—શિતળ વચન સુધાસમ તારાં, તૃષા તૃષાતુરની હરનારાં.
સત્યવાનના જીવીત વિના, કાંઇ ઇચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી—મહારાજ ! (મારા પિતાના કુળની વૃદ્ધિ કરનાર મારે સોં
ભાઇ થાય)
યમ-તથાસ્તુ, સાસરીયાનું માન વધાર્યું, પીયર તણું પણ કાજ સુધાર્યું-શા.

સાવિત્રી—પર દુઃખે દુનીયા બને, દુઃખદ હૃદય વિશ્રામ,
અરજો ભારે સંતનો, વાનુદરં શુભ કામ.
સજ્જન માંહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતું સો આવે.
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃતી રાચી.
યમ—મધુરાં નવીન વચન સંભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યાં
સત્યવાનનાં જીવીત વીનાં, કાંઇ ઇચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી—મહારાજ ! (મને મારા સ્વામીથી ઔરસ સો, પુત્ર થાય.)
યમ—તથાસ્તુ ! ઘટે ના થાવું અતિ વર લોભી, તજી તું હવે
જા અહીં થોભી—શા૦

સાવિત્રી—સ્વધર્મ વ્હાલો સાધુને, જે ચુકે નવ લગાર,
સાંપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણાં આધાર.
સજ્જન કરે ન આશા આપી, ઓલ્યું અબોલ્યું ન કરે કદાપી,
કૃપાનાથ મમ પ્રાણનાથ શું, રહિ વૃતી રાચી. (૨) વળી.

યમ—અમુલ્ય તારાં વચન વિચારી, વાધે તુજમાં ભકિત મારી,
ભગવતી છેલ્લું ઉત્તમ અનુપમ, ઇચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી—પુત્ર તણું મુજને દીધું, પ્રભુ આપે વરદાન.
જીવીત દાન દઇ જીવનને, સત્ય કરો ભગવાન............

(૧૮૦૨૬)—બુદ્ધદેવ—

શાણા, પરણાના ચૂકાવો પૂરા નાણાં, બુડી મરો લેતાં દીકરીનાં નાણાં.
હાય નાં-બાંધો પાણા.
દીકરીનાં લઇ દામ, જગમાં સુખિયા કોણ કેંવાણા,
હરામ નાણાં સાથે, મૂળના નાણાં જાય તણાણાં—હાય૦
—તસરાજી સુખેથી ભરજો, પટારામાં પાણા
દીધી ના દીધી થાશે, ગવરાવો જશ ગાણું—હાય૦
—રકમ સાથે હેત કરીને, ફુલેતી કમાણાં,
ફેગટીયા હડકાને દેજો, ફાવે તેવા ઠરાણાં—હાય૦

(૧૮૨૬)—સ્નેહ સુધા—

શાણી સુંદરી શીલવ્રત ધારી, ભવથી તરીને તારનારી,
સીતા સાવિત્રી અનસૂયા, દ્રૌપદી જેવી નારી.
અજર અમર જશ કરી ગઇ જગમાં, સુશીલા સતી પદધારી,
મંગળકારી સહુ સન્નારી, તરીને તારનારી......શાણી.

(૧૮૨૮)—સરોજની—

શામળીયા ગીરધારી લાલા રોકો શાને વાટડી,
કપટી કાના કામણગારા, ચાતુરી ચલાવો કરી ચાળા-શામળા.
હૈયામાં હરી હેતજ ક્યાં છે, અમથા આંખો મારતાં વ્હાલા;
તન હૃદય એ રંગજ જુદા, શીદ સંતાપો ઠાલા;
ભોળી ભામાને ભરમાવા, કરો ન કાલાવાલા વ્હાલા-શામળીયા.

(૧૮૨૯)—લક્ષ્મી વિજય—

શાને સતાવે કામ બાળા બિચારી, હારા આણું વિંધાય કુમારી-શાને.
યોવન આવે અમલ જણાવે. તન મનને બહુ તાપે તપાવે.
પિડે જાણી આ નિર્બળ નારી... ... ...શાને.

શું (૧૮૩૦)—અનુમતી—

શું માયા અજબ હરીની. નહિ નિત્ય નમે મોહાય.
નથી ખબર એક ઘડીની. પાર રહે પસતાય,
કાળે ચોપટ બાજી બીછાવી, જીવ સોગઠીયો લાવી.

દેય દુઃખ સુખ પાસે ખેલાવી નર વા નર ખાલી,
બટકી મરે હ પદમાં ચગદાય.

(૧૮૩૧)—ઈલા સુંદરી—

શું તેજ ભરત ભૂમી આએ!
બ્રહ્મ રસે ભીના રૂષી વર્ગની વેદ ભુમી તે આએ!...શું તેજ.
વસિષ્ટ વિશ્વામિત્ર વાલ્મિકી. વેદ વ્યાસ વળી પરાશરાદિ,
શુદ્ધ સનાતન બ્રહ્મ તેજથી ઝળહળે જ્યોત સદાએ;
તે દૈવ ભુમી તે આએ? તે પુણ્ય ભુમી તે આએ?...શું તેજ.
ભીષ્મ ભીમ અર્જુન કર્ણાદી. પ્રતાપી પૃથુને સરમ શિવાજી,
નામે અંતર ઉછળે જ્યાં, આર્ય તણા ઉત્સાહે;
તે વિર ભુમી તે આએ? મમ આર્ય માત તે આએ?...શું તેજ.

(૧૮૩૨)—મહાશ્વેતા-કાદંબરી—

શું કહું કથની મ્હારી રાજ, શું કહું કથની મ્હારી.
હું તો દૈવના ત્રાસે હારી, રાજ...શું કહું.
પરખી પારીજાતક મેં, અરપણ કીધુ મન મ્હારૂં,
પતી તજી પરલોક સિધાવ્યા કરી જીવતર મમ ખારૂ.—રાજ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો આકાશે.—રાજ.
અરપ્યું મેં સર્વસ્વ સ્વામીને, પ્રેમની કફની ધારી,
તજી જગત જંજાળ સર્વ હું, પ્રીતે ભજુ ત્રિપુરારી.—રાજ.

(૧૮૩૩)—પાંડવ ગુપ્ત નિવાસ—

શું વદુ મુખથી વાણી છે, કઠણ કર્મની કહાણી,
પુષ્પ ખીલ્યું તું રાજ બગીચે મોજ રહ્યું તું માણી;
વિંધી વાયુ વંટોળો લીધું, વૃક્ષ સમેતે તાણી.—છે કઠણ.
પુષ્પ પડયું આવીને પટમાં, પણ વિમળ પથરાણી,
મધુપ ગણ પાસે નવ આવે, અધોગતિને જાણી.—છે કઠણ.
કાંતિ ગઇ કરમાઇ કુસમની, કીચડમાં કચરાણી,
પુષ્પ તણો પ્રભુ પુજ્યાંનો, ધર્મ થયો ધુળધાણી.—છે કઠણ.

(૧૮૩૪)—અશ્રુમતી—રાગ-ગરબો.

શુ નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો નાચી રહયો જગ નચાવી રહ્યો.

સાખી } "કોકલ મધુર મોરલી બની છેડે નટવર કાન,
વીરહે ઘેલી ગોપી તણું, તજી નીકળી અભીમાન."

રસીયા વિનાની બની બાળા ઓ બ્હાવરી,

વેણું વસંત ચિત્ત વીંધી ગયો-શું નટવર.

સાખી { "શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ.
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ."

વિધવિધ પંખીના વેણ ઘુમરી ઘમકેરે
મહિમહિ મેનાનાં નાદ ઝાંઝર ઝમકેરે.

સાખી { "નવપલ્લવ વાગો ધરી, પચરંગી શીર પાઘ,
ફાગ લાગ સાંધી રમે, મદનરાજ મહાભાગ્ય.

લહેરી લાલાથી રમે લલનાઓ લાડમાં, પ્રિતી ગુલાલ લાલ છવાઇ ગયો-શું-

(૧૮૩૫)—ભકતરાજ અંબરીષ—

શું કહું શ્યામરે (૨) વ્હાલા તું દયાળુ પૂર્ણ કામ છે...શું કહું૦
સુકેશી સળગી જાશે, જગમાં તુંજ હાંસી થાસે;
અંબરીષનો ક્યાં ભગવાન છે......................શું કહું.
મંજાની બાળ ઉગાર્યાં પાણીમાં પથ્થર તાર્યા;
હરિજન દુઃખ હરવા તારૂં કામ છે..................શું કહું૦
અગ્નિમાં સખા તારી, મહેનત શું થાતાં વારી,
જળ સ્થળ એ સઘળું તારૂં ધામ છે...............શું કહું.

(૧૮૩૬)—કળાવતી—રાગ, પીલુ, ઠુમરી

શું આપ ફરમાવો કોમળ ગુલાબી આ ફુલ,
યૌવન નવ રંગેથી કાંઈ ખીલતું, પટકે શી લાલી અમુલ.—શું.
રંગનો રશીલો વેલો આવીને મળશે, રીદું પાડો શાને નુર.—શું.
ધીમા નયનોથી નયનો મિલાવી, ખિલવશે પ્યારૂં આ ગુલ—શું

શ્રી (૧૮૩૭)—સરસ્વતીચંદ્ર—

શીતળ ચન્દ્ર જેવું, વદન કાંતિમાન.
નયન મીંચી લે તું શાંતિથી વિરામ.
બોલું કંઇ બોલું ત્યાં તો શરમ દબાવે છે.
કાંઇ કાંઇ અંતર થાય, થાય, થાય, ના સ્હેવાય.
ચાલુ ત્યાં તો ચરણો, અન્યો અન્ય અથડાવે છે.
લાગી લાગી આ સ્મર, દ્હાય દ્હાય, દ્હાય, ન સ્હેવાય.
જાગોજી જાગો વ્હાલો, નીંદ્રા વીસારી દ્યો.
રાગી થઇ ત્યાગી વ્હાલા, ત્યાગી સમાધી દ્યો.
લળી લળી લાગું હું પાય, પાય, પાય, ઢોળું વાય.

(૧૮૩૮)—વસંતપ્રભા—

શીતાપતીનું નામ પ્યારૂં, અમને લાગે સારૂંરે—શીતા.
માયા તણાં સમણા ઉડી ગયાં કારે કીધું જગત જુઠું ન્યારૂં રે-અમને
સાચા સ્નેહીને આજે ઓળખી લીધો ઘટમાં થયું અજવાળુંરે-અમને

(૧૮૩૯)—નર્મપચાશ—

હાંરે ગુંથી જુલમની જાળ અને કાળ વિકરાળ.
કેમ દીનના દયાળ દીલ સાંખશે;
ભુંડા જનની ભુડાય વેરી નાંખશે. ભલા જનને સદાય સાથ રાખશે
ક્રુર કસ્યપ હણ્યાં કરથી નીચ કીચક ગીરાય ઝેર વેરથી
પાપી અંતે પિડાય કુડા કમો ક્રિમરાય;
ખરસાણી વાવીને મીઠાં ફળ ચાખશે...હાંરે.

(૧૮૪૦)—ખુબસુરતબલા—

હાંરે ગોરી ચાલો ન હારો એકલી અલબેલી,
દેખો પરાસા જોબનના લુંટે ન કોઇ સાહેલી અલબેલી—હાં દેખો
સખીરી મય હારી મય હારી મોહે નસતાવો આપ જાઓ
કાહે રંગીલીસે પ્યારી નેહા લગાયા બતલાવો;
જાઓ અબ ન બોલુંગી તમસે ગુઇયા રાર ન મચાઓ
મધ સગ જાન સખીયા કહે બાત કાહેકો છુપાન;
મનકી બાત ભેદ કહત હુય મોહની અંખીયા—ચાલો.

(૧૮૪૧)—મહાશ્વેતા કાદંબરી—

હીરો હાથે ગુમાવ્યો ગુમાનમાં, મરી મનુષ્ય મનાવો હેવાનમાં.
ખોયું જીવન હર્ષ્યા ને અભિમાનમાં, પ્રોયું ચિત્ત ના પ્રભુના ગુણગાનમાં
દીધી દમડી ન એક પુણ્યદાનમાં, કર્યું કંઇ ના તેં દેહના કલ્યાણમાં.
પડી મુવો દુષ્ટ વાસનાની ખાણમાં.

(૧૮૪૨)—મહાશ્વેતા—કાદંબરી

હાંરે પ્રેમ સાચો પ્રભુ તણું ધામ છે, હાંરે સાચા પ્રેમીના બેલી શ્રીરામ છે.
બેલી શ્રીરામ છે...(૨) હાંરે, કાયા જે પ્રેમના પ્રવાહમાં તણાય છે.
નાવ તેનું ભાંગી ભવકાંઠ ભુકો થાય છે. વાલમ વનિતાના વિશ્રામ છે.
વનિતાના વિશ્રામ છે ..હાંરે, અંતર મંનેના અંતરમાં સમાય છે.
જેમ શુદ્ધ સાંકર પય માંહિ મળી જાય છે, તેમ દંપતિના અમર નામ છે.

(૧૮૪૩)—મહાશ્વેતા કાદંબરી—

હમારી લાજ તમારે હાથ ઓ નાથ નિભાવજોરે...હમારી.
"સદગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સત ચિત આનંદ ઉરમાં સ્થાપો,"
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે...હમારી.
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે,
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે...હમારી લાજ.

(૧૮૪૪)—ચન્દ્રગુપ્ત—ભારત ભૂમી ગૌરવ.

હિન્દ રાણી હતી, જગત-જાણી હતી, આખા આલમની આશ્ચર્ય કહાણી હતી,
સ્વર્ગ નવોની મશહૂર વાણી હતી—હિન્દ૦
ઋષિ-મુનિ-શૂરવીર-રત્નની એ ખાણી, જ્ઞાન-કળા-કૌશલ્યે જગગુરૂ ગણાણી,
વીરતામાં ચક્રવર્તીનું બતાવ્યું પાણી, સુજલ-ફલવતી, રસવતી, સરસ્વતી.
શ્રીમાં ઇન્દ્રાણી, બુદ્ધિમાં બ્રહ્માણી હતી—હિન્દ૦

(૧૮૪૫)—વિર અભિમન્યુ—

હમ ભગતનકે ભગત હમારે અર્જુન સુનો પ્રતિજ્ઞા હમારી,
વહ વ્રત ટરે ન ટારે...હમ ભગતનકે,
જબ (૨) ભીર પડે ભગતનપર, તબ (૨) કરત સહાસા,
ભગતકે કાજ ગરૂડવાહન તજ, નંગે પાયન ધાયો.
જબ (૨) ભીડ પડે ભગતન પર, તબ (૨) ભીતનકા ચેરો.
દેખ વિચાર ભકતી કી કે કારન, રથ હાંકન હું તેરો—હમ.

(૧૮૪૬)—કુસમ ચંદ્ર—

હો શ્યામ! અમને નેહ લગાડી, શું! તલસાવે આમ.
તુજ વીણ સૂની વાટલડી, આ મધુવનનો વિશ્રામ—
ગુંથી વ્હાલથી વનમાળામાં, આંસુડાં ના મોતી
બની બ્હાવરી કુંજ નીકુંજે, જમના તટપર જોતી
ગોતી હામ, ક્યાં જઇ ઠરીયે.................
રાખે મનનાં મંદીરીયામાં, મૂરતિ કાળજું કોરી.
તોય નથી ગમતી શું નગણાં ગામડીયાની ગોરી.
હારી જાય, શું! દુઃખ દરીયે.....................

(૧૮૪૭)—મીસ જાનકીબાઇ રાગ. ખમાચ જીલ્લા, તાલ ગજલ.

હમને તો જાનતક ન પ્યારીકી, અપને કદર કયા હમારી કી,
દિલ મેરા લોકે બન ગયે દુશ્મન, વાહ કયાં ખુબ દોસ્તદારી કી,
જાનપર બન ગઇ દિલે મુજતર, કોઇ હદામી હે બેકરારીકી.
ફોર હમશે ઉલઝતા કયાંથી મજાલ, હમને ખાતિર ફકત તુમ્હારી કી
જાનકી કિસતરહ પિયે બહુ સરાબ, ન કભી જીલને બાંદહ ખ્વારીકી

(૧૮૪૮)—ગોરખ ધન્દા—

હમારા ધરમી કાલા હય હમારે પયરહન કાલે
મિલે હયે જીનેજી ગોરા હમેં ગોરા કફન ઢાલે
હમારે જિસ્મે હયે જો મૂરતે જાગો જગન કાલે

મગર અયસે નહિ જયસે કેહોં કાલોકે કફન કાલે
સિયઃ ફામી હમારી ઉનસિયઃ ફારોંસે અચ્છી હય
કે હય જિનકા લિબાસ ઉજલા તો દિલ કાલે ચલન કાલે
કરે દફન ઉનકી મય્યતકો અગર સહને ગુલિસ્તામેં
તો સોસ નહી નહી પડજાએ ગુલ હાયે સમન કાલે

(૧૮૪૯)—રામાયણ—

હયહય કોઇ દેખે તો ભવરમે મેરા આના,
હય દૂર કિનારા નહીં પાનીકા ઠિકાના.
હે રામ! સમય દેખકે આંખે ન ચુરાના,
મયં ડુબતી હું દેખ જરા હાથ બઢાના.
ડોરી હય તેરે હાથમેં લાજકી ખબર દે,
ઉદ્ધાર મેરા કર મેરે ભરતારકા સર દે.

(૧૮૫૦)—શરીફ બદમાશ—

હર હર ગુલપર હય હરીયાલી હરસું ફુલી ડાલી ડાલી,
હર દીલપર હય કયા ખુશહાલી ચમકા કીસમતકા તારા.
કુરબાન ફલક પર અખતર અનવર સબ સઇયારે હંય,
મેહેમાન હમારી મહેફીલકે સબ રોશન તારે હંય.
દરબાર કે વાલી શાન નીરાલી હરદિલ પ્યારે હય,
અરમાન નિકલે દિલજાન મીલે ચેહ દો મહે પારે હંય.

(૧૮૫૧)—ગારીબ મુશાફર—રાગ ગજલ—

હર વકત તેરી સુરત અય જાન સામને હએ,
હર લહેજા સામને હએ હરઆન સામને હએ;
દીલ ચાક ચાક કરકે મુજસે એહ કહે રહે હએ,
એહ દીલ અગર તેરી હએ પહેચાન સામને હએ;
વાઅદા કીઆથા તુમને કે અચ્છા કસમતો ખાવો,
ખાઓ તો હાત દીલપર ઇમાન સામને હએ;
મુજસા ન હોગા કોઇ દો જાન રખનેવાલા.
એક જાન મેરે તનમે એક જાન સામને—હએ,

(૧૮૫૨)—રામાયણ—

હરે રામ હરે રામ હરે રામ હરે.
ભજલકર ચઢી નામ અરે બાવરે—હરે રામ.
રામનામકા જાપ છોડ કર ઓર નામકા કોન કરે,
કોન પ્રિયે મોરી કાપાની જગકો અમૃત કુંડ ભરે.

(૧૮૫૩)—ગોરખધન્દા—

હીરા મન બોલ બોલ, હર ભજ મુખ ખોલ ખોલ
મધુર ફુલ ફલ બનમેં દેખ નહો ડાંત ડોલ—હીરામન.
સદા બોલ કે મીઠી બાની અભિમાની તું રટ નિત રામનામકો.
બઢત નહીં ઘસ ટેં ટેં સે કુછ મોલ—હીરામન.

(૧૮૫૪)—રંગતરંગ—

હાં સંશય છે પાપી શેતાન,
સંસારે તેથી સંભાળી વિચારી સદા રહેવું સાવધાન;
જાલંધર કર્યો સંશય વૃંદા પર, થઇ તેના જીવનની હાણ;
પુંગણે તેનું વૃતાંત છે વિદ્યમાન,
દ્રષ્ટાંત દીલ સોચી શીક્ષા ધરો ધ્યાન
કુંભારાણાએ મીરાંબાઇના વિષે ભ્રમણાથી ખોટી શંકાથી;
ખેયું છે માન......સંસારે......હાં સંશય છે.

(૧૮૫૫)—જલશા સંગ્રહ—ભેરવી-ઠુમરી—

હો બેરાગી મોરા રામ—હો.
તનસે બેરાગી પીઆ; મનસે બેરાગીરે;
જીમરાને લીને હે બેરાગ, બેરાગી મોરા રામ—હો.

(૧૮૫૬)—અનવર કાવ્ય—રાગ બિહાગ

હે સજનારે તું મોરી સેજપેં આ,—ટેક
સેરા હમેલા હાર હજારી, ફુલું કે ગજરે લા.-હે સજનારે—૧
મેં તોરી દુલહન તું મોરા સ્વામી, હસદસ ગરેહુ લગા-હે સજનારે—૨
દરસન કારન તરસત નેના, ચાંદસા મુખરા દીખા.-હે સજનારે—૩
તેરે મીલનકો જીયા તલપત હે, બિચસેં પરદા ઊઠા-હે સજનારે—૪
જ્ઞાની ફીતો મીયાં એહી અરજ હે, બેડાપાર કીધા-હે સજનારે—૫

(૧૮૫૮)—જલશા સંગ્ર—ભેરવી-ગજલ,

હમારી દિલ લગી રખસે-કિસીસે દિલ લગા કાય;
મરીઝે ઇસ્ક જહાં હોકે-બુતોંકે વાં જગાવેં કયા.—હમારી.
દગલબાજી ભુઇ યારો-હકીકત કયા સુનાઊં મેં;
કિયા સબ બખ્ત મેરેને-કિસીકો હમ સતાવે કયાં—હમારી.
હમારી લાશ દોજખમે-ઊઠાકે ફેંકના યારે;
સિહા મું રોજ કયામતપરે-ખુદાકો હમ બતાવે કયાં—હમારી.
હિજરકે દર્દકી દારૂ-નહી મિલતી જહાંમે તો;

સિવાવો યાર દર્દો ગમ-કિસીકો હમ સુનાવે કયા.—હમારી.
અરે ફીરોજ વો વાકેઅ-હે મેરે જિગરસેભી;
નિકાલે ઠાલકે મુકો-કેસી હમ છુપાવે કયા—હમારી.

(૧૮૫૮)—રંગ તરંગ—(રાગ-ગઝલ,)

હર વકત તેરી મુરત અયજાન સામને હય,
હર લ્હેજા સામને હરે હર આન સામને હય,
દીલ ચાક ચાક કરકે મુજસે યેહ કહે રહે હય,
એહ દીલ અગર તેરા હએ પહેચાન સામને હય,
વાયદા કીયાથા તુમને અચ્છા કસમતો ખાઓ,
રખ્ખો તો હાલ દીલપર ઈમાન સામને હય,
મુજસે ન હોગા કોઇ દો જાન રખનેવાલા,
એક જાન મેરે તનમે એક જાન સામને હય,

(૧૮૫૯)—રતી સુંદરી—

હદવાંળે હય આશા, રંક અને નરવરને નમાવે વિશ્વમહી વર આશા
તૃષ્ણા સાગર માંહી તણાવે; પ્રબળ વધારી પ્યાસા
કર્મ તજી અપકર્મ કરાવે શર્મ રખાવે સાસા
ધર્મ પાંખે અધર્મ ધરાવે ભમે ભમાવે ખાસા
આશા તૃષ્ણા જગત જુગારે, અન્ય કૃતિના પાસા
હરે જીતની રસીક રમતામાં રોજ બનાવે તમાસા

(૧૮૬૦)—કરણઘેલો—

હીરીયાં મેરા નામ મએ તંબુલન તડાકેકી
લાવો કતરથી કતરૂં નગર પાન,
કથ્થે ચુનેકી દોસ્તી મેં હુઇ બદનામ;
અજી ખાનેવાલે આઓ,બીડા લેતે મેરાંજાઓ,
લાલ મુહનો બનાઓ, મીયાં આઓ આઓ—આઓ,—આઓ—હીરીયાં
દિલ્લીકા કથ્થા પુનેકા પાન અએસે બીડે ખીલાવું ભુલાવું ગુમાન,
અજી ખાનેવાલે આઓ, આઓ—આઓ હીરીયાં.

(૧૮૬૧)—વીર કુણાલ—

હું મદમાતી ભુલામણીને નામે પંકાતી
કોઇ લ્હેરી જોઇ લજવાતી હું લચક છબી લેખાતી
ભર જોબનમાં ઝોલાં ખાતી દેવ દર્શને જાતી
નીરખી કેકની અંતર કળીઓ ખીલીને કરમાતી

રસ ધી છલકે મુખ જાતી

(૧૮૬૨)—નરસીંહ મહેતો—

હવે મને હરી નામથી નેહ, ૨)સાંગી બીક મરવાનો મય માંગો-હવે.
માયા મંદીર મારે મનથી મેં મુકયાને, ઇન્દ્રીની ઓળખાણુ મુકી
દેહને હીરાથી હાર મઢેલા, તે પર ચાલ્યો થુંકીરે...હવે.
કોના સુત તાત કોના માત ભ્રાત સરવે સ્વાર્થના સગપણ રામે,
પ્રાણ ગયા પછી, પાસે ન આવે, કાઢો કાઢો મુખે ભાખેરે...હવે.

(૧૮૬૩)—અંબરીષ—

હરી પ્રેમે, પય લાવી હું નાથ હાથ ધરજો.
ભાવ ધરી ભોગો હરી હું-દીકરી લાવીરે.
ના વિસરી જાશો, હરી ટેક શરી છેક,
ગોવીંદ વીણુ, ગોપી જેમ ઘેલડી.
તેમ હરી પ્રેમ ભરી વિયોગી વેલડી,
હું ભિખારી હું તમારી, લ્યો સંભાળી આ ઘડી નેક.
પય લાવી હું પ્રીતથી, હરી લ્યો હાથો હાથ,
ભકિત ભાવે ભેટજો, રૂડા લક્ષ્મણીના નાથ.

(૧૮૬૪)—અંબરીષ—

હસિહસિ બોલે બાળા, નવિન કરે ચાળા,
એકવાર છાની બચી, લઉં તુંને વહાલા.—હસી.
ઉછળે છે ઉમંગે, છલંગ ભરી શીદ કાવા,
લે પ્રીતે પકડી, લે કર પય પાન વ્હાલા.—હસી.
મુખ કમળને જોઇ, તન મન અતિ હરખાયાં,
જાં પોઢી બાલુડાં શરદ પુનમના જાયા.—હસી.

(૧૮૫૬)—વિરકુણાલ—રાગ, ગજલ.

હતાં સંસાર વાડીમાં, અમે પુષ્પો પ્રમા વાળાં.
થતાં ઉપાં ખીલ્યાનાં ને. રહયાનાં ખુબ રઢીયાળાં.
ડુબ્યો ભાનું થી સંધ્યા, નિશા થઇ ઘોર અંધારી,
રહયાં તે પુષ્પ પણ તેમાં સુગંધી પુર્વની ન્યારી.
સહુ જાણો સુખોનો અંત, આવો દુખમાં થાશે,
કળી ખીલી સુકાશે ને પ્રબળ વેગે ખરી જાશે.
અરે તેથી ખર્યાં પડેલાં, ભલું કર કંઇ જીવન ભરમાં,
કરી પરમાર્થની કરણી, તરી જા એ વિષમ સરમાં.

(૧૮૬૬)—જુગલ જુગારી—

હતી અમારે ઘેર મ્હેર લક્ષ્મીની ભારી;
કરમ તણે સંજોગ થયા મુજ તાત જુગારી,

દોલત મીલકત સર્વ જુગારે બેઠા હારી,
નહાસી ગયા લઇ સંગ દુઃખણી માતા મારી.
હૈયું ન રહે હાથ વાત વિતક સંભારી,
ક્યાં છો વ્હાલા તાત ? ક્યાં મળે માતા પ્યારી.

(૧૮૬૭)—એ ક્ષતો કાગળ—

હરફેશનમાં પોઝીશનમાં ઓયસ આય એમ બ્યુટીફુલ મેડમ
જે દેખતા તે સહુ કહેતા ગુડ કે આનુ વેલકમ,
મુખાળી મેડમને હરદમ ખુશાલી આહાહા હાહાહા,
આઇ ગ્લાસ આંખ ઉપર ને માથે વિગ કાળી,
અંબ્રેલા લેડી ફેશનની હાથમાં રૂપાળી
છે લેડી બુટ પગમાં ને વોચ ખીસ્સે ઘાલી,
મોંપર લગાવ્યો પાવડર ગાલે લગાવી લાલી.
જે દેખતા તે કહેતા ? જુવો; કાળી મડમ ચાલી,
હું અલબેલી નાર નવેલી, સુધરેલી કહેવાઉં અલીહારી— નકું.

(૧૮૬૮)—" રા " માંડ્ગીક—રાગ, આશાવરી.

હઠ છોડ સખી ચલ સંગ મેરે, તોહે વ્રજમે કાન બોલાવત હેય,
નહીં તુમ બીન વાંકો ચયન પરત નહીં, ખાન પાન કચ્છુ ભાવત હેય,
મોર મુગટ નહીં પહેરત હય, નહીં અંગ સુગંધ લગાવત હેય.
નહીં ધેનુ ચરાવન જાત સખી, વોહે બંસીનાદ ન ભાવત હેય,
કયું એસે કીયો તેરો કઠીન નયો તોહે લાજ શરમ નહીં આવત હેય.
જાકો જોગીજન ધ્યાન ધરત, બ્રહ્માદિક પારન પાવત હેય,
તોરી પ્રીતને ભુલ ગયો ભુતા, તકસીર વો માફ કરાવત હેય,
એક બાત ન ઝુઠ કહું સજનિ, અબ કયા ઇતના તરસાવત હેય.
પિયા માધોસે બેગે મીલો પ્યારી, વાનો નેરોહી નાજ ઉડાવત હેય.

(૧૮૬૯)—સત્ય નારાયણ—

હઠ છોડો હરીની હદ થઇ થઇ થઇ થઇ,
માનો માનો મુકો મનુ, નહી નહી નહી નહી.
પ્રેમ નીરની માછલી, વીરહ તીર શોષાય,
મદન માછીની જાળમાં, તરફડતી ઝપડાય.
જાશે રૂપલામાં રશબસ, વહી વહી વહી વહી,
આપ પાય રેલો રમે, પેમે પરનો દોષ.
કઠણ કરમનો દોષ જ્યાં, ભાસે ના સંતોષ.
રહેતું ક્યાં સુધી દુઃખ કહો, સહી સહી સહી સહી.
કેવી લીલા રાધા હરીની, થઇ થઇ થઇ થઇ,
વાત ટુંકમાં પતાવતાં વધી ગઇ............હઠ.

(૧૮૭૦)—મોહબ્બત—

હજુ નહિ આયે બાલમ, કૈસે કટે રતિયાં;
બાલા જોબન મોરી છોટી ઉમરીયાં...હજુ.
સખી સંગ સોઉ નાહી, અબતો બ્યાકુલ ભઈ.
બ્રજમેં અકેલી રહી, રીરત મેં થક ગઈ;
બીના કનૈયા મોરી ધરકત છતિયાં...હજુ.

હા (૧૮૭૧)—મીસ ગોલ્ડનજાન—રાગ, જીલ્લા. તાલ, ત્રીતાલ.

હાય સૈયાં, પડુમેં તેરે પૈંયાં, સતાવો મોહે મોયકો.
પિયા પ્યારે સજનપે જાઉં વારી. મોહે બિરહકી મારી, કયો સૈયાં,
કટારી મોરે સૈયાં, કયોં મારી મોરે સૈયાં.
પલપલીયાં, તલપલીયાં એકલીયાં. હો રસૈયાં-હાય સૈયાં.
બિરહકી મારી. મયનો રાર કરૂંગી. કૈસે નિવડો તુમ હાય.
મોહ કાહે સતાયે મોહે કાહે જરાય,જીજલાય તરસાય-હાય સૈયા.

(૧૮૭૨)—સંસાર સાવિત્રી

હાય ગરીબી તણી જે પીડા, અમીર શું જાણે (૨)
ઝળ (૩) બળે મુજ મનમાં એનીજ મનમાં કાંઈ ન આણે હાય (૪)
જળ સુકાતાં સરીતા કેરૂં, જળચર પામે દુઃખ ઘણેરૂં.
દરીયાના પાણી જો હેરે હરૂં જળ વિણ દુઃખ શું એ પ્રમાણે-હાય (૪)
ભુખ ઉદરમાં શીરપર બાગે, પાડી પામ્યો જયમ કહીઆરો.
શું જાણે સવારી કરનારો, જમે ભાવતું જે નીત ટાણે-હાય (૪)

(૧૮૭૪)—વિક્રમ ચરિત્ર—

હાલો, વ્હાલો લાલા, મારા બાળા, કુંવર મારા કાલા,
ઝુલોને આનંદમાં, લાગે મુંખડું વ્હાલું, હાસ્ય મંદમાં.
રહો માના વિસામાં ચચનમાં, હસતા સુમનમાં.
વ્હાલાઓના વૃંદમાં, હાલ મ્હાલો, મામાના ભુવનમાં
ઓછું આણે રમે રાજ મનમાં, જઈશું થોડા દિનમાં વતનમાં કે ખુલંદમાં-હા

(૧૮૭૪)—સરોજની—

હાય મેણલાં મારે, પિટયો મેરૂમો, હાય મેણલાં મારે,
જરી કરૂં છણકો ત્યાં બિંગો, ધોકો લઈ ધમારે—પિટયો.
હું પણ બળમાં, તેમજ કળમાં, કયાં છું ઓછી કાચી,
એ ઉગામે ખોટી છકડ, હું ઠોકી દઉં સાચી—પિટયો.
બળ્યા ધણી તો રહે અડબડતા, આપણ રહીએ રમતાં.
તો પણ હું તો હારી ગઈ છું, દુખડાં ખમતાં ખમતાં—પિટયો.

(૧૮૭૫)—ફિરોજકૃત ભજન—રાગ, માંડ, ગરબી.

હાથ લાગ્યું ડોબું, હવે કેમ થાશે રામજી—હાથ.
આગળ જાતું સીંગમારે, પુઠ પછાડે લાત,
કાણું વલી કડકાણુંરે, કેવી અસીલ જાત—કેમ થાશે.
જોડું જ્યારે ગાડીએરે, આવ્યો જાણે જમ,
એક તસુ પણ હીંડવાને, ખાય બાપના સમ—કેમ થાશે.
દોઢશો પુળા ઘાસનાંને, પાંચ પાયલી અન્ન,
ડોબાં તને ખવડાવતાં તો, ખોયું સર્વ ધન—કેમ થાશે.
હીંડ મારા બાપુ તને, દેશું ઘીને લોટ,
ભાડુત જો પાછું જશે, થશે બમણી ખોટ—કેમ થાશે.
કાલે અડયો વાટમારે, બાંધ્યોં પુડે છોડી,
બેલ તારે કારણે, ગધેડો દીધો જોડી—કેમ થાશે.
વાટે મળ્યો વાણીયોરે, હસ્યો દેખી ઢંગ,
કદી બલદ ખરની જોડી, દીઠી છે અપંગ—કેમ થાશે.
ફીરોજ તને શું કહુંરે, બેલ નથી એકાળ,
ઘર ઘરેણું ગાંઠું ગયું, માઠા થયા હાલ—કેમ થાશે.

(૧૮૭૬)—રાગ સાજ સંગ્રહ—રાગ, ગજલ.

હીયાં ન કાહના બજાના બંસી, ન સ્વર સુનાના વો બાંસુરીકા,
ન આના જાના યહાં પૈ મોહન, ન ઢંગ દિખના બહાદરીકા.
ન હૈ યે મથુરા ન કુંજ ગોકુળ યે બરસાના હય શ્રી માધુરીકા,
બગલ દબાલો છીપાલો બંશી, ન દેખલે કોઇ છલ પુરીકા.
જો દેખ લેગી છીનાલે બંશી, અદબ કરેંગી ન જાદુરીકા,
યો લાથ બેઠોગે બાંસુરીસે, ન બસ ચલેગા કુછ ચાતુરીકા.
જરા ન શક માનો ઉશમે મોહન, ન આના ચાહિયે ઘડી બુરીકા,
કયા મૂં દિખાઓગે જાકે વ્રજમેં, છિના લે બંશી ગુનાગરીકા;
હૈ બેઢબ બસ્તી અદલ યહાંકા શ્રી રાધેરાનીજી બાંકુરીકા.
લલન તુમ્હારી હંસી કરેંગી, સબ સખીયા મીલ ભલી બુરીકા,
હિંયા ન કાન્હા બજાનં બંશી, ન સ્વર સુનાના વો બાંસુરીકા.

(૧૮૭૭)—લક્ષ્મી વિજય—

દીલમીલ સજની મીલે મોહનસે, મોરી લાગી લગન બાલાપનસે;
મેરા બાલા જોબન મજાખાયુ, વનમાલી બીના ન સુહાય,
મન મોહ લીયો બંસિ ધુનસે ... ...દીલમીલ.
બની અટક નુંકીલી ચાલ મુખ હસ હસત કે નંદલાલ;
કરે ઘાયલ મદ ભરે નયનસે ... ...દીલમીલ.

(૧૮૭૮)—નંદબત્રીશી—

હીંચે હીંચોળે નવેલડી અલબેલડી—હીંચે
મણીએ મઢી, હીરલે જડી, વિધીએ ઘડી, મદવેલડી રસવેલડી
મન મોહીની મોહી, સુરજ જાળીથી તું શું જુવે.
તુજ પરણી પત્ની તણી, નથી ,બ્હેન ભાન ભુલ્યો તું એ;
આ તરૂણીનાં તેજ આગળ, તોલ તારો તું ખુએ.
કીરણ સતાવે કેમ તું પશ સાંભળીશ મુખથી શું એ;
કરમાય છે કુમળી કળી, છબી છેલડી રસવેલડી—હીંચે.

હું (૧૮૭૯)—સુકન્યા સાવિત્રી—

હું નથી એવી ભોળી (૨) હવે તો રહીરે;
પાવરધી થઇ પુરી, મારી જોડ જડે નહી ખોળી—હું•
નિત્ય કજીયા કંકાશ કરી, ઘરમાં સળગાવું હોળી.
પ્રસંગ આવે પરખાશે, તું ગણજે કે કોળી.—હું•
ભલે ભાયડો ભીખ માગે, ખાંધે ઝોળી,
આપણે તો બાઇ ઘીમાં ઝબોળી, ખાઇએ ખીરને પોળી.

(૧૮૮૦)—સુરદાસ—

હું ભજન કરીશ હરીનું સદા સુખે,
આ સંસાર આગ સમ લાગે, મિથ્યા ફાંફાં મારી હારી.-ભજન.
નહિં કોઇને કેવા તમારી, વાત આ બંધાઉં છું;
રાખો ભરોશો હૃદયમાં, હું-દેવનાં સમ ખાઉં છું—ભજન.
છોડો ક્ષમા લાવી મને, ઝટ આંકીથી જાવા દીયો;
સંતોતણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દીયો—ભજન.

(૧૮૮૧)—સુરદાસ—

હું હવે નાચ્યો બહુજ ગોપાલ, કામ ક્રોધનાં કરી પરિધાનો;
કંઠે વિષયની માળ, મહદ મોહના નેપુર વાજે,
નિન્દા શબ્દ રસાલ... ... ...હું હવે.
કોટી કળાઓ નાચી બતાવી, ના રહ્યો કાળનો ખ્યાલ;
સુરદાસની સર્વ અવિદ્યા, દુર કરો નંદલાલ...હું હવે.

(૧૮૮૨)—જગતસિંહ—

હું છું રંગીલો જુવાન, ફક્કડ અકકડ ચાલું આમ;
જાણું છું વિદ્યા તમામ, રસિકલાલ મારૂં નામ.
બંદાના રૂપ આગળ માનો, કામદેવ પણ તુચ્છ;
કોઇ કામની રીઝા થાય છે, જોઇને મારી મુચ્છ.

એક્કો છું, વિદ્યામાં તેથી, પંડીતમાં પંકાઉં;
કસબી પુરો ગાવા માંહી, રાગ રાગણી ગાઉં.

(૧૮૮૩)—શારદાવિજય—

હું તો પ્રેમની જોગણ, પીયુને શોધવા ચાલી;
શોધવા ચાલી, પીયુને શોધવા ચાલી
રાજની ભોગણ, બની સરતાજની જોગણ—પીયુ૦
પ્રેમની કફની ધરીને, પ્રેમની ઝોળી;
અંગે ભભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળી—પીયુ૦
કરૂં સાધના શ્રૃંગારની, કરૂં શ્યામનું દરશન;
રટું મંત્ર માળા કર લઇ, બસ પ્રિયતમ-પ્રિયતમ—પીયુ૦

(૧૮૮૪)—વીર કેશરી—

હું પદ તજો હરામી. દુનીયા નથી સદાની
જર જોરને જુવાની, સહુએ થવાની ફાની.
સાચી સલાહ માનીને, કરણી કરો મજાની;
મમતા મુકોને પ્રાણી, સહુ અંતે ધુળધાણી.
આ જુઠી જીંદગાનીરે. સપના સમી લ્યો જાણી.
કોઇ આજ કોઇ કાલે, પરલોક પંથ ચાલે;
જમદૂત આવી ઝાલેરે, દુનિયા ડુબી જવાની.

(૧૮૮૫)—વિર કુણાલ—

હું તો વીધ વીધ રંગ બતાવું નેન નચાવું;
ને લલચાવું મારા કંથને વશ કરવા.
રીસ કરી જોરૂં આડી આંખે, ભૂમી ખણતી શરમાતી;
હાંરે સખી લળી લળી હું ચળકાતી—
મનાવતાં પણ હું મરડાતી, છણકે છટકી જાતી:
કહે માફ કર કાલાવાલા, કરતાં હું હરખાતી.
હાંરે સખી હસી હસીને ખસી જતી;
પગે પગે જ્યાં પ્રીતમજ, ત્યાં પાણી પાણી થાતી.

(૧૮૮૬)—શ્રી સિદ્ધ સત્યેન્દ્ર—રાગ, ગઝલ, કવ્વાલી.

કુછ હયુ દીલોજાંશે, ઊલફત મહંમદકી;
કે તડપાતી હે દીલ મેરા, મઝે કુ રકત મહંમદકી.
મદીનેસે જોતી હય, તો ઇતના પુછ લેના હું;
સબા જલ્દી બતા કેસી, તબીયત હે મહંમદકી.
ન હમ જન્નતમેં જાયેગે, નહિ દોઝખમે જાયેંગે;

ખડે દેખા કરેંગે હઅમેં સુરત મહંમદકી.
દરે જન્નત રીદવા જબકે, દરવાજાપેં રોકેગા;
તો હોગા હુકમ જાને દો. એ હય ઉમત મહંમદકી.
મીટાયા કુફ દુનીયાસે. બજાયા દીનકા ડંકા;
દીખાયા તુરકા જલસા, વો હય તાકાત મહંમદકી.

(૧૮૮૭)—આનંદ લહેરી—

હું છું નખરાળી નાર સામું ન જોશો લગાર-હું છું
નખરાંએ કંઇકને ઘાયલ કર્યા છે, મૂર્છા પામ્યા છે હજાર-હું છું.
વાંકી ભમ્મર મ્હારી કામણગારી નેણ જાણે ખંજરની ધાર-હું છું
—સ્હામુ જોશો તો પોક મૂકી રોશો બનશો એ અકકલ ગમાર-હું છું

(૧૮૮૮)—સરસ્વતીચંદ્ર—

હું પરણું કદી નહિ પીડા ધરૂં મહિં શીરે કદાપી સંસારની;
રહું બાળ કુમારી સદા બ્રહ્મચારી ભકિત કરૂ વિશ્વાધારની,
પ્રિતી તણાં પીંજર વિષે પરવશ થઇ પડવું નહિ;
સંબધીઓના બંધની બેડીથી તન જડવું નહિ.
આ નાટકી સંસારની દુગ્ધા મહિ મરવું નહિ.
અમ્રત ગણીને વિષમ વિષ પીવાનું મન કરવું નહિ;
જુઠી માયાના અંધારામાં હું પડું નહિ રહી વાત હ્રદય વિચારની.

(૧૮૮૯)—વસુંધરા ઉર્ફે બેધારી તરવાર—

હું રસવેલી મદઘેલી નારી તરશી પ્યારની (૨)નારી તરશી પ્યારની
છું યુવતી કામણગારી નર નયન બાણથી મારી રમું રંગે
રશની રેલી......નારી...હું

કોઇ લાલ લહેરી જો આવે રતિ સુધા સરસ પીવડાવે તે તરૂવરને હું વેલી
નારી......તરશી પ્યારની...હું...

(૧૮૯૦)—ખુબસુરત બલા—

હુવે બાઇ કોટ મીલા ટીનપાટ ગઇ તેરી મેરી જોરૂજી, (૨)
કયશી ડાલીથી લુટ માગે ડાસનકા બુટ કર્મા લાવે ન સુટ.
તો જાયે મડમ રૂઠ અપસી બનીથી કૈશા પે લોટ;
મુજે તો મેરી જોરૂને સમજા થા ભોટ ગઇ વરસે બલા.
પાપ સરસે ટલા અમ તો વોહ ટોપી અમ્માંના વોહ પુરાના;
જામા સજકે કરેંગે ડાહ બાહ.

(૧૮૯૧)—સન્યાસી—

હેરી આઇએ ગુન ગાઇએ રાધાવરકો જઇએ જીવનપર વારી પ્રય પ્યારી
કુંવર કનૈયા બંસી બજૈયાં ધેનું ચરૈયાં લેવું બલૈયાં...હેરી.
લટક લટક આવત લાલ સોહાવે સંગ ગ્વાલ;
રાધાકો પ્રાન પ્યારો નટવર શ્રી નંદદુલારો,
હસત હસત મોરો મન હરલીનો લાલ બલાપે વારી......હેરી

(૧૮૯૨)—હીંગ ખમાચ ભજન—

હે ગોવીંદ રાખો શરણ અબતો જીવનહારે ૨ અબતો જીવનહારે ૨
હે ગોવિંદ રાખો શરણ અબતો જીવનહારે ૨
નીર જીવન હેમ ગએ, નંદકે દુલારે;
ચીચકે બીચ ફસત જાય. ચરણ ગયે કમાકરે (૨) હે ગોવિંદ (૩)
અબતો જીવનહારે. ચાર પ્રહર જોગ ભએ, લે ગયે મથુરાનરે;
નાથ પ્રાણ સેવન લાગે, ક્રીષ્ણ ના પોકારે, હે ગોવિંદ (૩)

(૧૮૯૩)—રૂકમણી સ્વયંવર—

હેરી સખી આ વસંત સમીર સંદેશ કહે મને શ્રી વરનો.
રજ પુષ્પ સુગંધથી ગંધ વહે, કહે કૃષ્ણ કૃપાનીધી કુશળનો;
વળી કોકીલ ગાને સુવાણી વદે, મહિમા મુખથી નટનાગરનો.
લતા પત્ર પુષ્પ પ્રફુલ્લતની, હસી હસી કહે શ્રીગિરધરની;
ભીજો ભીની મુજ અંતરની શુભ ગેગ થવા કમળાવરની.

હો (૧૮૯૪)—સતી દ્રૌપદી—રાગ, ગરબો.

હો કનૈયાજીરે, અમને મોહન માય, લગાડી, અલબેલા;
વનમાં વેણ વગાડી, અલબેલા—હો૦

સાખી { "બંસીબટ-પનઘટ-નિકટ-તટ-યમુના યદુવિર;
"નીચે નટવર નંદના, હરી હળધરના વીર.

લીલી લવિંગ સતી, શોભતીરે;
લીલાં વનવૃક્ષ વેલ વાડીઓજીરે, બાગ વાલમજી—લી૦

સાખી { "ચાલો સખી જઇએ, ત્યાં, જ્યાં વસે વ્રજરાજ;
"નીર ભરંતા પ્રભુ મળે, એક પંથ બે કાજ.

રસીયાજી રાસ રમાડોરે, અમને રસીયાજી રાસ રમાડો;
સમીરે સંધ્યાની ચાલી, સરખી સાહેલી,
આનંદ અંગે પમાડોરે, અમને રસીયાજી રાસ રમાડો.

સખી { "બંસીબટ સમ બટ નહીં, નંદ ધામ સમ ધામ;
"વૃંદાવન સમ વન નહીં, કૃષ્ણનામ સમ નામ.

કાનજીને માથે, મણી જડયાં મોળીયાંરે;
તારા મેડીયાનો અડો અડો દડ ખમા ખમા-રૂપાળા-કાનને.
કાનજીને માથે પીળા પીતાંબર, પેરીયાં કાનજીને કાને;
કુંડળ હૈયે હાર. ખમા ખમા લટકાળાં કાનને-હો કનૈયા.

(૧૮૯૫)—પ્યારા સાહેબ—

હોરી આજ જલે ચાહે કાલ જલે મેરા કુંવર કન્હાઈ મોસે અુનં મિલે
મુજે બિરહ કો બીરહા સતાવે સુની સેજ મેકા ડસ ડસ જાવે,
મેતો મરત અરત હોરીસે શામ સુંદર મોસે આન મીલે.

(૧૮૯૬)—જલસા સંગ્રહ—

હોરી ખેલન ન જાની યા મન પિયુ અનારી,
હાથમે થલ ગુલ લ ફેંટમેં નીરપર ચડિયાં ભારી—હેરી,
ઉઠીલે ભેટ સોદાર આયા કયા કરે બનજ બેપારી.—હેરી.

(૧૮૯૭)—સુંદરવેણી—

હોકો બોલે ગુડ ગુડ, માંહે ભર્યું છે પાણી;
આગલા તંબાકુ લા લા દેવહંડા પાણી. (વાહરે મારા હોકા.)
હોકો વ્હાલો લાગેરે મને હોકો વ્હાલો લાગેરે ભાઇ ભાઇ;
હોકો વ્હાલો લાગે. ચોરાનો ચોધરીોને દીલ્લીનો દીવાન ભાઇ (૨)
હોકો વાલો લાગે (૩)
ચલમ તો ચતુરાઇ કરે ને હોકો હરાની માયા;
અલેછીમાં હાથ નાખી જાણે.(૨)
જાણે ગંગાજીમાં નાયા ભાઇ ભાઇ હોકો વ્હાલો લાગે (૩)
વહુએ વળાવી દીકરીનું આવ્યું આણું;
ખાવા પીવાની વાત ન જાણું ભાઇ (૨) એકો હોકો તાણું ભાઇ ભરાઇ
હોકો વ્હાલો લાગે (૨) વ્હારે મારા હોકા હોકા (૨)
ડુંગર ઉપર દરિયો જળે ને દરિયો કરે પોકાર;
ચતુર હોય તો ચેતજો મુરખ કરે વિચાર-વ્હારે મારા હોકા

(૧૮૯૮)—જલસા સંગ્રહ—

હો રાધા સંગ ખેલે હોરી સખી મીત દેખે અહો;
નંદ ગામડી સખીઆં કહત હે સબ મીલ ખેલે હોરી,
રાધા બીહારીસે-રંગ મચાવત, હમકો પાપ કરોરી;
ચલો સબ ખેલે હોરી..............હો૦

(૧૮૯૯)—ચલતાપુર્જા—

હાં મોરી જાન જીયરવા ધડકે કાંસે કહું દુઃખ મય દુખીયારી;
હાંએ ગઇ મોરી મતવારી મોરી જાન.

ભિપત ભવરમેં જાન હય દૈયા એ ઘટ ઘાટ ફુસી મોરી નૈવા:
ઝુધ કયસી ચેહ ખારી–મોરી જાન.

(૧૯૦૦)—વીર કેસરી—રંગ મરમો.

હાંરે ભાવ ધરીને ભજામી ભવ્ય ભારથી માતા;
દયામયી દેવી નમાં જયકર ગીનો દેવતા ગાત.
માતા તવ સૌજન્ય સાગર સૃષ્ટિ પર ફેલી રહ્યો છે.
વિજ્ઞુથીનો સૌરભ સુંદર લોકાલોક ફેલી રહ્યો છે.
નમામી વિશ્વ વિજેતા દે સુખદાતા વ્હાલી વિધાતા–હાંરે૦
જનુની અરજી ઉરમાં ધરજો વરદા વિમલા કરૂણા કરજો;
પરદેશી તણા હુમલા હરજો જય કિર્તિ સુલેહ સદા મળજો.
સહુ આર્ય મંહિ શુભ સંપ થજો છળ ભેદ વિવાદ પ્રમાદ જજો;
ચીરકાળ અમારૂ સ્વરાજ્ય રહો અમી વૃષ્ટી કરી દુઃખદાંદ હો.
ધર્મ નીતિ ચાતુરી હિંદીયે વિરાજો ઉન્નતીના શીખરે ભારત બિરાજો;
ન્યારી ન્યારી જહોજલાલી આપો આશ પ્રીય કરનારી–હાંરે૦

(૧૯૦૧)—સતી અનુસુયા—

હાંહાંરે સંતો સંત સમાગમ મોટો (૨) જેનો ત્રિભુવનમાં જોટો (૨)
જોટોરે, સંતો સંત સમાગમ મોટો–હાં હારે સંતો
કરવો હરીભજન વેહેવાર કે જેમાં કદી ન આવે ટોટો;
ટોટોરે સંતો સંત સમાગમ મોટો, હાં હારે સંતો.
જગમાં જાયું તે જવાનું ૨ કરતાં ખળ ખળભો ખોટો;
ખોટોરે સંતો સંત સમાગમ મોટો હાં હાંરે સંતો,
ધરવું ધ્યાન હરીનું સાંચું (૨) એ વિણ સઘળો ગડબડ ગોટો;
ગોટોરે, સંતો સંત સમાગમ મોટો. હાં. હારે સંતો.

(૧૯૦૨)—સતી પદ્મીની—

હાંરે. કોઇ વાલમને લેઇ આવોને, હાં મને છેલ્લા રંગીલા મેળાવો;
જુલમી જુવાની. આ હૃદય દીવાની, લલીત વીલાશી, એ વાલમ વિના.
રજની અંધારી હા, લાગે નકારી.
ચતુર ચકોરીને ચંન્દ્ર વિના, હાય બળી, હું હાય બળી હું,
પિયુ પિયુ તનથી તલસી રહી...

(૧૯૦૩)—મહાશ્વેતા કાદમ્બરી—

હાં, જઇ મળું આજે મિત્રને; પ્રાણ પ્યારા ......હાં જઇ.
સુન્ય હૃદય આ મિત્ર વિનાનું, જેવુ પુષ્પ સુગંધ વિનાનું;
તુજ વિરહે, હત ભાગ્ય હું માનું.
ભેટીશ ભગવતી સુંદરીને, મનોહરી મધુરીને મળાશે;
મનમાન્યો મહોત્સવ થાશે. ભેટીશ ભગવતી સુંદરીને—હાં જઇ.

(૧૯૦૪)—માલતી માધવ—

હાં હાંરે, મને ઠગી, ઠગારે મને ઠગી, જાણીને ભોળી નાર.
ખોટા બોલી શાને ખુવે છે ભાર—આ છે ખોટા કરાર(૨)
ખોટા ખોટા! હા ખોટા......ઠગી......

સાખી { "અંતર પ્રેમ વિના બધા, નિષ્ફળ કોલ કરાર;
"એ વિણ કો દંપતી તણો, નવ સુધરે સંસાર.

(૧૯૦૫)—સુર્ય કુમારી—

હાં હાંરે અમ્મર ધામ તણા વાસી સુખરાશી
પ્રેમ માર્ગના પ્રવાશી દેવાંશી;
પ્રેમની પરિસીમા તો જાણે જગમાંહી કોઇ.
વિરલા દેહ ધારીઓ તો ભાવના જુદીજ જોઇ;
જાણી જોઇ માણી જોઇ. અંતરે પ્રમાણી જોઇ.
ધોઇ અંતરના આંસુથી વિશ્વની ઉદાસી;
જેની દૈવી જ્યોતી જગમાં પ્રકાશી—અમ્મર.

(૧૯૦૬) માલિની—

જુઠો છે સંસાર સમજ મન જુઠો છે સંસાર.
મોહ ફંદમાં ફસો નહિ ભાઇ જુઠો છે સંસાર.—સમજ
લેશ વિપની જાણો વનિતા નર્કતણું છે દ્વાર,
કદી ભરૂસો કરશો નહિ કો પરતાશો ખુબ યાર.—સમજ
માત તાત મિત્રો ને પુત્રો સૌ સ્વારથી સંસાર,
કુટુંબ કબીલો માલ ખજાનો મીથ્યા છે ઘરબાર.—સમજ.

(૧૯૦૭)—ભીષ્મ પ્રતિજ્ઞા—

પોપટવાડીમાં પધારજો, લહેરીલાલ
મંદિરની સામે મુકામ છે.
નીચે દેશી દારૂની દુકાન—લ્હેરી........
ચંડુલ ખાનાનો માળ મારી પાડોશમાં,
કાકા કોવાનું નિશાન છે—લ્હેરી.........
તબલા સારંગી સુર, હરતા મન કંઇકના,
ઇશ્કી ટટ્ટુનું રમખાણ છે—લ્હેરી.........
લાલ સમીસાંજ પહેલ, વહેલા પધારજો,
ઉડતાળીઆનું તોફાન છે—લ્હેરી.........
ઉંચી નજર કરી, ગાડી ગબડાવતા,
મુરલીબાબાની મોકાણ છે—લ્હેરી.........

(૧૯૦૮)—મનુ-મણી—

પ્રીતિ પાશે પડેલીઓ બેન જા જા રીસાય શું
મીઠી આશે જડેલી ઓ બેન જા જા રીસાય શું
કોની લટકાળી બાળી આંખો રૂપાળી ? આલી કોણ,
મળ્યો વનવાળી ? બહુ બોલના–નારે ના આ.
હટ દૂર શી જરૂર વાહ–જા જા રે - પ્રીતિ

(૧૯૦૯)—રંગ તરંગ—

હર વકત તેરી સુરત અય જાન સામને હય;
હર લેહજા સામને હય હર આન સામને હય
દીલ ચાક ચાક કરકે મુજસે યે કેહ રહે હય;
એહ દીલ અગર તેરા હય પહેચાન સામને હય.
વાદા કીયાથા તુમને અચ્છી કસમ તો ખાઓ;
રખ્ખો તો હાથ દીલપર ઇમાન સામને હય.
મુજસે ન હોગા કોઇ દોજાન રખનેવાલા;
એક જાન મેરે તનમેં એક જાન સામને હય.

(૧૯૧૦)—ભીષ્મ પ્રતિજ્ઞા—

સુકાની મારો સંગીરે, આ ભવમાં
હે ભીડ ભંજન, અરિબળ ગંજન;
સંકટની સેના ચઢી જંગી—આ ભવમાં......
જાનકી જીવન, શિયળ નિભાવન;
કરશો ના મુજને આજ ભંગીરે—આ ભવમાં......
કમલ કળી કદી ઉગે નહિ નદી;
એ તો સરોવરની છે ઉમંગીરે—આ ભવમાં.....

(૧૯૧૧)—વીર કુકમીર

અહો અલબેલી નહુ મદઘેલી ભલી તું ભામા ભોળી,
દુલારી ભલી–ભલી તું-(૨)
નયન કટારી ભ્રકુટી ભારી, કંઇ કંઇ કામણગારી;
ઉસગતિ મદમાતી પીશું પીયૂનું પ્રણયનું વારી—અહો.

(૧૯૧૨)—રંગ તરંગ—

રચી મજાની ભાજી અંદો બાહેર સટકે છે,
ડ્રાઇવર વિણ આ ગાડી જોઇએ ક્યાં જઇ અટકે છે.
ગાજસ રચી મૂકીને આડું ટહેલું કાપીને,
ગજબ! કીધા છે માગીઝ ચાંપી છે...રચી.

(૧૯૧૩)—ભીષ્મ પ્રતિજ્ઞા—
લ્હેરીલાલને પંખો ઉડાનું હો રાજ—થઇ ગરમી.
આ પંખો લઇને સુથાર ઘેર ગયતી.
પંખાને દાંડી લગાવી હો રાજ—થઇ ગરમી.
આ પંખો લઇને દરજીન ઘેર ગયતી,
પંખાને ઝાલર સીવાડી હો રાજ—થઇ ગરમી.
પંખાને વાયરે તનમનની શાંતિ,
જાણે ચોપાટી પરની ઠંડી હવા—ગઇ ગરમી.

(૧૯૧૪)—અહારે પરસ્તાન—
અગર હમ બાગમાં હોતે તો ગુલશનકું લુટા દેતે;
પકડકર દસ્તમેં બુલબુલ ગુલોંસે જા મીલા દેતે.
જો હોતે બાગ કે માલી, લુટાતે ફૂલ ડાલી;
ગુંથાકર હાર ફુલોકા, વો દીલ બરકું પેના દેતે.
જો હોતે બાગ કે ભંવરે, કલી કે બીચ છુપ રહેતે;
મઝા ફિરતકી લેને કા, સુબો હોતે નીકલ જાતે.
હમારા દીલ પતંગ હોતા, ઉડાતે ગમકે દોરેસે;
ચઢાકર ઇશ્કકા માંજા, પતંગ ઉસકા કટા દેતે.

(૧૯૧૫)—કુંદન કુસુમ—
ફુલડાના શોખી કોઇ ફુલડાં લ્યો,
ફુલડાં સુંઘીને લાલ મુખડાં દ્યો.
મન કરો મોગરો, ચિત્ત કરો ચંપો;
કાળ જાતો કેતડો, સાચવા લ્યોરે નવાબો;
ગમરૂ ગુલાબ કોઇ લ્યોરે નવાબો;
ચુંટી ચુંટીને સુધી દીલડાં દયો.

(૧૯૧૬)—ગાયન—
મોરી લગડી કરીતી પ્રીત,
કે પલમેં તોડ ગયોરે—કે પલમેં.
સાકી બન કે જામ પીલાદે,
કરકે મસ્ત બેહોશ;
કે સુતડી છોડ ગયોરે—કે સુતડી.
ધોબન જાત કમીની કરકે,
ખીંચ કે દીલકી ડોર;
કે ડાચી મોડ ગયોરે—કે ડાચી,
દીલ દે દે બે દર્દી બલમા,
ઇશ્ક મચાયા શોર;
ઝીધર વો ચોર ગયોરે—ઝીધરવો.

(૧૯૧૭)—ભુજબળથી ભાગ્ય પરિક્ષા—

કયામત હયે કીસકા મુખર દેખ લેના;
કરેંગે યુહી દીલમે ઘર દેખ લેના.
મુબારક તુમ્હે બાંધના તેગો ખંજર:
મગર પહલે અપની કમર દેખ લેના.
મનેલ લેગે હમ દેખકર તેરી આંખે;

(૧૯૧૮)—ભુજબળથી પરિક્ષા—

પરદેશી સૈંયા નેહા લગાય દુ:ખ દે ગયો
અપનેકી ઓધિમાં કીગે ગયો
દુ:ખ દે ગયો. સુખ લે ગયો,—પરદેશી
સોતન મીરબાદ રાખો
જપરન લલચાય રાખો;
કહેકે અમૃતરસ ચાખો.
કહેકો રસબસ અભિલાખો.
હમસેબતિયાં કરકે પતિયાં ના દીયો;
સુખ લે ગયો દુ:ખ દે ગયો—પરદેશી

(૧૯૧૯)—ભુજબળથીભાગ્ય પરિક્ષા—

જાદુ નયનોકા મનકો લુભાય ગયોરે
આગ બીજુરકી તનમેં લગાય ગયોરે...જાદુ.....

ઉસ સીતમઘરકા પતા હાથ મેં થાકે કયુંકર?
ઓર પાઉં તો કહો હાલ સુનાઉં કયુંકર?
સામને બી હો ખડા ગરતો બુલાવું કયુંકર?
રૂઠ જાઇ તો સિતમ ઉસકો મનાઉં કયુંકર?
રાહ ચલતે જીગરકા ચુરાય ગયોરે—જાદુ...
ચલાહય છોડકે બિસ્મીલમુજે કહાં કાતિલ;
તું સરસે પ્હેલી મેરી કાટલે જાં કાતિલ;
જીનુંકા જોર હયે મેં બાર કિસ્સે કહું,
તુહી સુને ન સુને હાલે જાર કિસ્સે કહુ.
બાતબાતોં મેં મુજકો ફસાઈ ગયોર—જાદુ.....

(૧૯૨૦)—વામન અવતાર—

લોક કહેતા છકેલી રંગીલા મને જો તે કહેતા છકેલી.
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલા.
બાગ બગીચાની સ્હેલ બહુ સુંદર જાણું શું ઘરમાં ગોંધેલી
બદામી હલવોને પ્યારી જલેબી તાજી તાજી ખાઉં રહેલી—રંગીલા.
સાટીનની સાડીઓ ફસણા ભરેલી કોર સમજોન કોઇએ દીઠેલી
પોલકાને ચોળીયોનો પાર નહિ મારે ઝટકેથી લુંટી લાવેલી—
નવસેરા હાર સાચા મોતીના સુંદર બંગડીઓ માણેક મઢેલી
લુગડાંને જુગનાં આ લાડવઇ ફેરતી વિઘા હું પાણી બનેલી—રંગીલા.

(૧૯૨૧)-વીર છત્રસાલ-

હાથનાં કીધાં હૈયે વાગ્યા વૃતિ હરામ ન રાખવી.
ઘરડી ઉમરે જુવાન બૈરી ઇચ્છા કદી નવ રાખવી.
આજ મળી હંસા પ્યારી...
... ... પ્યારા હરીલાલને.
વૈદ બની કંઇક ગોટા કીધા, પૈસા ખુબીથી મેં લીધા;
પ્રતિજ્ઞા એવી હવે લઉં કે થાપણુ કોઇને ન આપવી.
સુધરી ગયા સહુ નીતિ પીછાણી અનીતિ વાત ન માનવી.

(૧૯૨૨)—રા, નવઘણુ.

લુચ્ચા જમાઇ તેં મારી ઇજ્જતનાં આજે કરાવ્યા કાંકરા.
પુછયા વિના તું મારી આ બાયડી લઇને ચાલ્યો કયાં વાંદરા.
પિતાજી મારા પીયર લઇ જાય છે.
વંઢાના જેવું જીવન આ થાય છે.
કાલે સવારના જાશું બજારમાં બૈરી નવિન કોઇ લાવશું.
ત્યારે તો દીકરા હસી હસાવી નવીને પ્રીતે રમાડશું.
ચાલો પિતાજી સુખે છોડીને ઘર,
બુધ્ધિમાં એમનો ડબ્બો તો ગુલ છે.
બાયડી લઇ ભાગવું આ તમારી ભૂલ છે-લુચ્ચા.

(૧૯૨૩)—રા ' નવઘણુ.—

ઓ બંગાલી બુલબુલ મારા શા કાજે રીસાઓ,
ખંભાતી ખચ્ચર અહિંથી ઘરભેળા થઇ જાઓ,
મારા માનીતા ભોજાઇ, ચાલને બોલાવે તારા
બાપનો જમાઇ.
ગંધાતી વરિયાળી અંતરગઢ માંહે ગંધાઓ:
જાઓ ખસો ભોળી ભામાને શા માટે સતાઓ.
—મારા...
ગૃહરાણી થઇ આ રાજાના મ્હેલોને શોભાવો.
છુટા છેડા આપી સીધા સોનાપુરમાં જાઓ.
નાની નણુદીના ભાઇ (૨)ચાલ.

(૧૯૨૪)—વીર છત્રસાલ.

રાજ સુંદર સુહાગી મળ્યા કાં તમે મુજને.
ઉર કમળમાળ ધારી ના વિસારશો મને-રાજ...

પિયુમમ કર્મવીર બની નિજદેશ હિત ઉરધરી.
પરિમલ પ્રેમનો ભરી અનુપમ કીર્તિને વરી.
પાળજો પિયુ હુલાસે
સ્નેહભીની રમણીના સુણાવો શ્યામ પ્રેમ ગુંજને–રાજ...

(૧૯૨૫)—વામન અવતાર—

ક્યાંય સરખી સમાણી જોડી ના મળે
સુનો લાગે સંસાર એળે જાયે અવતાર–ક્યાંય.
ખીલી જોબન ફુલવાડી પહેરી પચરંગી સાડી
કંચુકી કમાનવાળી મારી આંખલડી અણીયાળી
જોબન બહાર જાયરે–સુનો
ચંપાકળી સુંદર સરસ ભમરો સુગંધી ના લહે
કંટક છતાં ગુલાબ કળીપર ભ્રમરજી રાજી રહે
કસ્તુરી કાળા રંગની ઉત્તમ સુગંધી છે ભરી
હું છું રૂપાળી પદમણી તે મુર્ખને પાલે પડી સુનો

(૧૯૨૬)—દેવી ચૈધરાણી—

બીચરા દીન બની નરનાર ભારતમાં કંઇક જુએ મરતા,
તવંગર છેજ મહી અંજાય; ગરીબનું બેલી કોઇ નવ થાય,
ઉજાગે અંગ ઉઘાડે વસ્ત્ર વિનાના વસ્તી મહીં ફરતા
અરેઓ ભારતના ધનવાન કરોને તનમન ધનનું દાન,
બચાવો દીન જનોને પડો ન પાછા પરમારથ કરતાં—

(૧૯૨૭)—રા ' નવઘણ—

આજે થઇ ગઇ સાદી થાતી મટી બરબાદી
સાચી રહી આબાદી ઇચ્છા પુરી કીધી આજ
ખુબ જોડી મળી વાહ બંનેની આશ ફળી
નાચો ગાવો આવો ધુમ મચાવો આપસમાં સહુ—

(૧૯૨૮)—વામનઅવતાર—

બંધુ વશ કીધો મારો જે સરલ હૃદય ગુણવાળો,
નણદી નવ દોષ અમારો છે કપટી વીર તમારો.
શયન ભુવનમાં હતી એકલી છેડ કરી છેડ કરી છુપાઈ રહ્યા,
અંક ભરી પાલવ મુજ મોહન મન બરમાવી ગયા—નણદી,
ચંદ્રવદન મુખ શરદેન્દુ સમ ભ્રકુટી કામણગારી;
કામણ કરી લલચાવ્યો ભમરો લલિત કળા છે તારી—બંધુ
મનમોહને બોલાવી સાન કરી હું ભોળી ભુલખાઇ ગઇ;

સ્મરતણાં સરથી ઉર ભેદ્યું પરવશ થઇ લોભાઇ રહી—નણદી.
ખીલેલી જોબનવાડી તુજ મોહ રતી રંગ ન્યારો.
મુરકી નાખી તે ભરમાવ્યો ભાન ભુલ્યો વીર મારો—બંધું.

(૧૯૨૯)—સતી સુલોચના—
અરે મન વૃથા વિચારો કરે હોયજે ધાર્યું વિશ્વંભરે
આપ ચીંત્યું અધરથી ટળે અચિંત્યુ આગળ આવી મળે.
રામચંદ્ર માહારાજ અવધ રાજ્યસિન પર પગ ધરે
હરિ ઇચ્છાએ નરહરી સરખા તજી રાજ્ય વન ફરે—હોય
સીતા સરખી સુભાગ્ય લક્ષ્મી મૃગમાયામા પડે
કનક કુરંગે ચર્મને વશ થઇ રાવણ કાંધે ચડે—હોય.
જેનાથી નરનાગ સુર યમરાજ સરીખા ડરે
એવો લંક અધીશ શીષ દશ એક શીષથી—હોય.

(૧૯૩૦)—રતીસુંદરી—
ખીલી જોબનની કળી કરમાઇ જાય છે.પિય ભમરા વિનાની
વેલી ઘેલી થાય છે.
ઝુલે જુવાનીમાં ડોલતી ડાળીએ રસિયા વિનાની મુઝાઇ જાય છે;
પ્રેમીના પંથનો જે ગ્રંથ ગુંથેલો રસીલો નહિ ભેદુ વિના પરખાય
પ્રીતિ પુષ્પાવેલો
જોડી વિના જુવાનીનો જુવોને રંગઝરો, મરે છે પ્રેમલિલા પ્રિત
ફુવામાં અધુરો જઇ ભેદું રસીયાને રમણી હું દીસે એમ થાય છે—

(૧૯૩૧)—સતી સુલોચના—
ઓય મરી મઇ માડી મુક પોક હજુ તું તાણી
હાય બચાના.
રંડાથા આડો આંક છે.
મેરાનું નામ દેતી ગાવાને બેઠી
રંડા ચંપા ગેહી અબ તેરા કામ હય.
ધારીને ભગવા ઝાળી રાબોડી શેર ચોળી
દુનીયા ઠગવી એ જોગટાનું કામ છે.
ચંપાનું ચેટક વળગ્યું બુઢ્ઢાનું જીવન સળગ્યું
શોનાપુર બીજવાનેકા એ સોંગહય,

(૧૯૩૨)—નિર્મળગંગા—
વાહ ખરાળી કલી રસાલી ગોરવદન પર
ભોગી ભમર તુજ યોવન લુંટવા આવશે.
આ મહેલી યોવનવેલી રાજ રસિકવર,

પરમલ સુખકર ચીતડું તુજ શોભાવશે.
જાઓ મને ના સતાવો બળતુ જીગર ના દુભાવો (૨)
વાહ ? વાહ ?
શાંત હૃદય કર બાળ ધીરજ ધર રસીઆ પ્રિયકર.
રજની રસ ભર રંગે તુજને રમાડશે—વાહ૦

(૧૯૩૩)—રમણ સુંદરી—

જુવો અજબ જગત રંગે ઢોંગીલું જણાય. (૨)
સંત બીચારો ભૂખે મરે છે,
લુચ્ચો ઠગારો મોજ કરે છે.
હણે બકરી ને નહિ વાઘને મરાય—જુવો......
નાના મોટા કોઇ ન રહેવાના,
ટાણું થયું કે ચાલ્યા જવાના.
ઉગે રવિ તો પ્રભાત સાંઝે અસ્ત થાય.—જુવો......

(૧૯૩૪)—સતી સુલોચના—

પીયુની ખબર કોઇ લાવોરે સખીરી
મોહન વર મળવા સારૂં તલસી રહ્યું મન મારૂં,
સ્વામીને સંદેશ કોઇ કહાવોરે............સખીરી.
ચંદ્ર વિણ નિશા અંધારૂં વિયોગ્ય જીવન સારૂં,
દર્શન પિયુના કોઇ કરાવોરે............સખીરી.
વિકસે કમલિનિ પ્રાતઃ ભ્રમર રસિક આશે,
નાવે અલિરાજ કળી કરમાશે...........સખીરી.

(૧૯૩૫)—રમણ સુંદરી—

હું ઘોડે અસ્વાર રે હું અસ્વાર હું તો હું ઘોડે અસ્વાર.
ચટચટ હાંકું ઝટઝટ હાંકું મારૂં ચાબખ ચાર
—હું તો હું...

ઉં હું હું હું આમ કાં !
લે પ્યારના ચાબખા.
ચાર ત્યારે ચાર વેગે દરશન દે દીલદાર,
તારા આ શકનું મન હાલ
મારી નાજુકડી તું નાર
—હું તો હું...

કામી કપટી પરમાં લપટી, ખાંતે થાતા ખુવાર
આ તો વાગે છે.

બાઇ ડાહી તારી માગે છે ! મેતીઝ ને લાડવો,
તું કાળાં કૃત્ય કરનાર, ગાસ ચણ્યા ખાને ખુબ ઘોડા,
માથે જુદી ચાર
આવો પ્યાર
ચુપ ગમાર
—હું તો છું...

(૧૯૩૬)—નિર્મળ-ગંગા—

દીકરા બ્યુગલ બાદરમાં બી આશક ખટપટ કરતા;
મરદો મરદોપર મરતા અહા...હા...હા...હા...
ન્યાત કે કજાતનો કો ભેદના ગણે
વાગે બીંગલોને ગીત ગામના ભણે
સાત કે હો સાઠ વર્ષ તો ઉંટે ચડે,
કંથ કામીની સહાગે લાકડે વડે.—દીકરા...

(૧૯૩૭)—શ્રી જયમતિ.

હું ચાલું લચકતી ચાલરે-હું ગજ ગામની (૩)
સોહે બાહુ ભાલ વિશાળરે-હંસગમની (૩)
નયન તણે નખરે નચવું છું નાથને
નાની શું પરખે પ્રેમીના પાદને
હું તો બધું એ પરખું છું
પેખી પ્રિયતમ પ્યાર તું ગઇ ખુબચળી (૩)

(૧૯૩૮)—રૂક્મિણી હરણ—

બન્યા તમે પકકા ઉલ્લુના સરદાર,
તારે ખાતર બધું થાવા તૈયાર—બન્યા.
તારી પાછળ થયો છું હું,
બનો મારા સવારીના ટટ્ટુ.
ભલે બેસો મારા માન ખટ્ટુ,
તું કર્મનો પ્રારબ્ધ તાબેદાર—બન્યા.

(૧૯૩૯)—ગઝલ—

પ્રભુ પ્યારા નમન કરીએ, દયા દષ્ટિ કરો હરનિષ
ઉગારો તારો કે મારો, મદદ નિશ્ચે છે તારી એક.
હજારો મોજ મારે છે, લાખો પાપમાં રે' છે;
અમિ વૃષ્ટિ કરો પ્યારા, પ્રભુ અવિનાશી તું છે એક.
મદદ 'મુલ્લાં' ને આપો કે, રચે સંવાદ વિશ્રુરામા;
અમે તો દીન બાલુડાં, દયા ભંડાર તું છે એક.

(૧૯૪૦)—ગઝલ—

વિશુ ભારત અમારી માત, નવા જગને બતાવી દયો;
હવે સ્વાતંત્ર્ય અર્પીને, નવિન સ્વરૂપ લાવી દયો.
અમારા પૂર્વજો પ્યારા હરિશ્ચંદ્ર કૃષ્ણના જેવા;
અચળ કીર્તિ લઇ સ્વર્ગે, ગયા તે ધ્યાન ધરાવી દયો.
અમારો રેંટીઓ પ્યારા,
આ પ્હેરે ખાદીનાં વસ્ત્રો, બુદ્ધિ એવી બતાવી દયો.

(૧૯૪૧)—ગઝલ—

સુધારાની મઝા, બીરાદર બ્યુટીફૂલ બાળા;
લઈ ટાઉન વિષે ફરવા, જવું એ પ્યારી ફેશન છે,
મહાભારત જે રામાયણ, કિતાબો દીની ધર્મોની,
મૂકી મેટ્રિક અને બી, એ, થવું એ પ્યારી ફેશન છે,
સીતાર, તબલાને ફોનોગ્રાફ હારમોનિયમને ગ્રામોફોન;
વગાડી ચોપાટી ગાર્ડન જવું એ પ્યારી ફેશન છે,
સીનેમા, સરકસો, નાટક ચીરૂટ ટી પાન કપુરનો
બ્લાઇન્ડ ચશ્મા પ્હેરી નમને, થવું એ પ્યારી ફેશન છે,
ઓટોદીલ બ્હાર હીરામોતી હીરામાણેક લગાવીને;
વાઇફની સાથ કરે ઝઘડો, જવું એ પ્યારી ફેશન છે.

(૧૯૪૨)—

અમન ચમન ગમન કરો,
મળી સહુ સાથે...(૨)
કિસનલાલ—આવી રમા પાકશે,
હિંદ સ્વતંત્ર થશે;
સુંદરલાલ—પૂનર્જન્મ છૂટશે,
ચંચળા—બાળલગ્ન છુટશે,
ત્રણે—હિંદનો ઉદ્ધાર કરો,
વિજુરાખી માથે ...૨

(૧૯૪૩)—ગઝલ—

અરે! ઓ ચાહના શોખીન, પિવાના પેર પીઓ છો;
કરો તોલ ગુણ અવગુણનું વિનંતી એજ મારી છે.
ટરો લક્ષણ નહિ, પુરૂ, મૂખે ટપલીઓ મારીને;
અડાવો ચાહના પ્યાલા, તમોને શું એ પ્યારી છે.
જરા સમજો જરા સમજો, છેલ્લખતાં લેખ કો થરથાય;

અનાર્ય થાઓ છો ઇસ્કી, પીડા મન પર એ ભારી છે.
સ્ટીમરમાં ચઢી આવી, સલુણી ચાહ બની યારો;
બનાવ્યા આશકો તમને, વ્યભિચારી એ નારી છે.
કરે છે ખુનનું પાણી, હરે નૂર સાવકી માતા;
એ ચાહ તમને જે છે પ્યારી, તમારો જીવ હરનારી.
વળી બીડી કાળજું વીંધી, કરે છે કાર્ય શત્રુનું;
કરી ક્ષયરસ અને ખાંસી, હજારો મારે રીબાવી.
કરે છે વીર્ય ક્ષિણ એ તો, કુટુંબ પરિવાર પણ તેવો;
બીડી છે શોભતી પણ યાર, આખર પ્રાણ લેનારી.
બીડી ને ચાહના પુંજારી, ફરે વ્યસન નહિ છૂટે;
કરો મન થાયે તેવું છે, કરો કા જાનની ખવારી.

(૧૯૪૪)—ગઝલ—

કુસંપેરે કરી ને હાય! હિંદની સ્વાધીની આવી,
ન ભેદુના કુસંપે હાય! હિંદની સ્વાધીની આથી.
કહાં ગીઝની કહાં દીલ્હી, કહાં ઘોરી ક્યાં પૃથ્વીરાજ;
જયચંદના કુસંપે હાય! હાયે! સ્વાધીની આવી.
કહાં અંગ્રેજ બંગાળ, કહાં ક્લાઇવ કહાં શીરાજ;
મી. જાફરના કુસંપે હાય! હાયે! સ્વાધીની આવી.

(૧૯૪૫)—ગઝલ—

ઉસ સુરતકો દેખતેહી, દીખ તેહી, દીલ દીવાના હો ગયા;
મેનકા શરમાહી જાવે, ઉસસે આંશક હો રહા.
મોહિની હયે આંખ ઉસકી, હોઠપે સુરખી હયે ક્યાં!
જાણે લે લું મયે ચુમીઅબ, દીલ દીવાના હો ગયા.
સુર કોયલસા સુનાજબ, મુઝકો મનમેં ભા રહા;
અબ નહિ હયે હોસાલા બસ દીલ દીવાના હો ગયા,
ગાલ ઉસકે હયે ગુલાબી, કમર પતલી ક્યા છટા!
દેખ ઉસ મોહની સુરત, મયે દીવાના હો ગયા.

(૧૯૪૬)—ગઝલ

પ્રભુ મારો હતો તેવો ફરી ભારત બનાવી દયો;
ફરી ભારત બનાવી દયો, નવિન સ્વરૂપ લાવી દયો.
અમારા કૃષ્ણને અકબર, શિવાજી ભિષ્મને ગૌતમ;
સતી તારામતી જેવાં, અમારાં રત્ન લાવી દયો.
આહુતિ પ્રાણની આપે, સ્વદેશ માટે બની શૂરા;

અભય થઇ સંચરે જગમાં, મતિ એવી બતાવી દયો.
અમારા વીર ભક્તોના, પુર્નજન્મો પ્રભુ આપો;
ભયંકર શર્વરી બાળે, હવે મધ્યા હંકરાવી દયો;

(૧૯૪૭)—ગઝલ—

થવાનું ના થવાનું કે, નજુમી કોણ એવો છે?
ન જાણ્યું ગોપીના નાથે, સવારે શું થવાનું છે.
પૂણ્ય શ્લોક બની રાજા, નળે રે! સર્વ ગુમાવ્યું;
જણાયું તે ન પાંડવથી, સવારે શું થવાનું છે..
થઇ શલ્યા તણી અહલ્યા, કહો તે વાત છાની છે?
ન જાણ્યા ધર્મ જેવા એ, સવારે શું થવાનું છે.
પહાડ કૈલાસ ઉખાડીને, ન જાણે શું થશે રાવણ,
જણાયું તે ન ભીષ્મથી, સવારે શું થવાનું છે.
હજારો મોજ મારે છે, હજારો પાપમાં રે' છે;
હજારો શોચમાં છે કે. અમારૂં શું થવાનું છે.

(૧૯૪૮)—ગરબી—

મારારે સ્વામી બોલોની વાહાલા; મારારે સ્વામી બોલોની વાહાલા
ઘેલીરે થઇને ગોકુલમાં ભમતી બીજારે કોઇની વાતો નથી ગમતી

(૧૯૪૯)—પ્રેમ પ્રભુની મંગળ પ્રાથના—

પ્રેમમૂર્તિ! પ્રાણપ્રભો! પ્રાણપ્રભો પૂજારી!
હૃદયહરણ! હૃદયનાથ! છો હૃદય વીહારી! હૃદય.
આવો! વ્રજરાજ! આજ, ઉરનિકુંજ સાજે,
પ્રણયમંશી ગાજે, નામ આપનું પોકારી! હૃદય.
નીલાંબર જ્યોતિ જડિત, નિજચરણ પ્રસારી;
વ્યાપી રહ્યા વિશ્વનાથ! વિશ્વદેહ ધારી! હૃદય.
સૂર્ય મંડલોની રાસ, રસ ભરી જગાવી;
અનંત-લોક સભય ફરે, નિયમિત ગતિ ધારી! હૃદય.
પ્રસન્ન મુખ છબિ પ્રકાશી, હૃદયકુંજ માહીં
પ્રેમ પરિપૂર્ણ, મધુર ભાવના પ્રસારી! હૃદય.
પ્રેમામૃત સતત વહે, પ્રેમી હૃદય માંહી;
વસંત અનુરક્ત બને, મરત અભયધારી! હૃદય.

(૧૯૫૦)—ચોપાઇત્રીતાળ—

સેલી પોકારૂં મેં બનમેં
મેરી સેલી બસી મેરે મનમે

(૧૯૫૧)—શ્રી ગુરૂ શરણુ મહિમાં—

હું તો પામ્યો અવિચળ ધામ, ત્યારે બીજાથી શું કામ ?
મળ્યા ગુરૂ આજ—અવિનાશી રામ, ગ્રહું શીદ હવે અવરનું નામ ?
સ્વરૂપ પામ્યો, વ્યાધિ વિરામ્યો, જામ્યો ઉર આરામ;
વિષય, સૃષ્ટિ, સુખ તુચ્છ જણાયાં, મન ઉપજ્યો ઉપરામ—હું તો.
જાણ્યું જોયું સઘળું ખોયું, ખોળ્યાં શ્રી-સુખ-ધામ;
અનંત સુખ સચ્ચિદ્દન, એકજ ગુરૂ અભિરામ—હું તો.
મોક્ષ મંદિરે મહાલું નિશદિન, આજ પૂર્ણ થયા હામા
વમન કર્યું મેં વિષ વિષયોનું, વિશ્વ હવેથી હરામ—હું તો.
કોણ થકાવે પાય ફરીને, પુરી તીર્થ કે રામ !
બાંહ્ય ગ્રહી શ્રી સદગુરૂ નાથે, વસંત આત્મારામ—હું તો.

(૧૯૫૨)—કાહારવો—(ગન)—

છોડી બામન કી
અંગીઆકું અતર લગાકે ચલી
હાથમે પીંજરા ગુલાબકી છડી
બીંડી બજારમે ઘુમતી ફીરી

(૧૯૫૩)—શ્રી શંકરાવતાર મહિમા—

જગત્ આ હર્ષમાં રાજે, થયો અવતાર શંકરનો !
ગગન આનંદમાં ગાજે, થયો અવતાર શંકરનો !
બન્યું બ્રહ્માંડ મતવાલું, ઉછાળે જ્ઞાનનું પ્યાલું !
સ્વરૂપાનંદમાં મ્હાલું, થયો અવતાર શંકરનો.
નગારાં ધર્મના ગાજે, સકળ જન શાન્તિમાં સાજે,
વીણાંઓ વેદની વાજે, થયો અવતાર શંકરનો.
સુકૃતને પાળવા માટે, દુરિતને બાળવા માટે;
પ્રલયને ટાળવા માટે, થયો અવતાર શંકરનો.
વિષયની વાસના કાપી, હૃદયને આસના આપી;
જગતની મૂઢતા માપી. થયો અવતાર શંકરનો.
ચ્હડાવી વજ્ર લંગોટી, કસોટી દાખવી મોટી;
લગાવી બ્રહ્મસું ટોટી, થયો અવતાર શંકરનો.
ઉઠયા શ્રી આદિ શિવ ભોળા ! ઉડાવ્યા તેજના ગોળા !
ચ્હડાવ્યા પાપના ચોળા, થયો અવતાર શંકરનો.
વહે છે બ્રહ્મનાદો જ્યાં, શમે છે સૌ વિવાદો જ્યાં;
ટળે છે બહુ પ્રમાદો જ્યાં થયો અવતાર શંકરનો.

ગજાવ્યું જોરથી બ્રહ્માંડ, તોડયું વિશ્વનું કોભાંડ;
ફોડયું દાંડ-માયા ક્રાંડ, આ અવતાર શંકરનો.
ગયા કાશી અને ઝાંસી, અન્યાં સૌ બ્રહ્મપુર વાસી;
નિવારી મોહ ફાંસી ! થયો અવતાર શંકરનો,
સમાધિ ઐક્યની સાધી, શમાવિ સંપત્તિ લાધી;
નિઃસરણી મોક્ષની બાંધી, થયો અવતાર શંકરનો.
ડૂબાવ્યાં નામ રૂપોને, વિષયના વિષકૂપોને;
નમાવ્યા શ્રેષ્ઠ ભૂપોને, થયો અવતાર શંકરનો.
અસ્તિ, ભાતિ અને પ્રિયતા, ત્રિપુટીની બની ધ્યેયતા;
સ્વયં જ્યોતિ સ્ફુરી સત્તા, થયો અવતાર શંકરનો. !
અહં બ્રહ્માસ્મિ તત્વમસિની, ઉરમાં સિદ્ધિયો વિકસી;
સ્વરૂપાનુભૂતિ વિલસી, થતાં અવતાર શંકરનો.
નિરવચ્છિન્નાય, મોક્ષપ્રદાય, નમો દેવાય અદ્વૈતાય;
સુરાધિપાય નિત્યાયય, શિવં ભવતુ શ્રી શંકર નઃ

(૧૯૫૪)—ગજલ—

નાગનકે અંગે નાગ ઉસે પ્યાર ન કરના
અગર પ્યારકો કરનાનો હુશિયારીસે રહેના

(૧૯૫૫)—શ્રી ગુરૂદેવને ચરણે—

ગુરૂ ! છો દેવ-મહાદેવા ! શરણુ નૌકા ઉતારી છે;
ગુરૂની શ્રી ચરણ સેવા, અમે સ્નેહે સ્વીકારી છે.
અલખને લક્ષ્યમાં લેવા, સદાયે મન રહેવા;
ચરણ રજ મોક્ષના મેવા, અહીંને વૃત્તિ ઠારી છે.
ગુરૂ ! છે પ્રેમરસ પૂર્તિ, જીવન સંચારિણી સ્ફૂર્તિ;
અજબ આનંદ મૂર્તિ. હૃદય દેહે ઉતારી છે.
ગુરૂ બ્રહ્મા અને વિષ્ણુ. શ્રી ગુરૂ સાક્ષાત શંકર છે;
પ્રભુ શ્રી કૃષ્ણને રામે, ગુરૂમાં સિદ્ધિ ધારી છે.
પ્રભુ છે શ્રીગુરૂ પોતે, જગાવે જાગતી જ્યોતે;
અમર પદ બ્હાર શું ગોતે ? ગુરૂપદ જ્ઞાનઝારી છે.
ચરાચર વિશ્વમાં વ્યાપી, ગુરૂજી પાપ –દુઃખ કાપી;
અચલ શાન્તિ ઉરે સ્થાપી, બીજે તે કયાં થનારી છે?
ગુરૂજી ! જાઉં બલિહારી, જીવન સર્વસ્વ દઉં વારી;
ઉતારૂં આરતિ પ્યારી, ગુરૂમૂર્તિ પધારી છે.
છવાઇ પ્રૌઢતા મહિમાં, ગવાયો વેદમાં મહિમા;
શ્રીગુરૂ કીર્તિ શાસ્ત્રોમાં, ઋષિઓએ ઉચ્ચારી છે,

શલાકા જ્ઞાનની આંજી, દિધું અજ્ઞાનને ગાંજી;
સુધારી રંકની બાજી, ગુરૂ લજ્જા વધારી છે.
કૃપાધારી નયન ઝરતી, મુખે શ્રીશારદા સરતી;
વિભૂતિ વિશ્વની કરતી, દ્રતિ એ દિવ્ય ન્યારી છે.
અકળ વેદાન્ત સિદ્ધાંતો, ઉકેલી દાખવ્યા લાખો;
પરમ સંતોષ ઉર થાતો, કથા શી શાન્તિકા છે!
પરમ સુખરૂપ બ્રહ્મરસ, રસ્યો આનંદ નસ નસમાં;
શ્રીગુરૂ સાક્ષાત્ પ્રભુમૂર્તિ, અમોને પ્રાણ પ્યારી છે.
રહિત છે ભેદ બુદ્ધિથી. ગ્રથિત એ આત્મ શુદ્ધિથી;
શિખાવે તત્વની સ્મૃત એ, ગિરા વેદાન્તહારિ છે.
હૃદયમાં સિદ્ધિયો સ્થાપી, ગગન રૂપે રહ્યા વ્યાપી;
શકે કોણ શક્તિને માપી, બિચારી બુદ્ધિ હારી છે.
વિમલ છો નિત્ય શાશ્વત છો, અચલ-અદ્વૈત-વિપુલ છો;
પ્રબલ અપરૂપ ઉજ્વલ છો, ગુરૂજી! સૃષ્ટિ તારી છે.
જગત્‌ના સાક્ષી ચેતન છો, હૃદય શાન્તિ નિકેતન છો;
શરણના પ્રાણ-જીવન છો અકળલીલા તમારી છે.
અતીત છો- દ્વંદ્વ ત્રણ ગુણથી. અભિન્ન બ્રહ્મ નિર્ગુણથી;
બચાવ્યો દીનને ઋણથી. કૃપા જગ તારનારી છે.
અનન્ય હું આપને શરણે, સદ્‌ગુરૂ નાથને ચરણે;
પરમ શાન્તિ કિનારે આ, જીવન નૌકા ઉતારી છે.
વહન વૃત્તિનું વારીને, નિરંતર ધ્યાન ધારીને;
મમત માયા વિસારીને, શ્રીગુરૂસેવા સ્વીકારી છે.

(૧૯૫૬)---રખાતો---

શી સોભીતી દીસે રેહેના;
હરે તાપ તન મન કેરાં
અહી ફૂલ બાગ નદી નાળાં
આવે લહેર મંદ નેનોમાં
સુગંધી લહેર ધીમી આવી
કરે નાશીકાને ચકચુરા

(૧૯૫૭)—હરઃ સ્તવન્—

હર. (નાથ કૈસે ગજકો બંધ છુડાયો-એ
પ્રભુ! તમે જીવનપ્રાણ હમારો,
ઉર ભક્તિનાં કિરણો ઉતારો! પ્રભુ!
મોહ મમતનાં આ માયા મોજામાં, ડૂબી રહ્યો હું બિચારો!

કરૂણાસિંધુ હરિ! કરૂણા કરીને, દાસને પાર ઉતારો! પ્રભુ!
અજ્ઞાનના અંધાર વિષે વિભુના ભૂલ્યો હું નિશ્ચય મારો!
જ્ઞાનનો દીપ પ્રકાશી અંતરમાં, પામર-કિંકર તારો! પ્રભુ!
સંસાર સુખમાં હુ લુબ્ધ બનીને, ઉપકાર ભૂલ્યો તમારો!
દયાસિંધુ પ્રભુ! મ્હેર કરીને, બાળની માફી સ્વીકારો!
કામ ક્રોધ ને મદ મોહ મત્સર, લોભ શત્રુઓએ ઘેર્યો!
એ ષડ રિપુનો નાશ કરીને, છોડાવો આ ભવ ફેરો! પ્રભુ!
કામી, કુકર્મી, અજામિલ તાર્યો, બાળીને પાપનો ભારો!
વાલ્મિક, સુર ને તુલસી ઉગાર્યા, શઠ ગ્રહી ગજ તાર્યો!પ્રભુ!
માયા ઠગારીની જાળે ફસાઇને, જન્મ ગુમાવ્યો મેં મારો!
અધમોદ્ધારણ! ભવજલ તારણ! યમ કિંકરથી ઉતારો! પ્રભુ!
નાથના નાથ! અનાથના સ્વામિ! શરણાં ગત પ્રણ પાળો!
કૃપા કરીને આ રંક વસંતના, પાપના પુંજ પ્રજાળો!

(૧૯૫૮)—(પોલક)—

ચંદ્રમુખીને એકલી છોડીને હું આવયો અહીં
અહીં હેજી છોડીને હું આવ્યો અહીં
મારી અવસ્થા શી થઇ,
છોડી જાતાં તુને પ્રીયા,
નિરજીવ થઇ પડું હુ અહી,
એથી ભલું મરવું હીંઆં,

(૧૯૫૯)—વસંતાગમ!—

આ મુકુટ મંજરીના, નવમલ્લિકાની માલા!
તરૂણી નયનવિશાલા, આવી વસંતબાલા!
વિકસીત વિલાસવેલી, સુરબાલિકા સુરૂપી;
દિલદાર દિવ્યદેશી! આવી વસંતબાલા?
મધુમાલતી મધુરી, રસ રોમ રોમ પૂરી;
સજી સ્નેહસાજ શૂરી, આવી વસંતબાલા!
શશિ તારકા રમે છે, શીતળ શિશિર સમે છે;
ઉર ભાવથી નમે છે, આવી વસંતબાલા!
નિરભ્ર ગગનદ્વારે, ધીમે પદે પધારે;
સુખ-સાજને સુધારે, આવી વસંતબાલા!
કોકિલ કુજન સુણાવે, અલિ ગુંજનો ગજાવે;
પ્રભુભક્તિ ભજન ભાવે, આવી વસંતબાલા!
બની સૃષ્ટિ સુરસલીના, સત્કાર સ્નેહભીના—

ફરતી ઉભી નવીના ; આવી વસંતબાલા !
આનંદ અમિત આપી, ઉર ખેદ સકળ કાપી;
કેકા કરી કલાપી ! આવી વસંતબાલા !
આનંદ નાચ જોતાં, કંઠ મયુર મયુરીઓનાં;
લ્હાણુંએ સ્નેહભીનાં, આવી વસંતબાલા
ઉભી દ્વાર દેવીરૂપે, ન્હાતી પરાગધૂપે;
ઉર મર્મને જગાડે ! આવી વસંતબાલા !

(૧૯૬૦)—ઠુમરી (પરજ)—

મોરી અખીંઆં ફરકન લાગી.
ક્યાં ગયો યાર કીધર ગઇ શખીંઆરે,

૧૯૬૧)—વસંત કોકિલાને—

પધારો પ્રેમને પગલે. હૃદયનો હાર કોયલડી !
(પધારો હર્ષ મૃદુ ડગલે, જીવન આધાર કોયલડી !
વસંતાનિલ વહે મીઠો, મધુવનમાં મૃદુ મધુરો;
મધુકર આવતાં દીઠો ! મીઠાં ટહુકાર કોયલડી !
પુનિત પ્રભુતા સુધા ઝરત., સુણીને અમરપદ વરતા;
જગતમાં દિવ્યતા ભરતા, સ્ફુરો સંચાર કોયલડી !
અલેતું ગાન મહમાનું, જગત પાવન કરી દેતું;
વહેતું સ્વર્ગ સંચરતું, હૃદય નિરધાર કોયલડી !
મજાવી જ્ઞાન કુંજનને, જગાવી કર્મ કુંજનને;
ખિલાવી આત્મ ઉપવનને, જીવન સંચાર કોયલડી !
દીપાવો પર્ણકુટી પગલે, ચરણ તુજ ધોઉં દૂધલડે !
નાજુકડાં પ્રેમ પાવલડે, પુનિત કર દ્વાર કોયલડી !
ગજાવી તાન પંચમનાં, ઝૂલાવી ભાન મમતાનાં;
વિષયવિષ શોષી તન મનનાં, પ્રણય વિસ્તાર કોયલડી !
ઝીલી ગુંજન મધુકરનાં, રેલાવી કૂજન નટવરનાં;
ભજન કરી ભાવે ભૂધરનાં, સુધા વરસાવ કોયલડી !
તરે તું પ્રેમ પાણીમાં, મહોત્સવની ઉજાણીમાં;
ઝરે રસ ત્હારી વાણીમાં, સુધાની ધાર કોયલડી !
લીધો ત્હેં કંઠ કિન્નરનો, પીધો રસ કાન બંસરીનો;
લીધો ટહુકાર શંકરનો, કીધો ઉપકાર કોયલડી !
અજબરસ આજ મ્હેં ચાખ્યો, હૃદયસહ ભાવ અહિં દાખ્યો;
પ્રણય મહામંત્ર મુખ ભાખ્યો, ધરી સીતાર કોયલડી !
હજારો વર્ષ તું જીવજે, ગજવજે લોકરસ રહેજે;
વસન્તે સંત કૃપા કરજે, હૃદય શૃંગાર કોયલડી !

(૧૯૬૨)—(ઠુમરી)—

ગનવા મોરા કરસેં શરક ગયોરે,
રાજ દુલારીરે, શનો પીચા પીચારીરે.
જાને નહીં દઉંગી જોબનરશલઉંગી
કંગનવા મોરા કરશેં શરક ગયોરેફરીથી

(૧૯૬૩)—આશાભર્યું પ્રભાત—

થાળ ભરી સેવાનો ચરણે લાવીઓ,
પ્રભુનાં બાળો!
ભાવ ભરી અંતરમાં શરણે આવીઓ.
તમ દ્વાર સમીપ હું આવું છું,
મ્હારા ગુરૂના મંત્ર સુણાવું છું;
ઊભો હું અલખ જગાવું છું,
ઓ વ્હાલાંઓ!

ધરી જન્મ ધરી સાર્થક કીધું,
નહી અંતરધન લીધું દીધું;
કરી નિશ્ચય આજે વ્રત લીધું,
ઓ વ્હાલાંઓ!
સુકૃત કરશે પ્રભુ દીનબંધુ,
ખિલશે ઉજ્વળ ગગને ઇંદુ;
બાંધવડાં તર ભવસિંધુ,
ઓ વ્હાલાંઓ!

છે સાક્ષી સૂર્ય શશી તારા
ખિલશે ફુલડાં મધુરાં પ્યારા;
પ્રભુ બીરદ નહિ વિસરે મારા,
ઓ વ્હાલાંઓ!
છે ભિક્ષા એકજ પ્રેમ તણી,
નિરખો નજરે મધુરી નમણી;
ઉર ભરશે: મારો નાથ ધણી!
ઓ વ્હાલાં!

(૧૯૬૪)—કેરબો (ધનાશ્રી)—

પ્રભુરીઝી સ્હાયથજે જગરાય
કુદીકુદી બાલકો દ્વળસેવાથાય,
આવેનહીં હાપન ખવાય, પ્રભુરીઝી....

(૧૯૬૫)—આત્માનો અનેરો યોગ—

રંગે રગમાં ભરીને રાગ, ઝિલું છું તાન પ્યારાનું;
જલાવી અંતરે વૈરાગ, ધરૂં છું ધ્યાન પ્યારાનું.
નજર જ્યાં જ્યાં ફરે મ્હારી, છબી ત્યાં ત્યાં તેર ત્હારી;
બધું આકાશનું ચક્કર, બન્યું ચોગાન પ્યારાનું.
રઝળતો જંગલે જંગલ, જમાવી દઈ દિલ દંગલ;
મુબારક નામ મંગળ એ, જપું પ્રાણ પ્યારાનું.
મધુર કંઇ પક્ષીઓનાં ગીત, મીઠાં સુંદર ખરે સંગીત;
પશુ પ્રાણી પદાર્થે પ્રીત, છે ઉદ્યાન પ્યારાનું.
સમીરની લ્હેરમાં નાચે, રવિના તેજમાં રાચે;
હૃદયની ચક્ષુઓ માંહી, ભરેલું ગાન પ્યારાનું.
ચરમ જ્યાં જ્યાં ફરે મ્હારી, નિહાળું શ્યામની સ્વારી:
બનાવી સૃષ્ટિની ક્યારી, ટરે સૌ પાન પ્યારાનું.
બધું તદ્રુપ ભાસે છે. છતાંયે દૂર નાસે છે;
ઘડી પાસે ઘડી દૂરે અજબ છે ભાન પ્યારાનું.
ટળ્યો ભોગી-થયો જોગી :બન્યો હું રાગનો રોગી:
વિયોગી પ્રેમનો રોગી, ગાવું રાજ પ્યારાનું.
ન જનમાં કે રૂચે વનમાં, નથી શાંતિ ભજન ત્રગુમાં.
રટન રેલ્યું રંગેરમમાં, નિરંતર નામ પ્યારાનું.
ન રૂચે કંઇ પીવું ખાવું, ન સૂઝે આવવું જાવું;
બળી છે આગ અંતરમાં, ચહું દરૂપાન પ્યારાનું.
નજર ઝાંખી બની જોતાં, નથી ઝાંખી થતી રોતાં;
જગતનાં મારતો ગોથાં. માગું આશ્વાસન પ્યારાનું.
કહે લોકો પ્રભુ આધીન. ભક્તોને સદા ન્હેતા;
ખબર લેતા નથી શાને ? ગયું ક્યાં જ્ઞાન પ્યારાનું.
ભજું શા ભક્તિના નામે, અને પૂજું કયા પ્રેમે;
ન જાણો નાથ એ શાને? રહ્યું શું માન પ્યારાનું.
જલાવી દીપ બુદ્ધિનો, મ્હેકાવી ધૂપ શુદ્ધિનો;
ઉતારી ભક્તિની આર્તિ, ધરૂં છું ધ્યાન પ્યારાનું.
મ્હેકાવી શીળની વેલી, શિરે ભક્તિ મુકુટ મેલી;
હૃદયરસ રાગને રેલી, કરૂં છું ગાન પ્યારાનું.
ત્યજી સંસાર સુખ સજ્જા, સમર્પી માંસ ને મજ્જા;
ધુંટાવી લોકમાં લજ્જા, સજ્યું સન્માન પ્યારાનું.
બિચારૂં પ્રેમઘેલું આ, પ્રણવ રંગે રમેલું આ;
ન મળવાં પ્યાર આ ખુબાખુશ, અને બેજાન પ્યારાનું.

(૧૯૬૬)—ગરબો—

કેદી બન્યો ભુપાળ મલ્હારાવ કેદીરે બનીઓ,
સંવત ૧૯૩૧ના પોષ માસ ગુરૂવાર.
શુકલ પક્ષની સાતને જોની આવ્યો છે ઝટ સવાર,
મલ્હારરાવ કેદીરે બનીઓ (ફરીથી.

(૧૯૬૭)—અલૌકિક પ્રેમમસ્તી—

પૂર્જેલી પુણ્યના પૂંજે, નિહાળો પ્રેમલીલાને;
મતિ જ્યાં જ્ઞાનની ગુંજે નિહાળો પ્રેમલીલાને.
પ્રભુએ પ્રેમને રૂપે. ધરે અવતાર ભવકૂપે;
રચે બ્રહ્માંડના માળા, નિહાળો પ્રેમલિલાને.
વરી બહુ રૂપ દુનિયામાં સ્ફુરે એ બ્રહ્મ અમ તમમાં;
કરી જેણે વિવિધ રચના, નિહાળો પ્રેમલીલાને.
રવિએ પ્રેમદોરીથી, ગ્રહોના ચક્ર ઘૂમાવી:
જગત્ ચેતના રેડે, નિહાળો પ્રેમલીલાને.
પતિતનો પૂંજ પાવન એ. રસો રૂડું રસાયન છે.
અમર આત્મા ઉદ્દિપન એ, નિહાળો પ્રેમલીલાને.
અજબ એ વિશ્વની યંત્રી, પિયુપ નિર્વાણિની યંત્રી,
રચે કંઇ રાજને મંત્રી, નિહાળો પ્રેમલીલાને.
અકળ ભવસિંધુની તરણી, બની છે સ્વર્ગ નીસરણી;
અમર ને દિવ્ય નિર્ઝરિણી, નિહાળો પ્રેમલીલાને.
ધરી રાખે અધર સહુને, ધરાનું મધ્યબિંદુ એ;
અમૂલી શાન્તિસિંધુ છે, નિહાળો પ્રેમલીલાને.
જગત્‌નું પ્રેમજીવન છે, જીવોનું તેમ ચેતન છે;
હૃદયનું ક્ષેમ વેતન છે. નિહાળો પ્રેમલીલાને.
બધા સંબંધ ને નાતા, પરસ્પર પ્રાણ બંધાતા;
સદા એથીજ બંધાતા. નિહાળો પ્રેમલીલાને.
બન્યાં બ્હેનો અને ભ્રાતા, સુતા કાન્તા પિતા માતા;
બન્યાં કંઇ મિત્ર મદમાતા, નિહાળો પ્રેમલીલાને.
અરે એ એકદર લોકો ! અરે ! ઓ જીવન દુનિયાના;
જરા આંખો ઉઘાડોને, જુઓ આ પ્રેમલીલાને.
કરે ક્રીયા અજબ કેવી ! જનો એ પ્રેમને સેવી;
પૂજે છે દેવને દેવી, નિહાળો પ્રેમલીલાને.
ઉખેડે મૂળથી મેરૂ, વિખેરે વજ્ર વાદળને;
ઝુલાવે સપ્ત લોકોને, નિહાળો પ્રેમલીલાને.

બની શ્રીરામ એ પોતે, હણી હાથેથી પોતાને;
લડે મારે રમાડે છે, નિહાળો પ્રેમલીલાને.
રમાડી રેમે જાતે, રમે છે લોક જ્યાં સાને;
સજે પોતે વિધાતાને, નિહાળો પ્રેમલીલાને.
દિવસને રાતમાં રેડે, નિશાને જ્યોતિમાં તેડે;
ઉઘાડે સૃષ્ટિઓ ફેડે, નિહાળો પ્રેમલીલાને:
સકળ ચૈતન્યને પ્રીતિ, પ્રણય છે બ્રહ્મની જ્યોતિ;
અલખ એ સૃષ્ટિના કુંજે, નિહાળો પ્રેમલીલાને.

(૧૯૬૮)—ગરબી—

ગોકુલ ઘરસે મહીઆરી ઉતરીરે લોલ,
મારી મહીનીરે (એવાર)
મટુકી ઉતારરે.
અળગો રહેને પાળવ લાગશેરે લોળ (એવાર)

(૧૯૬૯)—ધર્મનો વિજય વાવટો—

સનાતન ધર્મનો ઝુંડો હમોને પ્રાણ પ્યારો છે:
ઉતાર્યો અંતરે ઉંડો, હમારો ધર્મ ન્યારો છે.
હતા ભોગી અને રોગી. હવે તો ધર્મના યોગી;
યુગો યુગના વિયોગીનો, પ્રભુ ભેટો થનારો છે.
છુટે જ્યાં મોહનો મારો. નથી ત્યાં દુઃખનો આરો;
વૃથા છે અન્ય ઉપચારો, ખરો એ એક ચારો છે.
ચહડાવી ધર્મની ઝોળી, વિભૂતિ કર્મની ચોળી;
લગાવી મર્મની ગોળી, ચલાવ્યો, એજ મારો છે.

ધખાવી ધર્મની ધુની. બન્યા અકવા ત્યજી મૂની;
બની સુખવાના સૂની, મળ્યો શાન્તિ કિનારો છે.
કહ્યો બાઇબલ કુરાનોમાં, વખાણ્યો સૌ પુરાણોમાં;
શ્રુતિ પોકારતી કહે છે, બધાને તારનારો છે.
બન્યો માર્ગ એકોનો, ભર્યો ભંડાર કષ્ટોનો;
હજારો સ્થાનો ભ્રષ્ટોથા, સદાનો એ ઉતારો છે.
ગગન પતાળ-જળ સ્થળમાં, અણુ પરમાણુ રજકણમાં;
ચરાચર વિશ્વલીલામાં બધે તેનો પ્રસારો છે.
બનીને બ્રહ્મધ્વનિ પોતે. જગાડે જાગતી જ્યોતે;
વસ્યો સૂર્યશશિમાં તે, જગતનો એ સિતારો છે.
ઘુમે છે સૂર્ય મંડળમાં, ફરે છે પ્રાણી પુદગલ;

રહે છે સર્વ જળ-સ્થળમાં, છતાંએ સૌથી ન્યારો છે.
બનીને જ્ઞાનમા તારો, પ્રજાળે પાપના ભારો;
પ્રભુના ભક્તને પ્યારો, અકર્મીને અકારો છે.
સજીને ધર્મના હથિયાર, થયા સંતો હમે તૈયાર:
હવે શા દુશ્મનોના ભાર? વિજય આજે થનારો છે.
બાણો જ્ઞાનોના છુટયાં, જગતનાં બંધનો તૂટયાં;
રસાયન પૃથ્વીનાં ખૂટયાં, હમારે એજ પારો છે.
હમારા અલ્પ જીવનને, લૂંટાવ્યું ધર્મના નામે;
ઉઘાડી આંખ જોયું તો, અસર તેની વધારે છે.

(૧૯૭૦)—ગાયન—
અવેસ્તેનું યાદકર અલાહકું આદમ

(૧૯૭૧)—દુનીયાની ઉલટી બાજી—
ભલાની એ ભલાઇમાં, ભરી પૂરી બુરાઇ છે!
બુરાઇની વડાઇમાં, હમે દીઠી ભલાઇ છે!
કરી દીવાસળી કેવી? બનાવી નાગડી રૂડી!
બરીને છે આગ ભીતરને? ઉપર કેવી સફાઇ છે?
બતાવી ભાવ ઉપરના. બનાવે ખાખ આખર શું?
ઠગારી મોહિની જગની, દીવાસલાઇ છે!
દુખાળે પાણીને ચાર વિના ભૂખે મરે પશુઓ
કસાઇના છુરી કાતિલ, છતાંયે શાન્તિદાઇ છે!
ભલું મરવું ઘડી પળનું, રિબાવું મોતથી બુરૂં!
અધુરૂં છો ગણો પુરૂં, જગતને કયાં નવાઇ છે!
કહે વ્હાલા અને પ્યારા! કહે આધાર છો મ્હારા!
ઉપરની એ સફાઇમાં, સરાસર બેવફાઇ છે!
બધા સંબંધ છે ચિત્તથી, શીખો આદેશ પંડિતથી;
ચાહે છે મારવા ચિત્તથી, કહે મ્હોડે કે—"ભાઇ છે"!
ગણે 'મારૂં' અને 'તારૂં', સરે જો સ્વાર્થ તો સારૂં;
ન સરતાં મ્હોં કરે ખારૂં! અહીં એવી સગાઇ જે!
અગ્નિ, સિંધુ, સોમલ, સાપ, ઉપર સાફ સુંદર છાપ!
કર્યે વિશ્વાસ ખાયે થાપ, તેમાં શી નવાઇ છે?
બુઝાતો દિવડો આખર, ભભકતો તેજમાં વધતો;
વધે તે ઝાડની ડાળી, વધી આખર સુકાઇ છે!
તરંગો જોસમાં કૂદે, કિનારે આવતા પાસે;
વધુ બે ચાર મોજાં કાપતાં, કાઢે ચ્હડાઇ છે!

બહુ બૂરી દશામાંથી, ફુટે ઉત્કર્ષનાં કિરણો;
થતાં પૂરી વિકટ રાત્રિ, અરૂણની ત્યાં વધાઇ છે!
પહાડે સંગ પથ્થરના, વહેતાં ચીરીને ઝરણાં;
સખત આફત સહી લેતાં, ઊદયની આશતાઇ છે!
હજારો દાખલા જોયા, પ્રમાણો શાસ્ત્રના જોયાં;
છતાં સંશય નહિ ખોયા. ખરેખર એ નવાઇ છે!
ધરીને ધૈર્ય વધવાની, કરે પૂરી-ઇચ્છા;
ત્યજાતાં અંતરે શ્રદ્ધા, બધી આશા હવાઇ છે.
રહે શ્રદ્ધા તપે આશા, મિમાંસા થાય મર્મોની;
જગત્‌માં જીંદગી ભરની, હમારી એ કમાઇ છે.

(૧૯૭૨)—લાવણી—

આખો જો તેરી એસીરે કાતીલ,
જીગરનીયા ૨ જાતી હૈ.
તેરા તસુવર દીલમેં જો રહતા.
મુજે નીંદ નહીં આતી હૈ.

(૧૯૭૩)—વેદવાણીનો ઉદ્‌ઘોષ—

વિશ્વ વીણા વિષે વાગી! હમારી વેદની વાણી!
જીવન જ્યોતિ વિષે જાગી! હમારી વેદની વાણી!
અનાદિ કાળથી ઉપજી, ગગને ભેદતી ગાજી!
પ્રભુએ યત્નથી સરજી, અચળ એ વેદની વાણી!
જડયાં છે મૂળ પાતાળે, પતાકા સ્વર્ગમાં ફરકે!
મહા સિંધુ સલિલ ત્યાગી, ઉભી એ વેદની વાણી!
વિકટ સંસારની માયા, ઘુમે અંધારની છાયા!
ત્યજી ત્રિલોકને ભાગી, અડકતા વેદની વાણી!
યતિ બ્રહ્મર્ષિ વનવાસી, મુનીને યોગી સન્યાસી;
ઘણા પાતાળ વાસી પણ, વખાણે વેદની વાણી!
રૂચાથી બ્રહ્મને બોધે, વચન બ્રહ્માન્ડને વીંધે;
રહસ્યો વિશ્વના શોધે, સુણે જે વેદની વાણી!
ભર્યો ભંડાર કર્મોનો, કર્યો વિસ્તાર ધર્મોનો;
બતાવ્યા ભકિત મર્મોને, ભણાવી વેદની વાણી!
જીવનને ચેતના આપી, જીગરના સંશયો કાપી;
જગતને જીતવા જાગી, જગાડે વેદની વાણી!

(૧૯૭૪)—લાવણી—

ગુલ ચમનમેં બીછુ છુપા ખડા ઝેરી હે,
ક્યું કરકે બાગમેં જાઉ મેગવેરી હે.
મીજલસમે કીયા પોકાર કામીના બોલી,
મેનેલીઆ જોગનકા હાથમેં જોલી.

(૧૯૭૫)—કાર્ય શકિતનો મહિમા—

જગાવી દેશ ભકિતને, વળો ઉદ્યાનમાં બંધુ !
જમાવી કાર્ય શકિતને, પડો મેદાનમાં બંધુ !
હઠાવો પાપ કર્મોને, ઉઠાવો ધર્મ મર્મોને;
સજી વિજ્ઞાન ધર્મોને, વસો અવધાનમાં બંધુ !
સુતેલાં સિંહના મ્હોમાં, કદી શીકાર નહિ આવે;
બિછાને શું રહ્યા સુતા, તમે ગ્રાનમાં બંધુ !
અવિદ્યાએ ઉખેડયા છે, સનાતન ધર્મના પાયા;
પ્રમાદે મૂળ કાપ્યા એ, ધરો કંઇ ધ્યાનમાં બંધુ !
કુકર્મનાં તીરો, પડે ત્યાં પ્હાડમાં ચીરો;
સુભટ છો આર્યના વીરો ! વસ્યું શું ભાનમાં બંધુ !
ઉગે નક્ષત્ર ગ્રહ તારા, સિતારા શોભતા સારા;
વિના રવિની પ્રભા ધારા, ડુબ્યું નભ મ્લાનમાં બંધુ !
શશિ-રવિ કાર્ય શકિતની, ભરી જ્યાં પૂર્ણ દીપ્તિ છે;
જગાડે સર્વ સૃષ્ટિને, સદા સન્માનમાં બંધુ !
રઘુવર કાર્ય શકિતએ, હણ્યો આલસ્ય રાવણને;
ધર્યો ઉદ્યમ વિભિષણને, શ્રીલંકા સ્થાન બંધુ !
ઉઠયા શ્રીકૃષ્ણ ઉદ્યોગ, હણ્યો છે કંસ ભવ ભોગી;
પ્રમાદી રાક્ષસોની રાહ, કબરસ્તાનમાં બંધુ !
જગતનો કર્મ છે રાજા, ફરે છે કર્મની ધ્વજા;
બજે છે કર્મનાં વાજાં, સદા આ જહાનમાં બંધુ !
ચહડયો ઉદ્યોગી બોનાપાર્ટ, પડયો યુરોપ ચત્તોપાટ;
ઘડયા એ વીરતાના ઘાટ, ગજવ્યા ગાનમાં બંધુ !
શિવાજીનો પડયો પડઘો, થયો મોગલ મણિ અળગો;
જ્યાં મર્દો ભરે મોભો, ક્રિયાના મ્યાનમાં બંધુ !
વિસારી કર્મના ધારા, રહ્યા સન્માર્ગથી ન્યારા;
ભુલી પુરૂષાર્થ પ્યારા ! તણાયા તાનમાં બંધુ !
ઉઠો ! ઉદ્યોગ અજમાવો, ગ્રહો કંઇ કાર્યનો લ્હાવો;
ચુકાવો વખ્તનો દાવો, વધી વિજ્ઞાનમાં બંધુ !
ઉતારો દોષનો ભારો, ચલાવો કાર્યનો મારો;
દુઃખી સંસારને તારો, સુવિદ્યાદાનમાં બંધુ !

(૧૯૭૬)—અંગ્રેજી—

આઇ એમ વેરી ગુડ એંગોલી બાબુ,
ઇન કલકત્તા આઇ લોંગ ટાઇમસ્ટોપ.
રૂથ રૂમ ઠંડા ગુડ માઇ નેમ,
રાધા બજાર આઇ કીપ માઇ શોપ.

(૧૯૭૭)—ઇશ્વરને આવ્હાન

હમારી જીંદગીના આપ છો. આધાર હે દેવા !
ઝુકાવી છે હમારી કિસ્તીને મઝધારમાં દેવા !
હૃદયનો તાર તુટયો છે. દિવસનો દોર ખૂટયો છે;
નિશાનો ઘોર છુટયો છે. કર્યું અંધાર હે દેવા !

વિપદના બંધને બાંધી, ચઢી છે ચોતરફ આંધી;
તુટેલા તારને સાંધી, મળો આ વાર હે દેવા !
વિષમ ઝેરી ગૃવન વાળા ! લથડતી દીન આ કાયા;
ભુંસાતી આપની છાયા, કરો ઉધ્ધાર હે દેવા !
ઉગરવાનું નથી બારૂં, નથી કોઇ સાહ્ય કરનારૂં;
દીઠા છે સ્વાર્થના ઝેરે, ભર્યો સંસાર હે દેવા !
વિપદની વાદળી ઘેરી. બજી તોફાનની ભેરી;
બની છે જીંદગી વેરી, તુટે છે તાર હે દેવા !

તજી સાચો અને સીધો, અમે રસ્તો વિષમ લીધો;
બુઝાતા દીવડામાં તેલને, સંચાર હે દેવા !
તિમિર સીંચી દિશાઓમાં, ધુમે નૌકા નિશાઓમાં;
શિશુ સાથે રીસાઓ માં, કરો ઉધ્ધાર હે દેવા !
બધા સાંધા થયા ઢીલા, નથી કંઇ આપવામાં ચીલા !
જડીને ધર્મના ખીલા, કરો તૈયાર હે દેવા !
નગારાં મોતનાં વાજે, ચરણમાં આવવા કાજે; !
અમે યમદૂતનો આજે. કર્યો સત્કાર હે દેવા !
પવન તોફાનનો વાયે, કહો શું દીનથી થાયે ?
પળેપળ આગ ઉભરાયે, ન દીઠો સાર હે દેવા !
ન જોઇ જીવતાં શાન્તિ, હરો મરતાં હવે ભ્રાન્તિ;
જે વિશ્રાંતિ આખર એ, મહા આભાર હે દેવા ?

(૧૯૭૮)—લલીતછંદ—

કરણુ રાજરે, તુ કયાંથરે ગયો,
નગર છોડીને શીદને રહો.

(૧૯૭૯)—આશા ભર્યું નવું પ્રભાત.

પથારી પાપની ત્યાગી, પ્રભુજી ! આજ જાગું છું;
ભમણા મોહની ભાંગી, ચરણમાં સ્થાન માગું છું.
પ્રવૃત્તિ માતનો પ્રેર્યો, જગતના ખેલમાં ઘેર્યો,
સૂતો હું તો ઘણા દિવસો, હવે એ ઉંઘ ત્યાગું છું.
વિષયનાં ગીતડાં ગાતો, બન્યો હું મસ્ત મદમાતો;
પડી છે દૈવની લાતો, હવે તો હારી ભાગું છું.
વિસારી કર્મના ધારા, વહાવી કર્મની ધારા;
ક્ષમા એ પાપની પ્યારા, પડીને પાય માગું છું.
હણ્યો બૂરા વિચારોએ, ગ્રહાયો ષડવિકારોએ;
જગતના વજ્રતારોએ—જડાયો આજ જાગું છું.
બન્યો પાપી નઠારો હું, થયો તમને અકારો હું;
ભરીને આંખમાં આંસુ, પિતાજીપાય ! પાય લાગું છું.
ભરો કંઇ ગૂઢ મંત્રોને, રચી કર્ત્તવ્ય તંત્રોને;
હૃદયનાં પ્રેમ યંત્રોને, સજાઓ એજ માગું છું.
ભલો-બૂરો ગમે તેવો, શિશુને આશરો દેવો;
બની પૂરો તમારો હું, હવે ધર્માનુરાગું છું.

(૧૯૮૦)—સીનાજીના મહીનાનો રાગ—

હું શુંય કરૂં શીદ જાઉં નથી કાંઇ સુઝતું,
મહારૂં હૃદય બળી થાય ખાખ સદાજે સુખી હતું.

(૧૯૮૧—સ્નેહસિંધુજે શરણયાચના.

શ્રુતીના શબ્દ છે સાચા, હૃદય આધાર છો દેવા !
વદે શું ગાંડી વાચા ? પ્રણય આગાર છો દેવા !
તમે તો આંખના તારા, પ્રભુજી ! પ્રાણથી પ્યારા !
ન રહેશો નાથજી ! ન્યારા, નયન શણગાર છો દેવા !
તમે મારા, તમે પ્યારા, ખરા સ્નેહી તમે મ્હારા;
ઝરે સીંચો અમીધારા, તમે દાતાર છો દેવા !
વિભૂતી વિશ્વની સારી, તમારા નામ પરવારી;
ફરી ફરી જાઉં બલિહારી, તમારા પ્યાર પર દેવા !
અમરપદ આપણે ચરણે, અચળ સુખ શ્યામને શરણે;
સ્મરણ રહેજો જીવન મરણે, સુરત–સીતાર છો દેવા !
નયનમણિ નાથ ! નિસ્તારા ! ભીષણ ભૂભાર હરનારા !
જીવન સંચાર કરનારા ! જગતના તાર છો દેવા !
તમે ત્રાતા ! પિતા માતા ! વિધાતા શાન્તિ સુખદાતા !

તમે સ્નેહી સખા ભ્રાતા ! તમે સંસાર છો દેવા !
જીવનની ડૂબતી નૌકા, લથડતી ખાય છે ઝોકાં;
દુરિતના તોડતા ડક્કા, તમે તલવાર છો દેવા !
શિખાવો ભાવ ને ભક્તિ, ઉતારો અંતરે યુક્તિ;
મળો મઝધારમાં મુક્તિ, અસારે સાર છો દેવા !

(૧૯૮૨)—લાવણી.—

દેખી તેરી વફાદારી, મેરી ફીકર મીટી સારીરે,
આવોજી આવો મજનુ હમારે, બેસે લો દો ચાર,
સચ્ચા સચ્ચા એહી હૈ પ્યાર, મેરે દીલદાર ખોલા ગુલજારે.

(૧૯૮૩)—ભક્તની દ્રઢતા.—

ભલે વજ્ર શિરે તૂટો ! હજારો તીર છો છૂટે !
પ્રબળ પાપાણમાં ફૂટો ! છતાં મુજ ટેક નહિ મૂકું.
સળગતી આગમાં બાળો ! ઉછાળો ઝેરમય ઝાળો !
કરી લો કહેર છો કાળો ! છતાં પગ એક નહિ ચૂકું.
ભલે રહેંસો દહો, કાપો, ચહો તે રીત સંતાપો !
હજારો વેઠતાં તાપો, પ્રતિજ્ઞા પર નહિ થૂકું.
ઉતારી ચર્મ તન ચીરો ! વહાવો લોહીની નીકો;
હજારો મોત છો વેઠું, આત્મ માર્ગે નહિ ઝૂકું.

(૧૯૮૪)—ગરબી—

ગોકુળીએ લગ્ન ચાલોરે ઓધવરાજ હમને,
આણી પેરે ગંગા ને પેલી તીરે જમના;
વચ્ચે ગોકુળીઉં ગામ ઓધવરાજ હમને,

(૧૯૮૫)—શ્રી ગૌરચરણ પ્રતાપ.

શ્રી ગૌરનાં ચરણમાં, સૌ સિદ્ધિ રહી સમાઇ;
નયણાં નમી નમીને, નિરખી રહ્યાં નિમાઇ !
જૂઠી છે મોહ માયા, કિર્તિ, કનક ને કાયા;
સાચી છે એક જગમાં શ્રી ગૌરની સગાઇ:-શ્રી ગૌર.
ભક્તિ તણા પ્રભાથી, આ વિશ્વને પ્રકાશ્યું;
પ્રીતિની કેવી ઘેરી, છાયા રહી છવાઇ ?!-શ્રી ગૌર.
આંખેથી ધાર વહે છે, એ મૌન વાત કહે છે;
દૂખી એ પાદ પદ્મ, મધુ ચૂસી લે અલિ ભ્યાઇ !-શ્રી ગૌર.
જગને સુબોધ દેવા, આવ્યા પ્રતાપી દેવા;
એ પ્રેમપાન લેવા, આવો સુસંત ધાઇ !-શ્રી ગૌર.

વૈરાગ્ય ભાવ જાગ્યો, ભવભાવ દાવ ભાગ્યો;
ઉભા શ્રીશેષ જેવા બળ ભદ્ર ત્યાં નિતાઇ—શ્રી ગૌર.
ઝાંખી મને કરાવી, ઘેલી દીધી બનાવી;
ભવ ભાનને ભુલાવી, ગિરિથી બધારી રાઇ !—શ્રી ગૌર.

(૧૯૮૬)—ગાયન—

(જે જે બોલો શ્રી રૂક્મણી નાથની) એ રાગની.
શાણી પુત્રી પધાર તું સાસરે જઇ કર શુભ કાંમ
રથમાં બીરાજ તું બાપુડી, લઇ પ્રભુ કરૂં નાંમ,

(૧૯૮૭)—છેલ્લી માગણી.—

રહો દિલમાં સદા સેવા, બધા સંસારને બદલે;
કરો મીઠી નજર દેવા, હમારા પાપને બદલે.
જગતની જુઠી આ બાજી, બને છે મૂર્ખ મન રાજી;
લગાડો આપની લગની, વિષયના તારને બદલે.
વિવિધ વ્યવહાર વશવૃત્તિ, મુંઝાતી મોહમાં સુતી;
સુધારો લક્ષમાં દોરી, બીજા વ્યાપારને બદલે.
વિષયમાં લોટતી રહેતી હમારી સાંકડી બુદ્ધિ,
તમારા તાનમાં ખેંચો, જગતના પારને બદલે.
કરી પરવા હજોરીની, નથી સીમા વિચારોની;
હવે તો આશરો માંગું, બધી દરકારને બદલે
થયું શું ને થવાનું શું ? નથી કંઇ શોધવું રહ્યું;
ગતિ શ્રી ચરણમાં માગું, બધા હોનારને બદલે.

(૧૯૮૮)—ગઝલ (ભોપાળી)—

આવે સમે છો આવીઆ, કહોની તમે છો કોણ.
છો કોણ, છો કોણ, આવી ચડ્યા છો કોણ.
સખી તનુંજ સંકસદેવ નામ મારૂં તું જાણ,
તું જાણ. તું જાણ. નામ મારૂં તું જાણ,

(૧૯૮૯)—વિહ્વળ રાધિકાજીના સખીઓ પ્રતિ ઉદ્ગાર—

સખી મ્હારૂં નમ મોહનમાં મોહ્યું; રૂપ સુંદર સુરતે સોહ્યું સખી !
મોહિની મૂર્તિ પ્રિયરસ પૂર્તિ; સ્ફૂર્તિ પયે ચેતન ધોયું. સખી !
ત્રિભુવન મોહન સુલલિત લોચન, જીવન ભાન હર્યું સખી !
અતુલ અનુપ અપ્રતિમ રૂપ નિરખી, પ્રેમના પાન કર્યું સખી !
મનસા વાચા તેકે કાચા, રંગે રૂપ મેં એહ વર્યું સખી !
રંગ તરંગે ડુબી નિરંતર, ચૈતન્ય ધ્યાન ધર્યું સખી !

(૧૯૮૦)—ગઝલ—

ઘરસેં હીઆં કોન ખુદા કે લીએ લાયા મુજકો.
કીસ સીતમગારને સોતેસે જગાયા મુજકો,
હકને કીઆ ખાખ પરેશાન દેખાયા મુજકો.

(૧૯૮૧)—વ્હાલાનાં રીસામણાં—

આવી છું તુજ દ્વાર આજે, દ્વાર ખોલે કે નહિ?
પ્રેમનાં લ્હાણાં નિવાજે, પ્રેમ બોલે કે નહિ?
જન્મ મેં લાખો ધર્યા, બોલાવવા પ્રતિજ્ઞા કરી;
આવું મરી ફરી જન્મ ધરીને, તોય બોલે કે નહિ?
ધરી પ્રેમની પાંખો, ઊડું હું ગેગનના આકાશમાં;
તુજને હું રાતો દિન પોકારૂં, તોયે બોલે કે નહિ?
આંસુના દરિયા વહાવી, બિસ્તરો તજાવતી;
રાત–દિન હા! હા! પોકારૂં, તોય બોલે કે નહિ?
દિમાગના પ્યાલો કરી, ખૂની શરાબી હું ધરૂં;
એ પ્રેમથી જીવન પીવાડું, તોય બોલે કે નહિ?
આંખડીની પાંપણે, પાલવ પથારી પાથરી પાદમાં;
રજ લોટતી રડીને પોકારૂં, તોય બોલે કે નહિ?
આ જીગર ચીરી રોમે રોમે, મૂર્ત્તિ તુજ હું ખડી કરૂં;
હનુમંત થાઉં તું. પ્યારા હજુ કે બોલે નહિ?

(૧૯૮૨)—નાથ કસે ગજકો બંદ છોડાયો—

પ્રભુ તોરે નામકી લેકે મોહે લાગી, છોડ દુનિઆ ભયાહું મે ત્યાગી.
માત પિતા ઓર બંધવ શુનહે, માયા કે અનુરાગી.
છોડ દીઓહે પ્રપંચ એ મનસેં, ભકિત લેત તોરી માગી.

(૧૯૮૩)—પ્રભુની પ્રેમજ્યોતિ.—

વિલોકી મોહિની મૂર્તિ! હૃદયમાં જે વિરાજે છે!
સકળમાં સ્નેહની સ્ફૂર્તિ! શ્રીહરિના નાદ ગાજે છે!
જગતને વામ કરધારી, પ્રણય સર્વત્ર વિસ્તારી;
ઉઘાડી મોક્ષની બારી, અજબ એ શકિત સાજે છે!
જગતને જ્યોતિમાં જોડી, બિસ્તો પ્રેમપ્રેમનો ખોડી;
પડદા સ્વાર્થના તોડી, અભેદાનંદ ગાજે છે!
ક્યાંવિણુ સાધના 'ૐ'ની, જશે સહુ વ્યાધિઓ શાની?
પરમસત્તા પ્રભુતાની, જીગર ઉદ્ધાર કાજે છે!
જગતજ્યોતિ જલે જેની, ધરા ધૂની ધખે જેની;

ધરી સુરત સદા તેની, અલખ રત્નો નિવાજે છે !
જગતની આંખ મીંચીને, હૃદયચક્ષુ ઉઘાડીને;
નિહાળી દિવ્ય લિલાને, હૃદયમાં દેવ રાજે છે !

(૧૯૯૪)—રેખતો—

કારીદ લાદે ખબર મારકી આ જાનેકી,
જાન જાતી હે મેરી હીજરીમે દીવાનેકી.

(૧૯૯૫)—સ્વદેશી મંત્ર—

પર હસ્ત દઈ પર રત્ન સુખે, ધૂળ લઈ ધન આપીયું મૌન મુખે !
દઈ કંચન મોતીની માળ અરે ! લઈ કંકર-કાચ શું રાચો હરે ?
પર પોકળ દંભના જ્યોતી પરે, થઈ અંધ પતંગ શું દેહ દહે ?
પરવસ્ત્ર વીંટયાં શરીરે શરીરે ! પર દૂષિત ભાવ પ્રવિષ્ટ ઉરે ?
પર દીપ-શિખા નગરે નગરે ! તમે સૂર્ય છતાં વસતા તિમિરે !
પરદેશ દવા ઉપચાર વધ્યાં; પર અન્ન-જળે તનુ પોષિ રહ્યાં.
પર આપણ-આસન આનંદમાં, કરતા-કરતા તનમાં, મનમાં !
નથી કંઈ સ્વીયતા-ઇયતા શરીરે, તમે જે તિમિરે હજી તે તિમિરે.

(૧૯૯૬)—ગાયન—

અંજન પાળક ગ્રાળક દુખનો કુળ પૃથ્વીમાં તું એકલો
જ્યાં જોઇએ ત્યાં તાહારૂં નામ નહીં તુજ વણ કોઇ ખાલી ઠામ
આપે સરવેને આરામ ગુપ્ત રહીતું એકલો.

(૧૯૯૭)—વિધિની વક્રલીલા—

વિધિનું પાવું પીવું હમારે, ગતિ કંઇ થાય મતિ કંઇ ધરે ! ટેક.
ચઢવું ગિરિ ઉપર, પડવું પાતાળે, ચઢતો-પડતો વિધિના તારે ! વિ.

(૧૯૯૮)—ગઝલ (બેહાગની)—

મૃગ લોચની ગજગામની ઓ કામની સુંદર.
ચંદ્રવદની કામ કદળી અધર પરવાળા માન,
રસીક રસીલા માહેરી ક્યારે કરાવીશ પાન.

(૧૯૯૯)—હમારી તુંજ છે આશા—

બધામાં તું રહ્યો વ્યાપી, બધાની તુંજ છે આશા !
નિરાશા જ્યાં બધે વ્યાપી, હમારી તુંજ છે આશા !
અજ્ઞાનો આ મહાસિંધુ, દુઃખનો ઘોર ગર્જનાથી;
પછાડા છો રહ્યા મારે, હમારે તુંજ છે આશા !
પ્રભુ છે પ્રેમનો સિંધુ, પ્રભુ છે દાનનો બંધુ;

જગતના પ્રાણુને વન્દુ, હમારી તુંજ છે આશા !
તપેલાની શીતલતા તું, મલીન મનની વિમળતા તું;
તને લખ શાન્ત ઉર થાતું, હમારી તુંજ આશા !
દુઃખનું શાંતિ સ્થળ છે તું, તૃષિતને છે સુધાજળ તું;
વિરાગીના વિમલ આત્મા ! હમારી તુંજ છે આશા !

(૨૦૦૦)—ભગવદ્ ભજન—

જગતમાં જન્મ્યો તેજ પ્રમાણુ, ભજે જે ભાવ ધરી ભગવાન.
લગાવે ત્રિકમજીથી તાન, ગજાવે ગગન કરી ગુણગાન—જગતમાં.
હરિપદ ધાયો તે જન ડાહ્યો, સર્વ કમાયો સા .
જગદાધાર જપે નિશિવાસર, થાય સહજ દિદાર—જગતમાં.
ગરલ ભરેલા ભવસાગરમાં, ભક્તિ સુધારસ ધાર.
પાન કરે તે અમર બને જન કહી શાસ્ત્રનો સાર—જગતમાં.
સારંગપાણી સેવો નિશદિન, સુત વિત જુઠાં જાણ;
મિથ્યા માયા મોહ મમતા આ, આખર નરકની ખાણ—જગતમાં.
કરે જે ભક્તિ રસનું પાન, ધરે જે ધરણીધરનું ધ્યાન.
ખરે તે જન છે દેવ સમાન, દેવ પણ તેને દેતાં માન—જગતમાં.

ખાસ ઉપયોગી નવીન નોવેલો.

કઠોર કચ્છી કે ઉછળતું મુડદું ભાગ ૧ લો.	૨-૮-૦
,, ,, ભાગ ૨ જો.	૩-૦-૦
સુધારાનો સાર કે કીસ્મતનો પ્રહાર.	૧-૮-૦
કાબુલના કાળા મેઢાં.	૧-૮-૦
બેરાગે ઇશ્ક યાને સંસારનો સાથી.	૨-૦-૦
શાહજાદી શહેરા.	૧-૪-૦
નરકી સામે ઇટાલીયન કાવતરૂં.	૧-૪-૦
ખલીફ હારૂન અલ-રસી.	૧-૮-૦
ઇસલામન સાચા મોતી.	૦-૧૨-૦
હનુમનની મુર્તી.	૧-૮-૦
ખુની બેગમ.	૧-૮-૦
દરીયાની ડાકણ.	૨-૦-૦

હમારૂં નવું પ્રાઈસલીસ્ટ

મહાકાળી ખડ્ગ—આ નવલકથા અદ્ભુત બનાવો ભરપુર હોઇ વાંચકની જીજ્ઞાસા વધારે છે પાકું પુઠું રૂ. ૨-૮-૦

અલ્લાઉદ્દીનનો ઉદય—આર્ય સન્નારીઓના શિયળનું રક્ષણ કરવા માટે તે વખતના રજપુત રાજાઓ પોતાનો કેવો આત્મભોગ આપતા તેનું વર્ણન ઘણુંજ રસિક છે. પાંચ ચિત્રો છે પાકું પુઠું કીં. રૂ ૨ાા

કુતરો કે કાળ?—ડિટેકટીવ પોતાના કાર્યમાં જે ચતુરાઇ, બહાદુરાઇ અને કુશળતા વાપરે છે. તેની ખુબી ઓરજ છે પાકું પુઠું મુલ્ય રૂ. ૨)

કમનસીબ લીલા (ભાગ ૧-૨)—આ નવલકથામાં સાંસારિક ઘટનાઓ તાદ્દશ્ય દ્દષ્ટિ સમક્ષ ઉભીજ હોય એવું વર્ણન આલેખવામાં આવ્યું છે આજેજ મંગાવો અને જુવો બન્ને ભાગનું પાકું પુઠું કીં. રૂ. ૪ાા

મધુર મિલન—તમારી પત્નીને આ નવલકથા વંચવો તમે વાંચો પ્રેમ દિવ્યતા શીખો અને તમને પૃથ્વીપર સ્વર્ગ દેખાશે. કિ. રૂ. ૨-૮-૦

કલંકિત કાઉન્ટેસ યાને ખુની કોણ? (ડિટેકટીવ નોવેલ) પ્રેમને લક્ષ્મીને તુચ્છ ગણવાની દિવ્યપ્રવૃત્તિ. હૃદયની કુમાશ અને

પ્રેમાળ હૃદયનું માધુર્ય ઘડીભર પ્રેમના રસપુર્ણ હોજમાં સ્નાન કરાવશે કિ. રૂ. ૩.

સૌન્દર્ય વિજય—(ભાગ ૧-૨-૩-૪-૫) રેનોલ્ડઝનાં રાયલાકિસ પ્લોટનું અક્ષરસહ ભાષાન્તર વાર્તા મનોહર અને ચિત્તકર્ષક છે પાકું પુઠું પાંચે ભાગની કિ. ૧૨ાા

દશલાખનો દલ્લો અથવા રત્નકંકણ ડીટેકટીવ વારતા રસ પુર્ણ અને રોમાંચ ઉપજાવે તેમ છે. કિ. ૨ાા

કલંકિત કુમારીકા—ડીટેકટિવ વારતા અસંખ્ય રસિક વિષયોથી ભરપુર છે. પાકું પુઠું કિ. ૨ાા

સુન્દર અને વિદ્યાનંદ—આ નવલકથામાં તેના વિદ્વાન લેખકે સાંસારિક ઘટનાઓનું આબેહુબ આલેખન કર્યું છે પાકું પુઠું કિ. ૧ાા

મધુર મધુરી અથવા **મુમ્બઈની મોહિની**—રસમય અને ચમત્કારીક બનાવોથી ભરપુર ચાર ચિત્રો સહિત પાકું પુઠું કિ. ૨.

પંદર લાખપર પાણી—શ્રીમંત ગૃહસ્થે પોતાના દીકરાને આપેલો પંદરલાખ રૂ. વરસો ફક્ત એક વર્ષના અરસામાં કેવી રીતે ઉડાવી નાખ્યો ? પાકું પુઠું કિ. ૧ા

રત્નમંજરી—આદિથી અંત પર્યંત આધ્યાત્મિક જ્ઞાન પ્રદેશમાં વિચરી, માયા—પટને છિન્ન ભિન્ન કરી પરમપદમાં નિયોજી વિલીન થાય છે કિ ૨.

બેગમમહાલ—(ભાગ ૧-૨)—આ નવલકથાના માધુર્યનું વર્ણન માત્ર શબ્દોથી થાય તેમ નથી આજેજ વાંચો બન્ને ભાગની કિ. ૪

કામાંધ કામીની ડિટેકટિવ વારતા એક ચોર એવું સરસ કામ બજવી બતાવે છે કે, તેની બહાદુરી માટે 'વાહ વાહ' કર્યા સિવાય રહેવાતું નથી પાકું પુઠું કિ. ૨ાા

ભકતાણી કે ભામટી ?—આમાં ચાલુ જમાનાનો સારો ચિતાર આપ્યો છે હાસ્યરસ પણ ભરપુર છે. પાકું પુઠું કિ. ૨

બગદાદનો બાદશાહ–શયતાનિતથી ભરેલી સુંદરીઓ સંસારમાં કેવા અનર્થો કરે છે એ ખાસ વાંચવા લાયક છે. પાકું પુઠું કિ. ૨ાા રૂ

રાણી વ્રજસુંદરી—બ્રાહ્મણ કન્યામાંથી રાજરાણી થઇ પતિ કાળા પહાડની સામે રણભૂમિમાં કુદી પડવું આદિ ઘટનાઓથી ભરપુર કીં. રૂ. ૨ા

ભયંકર ભેદ રેનોલ્ડઝકૃત ફેસ્ટનુ અક્ષરસહ ભાષાંતર કર્તા નારાયણ વાસનજી ઠક્કુર સચિત્ર (ભા. ૧-૨ પાકું પુઠું કિ. રૂા. પા.

રમણી કે રાક્ષસી ?—અબળા જ્યારે ઉન્મત્તબની જાય છે. ત્યારે પોતાના વિકારની તૃપ્તિ માટે તે કેવા ભયાનક કૃત્યો કરે છે ? કિ. ૨ાા રૂ.

નાદીરનો દોરદમામ નારાયણ વીસનજી ઠક્કરકૃત નવલકથા કિ. રૂ. ૨॥

મારી ભયંકર સંસારયાત્રા એક નિરાધાર અબળાનો આર્તનાદ! ઠક્કુર નારાયણકૃત સામાજિક નવલકથા ખાસ વાંચવા યોગ્ય છે. કિ. ૨॥ રૂ.

લતા અને લલીત ભાગ ૧ થી ૫ (સચિત્ર) આ વાર્તાનો દરેક ભાગ અત્યંત રસિક તથા મનોહર છે આ વારતા આનંદ સાથે સદ્‌પદેશથી છલોછલ ભરેલી છે. પાકું પુઠું કી. રૂ. ૮।

કાશ્મીર અને કેસરી—(બીજી આવૃત્તિ) પૃષ્ઠ ૨૭૦ પાકું પુઠું કિં. ૧॥ રૂા.

પિશાચ મંદિર ભાગ ૧-૨—(સચિત્ર) રેનોલ્ડઝ કૃત ઓઝસ્કરયુંનું ભાષાન્તર પૃષ્ઠે પૃષ્ઠે જીજ્ઞાસારસની જાગે કે સરિતાજ વહે છે. કિ. ૬. રૂ.

ભાગ્યચક્રનો મહામંત્ર—આ સચિત્ર નવલકથા અનેક ઘટનાઓથી ભરપુર પાકું પુઠું કિ. ૨ રૂ.

દગાબાજ દુનીયા સચિત્ર—વારતાની વસ્તુ સંકલના એવી અદ્ભુત, પરંતુ સંભવિત છે કે, પ્રત્યેક પૃષ્ઠે વાંચકની જીજ્ઞાસા વૃદ્ધિગત થાય છે. કિં. રૂ. ૨।

કંગાલ કેદી અથવા સ્નેહ બંધન—(સચિત્ર) ભાગ ૧-૨ આ નવલકથા અનેકવિધ આકર્ષણીય ઘટનાઓથી પરિપૂર્ણ છે. પાકું પુઠું કી ૪॥

ભાગ્યદેવીની ભયંકરતા—પ્રત્યેક હિંદુ સ્ત્રીને આ નવલકથા વાંચવાની ખાસ ભલામણ છે. ચાર સુંદર ચીત્રો, પાકું પુઠું કી ૧॥

પિશાચિની કે પ્રેમદા?—ભુતપ્રેતના ભયંકર ઉપદ્રવના લીધે ઉપજતું ભ્રમમૂલક દુઃખ, વીગેરે ઘટનાઓ રસિક છે. કિ. ૧॥

સ્વર્ગમાં શયતાન—આ નવલકથા અનેક રસિક ચમત્કારીક, અને આકર્ષક ઘટનાઓથી ભરપુર છે. પાકું પુઠું કી. ૧॥

મૃગલોચની અથવા માયાપ્રાબલ્ય—ભાગ ૧ થી ૧૦ આ નવલકથા વાર્તાપ્રિય વાંચકોને એક વખત વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ આજેજ મંગાવો. કિ. રૂ. ૨૧

રાજનૈતિક ષડયંત્ર—વિસ્મયકર અને ચિત્તહર ઘટનાઓથી પરિપૂર્ણ. પ્રત્યેકને આ નવલકથા વાંચવાની ખાસ ભલામણ છે. પાકું પુઠું કી. ૧।

રણઘેલા રજપુતો—સતીઓનું શુરાતન ભાગ ૧–૨ જો. રજપુતોના વીરતા, અને કર્તવ્ય પરાયણતાને માટે આ વાર્તા છે. બન્ને ભાગની કી. ૪૧

મધુ—માલતી ભા. ૧–૨– આ સામાજિક નવલકથામાં સામાજીક વિષયોનું ઘણું રસિક આલેખન કરેલું છે. પાકું પુઠું કિં ૩–૦–૦

મનોહારિણી માયા—આ નવલકથાની વસ્તુસંકલના એટલી બધી રસિક છે કે એક વખત વાંચવા લીધા પછી પડતું મુકાતું નથી પાકું પુંઠું કિ. ૧ાા રૂ.

તારાસુંદરી– આર્ય બાળાઓની ધર્મિકતા તથા કઠારમાં કઠોર સંયોગમાં પણ તેમના પાતિવ્રત કશકુળતા જોવી હોય તો વાંચો કી. ૩

સંસારસંગ્રામ ભાગ ૧–૨—ધર્મપરાયણા સાંચી બા અડગ અને અચલ રીતે પતિભક્તિમાં લીન રહે છે, આની સર્વ વીષયો અપૂર્વ છે. કી. ૩

પરાક્રમની પતાકા (ડીટેકટિવ) જાપાનના પ્રિન્સે ભેદી ખુન શી રીતે કર્યાં તથા તેનો પત્તો છેવટ સુધી શા કારણથી ન મળ્યો વાંચો પાકુ પુઠું કી ૨ાા રૂ.

ભવાનીનો ભોગ ભા. ૧–૨—રજપુત બાલીકાઓના ધીર વીરતાનાં બનાવો વાંચતાં આંખોમાંથી ચોધાર આંસુ વહેવા માંડે છે. પાકું પુઠું કી. ૩ાા

ગોરા—ડાંકટર રવીન્દ્રનાથની પદલાલિત્યવાળી અને ભાવનામય લેખિનીથી લખાયેલા ગ્રંથની પ્રસંસા કરવાની જરૂર નથી. પાકુંપુઠું કી. ૩ા

સંસારીમાયા—(સચિત્ર) આ સામાજિક નવલકથામાં મનુષ્ય જાતિના ભાવ, વીકાર, ચારીત્ર વગેરેનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. પાકું પુઠું કી. ૩–૦ ૦

કંચન—(ભાગ ૧–૨) "આનંદસહીત ઉપદેશ મેળવવું આ નવલકથા સર્વોત્કૃષ્ટ સાધન છે. મૂલ્ય પાકું પુઠું કી. ૩–૦–૦

નૌકાડુબી—કિંવા આશ્ચર્યઘટના જગવીખ્યાત કવીન્દ્રસર રવિન્દ્રનાથ ટાગોરકૃત નૌકાડુબીનુ શબ્દશ ભાષાન્તર છે. પાકું પુઠું ૩

ભેદી ખજાનો—ડાટેકટીવ વારતા ખૂની કોણ છે? ચોર કોણ છે. અને જાસુસ કોણ આખર સુધી સમજાતુંજ નથી પાકું પુઠું કી. ૨ાા રૂ.

ભેદી ખુન—ડીટેકટિવ વારતા ખરો ખૂની કોણ છે અને ખૂનનો આરોપ કોનાપર આવી પડે છે, વિગેરે અદ્ભુત બનાવોથી ભરપૂર કી ૨ા

આગેશયતાન (તરવારનું તુફાન)—એક શયતાન લુંટારાના ભીષમ કાવત્રાં આદિ વીષયો વાંચતાં ચક્ષુઓમાંથી અશ્રુજળની વૃષ્ટિ થાય છે. કી. ૨૫ રૂ.

કિશોરસિંહ અથવા દુઃખનો પહાડ—(ભાગ ૧–૨–૩) રેનોલ્ડઝકૃત કેનેથનો અનુવાદ ઘણા ઘણા રોમાંચકારક બનાવોથી આ વાર્તા ભરપુર છે પાકું પુઠું ત્રણે ભાગની કીં ૮ રૂ.

તરૂણ તપસ્વિની—ભાગ ૧–૨ સચિત્ર સાધુના વેશમાં ફરતાં સયતાનો કેવી પ્રપંચ જાળ પાથરી ભોળા મનુષ્યોને ભરમાવે છે. પાકું પુઠું કિ. ૫ા રૂ.

વસંત વિજય ભા. ૧–૨–૩ **ચડતી પડતીનો ચમત્કાર** એક નિષ્ઠુર હૃદયના દંપતીનાં રાક્ષસી કુકર્મોનો અસરકારક ચીતાર. કી. ૮–૪–૦.

કાળરાત્રિનું ખુની ખંજર—(ભાગ ૧–૨) ધર્મનીતી. સત્ય અને સ્વદેશપ્રીતી વગેરેનો અસરકારક ઉપદેશ આપેલો છે. કી. ૫–૦–૦.

કુસુમકાન્ત (સંસાર શેત્રંજ)—સતી સાધ્વી સ્ત્રીઓ સતીત્વને કેવી રીતે નીભાવે છે, આદી સર્વ વીષયોનું ઉજ્જવલ ચીત્ર મૂલ્ય રૂ. ૨ા

આ પુસ્તકના પાના ૯૭ થી ૨૭૬ સુધી સુરત લીમડાચોકમાં આવેલા 'નારાયણ' પ્રીન્ટીંગ પ્રેસમાં મંગળદાસ લલ્લુભાઇ બુકસેલરે છાપ્યાં અને બાકીના પાના ૧ થી ૯૬ અને ૨૭૭ થી ૪૬૮ સુધી 'સુરત બસાનપુરી ભાગળને નાકે આવેલા શ્રી 'અનાવિલ' પ્રીન્ટીંગ પ્રેસમાં ગોવિંદ[illegible] ડાહ્યાભાઇ નાયકે છાપ્યાં.